# ધમ્મિલકુમાર

-વિમલકુમાર મોહનલાલ ધામી



# ધમ્મિલકુમાર

: લેખક :
વિમલકુમાર મોહનલાલ ધામી

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર
બુકસેલર્સ : : પબ્લિશર્સ
નવા નાકા રોડ
રાજકોટ-૩૬૦ ૦૦૧ : : : [સૌરાષ્ટ્ર]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ-૩૬૦ ૦૦૧ : [સૌરાષ્ટ્ર]

●

(c) વિમલકુમાર મોહનલાલ ધામી

●

પ્રથમ આવૃત્તિ
[ ૧૯૯૦ ]

●

કિંમત
રૂા. ૪૬-૦૦

●

: મુદ્રક :
સુનીલ નાનાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
મુ. સાદરા — ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ

અમારાં

સ્નેહીજનો

મુ. શ્રી પ્રાણલાલભાઈ નાગજીભાઈ કોઠારી

મુ. શ્રી પ્રભુદાસભાઈ શામળજીભાઈ દોશી

મુ. શ્રી વનેચંદભાઈ જેચંદભાઈ દોશી

ને

સાદર સમર્પણ

—વિમલ ધામી

## વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | |
|---|---|
| ધમ્મિલકુમાર | ૪૧-૦૦ |
| પુણ્યના તેજ | ૪૩-૭૫ |
| શ્રીપાળ મયણાસુંદરી | ૪૧-૦૦ |
| ભરતેશ્વર બાહુબલી | ૪૩-૦૦ |
| કયવન્ના શેઠ | ૩૩-૦૦ |
| વસ્તુપાલ તેજપાલ | ૪૩-૦૦ |
| કર્મ બંધન | ૨૪-૦૦ |
| પુણ્યની પરીક્ષા | ૩૨-૦૦ |
| દાનવીર જગડૂશાહ | ૩૬-૦૦ |
| ઝાંઝણ શાહ | ૨૫-૦૦ |
| મદનરેખા | ૨૫-૦૦ |
| બે ડગલાં આગળ | ૨૭-૫૦ |
| અમર બલિદાન | ૨૩-૦૦ |
| અભયકુમાર | ૩૭-૦૦ |
| અમરકુમાર | ૩૦-૦૦ |
| જંબૂકુમાર | ૩૪-૦૦ |
| ધન્ના શાલિભદ્ર | ૩૬-૦૦ |
| વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| નેમ રાજુલ | ૩૦-૦૦ |
| સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| રૂપનંદિની | ૯-૦૦ |
| સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| સરગમ (૭૫ રાગોનો પરિચય) | ૨૭-૦૦ |
| સૂર અને સ્વર (૪૦ સંગીતકારોનાં જીવનચરિત્રો) | ૨૪-૦૦ |
| સૂર સમાગમ (૪૫ સંગીતકારોનાં જીવનચરિત્રો) | ૨૬-૦૦ |
| સાજ સરગમ (વિવિધ વાદ્યોના પરિચય) | ૨૨-૦૦ |

**નવયુગ પુસ્તક ભંડાર** બુકસેલર્સ : પબ્લિશર્સ
**નવા નાકા રોડ, ૨ લે માળે, રાજકોટ-૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)**

## બે બોલ

'ધમ્મિલકુમાર ચરિત્ર' આમ તો સંસ્કૃત ભાષામાં પદ્ય રૂપે રચાયેલું છે. આ ચરિત્રના રચયિતા પૂ. આચાર્ય જયશેખર-સુરિજી છે. તેમણે સંવત ૧૩૯૬ થી ૧૪૭૨ની આસપાસ સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં અનેક ગ્રંથો આપ્યા છે. તેમના સંસ્કૃત ગ્રંથોનું ગુજરાતીમાં ભાષાંતર પણ થયું છે.

'ધમ્મિલકુમાર ચરિત્ર' કથાનકને નવલકથામાં ઉતારવાનો મેં મારી રીતે પ્રયાસ કર્યો છે. એમાં કેટલે અંશે સફળ થયો છું એનો નિર્ણય કરવાનું વાચકો પર છોડું છું. પરંતુ આ કથાનકમાં જે કાંઈ ઉત્તમ છે તે પૂ. આ. શ્રી જયશેખરસૂરિશ્વરજી મહારાજની પ્રસાદી માનજો.

પ્રસ્તુત કથાનો ચરિત્ર નાયક ધમ્મિલકુમાર ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા ધરાવતો યુવાન છે. ધમ્મિલકુમાર લગ્નની બેડીમાં જોડાય છે તે પછી તેના જીવનમાં પરિવર્તન આવે છે. ગણિકા વસંતતિલકાના મોહપાશમાં ધમ્મિલકુમાર એવો સપડાય છે કે તે પોતાની ફરજો અને કર્તવ્યોને પણ વીસરી જાય છે. ત્યારબાદ વિધિએ નવી રમત આદરી. એ કઈ...?

જો બધું જણાવી દઈશ તો પછી...!

પ્રસ્તુત કથા પ્રેરણા આપનારી છે. ધર્મ પ્રત્યે શ્રદ્ધા વધારનારી છે.

આ કથામાં કેટલાંક કાલ્પનિક પાત્રોનો સહારો લેવો પડયો

છે, જે કથાને રસદાયક બનાવવામાં સહાયક બને તે હેતુથી મૂકયાં છે. ઇતિહાસને કોઈ પ્રકારની આંચ ન આવે તેની પૂરતી કાળજી લીધી છે, છતાં મારાથી કોઈપણ પ્રકારની ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમાને આધીન છું.

મને શ્રદ્ધા છે કે આ કથા આપને અવશ્ય ગમશે. મારી અન્ય કથાઓને ગુર્જર વાચકવૃંદે પ્રેમભાવે સત્કારી છે તે રીતે આ કથાને પણ આપનો પ્રેમ સંપાદન થશે તેનો મને વિશ્વાસ છે.

સંવત : ૨૦૪૬ : મહાશિવરાત્રી<br>
૩૮, કરણપરા, કિશોરસિંહજી રોડ,<br>
ધામી નિવાસ, રાજકોટ—૧

**વિમલકુમાર મોહનલાલ ધામી**

# ધમ્મિલકુમાર

[ ઐતિહાસિક નવલકથા ]

•

•

સંસારમાં જે સુખ નથી તેની પાછળ જ માનવી લલચાતો રહે છે. ભૌતિક આકર્ષણોની માયાજાળમાં અટવાયેલા જીવને જ્યારે મુક્તિની આરાધનાનો સ્પર્શ થશે ત્યારે તે પરમસુખનો ભોક્તા બનશે.

# —: અનુક્રમ :—


| પ્રકરણ | પૃષ્ઠ |
| --- | --- |
| ૧. પુત્રજન્મ | ૧ |
| ૨. સુરેન્દ્રદત્ત | ૧૫ |
| ૩. વિદ્યાભ્યાસ | ૨૭ |
| ૪. ચાર પ્રશ્નો | ૩૯ |
| ૫. સુભદ્રા સાથે વિવાહ | ૫૧ |
| ૬. નગરશેઠની પદવી | ૬૨ |
| ૭. તાંત્રિક ભૈરવનાથ | ૭૩ |
| ૮. ધમ્મિલકુમાર | ૮૫ |
| ૯. પુત્રને સમજાવ્યો | ૯૬ |
| ૧૦. વાદળ ઘેરાયાં | ૧૦૭ |
| ૧૧. વસંતતિલકા | ૧૧૮ |
| ૧૨. નર્તકીના ભવનમાં | ૧૨૯ |
| ૧૩. માતાપિતાની વ્યથા | ૧૪૩ |
| ૧૪. આનું નામ જ સંસાર | ૧૫૬ |
| ૧૫. વિધિની ક્રૂરતા | ૧૬૮ |
| ૧૬. ચંપાની યોજના | ૧૮૦ |
| ૧૭. તપનો પ્રભાવ | ૧૯૨ |
| ૧૮. ચંપા નગરીમાં | ૨૦૩ |
| ૧૯. પ્રેમબંધન | ૨૧૪ |
| ૨૦. ભાગ્ય ચમકી ઊઠ્યું | ૨૨૪ |
| ૨૧. અનેક કન્યાઓનો સ્વામી | ૨૩૫ |
| ૨૨. સર્વત્યાગના પંથે | ૨૪૭ |
| ઉપસંહાર | ૨૫૬ |

## ૧ : : પુત્રજન્મ

અતિ સમૃદ્ધ અને સુમનોહર કુશાગ્રપુર નગરીની જાહોજલાલી માત્ર મગધ દેશમાં જ નહિ પરંતુ ભારતવર્ષમાં અજોડતાના શિરમોર સમી હતી. કુશાગ્રપુર નગરીના મહારાજા અરિદમનના કુશળ રાજ્યસંચાલનને કારણે નગરીની પ્રજા સુખી અને ભયમુક્ત હતી.

નગરીમાં કોઈ પણ ઠેકાણે દુઃખનો પરિતાપ જોવા મળતો નહોતો. કુશાગ્રપુર નગરી દર્શનીય, કલાત્મક અને દેદિપ્યમાન હોવાને કારણે પરગામના લોકો, પ્રવાસીઓ, વટેમાર્ગુ વગેરે આ નગરીની ભવ્યતા અને સમૃદ્ધિના દર્શનાર્થે પધારતા રહેતા.

સૌ કુશાગ્રપુર નગરીની ભવ્યતા જોતાં જ અચંબો પામી જતા. અને અપાર હર્ષની લાગણી અનુભવતા હતા.

મહારાજા અરિદમન પ્રજાવત્સલ રાજવી હોવાથી તેના હૈયામાં પ્રજા–કલ્યાણની યોજનાઓ જ રમતી હતી. આથી તે મંત્રીઓ સાથે બેસીને પ્રજા–કલ્યાણની ઉચ્ચ ભાવનાને પૂર્ણ કરવા માટે વિવિધ યોજનાઓ પણ ઘડતો હતો. માત્ર યોજનાઓને રૂપ અપાતું એમ નહોતું પરંતુ યોજનાઓનો અમલ તત્કાળ થાય તેવો સુયોગ્ય પ્રબંધ પણ મહારાજા અરિદમને કર્યો હતો. પ્રજાવત્સલ

રાજવી અરિદમનના કાર્યથી નગરજનો જ નહિ પણ અન્ય રાજ્યના રાજવીઓ પણ પ્રશંસા કરતા રહેતા.

મહારાજા અરિદમને કુશાગ્રપુર નગરીને સુશોભિત કરવા માટે વિવિધ સ્થળે કૃત્રિમ ફૂવારાઓ, ઉદ્યાનોની રચના પણ કરાવી હતી. ઉદ્યાનોમાં વૃક્ષો, સુંદર લતાઓ, વિવિધ રંગબેરંગી સુગંધી પુષ્પો પણ ઉગાડવામાં આવ્યાં હતાં.

કુશાગ્ર નગરીના દરેક માર્ગો સુઘડ અને સ્વચ્છ રહે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. નવાઈની વાત એ હતી કે મહારાજા અરિદમ અલગ અલગ મંત્રીઓને કામગીરી સોંપ્યા બાદ પોતે જાતે જઈને વિવિધ કામગીરીનું નિર્દેશન કરતા. આ કારણે મંત્રીઓ સજાગ રહીને પોતાને સોંપેલા કાર્યમાં સજાગ બનતા અને મહારાજાએ સોંપેલું કાર્ય કેમ વધારે યશસ્વી અને અપૂર્વ બને તેવું જ મંત્રીઓ વિચારતા હતા.

કુશાગ્રપુરીમાં શ્રી અજીતનાથ પ્રભુનું ભવ્ય જિનાલય કલાત્મક અને મનોહર હતું. નગરીના અનેક લોકો પ્રાતઃકાળે સેવાપૂજા અર્થે પધારતા અને પ્રભુભક્તિમાં લીન બની જતા. તેમાંય મૂળનાયકની પ્રતિમાજી અતિ તેજસ્વી અને નયનરમ્ય હતી. શ્રદ્ધાળુઓ સુસ્વરે પ્રભુની સ્તુતિ અને સ્તવન ગાતાં ત્યારે વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ જતી હતી.

એ રીતે નગરીમાં ભગવાન નટેશ્વરનું પ્રાચીન મંદિર શૈવપંથીઓ માટે આંતરિક પ્રેરણા સમું હતું. પરગામથી પણ અનેક ભાવિકો ભગવાન નટેશ્વરના મંદિરે દર્શનાર્થે પધારતા અને પોતાની જાતને ધન્ય માનતા.

કુશાગ્રપુર નગરીનો સામાન્ય જનવ્યવહાર પણ અપૂર્વ રીતે ફૂલ્યોફાલ્યો હતો. નગરીમાં આવેલાં વિવિધ બજારો જેવા કે ઝવેરી બજાર, કરીયાણા બજાર, વસ્ત્ર બજાર તથા અન્ય બજારો આખો

દિવસ ધમધમતા રહેતા હતા. આજુબાજુના ગ્રામ્યપલ્લીના વેપારીઓ તથા ગ્રામ્યજનો જોઈતી ચીજવસ્તુઓ ખરીદવા માટે કુશાગ્રપુર નગરીનો જ સંપર્ક સાધતા હતા.

કુશાગ્રપુર નગરીમાં સુંદર પાંથશાળાઓ પણ આવી હતી. પરગામના કોઈપણ પ્રવાસીને જરા પણ અગવડ ન પડે તે પ્રકારની દરેક જાતની વ્યવસ્થા પાંથશાળામાં કરવામાં આવતી હતી. નગરીમાં ચોરી, લૂંટફાટના બનાવો જવલ્લે જ બનતા. આમેય નગરીનું રક્ષકદળ કસાયેલું અને સજાગ હતું. રાત્રીકાળે રક્ષકોની ટુકડી જુદા-જુદા રાજમાર્ગો પર ફરતી અને કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખતી. નગરરક્ષકે નગરીની રક્ષણવ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવી હતી. નગરીના મુખ્ય દ્વારો પાસે દ્વારરક્ષકો અજાણ્યા અને શંકાસ્પદ જણાય તેવા લોકોની બરાબર રીતે તપાસ કરતા, શંકા જેવું જણાય તો તેને તરત જ નગરરક્ષક પાસે લઈ જવામાં આવતો. નગરરક્ષક તેની ઊલટતપાસ કરતા, એવું લાગે તો કારાગારમાં મોકલી દેવામાં આવતો. પરંતુ આવું જવલ્લે જ બનતું છતાંય રક્ષકટુકડી સદાય સજાગ રહીને નગરીના રક્ષણની વ્યવસ્થાનો ભાર બરાબર ઝીલતી હતી. ઘણીવાર મહારાજા પોતે ગુપ્તવેષે નગરીના સુખદુઃખ જોવા નીકળતા નગરીની વ્યવસ્થા કેમ જળવાય છે તેની તપાસ કરતા. પોતાની પ્રજા સુખી છે એ જાણીને આનંદ અનુભવતા.

પ્રજાવત્સલ રાજવીનું કર્તવ્ય છે કે તેણે પ્રજાજનો વચ્ચે ફરીને એ જાતની માહિતી એકત્રિત કરવી જોઈએ કે મારી પ્રજામાં અસંતોષ તો નથી ને? દુઃખનો પરિતાપ તો નથી ને? લોક-હૈયામાં મારા પ્રત્યે અસદ્ભાવ, અજંપો કે ફરજ–કર્તવ્ય ચૂકયાનો નાદ તો નથી ને? પરંતુ જ્યાં રાજા પોતે જ સદાચારી, સંસ્કારી, સદ્ગુણી, ન્યાયી અને ધર્મપ્રત્યે શ્રદ્ધા દાખવનારો હોય ત્યારે પ્રજામાં

અસંતોષનો અગ્નિ શી રીતે પ્રગટે ?

મહારાજા અરિદમનની રાજસભામાં અનેક પંડિતો, કલાકારો, શાસ્ત્રજ્ઞો, ચતુર અને બુદ્ધિશાળી મંત્રીવર્ગ, ન્યાયાચાર્ય તેમજ ચારણ-ભાટોની હાજરીથી રાજસભા શોભાયમાન બની ઊઠતી. રાજ-સભામાં કોઈ પણ જાતના વિકટ પ્રશ્નો હોય. અણ ઉકલ્યા રાજકીય પ્રશ્નો હોય તો તેની ચર્ચા સૌની વચ્ચે ખુલ્લા વિચારોથી કરવામાં આવતી. આ ચર્ચામાં નગરીના બુદ્ધિજીવી લોકો પણ ભાગ લઈ શકતા હતા. એ રીતે અમુક ગુપ્ત પ્રશ્નોની ચર્ચા માટે રાજભવનમાં જ મંત્રણાગૃહની રચના કરવામાં આવી હતી. ગુપ્ત અને અત્યંત મહત્ત્વની ગણાય તેવી મંત્રણાઓ વખતે રાજ્યના મહામંત્રી, સેનાપતિ તથા નગરશેઠ તેમજ નગરીના કેટલાક ઉચ્ચ આગેવાનોને સામેલ કરવામાં આવતા હતા.

મહારાજા અરિદમનની અપૂર્વ રાજનીતિ તથા રાજસંચાલનની પદ્ધતિને કારણે તેમની પ્રતિષ્ઠા કેવળ કુશાગ્રપુર પૂરતી સીમિત રહી નહોતી પરંતુ મગધ બહાર પણ માલતી પુષ્પની સુગંધની માફક પ્રસરાયેલી હતી.

પ્રાતઃકાળનો સમય હતો.

ભગવાન અંશુમાલિનું સામ્રાજ્ય પૃથ્વીપટને રંગવા આવ્યું નહોતું પરંતુ તેનાં આછાં સોનેરી કિરણો ધરતીને નવપલ્લિત કરતા હતા.

પક્ષીઓનું પ્રાતઃગાન મધુર કલરવને કારણે વાતાવરણમાં પ્રસન્નતા અર્પી રહ્યું હતું.

નિરભ્રમાં પંખીઓ મુક્તપણે ગગનાવહારી બન્યાં હતાં. સૂર્યનાં સુંવાળા બાલકિરણોથી માનવી તો ઠીક પણ પશુપંખીઓ પણ પ્રસન્ન બન્યાં હતાં.

કુશાગ્રનગરીના લોકો રાતભરની નિદ્રા ખંખેરીને પ્રાતઃકાર્યની વિધિમાં આટોપાયાં હતાં.

નૂતન આશાભર્યા રવિકિરણોને સત્કારવા સૌના હૈયા થનગની ઊઠયા હતા.

કુશાગ્રપુર નગરીના વિશાળ રાજભવનમાં પણ દાસ-દાસીઓ જાગૃત થઈને પોતાના કાર્યમાં વળગી ગયા હતા.

રાજ્યની વાદ્યમંડળી સુપ્રભાતના સુમધુર રાગોને વાદ્યો દ્વારા વાતાવરણને અધિક પ્રસન્નતા અર્પી રહ્યો હતો.

મહારાજા અરિદમન પ્રાતઃકાળ પહેલાં જાગૃત થઈ જતાં. નવસ્મરણ કરીને તેઓ વ્યાયામશાળાએ દંડબેઠક તેમજ વિવિધ જાતની અંગકસરતો કરતા. ત્યારબાદ તેઓ નગરભ્રમણ અર્થે એકલા જ નીકળી પડતા. નગરભ્રમણ કરીને તેઓ સ્નાનકાર્ય વિગેરે ક્રિયાઓમાં લાગી જતા. સ્નાનકાર્ય વિધિ પૂર્ણ થયા પછી નૂતન શુભ્ર વસ્ત્રો ધારણ કરીને અતિથિખંડમાં આવતા, અલ્પાહાર ગ્રહણ કરતા, થોડીવાર આરામ લઈને પછી રાજસભામાં જતા, આ મહારાજ અરિદમનનો નિત્યક્રમ હતો.

રોજની માફક આજે પણ મહારાજા અરિદમનને લઈને સારથિએ રથને રાજસભાના મુખ્ય દ્વાર પાસે સ્થિત કરી મૂક્યો.

મહારાજા અરિદમનનું આગમન થઈ રહ્યું છે તે સમાચાર દ્વારે ઊભેલા છડીદારે છડી પોકારીને સર્વસભાજનોને કરી.

સભાજનો પોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા.

મહારાજા અરિદમનની પાછળ મહાપ્રતિહાર તથા અન્ય બે મંત્રીઓ પણ હતા. મહારાજા અરિદમને રાજસભામાં પ્રવેશ કર્યો. સૌએ જયજયકાર ગજવી મૂક્યો. સર્વ સભાજનોના મુખ પર મહારાજાના આગમનથી આનંદ, હર્ષની લાગણી સ્પષ્ટપણે વરતાતી હતી.

કુશાગ્રપુર નરેશ મહારાજા અરિદમન ધીમે પગલે રાજસિંહાસન તરફ જઈ રહ્યા હતા. રાજા અરિદમને સર્વ લોકોનું અભિવાદન ઝીલતા સિંહાસન પર આવી બેઠક ગ્રહણ કરી.

મહારાજા અરિદમનનું રાજસિંહાસન અમૂલ્ય રત્નોથી અંકિત હતું. આખું સિંહાસન સુવર્ણયુક્ત હતું. સિંહાસનના હાથા પર સુંદર નકશીકામ કરવામાં આવ્યું હતું. હાથાના આગળના ભાગે સિંહની મુખાકૃતિ સુંદર રીતે અંકિત કરવામાં આવી હતી. ભવ્ય સિંહાસનની બાજુમાં રાજ્યના મહામંત્રીશ્વરનું આસન હતું. રાજપુરોહિતનું આસન પણ ત્યાં જ હતું. ન્યાયાચાર્યોના આસન આગલી હરોળમાં હતાં. જ્યારે મંત્રીઓની ટુકડી એક તરફ બિરાજી હતી. અને તે રાજસભામાં ચાલતી કાર્યવાહીમાં પૂર્ણ રસ લેતી હતી. નગરશેઠ તથા નગરીના અન્ય મુખ્ય આગેવાનોનાં આસન સભાખંડમાં અગ્રસ્થાને હતાં. પ્રજાજનો રાજસભાની કાર્યવાહી બરાબર રીતે નિહાળી શકે, સાંભળી શકે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજપરિવારની સ્ત્રીઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરીની સ્ત્રીઓ પણ રાજસભાના મુખ્ય પ્રસંગે હાજર રહેતી. રાજસભામાં દરેક આસનો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા હતા. પરગામથી અનેક લોકો કુશાગ્રપુર નરેશની રાજસભા જોવા માટે આવતા, પરગામથી આવેલા લોકો માટે પણ અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો ઉપયોગ પરગામવાસીઓ કરી શકતા હતા.

કુશાગ્રપુર નરેશે રત્નજડિત સુવર્ણનો સુંદર નકશીવાળો રાજમુગટ ધારણ કર્યો હતો. શુભવસ્ત્રો ધારણ કર્યાં હતાં. બન્ને હાથમાં બાજુબંધ અપૂર્વ રીતે શોભી રહ્યાં હતાં. કંઠમાં મુક્તાની માળા તેમજ સુંદર અમૂલ્ય રત્નોની માળા શોભી ઊઠી હતી. મહારાજાની બલિષ્ઠ કાયાને કારણે તેમનો પ્રભાવ અકલ્પ્ય હતો. મહારાજા

અરિદમને આસન ગ્રહણ કર્યાં પછી દરેક સભાજનોએ પોતપોતાની બેઠક ગ્રહણ કરી લીધી હતી. દરેકના મુખ પર સભાની કાર્યવાહી શરૂ થાય તેવા આતુરી તથા ઉત્સુકતાનાં ચિહ્નો જણાતાં હતાં.

થોડી વારમાં સમગ્ર રાજસભાના ખંડમાં નીરવ શાંતિ પ્રસરી ગઈ.

રાજસભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં રાજપુરોહિત તેમના આસન પરથી ઊભા થયા. સ્વસ્થ ચિત્તે; મધુર સ્વરે સ્વસ્તિ વાચન કર્યું. મહારાજાનું મંગલ વાંચ્છીને આશીર્વાદનાં પુષ્પો મૂકયાં.

ત્યારબાદ ભાટ-ચારણોએ બીરદાવલી ગાઈ. રાજસભામાં મહારાજાનો જયજયકાર થયો.

આમ પ્રારંભિક વિધિ પૂર્ણ થઈ.

મહારાજા અરિદમને મહામંત્રીની સામે જોયું. મહામંત્રી તેમની બેઠક પરથી ઊભા થયા. સર્વ સભાજનો પ્રતિ દૃષ્ટિ ફેંકીને બોલ્યા : ' મહારાજાધિરાજ, રાજપુરોહિતજી તથા સભાજનો, છેલ્લા કેટલાય વર્ષોથી આ રાજ્યમાં ઉત્પાતનો ભય નથી અને ભય ન હોવાથી અસજાગતા પણ દાખવવામાં આવતી નથી. મહારાજા પોતે પ્રજાના દરેક કાર્યોમાં, પ્રજાના પ્રશ્નોમાં અંગત રસ લઈને કાર્યરત છે. રાજ્ય–સંચાલનની તમામ વ્યવસ્થાનો દોર તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ ચાલે છે. પ્રજામાં જરાય અસંતોષનો અગ્નિ, અતૃપ્તિની જ્વાળા કે અસુખનો દાવાનળ ન પ્રવર્તે તે માટે ખૂબ જ કાળજી લેવામાં આવે છે. આપણા રાજ્યની રક્ષણવ્યવસ્થા પણ એટલી શ્રેષ્ઠ અને મજબૂત છે કે જેથી ચોરી, લૂંટફાટ કે અત્યાચારના બનાવો જવલ્લે જ બને છે અને એવા બનાવોની પૂર્ણ તપાસ કર્યા પછી તેના ગુનેગારને આખરી સજા પણ કરવામાં આવે છે. આપણી નગરીમાં અનેક શ્રેષ્ઠીઓનો વસવાટ છે.

સાર્થવાહોના નિવાસથી આપણે ત્યાં વેપારના વિકાસમાં વધારો થયો છે. રાજાજી આ માટે દરેક વેપારીઓને પ્રોત્સાહન પણ આપતા રહે છે. મહારાજાની સૂચના અનુસાર કોઈ પણ પ્રજાજન દુઃખી હોય તો અવશ્ય રાજ્યભંડારમાં આવીને દાન લઈ જઈ શકે છે પરંતુ દાન પર આશાંની મીટ માંડીને રહેવું ન જોઈએ. કારણ કે મહેનત વગરનું ધન કેટલો સમય ચાલે ? પુરુષાર્થ તો દરેક જીવે કરવો જોઈએ. નાના પ્રાણીઓ પણ ખોરાકની શોધ માટે પુરુષાર્થ કરતાં હોય છે. પુરુષાર્થ વગરનું જીવન વ્યર્થ છે. આજે કોઈને કશી ફરિયાદ રજૂ કરવી હોય તો વિના સંકોચે અત્રે રજૂ કરી શકે છે.'

મહામંત્રી એકધારું બોલીને મૌન બનીને ઊભા રહ્યા.

પણ રાજસભામાંથી કોઈ ઊભું ન થયું.

જ્યાં સુદૃઢ, વ્યવસ્થિત અને ન્યાયી રાજતંત્ર પ્રવર્તતું હોય ત્યાં ફરિયાદનો અવકાશ શી રીતે સંભવી શકે ? નાના-મોટા પ્રશ્નો ઘરમેળે જ પતી જતાં, છતાંય કોઈ વિકટ પ્રશ્ન ઊભો થતો ત્યારે લોકો મહાજન પાસે આવતા. મહાજનો પણ પૂર્ણ રસ દાખવીને પ્રશ્નોનું સમાધાન કરી આપતા. આથી ફરિયાદ રાજસભાના દ્વાર સુધી ભાગ્યે જ પહોંચતી.

થોડીવાર રહીને મહારાજા અરિદમન તેમના સ્થાન પરથી બોલ્યા : 'મારા પ્રિય સભાજનો, રાજસભામાં ફરિયાદ કરવાનો અવકાશ ન રહે તે માટે વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલું જ છે. વ્યવસ્થાતંત્રની ખામી અથવા તેને માટે યોગ્ય કોઈ સૂચનો હોય તો નિઃસંકોચપણે જણાવો...'

મહારાજા અરિદમને સભાજનો પ્રતિ દૃષ્ટિ ફેંકી.

કુશાગ્રપુર નગરીના શ્રેષ્ઠીઓ સમુદ્રદત્ત તથા સાગરશ્રેષ્ઠી પણ રાજસભામાં હાજર હતા. તેઓ નિયમિત રાજસભામાં આવીને કાર્યવાહીમાં ભાગ લેતા હતા. ક્યારેક સૂચનો પણ રજૂ કરતાં.

સમુદ્રદત્ત શ્રેષ્ઠી તેના સ્થાન પરથી ઊભા થયા. મહારાજાની સામે જોઈને કહ્યું : 'કૃપાળુ, આપના રાજ્યમાં પ્રજાજનને કોઈ વાતનું દુઃખ નથી. તેમજ કોઈ એવા વિકટ પ્રશ્નો નથી. જે કંઈ પ્રશ્નો હોય છે તે સામાન્ય હોય છે અને તે ઘરમેળે જ પતાવી લેવામાં આવે છે. આપે રાજ્યનું વ્યવસ્થાતંત્ર એટલું મજબૂત ગોઠવ્યું છે કે, પ્રશંસાનાં બે પુષ્પો વેર્યા વિના ન ચાલે. તેમાંય આપની ચોકસાઈભરી દૃષ્ટિ હોવાથી વ્યવસ્થાની કામગીરી અપૂર્વ છે.' આટલું કહીને સમુદ્રદત્ત શ્રેષ્ઠિ તેના સ્થાન પર બેસી ગયા.

ત્યારબાદ રાજ્યની વ્યવસ્થા અંગેની ચર્ચાઓ શરૂ થઈ.

નગરીના લોકો પોતાનો મત દર્શાવતા. દરેક મતોની નોંધ લેવાતી હતી. દિવસનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો.

સમય ઘણો વીતી ગયો હતો.

મહામંત્રીએ રાજસભાને મુલતવી રાખવાની ઘોષણા કરી.

સૌ સભાજનો પોતપોતાના સ્થાને જવા વિદાય થયા. મહારાજા અરિદમન પણ રાજભવને જવા વિદાય થયા.

મહારાજા અરિદમનનો રથ રાજભવનના મુખ્ય દ્વાર પાસે ઊભો રહ્યો. મહારાજા રથમાંથી ઉતરીને સીધા રાજભવનના મુખ્ય ખંડમાં આવ્યા ત્યારે મહાદેવી ધારિણીદેવી સ્વામીની પ્રતિક્ષા કરતાં આસન પર બિરાજ્યાં હતાં. સ્વામીને આવતા જોઈને તે તેના આસન પરથી ઊભી થઈ ગઈ.

ધારિણીએ કહ્યું: 'સ્વામી, આજે આપને આવતાં વાર લાગી?'

'હા...પ્રિયે, વ્યવસ્થાતંત્ર અંગેની ચર્ચામાં જ સમય પસાર થયો હતો.' મહારાજા અરિદમને જણાવ્યું.

'સ્વામી, ભોજનનો સમય થઈ ગયો છે...આપ સ્વસ્થ થાઓ અને ભોજનકક્ષમાં પધારો...'

મહારાજા અરિદમન તરત જ સ્વસ્થતા મેળવવા એક નાનકડા

ખંડમાં ગયા ત્યાં જળથી ભરેલાં પાત્રો હતાં. અરિદમને હાથ, પગ, મોં જળ વડે સ્વચ્છ કર્યાં. અંગલુછણુ વડે અંગ લૂછયાં. અને તેઓ ત્યાંથી સીધા ભોજનખંડમાં આવ્યા ત્યારે ધારિણી સ્વામીની રાહ જોતી એક આસન પર બિરાજી હતી.

મહારાજા અરિદમન અને ધારિણી ભોજન કરવા માટે બેઠા. સુવર્ણના બાજોઠ પર સુવર્ણના પાત્રો મૂકવામાં આવ્યાં હતાં. પરિચારકો એક પછી એક આવવા લાગ્યા અને ભોજનની રસ-પ્રચુર વાનગીઓ પીરસવા લાગ્યા. મહારાજા અરિદમન અને મહાદેવી ધારિણી અપૂર્વ રસથી ભરેલી વાનગીઓ આરોગવા લાગ્યાં.

લગભગ અર્ધઘટિકા બાદ મહારાજા તથા મહાદેવીએ ભોજન સમાપ્ત કર્યું. બન્ને પોતાના આસન પરથી ઊભા થયા અને હાથ–મોં સ્વચ્છ કરીને મુખવાસ ગ્રહણ કર્યો.

મહારાજા અરિદમન તથા ધારિણીદેવી વિરામખંડમાં આવ્યા. ત્યાં બન્નેએ આસન ગ્રહણ કર્યું.

ધારિણીએ સહજતાથી પ્રશ્ન છેડયો : 'મહારાજ, અગાઉ હું આપને જણાવી ચૂકી છું કે આપ બીજા વિવાહ કરી લો... પાંચ વર્ષના સહજીવનનાં વહાણાં વહી ગયાં છતાં મારી માતૃત્વની ભાવના સાકાર બની નથી...'

'પ્રિયે, વળી પાછો આ પ્રશ્ન છેડયો ને...! તારી વાતનો હું બરાબર ઉત્તર આપી ચૂકયો છું. સંતાનયોગ મારા ભાગ્યમાં હશે તો અવશ્ય થશે જ. તેમજ બીજા વિવાહ કરવાની તારી વાત જ સાથે જરા પણ સહમત થવાનો નથી. ફરીવાર આ વાત ઉચ્ચારવી નહિ.'

ધારિણીની આંખોમાં આંસુ ઉમટી પડયાં : 'સ્વામી, મારી વાત પ્રત્યે પૂરતું લક્ષ્ય આપશો તો વાસ્તવિકતા સમજાશે...

સત્ય હમેશાં કડવું હોય છે. પણ સત્ય છે તે સત્ય જ રહે છે...'

'પ્રિયે, હું તારી વાત પ્રત્યે પૂરતું લક્ષ્ય આપું છું. કર્મના બંધનો સર્વ માટે સમાન છે. આજે સાંજે કૌશલ દેશથી આવેલો નિમિતજ્ઞ રાજભવને મળવા આવવાનો છે. એવું સાંભળ્યું છે કે તે જ્યોતિષવિદ્યામાં પારંગત છે. તું નિમિતજ્ઞને પૂછીને સંતોષ મેળવી લેજે...'

'ભલે.. સ્વામી...' ધારિણીએ કહ્યું.

મહારાજા અરિદમન શૈયા પર આડે પડખે થયા. થોડીવાર વિશ્રામ લઈને નિમિતજ્ઞ રાજભવન પર આવ્યો.

કૌશલદેશના નિમિતજ્ઞ ગંગદાસનું નામ ખૂબ જાણીતું હતું. ગંગાદાસને સન્માન સહિત જ્યાં મહારાજા અરિદમન અને ધારિણી બેઠાં હતા ત્યાં લઈ આવવામાં આવ્યો.

નિમિતજ્ઞ ગંગદાસે મહારાજા અરિદમનને ભાવપૂર્ણ નમન કરીને કુશળ પૂછ્યા અને બેઠક ગ્રહણ કરી.

ગંગદાસે વિનમ્રસ્વરે કહ્યું : 'મહારાજ, હું આપની સમસ્યા સમજી ગયો છું...' કહીને તેણે અંક મૂક્યા.

થોડીવાર રહીને ગંગદાસે કહ્યું : 'કૃપાનાથ, આપને ત્યાં પુત્રરત્નનો જન્મ થશે. આપ સંતાપ કરશો નહિ. અંકોનું ગણિત સ્પષ્ટ આવે છે. આપ આપના કુળદેવની એક દિવસનો ઉપવાસ કરીને આરાધના કરો..'

ધારિણી તો આશ્ચર્ય પામી ઊઠી. તે પોતાના મનની વાત કરે તે પહેલાં જ નિમિતજ્ઞે બધી વાત કરી દીધી.

થોડીવાર સુધી નિમિતજ્ઞ અને મહારાજા વચ્ચે ચર્ચા ચાલી. ધારિણી પણ તેમાં ભાગ લેતી હતી.

ચર્ચા દરમ્યાન સેવકો અલ્પાહાર અને દુગ્ધનાં પાત્રો મૂકી ગયા. નિમિતજ્ઞે અલ્પાહાર ધારણ કર્યો. પછી દુગ્ધપાન કર્યું.

મહારાજા અરિદમને નિમિતજ્ઞને સુંદર ઉપહાર આપ્યો. નિમિતજ્ઞ ખુશ થઈને જતો રહ્યો.

નિમિતજ્ઞે જણાવેલા દિવસે રાજા-રાણીએ કુળદેવને રીઝવવા ઉપવાસનું આરાધન કર્યું. મોડી રાતે કુળદેવે મહારાજાને દર્શન આપીને આશીર્વાદ આપ્યા.

અને...!

દિવસો પસાર થવા લાગ્યા...!

એક દિવસ પ્રસન્નતાનો ખીલી ઊઠ્યો.

ધારિણીના અંગમાં માતૃત્વની લાગણી રમવા માંડી.

સ્ત્રી જ્યારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે તેના રૂપમાં તેજસ્વીતા અને પ્રસન્નતા છવાઈ જાય છે. સ્ત્રીનું રૂપ ખીલી ઊઠે છે.

ધારિણીના કૂખમાં ગર્ભનો વિકાસ થવા લાગ્યો. ધારિણીના મુખ પર અનુપમ સૌંદર્ય ખીલી ઊઠ્યું. ધર્મ પ્રત્યે રૂચિ પેદા થઈ.

મહારાજા અરિદમન પોતાની પ્રિય રાણીની ખાસ સંભાળ લેતો હતો, તેના હૈયાને કોઈપણ પ્રકારનું દુઃખ ન પહોંચે તેની કાળજી રાખતો હતો.

નગરીના રાજવૈદ્ય બે-ત્રણ દિવસે રાજભવનમાં આવીને ધારિણીની નાડીપરીક્ષા કરી જતા અને પથ્યાપથ્યનું સૂચન કરતા.

ધારિણીના અંતરમાં અન્ય પ્રત્યે સદ્‌ભાવની લાગણી જન્મી. આથી સ્વામીને કહીને દાનની સરિતા વહેવડાવવી શરૂ કરી.

મહિનાઓ પસાર થયા.

ધારિણીદેવીને સાતમો મહિનો ચાલતો હતો. મહારાજાએ મહાદેવીની સારસંભાળ યોગ્ય રીતે લેવાય તે માટે સુંદર પ્રબંધ કર્યો હતો.

નવમો મહિનો ધારિણીને ચાલતો હતો એ સમયે વૈદ્યરાજ દરરોજ સવારે ધારિણીની નાડી-પરીક્ષા કરી જતા અને

જણાવતાં કે અંદર બાળક તંદુરસ્ત છે. કશી અડચણ નહિ આવે.

અને પૂરા દિવસે ધારિણીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

આ સમાચાર તત્કાળ મહારાજા અરિદમનને આપવામાં આવ્યા. મહારાજા અરિદમનના આનંદનો પાર ન રહ્યો. રાજભવનમાં સંગીતની મધુર સુરાવલિઓ વહેતી થઈ, માંગલિક સ્વરોથી વાતાવરણ ગુંજી ઊઠયું. પુત્રજન્મની વધાઈ નિમિત્તે તરત જ મીઠાઈની લ્હાણી કરવામાં આવી. દાનની સરિતા વહેવડાવવામાં આવી.

મહારાજા અરિદમન ખંડમાં પ્રવેશી શકતા નહોતા છતાં ખંડ બહારથી પ્રિયાની તથા પુત્રની પૃચ્છા કરતા.

રાજભવનમાં પુત્રજન્મ થયો એ સમાચાર વાયુવેગે નગરીમાં પ્રસરી ગયા. અક્ષત ભરેલા સુવર્ણના થાળો લઈને નગરીના આગેવાનો, મહાજનના અગ્રણીઓ તથા સગાંસ્નેહીઓ રાજભવને વધાઈ આપવા આવવા લાગ્યા.

અનેક પ્રકારના વાજિંત્રોના સ્વરોથી વાતાવરણ આનંદજનક અને ઉલ્લાસજનક બન્યું.

નવિન કુમકુમના સાથિયાઓ વડે પૂરેલા સેંથાવાળી અને સુમધુર સ્વરે ગીતો ગાતી બાલિકાઓ પ્રસન્ન હૃદયે રાજભવન પર નૃત્ય કરવા લાગી.

ધીરે ધીરે નગરીના લોકો પણ રાજભવને પુત્રની વધામણી અર્થે મહારાજા પાસે આવવા લાગ્યા. સૌ પ્રસન્નતા વ્યક્ત કરવા લાગ્યા.

સોળ-સોળ દિવસ સુધી રાજભવનમાં પુત્રજન્મનો ઉત્સવ ચાલુ રહ્યો. મહારાજા અરિદમને ઉત્સવ દરમ્યાન નાટચ, સંગીત તેમજ અન્ય રમતો પણ લોકોના આનંદ માટે પીરસી હતી.

એ વાત સાચી છે કે સુખમાં દિવસો ક્યાં પસાર થઈ જાય છે તેની માનવીને કલ્પના આવતી નથી.

જ્યારે મહારાજા અરિદમનને ત્યાં પુત્રના નામકરણ સંસ્કારનો સમય આવ્યો ત્યારે તે પ્રસંગ પણ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો, આ પ્રસંગે તો નગરીના દરેક લોકો એકઠાં થઈને ખુશાલી વ્યક્ત કરતાં હતાં.

પ્રભાવશાળી, સ્વસ્થ અને સુંદર પુત્રરત્નનું નામ અમિત્રદમન પાડવામાં આવ્યું.

રાજભવનમાં રાજકુમાર અમિત્રદમનના આગમનથી ખુશીની લહેર વહેતી હતી.

સમયનો પ્રવાહ નિરંતર વહ્યા જ કરે છે. તે પ્રવાહને કોઈ રોકી શકાતું નથી. કુશાગ્રપુર નગરીના મહારાજા અરિદમનને ત્યાં સુંદર, સ્વસ્થ પુત્રના આગમનથી રાજભવનની રોનક બદલાઈ ગઈ હતી. ધારિણીના હૈયાને પરમ સંતોષ મળ્યો હતો. તેનું માતૃત્વ પ્રસન્ન બન્યું હતું.

ભવનના દાસદાસીઓ પણ નાના બાલરાજાને રમાડવા માટે ક્યારેક લડી પડતા. બાલરાજા કાલીકાલી ભાષામાં બોલીને સૌનાં ચિત્ત પ્રસન્ન કરી દેતો.

અમિત્રદમનની વય પાંચ વર્ષની થઈ ત્યારે સુંદર દિવસ જોઈને પાઠશાળાએ મૂકવામાં આવ્યો.

કુશાગ્રપુર નગરીમાં સમુદ્રદત્ત શ્રેષ્ઠીનું નામ ધનપતિઓમાં ગણનાપાત્ર હતું. સમુદ્રદત્ત ધર્મ પ્રત્યે શ્રદ્ધા દાખવનારા હતા. તેઓ રોજ સવારે દાનશાળામાં જઈને દાન પણ કરતા હતા. સમુદ્રદત્તશેઠનો વેપાર અપૂર્વ રીતે ખીલ્યો હતો. લક્ષ્મીદેવીની અસીમ કૃપા વરસી હતી. સમુદ્રદત્તશેઠની પત્ની સુભદ્રા સંસ્કારી, સુશીલ તથા ધર્મ પ્રત્યે અપૂર્વ રાખનારી હતી.

સમુદ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી બન્ને નિયમિત જિનાલયે સેવાપૂજા અર્થે જતા અને ભાવભરી ભક્તિ કરતા. લગ્નજીવનને દસ વર્ષ વીત્યા પછી પણ સંતાનયોગ પ્રાપ્ત ન થયો હોવાથી સુભદ્રા ક્યારેક ચિંતામગ્ન બની રહેતી અને સ્વામીને બીજાં લગ્ન માટે સમજાવતી, ત્યારે સમુદ્રદત્તશેઠ પ્રિયાની વાતને ટાળી દેતા. સમુદ્રદત્તશેઠ કહેતા કે ભાગ્યમાં હશે તો તારા થકી જ મને સંતાન પ્રાપ્ત થશે. સ્વામીની આવી વાત સાંભળીને સુભદ્રા કશું બોલતી નહિ.

એક દિવસની વાત છે.

સુભદ્રાશેઠાણી વિશાળ ભવનમાં આવેલા પોતાના શયનકક્ષમાં સૂઈ રહી હતી. મીઠી નિદ્રા ઘણા સમય પછી સુભદ્રાને માણવા મળી હતી. એજ રાતે રાત્રીના અંતિમ પ્રહરે સુભદ્રાશેઠાણીને સ્વપ્ન આવ્યું.

સુભદ્રાના મનપ્રદેશમાં સ્વપ્નલોકની સૃષ્ટિ રચાવા લાગી.

ઘણીવાર સ્વપ્નો મીઠાં અને મધુર ભાસતાં હોય છે. નવયુગલો માટે સ્વપ્નાઓ મીઠાં સ્પંદનો સમાન થઈ પડે છે. જ્યારે આશામાં કે ઇચ્છામાં રાચતા લોકો માટે સ્વપ્ન એક વિસામો થઈ પડે છે.

સુભદ્રાના મનપ્રદેશમાં ઉપસેલુ સ્વપ્ન અત્યંત મધુર અને સુંદર જણાવા લાગ્યું. અર્ધનિદ્રિત સુભદ્રાએ સ્વપ્નમાં શ્વેત હાથી પર બેઠેલા ઇંદ્રના દર્શન કર્યાં. સુભદ્રા શ્વેત હાથી અને ઈંદ્રને જોઈને અશાંત ન બની કે ન ડરી.

સ્વપ્નવિહારમાં રાચતી સુભદ્રાનું મન આગળ ચાલવા લાગ્યું. શ્વેત હાથી પર સુવર્ણની અંબાડી, અનેક રત્નો તેમાં મઢેલાં હતાં. તે અંબાડી પર ઈંદ્ર મહારાજા બિરાજમાન થયાં હતાં. ધીરે ધીરે શ્વેત હાથી પોતાની પાસે આવતો ગયો. ઇંદ્ર રાજાના મુખ પર પ્રસન્નતાની માધુરી છલકાતી હતી.

ઈંદ્ર મહારાજે કહ્યું : 'હે પતિવ્રતા કોમલાંગી તારી મનોકામના પૂર્ણ થશે. તને લક્ષ્મીવાન અને ગુણવંતો બુદ્ધિમાન પુત્ર થશે.'

ઈંદ્ર મહારાજના કથનથી સુભદ્રા સફાળી જાગી ઊઠી. તેના ચહેરા પર આનંદ છવાયો. નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી. ઈષ્ટદેવને પ્રાર્થના કરી કે મારું સ્વપ્ન સાકાર કરો...

સુભદ્રા શય્યા પરથી ઊભી થઈને સ્વામી પાસે ગઈ. સુભદ્રાએ સ્વામીને જાગૃત કર્યા.

સમુદ્રદત્તે કહ્યું : 'પ્રિયે, આજ તેં વહેલાં નિદ્રાત્યાગ કર્યો ?'

'સ્વામી, આજ મેં સુંદર અને અનુપમ સ્વપ્ન જોયું છે...' સુભદ્રાએ પ્રસન્ન સ્વરે કહ્યું.

'પ્રિયે, સ્વપ્નમાં તેં શું નિહાળ્યું ! રાત્રીના અંતિમ પ્રહરે તને સ્વપ્ન લાધ્યું તેથી તે અવશ્ય ફળદાયી થશે...' સમુદ્રદત્ત શેઠ બોલ્યા.

'સ્વામીનાથ, મેં સ્વપ્નમાં શ્વેત હાથી પર ઈંદ્ર મહારાજાને બેઠેલા જોયા. ઈંદ્ર મહારાજ મારી પાસે આવ્યા અને પુત્રરત્ન પ્રાપ્ત થશે તેવા આશીર્વાદ આપ્યા.'

'પ્રિયે, તારું સ્વપ્ન શ્રેષ્ઠ છે. તું મહાભાગ્યવાન છો. તારી કૂખે પવિત્ર આચરણવાળો, સર્વ લક્ષણોથી યુક્ત પુત્રરત્ન જન્મશે...' સમુદ્રદત્તે સુભદ્રાને પ્રસન્ન સ્વરે કહ્યું.

'ઓહ...આજ મારું હૈયું અપાર હર્ષ અનુભવે છે...' કહીને સુભદ્રા સ્વામીને વળગી પડી. સમુદ્રદત્તે પ્રિયાને આલિંગનમાં લીધી અને મુખ પર મધુર ચુંબન કર્યું.

સમુદ્રદત્તશેઠને થયું 'કે આજ મારી પ્રિયાની મનોકામના પૂરી થશે...તેની ઇચ્છા સાકાર બનશે...'

સમુદ્રદત્તશેઠે મધુર સ્વરે કહ્યું : 'પ્રિયે, તારી પુત્રઝંખના પૂરી થશે. તું પુત્રવતી બનીશ. તું તેજસ્વી, આરોગ્યનિષ્ઠ, પરાક્રમી, ધર્મ પ્રત્યે આસ્થા રાખવાવાળા પુત્રની માતા થઈશ. આજ ઘણા સમય પછી તારા મુખ પર આનંદના ભાવ જોઈ રહ્યો છું.'

સુભદ્રાએ આછું સ્મિત રેલાવ્યું.

દિવસો જવા લાગ્યા...

નવ મહિના પસાર થયા. પુરા દિવસે સુભદ્રાની કુક્ષીએ પુત્રરત્નનો જન્મ થયો. સમુદ્રદત્તના ભાવનમાં મંગલોત્સવ ઉજવણી શરૂ થઈ. ભવનમાં સંગીતવાદ્યો દ્વારા વાદ્યકારો મંગલમય ધ્વનિ રેલાવા લાગ્યા. માંગલિક સ્વરોથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. સમુદ્રદત્ત શેઠે મિઠાઈની લ્હાણી શરૂ કરાવી. સગાંસ્નેહીઓ સમુદ્રદત્તશેઠ પાસે પુત્રજન્મની ખુશાલી વ્યકત કરવા આવવા લાગ્યા.

સુભદ્રાની કુક્ષીએ જન્મેલા પુત્રના જન્મ સમયના ગ્રહો અત્યંત ઊંચ હતા. નગરીના નિમિતજ્ઞે સમુદ્રદત્તશેઠને જણાવ્યું કે પુત્ર પરાક્રમી, બુદ્ધિવંત થશે.

સુંદર મુખાકૃતિ ધરાવતા પુત્રની નાળ ધરતીમાં દાટવા જતાં સમુદ્રદત્તશેઠને જમીન ખોદતાં ધનના ભરેલા ચરુ મળી આવ્યા હતા.

સમુદ્રદત્ત શેઠ આ જોઈને આશ્ચર્ય સાથે આનંદવિભોર બન્યા હતા. શેઠને થયું કે નિમિતજ્ઞની વાત સાચી છે. પુત્રના જન્મની સાથે જ અઢળક ધનસંપત્તિ પ્રાપ્ત થઈ છે.

સમુદ્રદત્તશેઠ સુવર્ણમુદ્રાઓથી ભરેલા ચરુઓ ભવનમાં લાવ્યા. ભવનનાં દાસદાસીઓ પણ આ ચમત્કારથી આશ્ચર્ય અનુભવી રહ્યાં હતાં. સુભદ્રા શેઠાણીને આ વાતની જાણ થઈ ત્યારે ખૂબ જ આનંદિત બની.

સમુદ્રદત્તશેઠને થયું કે પુત્ર ઘણો જ ભાગ્યશાળી છે. એના આગમનથી લક્ષ્મીદેવીની અસીમ કૃપા વરસી પડી.

સમુદ્રદત્તશેઠે પરિચારકો દ્વારા સુવર્ણથી ભરેલા ચરુઓ ગુપ્ત ભંડારમાં મૂકાવ્યા. શેઠજીએ એક એક ચરુમાંથી સુવર્ણમુદ્રાઓ બહાર કાઢી અને પાછી ભરતા ગયા.

ત્યાં......

એક ચરુમાંથી અત્યંત ઝગારા મારતો તેજસ્વી, અપૂર્વ પ્રકાશ આપતો દિવ્ય મણિ શેઠ સમુદ્રદત્તના હાથમાં આવ્યો.

સમુદ્રદત્તશેઠ ઘડીભર તો દિવ્ય મણિ જોઈ જ રહ્યા અને વિચારવા લાગ્યા કે આ મણિનો શું પ્રભાવ હશે ? આ મણિ કઈ જાતનો હશે ? આ મણિ ફળદાયી હશે કે કેમ ? આ મણિનું રહસ્ય શું હશે ?

પરંતુ શેઠ સમુદ્રદત્તના મનનું સમાધાન તત્કાળ થઈ ગયું.

ચરુમાંથી એક તાલપત્ર મળ્યું. શેઠજીએ તાલપત્ર હાથમાં લીધું અને વાંચવા લાગ્યા. તાલપત્રમાં એક શ્લોક લખેલો હતો.

શ્લોકનો અર્થ એવો થતો હતો કે આ મણિના સ્પર્શ માત્રથી વત્ર થયેલું જળ જે કોઈ બુદ્ધિહીન માણસ પીએ તે મહાવિદ્વાન

બની જાય છે. પશુ જેવો માનવી બૃહસ્પતિ સમાન થઈ જાય છે. આ શંકા વગરની વાત છે.

શેઠજીએ મણિ તથા તાલપત્ર એક નાનકડી પેટિકામાં સાચવીને મૂકયા. સમુદ્રદત્તશેઠના હર્ષનો પાર ન રહ્યો. તે પોતાના પુત્રના ભાગ્યને અભિનંદી રહ્યા હતા.

સમુદ્રદત્તશેઠ વિચારતા હતા કે ઓહ...! આ આવનાર બાળકનું ભાગ્ય કેટલું બળવાન છે ! એનાં પુણ્ય કેવાં તેજ છે ? ઈન્દ્ર મહારાજાએ મારી પત્નીને સ્વપ્નમાં જણાવેલી વાત આજ સત્ય બનીને સામે ઊભી છે...! ધન સંપત્તિના ચરુઓ દ્વારા અસીમ લક્ષ્મી પ્રાપ્ત થઈ. અને આ મણિની પ્રાપ્તિથી બુદ્ધિનો ખજાનો મળ્યો. ખરેખર હું જ મહાભાગ્યવાન છું કે મારા આંગણે આવા પુણ્યશાળી પુત્રરત્નનો જન્મ થયો છે.

સમુદ્રદત્તશેઠની વિચારમાળા અટકી નહિ.

તેઓ આગળ વિચાર કરવા લાગ્યા. પ્રાપ્ત થયેલા ચરુઓ પ્રતિ નજર રાખીને મનોમન નિર્ણય લીધો કે આ સંપત્તિ નવજાત બાળકના પુનિત પગલે મને પ્રાપ્ત થઈ છે. આ પ્રાપ્ત થયેલી સંપત્તિ પુત્રના જન્મોત્સવ પાછળ વાપરી લેવી જોઈએ. એજ શ્રેષ્ઠ ઉપાય છે. દીન-દુઃખીઓનો દાન કરું. સંપત્તિનો સદ્‌ઉપયોગ ધર્મ કાર્યોમાં કરું. જિનાલયોમાં તેમજ અન્ય ધાર્મિક ક્ષેત્રે આ સઘળું ધન વાપરવું યથાયોગ્ય છે.

સમુદ્રદત્તશેઠ તરત જ ઊભા થયા અને મનમાં લીધેલા નિર્ણયને સાકાર કરવા માટે પ્રયત્નશીલ બન્યા.

સમુદ્રદત્ત શેઠે તરત જ પોતાના મુખ્ય મુનિમને ભવન પર બોલાવ્યો.

મુનિમ વનેચંદ દોડતા શેઠજીને ત્યાં આવ્યા.

શેઠજીએ મુનિમ સામે જોઈને કહ્યું : ' મુનિમજી, સુભદ્રા શેઠાણીની

કુક્ષીએ જન્મેલો મારો પુત્ર મહાભાગ્યવાન છે. એના આગમન સાથે જ અપૂર્વ ધનસંપત્તિ પ્રાપ્ત થઈ છે. એ ધનનો પુત્રના જન્મોત્સવ નિમિત્તે સદ્‌ઉપયોગ કરવો છે. આ અંગેની તમામ વ્યવસ્થા તમારા શિરે મૂકવા માગું છું.'

'શેઠજી, આપની ભાવના અપૂર્વ છે. પુત્રના જન્મોત્સવ પાછળ પ્રાપ્ત થયેલી સંપત્તિનો સદ્‌ઉપયોગ કરવા માગો છો તે નિર્ણય ખૂબ જ ઉચિત છે. આપના થકી થનારા આ કાર્યની નોંધ લેવાશે તેમજ ધાર્મિક સ્થાનોમાં જ્યાં આજે ધનની જરૂર છે ત્યાં ધનનો સદ્‌ઉપયોગ કરવાથી આપણા હૈયાને શાતા વળશે...'

'મુનિમજી, આ કાર્ય પાછળ મારે કોઈની પ્રશંસા કે કીર્તિ, યશ મેળવવા નથી. આ ધન પુત્રના ભાગ્યનું ફળ છે. આ સંપત્તિનો સદ્‌ઉપયોગ ધાર્મિક કાર્યોમાં કે અન્ય જ્યાં જરૂરી છે તેવાં સ્થાનો પર થાય તો મનને સંતોષ મળશે.'

'શેઠજી, આપની ભાવના ફળિભૂત થશે. તેમજ આપ સંપત્તિનું જે રીતે આયોજન કરવા ઇચ્છતા હશો તે પ્રમાણે જ થશે.' મુનિમજીએ કહ્યું.

'મુનિમજી, પુત્રજન્મની ખુશાલીનો પ્રસંગ સંગીતની સુરાવલી વિના અધૂરો લાગે છે. પ્રથમ તો કોઈપણ વીણાવાદક કે બંસરીવાદકને અત્રે બોલાવીને ભવનમાં સંગીતના સૂરો ભરી દેવાનું વિચારજો. આ કાર્યક્રમ બાદ આપણે ધનસંપત્તિનો ઉપયોગ કઈ કઈ જગ્યાએ કરવો તે વિચારીશું.'

'શેઠજી, આપે તો મારા મનની જ વાત કરી. હું કોઈ પણ કલાકારને અત્રે બોલાવવાનું સૂચન કરનારો હતો. આ અંગે મેં બંગદેશના આર્ય વિશ્વનાથને બોલાવવાનું પણ વિચાર્યું હતું. તેઓ દેશના પ્રસિદ્ધ બંસરીવાદક છે. તેમણે સંગીતમાં અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જો આપ આજ્ઞા આપો તો ખેપીયાને સંદેશા સાથે

રવાના કરી દઉં. આર્ય વિશ્વનાથને અહીં આવતાં પાંચ–છ દિવસ તો લાગી જશે...'

'મુનિમજી, આજે જ ખેપીયા મારફત સંદેશો મોકલી દો અને તુરત કુશાગ્રનગરીએ પધારે તેવી વિનંતી પણ કરજો...'

'એમજ થશે...શેઠજી...' મુનિમ વનેચંદે કહ્યું.

અને મુનિમજીએ એક ખેપીયાને તે જ દિવસે બંગદેશ આર્ય વિશ્વનાથને ત્યાં સંદેશા સાથે મોકલ્યો. ખેપીયો ત્રણ દિવસ બાદ આર્ય વિશ્વનાથ આવી રહ્યા છે તેવો સંદેશો લઈને આવી ગયો.

ચાર દિવસ બાદ બંગદેશના કલાકાર આર્ય વિશ્વનાથ કુશાગ્રનગરીમાં આવી પહોંચ્યા. આવીને સીધા સમુદ્રદત્ત શેઠને મળ્યા. શેઠજીએ મીઠો આવકાર આપ્યો. અને બીજે દિવસે રાત્રીકાળે કાર્યક્રમ રાખવાનું નક્કી કર્યું.

સમુદ્રદત્ત શેઠે નગરીના આગેવાનો તથા શ્રેષ્ઠી વર્યોને સંગીતના કાર્યક્રમમાં સામેલ થવા માટે આમંત્રણ પાઠવ્યાં.

કાર્યક્રમની સઘળી વ્યવસ્થાનો ભાર મુનિમજીએ સંભાળ્યો હતો. ભવનના વિશાળ પ્રાંગણમાં આર્ય વિશ્વનાથના બંસરી-વાદનનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

બીજે દિવસે રાત્રીના બીજા પ્રહરની પ્રથમ ઘટિકાએ નગરીના આગેવાનો તથા શ્રેષ્ઠીવર્યો સમુદ્રદત્ત શેઠના ભવન પર આવી પહોંચ્યા. સૌએ યથાસ્થાન ગ્રહણ કર્યું.

આગળના ભાગે મંચ જેવું બનાવવામાં આવ્યું હતું. જ્યાં કલાકાર માટેની બેઠક વ્યવસ્થા હતી.

સૌના હર્ષનાદ વચ્ચે કલાકાર આર્ય વિશ્વનાથ મંચ પર આવ્યા. તેમની પાછળ કુશાગ્રપુરનો જાણીતો મૃદંગવાદક મિહિરસેન આછા હાસ્ય સાથે આવી રહ્યો હતો.

બન્ને કલાકારોએ મંચ પર બેઠક ગ્રહણ કરી.

મુનિમજી મંચ પાસે આવ્યા અને શ્રોતાઓ સામે જોઈને કહ્યું : 'નગરના આગેવાનો, શ્રેષ્ઠીવર્યો, નગરીના શ્રેષ્ઠીવર્ય શ્રી સમુદ્રદત્તશેઠને ત્યાં પુત્રજન્મ થયો છે તેની ખુશાલીમાં બંગદેશથી અમારા આમંત્રણને માન આપીને આર્ય વિશ્વનાથજી ખાસ પધાર્યા છે. તેઓ ગઈ કાલે આવ્યા, આજ એમના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આવતીકાલે તેઓ અહીંથી વિદાય લેવાના છે. બંગ દેશમાં તેમના બે-ત્રણ કાર્યક્રમો હોવાથી રોકાઈ શકે તેમ નથી. અમે આર્ય વિશ્વનાથજીના ખૂબ જ ઋણી છીએ. તેઓ અમારા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરીને અહીં આવવા માટે તૈયાર થયા. તેઓ બંગદેશના જ નહિ પરંતુ સમગ્ર દેશના શ્રેષ્ઠ બંસીવાદક છે. દેશના વિવિધ ભાગોમાં તેમના સંગીતના કાયક્રમો યોજાતા રહે છે. સંગીતકલાની સિદ્ધિ તેમણે હસ્તગત કરી છે. આજ આપણને આનંદથી તરબોળ થઈ જઈએ તેવો રાગ પીરસશે. સાથે આપણી નગરીના મૃદંગવાદક મિહિરસેનનો પરિચય આપવાનું યોગ્ય જણાતું નથી. કારણકે મિહિરસેનને અને તેમની કલાને આપણે સૌ જાણીએ છીએ. છેવટમાં આપ સૌ સંગીતના કાર્યક્રમમાં પધાર્યા છો એ અમારા માટે સૌભાગ્યની વાત છે. હવે બંસરીવાદક આર્ય વિશ્વનાથજી બંસરીના સુમધુર સ્વરોથી વાતાવરણને પ્રસન્ન કરશે. આપણે સૌ કલાકારને આવકારીશું. તેમની કલાને અભિનંદીશું.'

આટલું કહીને મુનિમજી બેસી ગયા.

અને...!

આર્ય વિશ્વનાથજીએ બંસરી હાથમાં લીધી. મૃદંગવાદક મિહિરસેન વિશ્વનાથજીની બાજુમાં બેસી ગયો હતો.

આર્ય વિશ્વનાથે કહ્યું : 'સમુદ્રદત્તશેઠ, મુનિમજી તથા અત્રે પધારેલા આમંત્રિતો, મારો પરિચય જરા ઉદારતાથી અપાયો છે. હું તો માત્ર સંગીતનો સાધક છું. સંગીતની આરાધના એ મારા

જીવનનું પરમલક્ષ્ય છે. કલા અને કલાકાર ક્યારેય ભિન્ન હોઈ શકે નહિ. કલાકાર કલાના પૂજારી છે. વિશેષ કશું કહેવું નથી. આજ આમ સૌ સમક્ષ રાગ 'ચંદ્રમાલતી' રજૂ કરીશ. આ રાગ અતિ પ્રાચીન છે. શૃંગારપ્રધાન રાગ છે. રાત્રી સમયે આ રાગ બજાવી શકાય છે...આપ સૌ રાગના માધુર્યને માણશો તેવી મારી શ્રદ્ધા છે.'

આટલું જણાવીને આર્ય વિશ્વનાથે બંસરીને મુખ પર લાવીને મૂકી દીધી.

રાગ ચંદ્રમાલતી...

શૃંગાર પ્રધાન રાગ.

ચંદ્રનાં મધુર અને શીતળ, શાંત, તેજસ્વી કિરણો સમો માલતી પુષ્પ જેવી સુગંધને પ્રસરાવતો રાગ...ચંદ્રમાલતી...

કલાકારે શરૂઆત રાગના આલાપથી કરી.

ચંદ્રમાલતીના આલાપમાં કલાકારે રાગનું રૂપ, રાગનું બંધારણ અને રાગની છબી રજૂ કરી.

સર્વ શ્રોતાજનો આલાપ સાંભળીને પ્રસન્ન બની ઊઠચા અને ધન્ય ધન્ય પોકારી ઊઠચા.

લગભગ અર્ધઘટિકા પર્યંત રાગ ચંદ્રમાલતીનો આલાપ ચાલ્યો. આર્ય વિશ્વનાથ તો રાગ ચંદ્રમાલતીના માધુર્યમાં ખોવાઈ ગયા હતા. આમેય કલાકાર જ્યારે કલામાં મગ્ન બને છે, એકાગ્રતા કેળવે છે ત્યારે જ તેની સાધના સફળ થાય છે.

થોડીવાર પછી આર્ય વિશ્વનાથે રાગ ચંદ્રમાલતીમાં વિલંબિત લય શરૂ કરી.

મૃદંગવાદક મિહિરસેન સજાગ બન્યો. તેણે તરત જ મૃદંગ હાથમાં લીધા અને આર્ય વિશ્વનાથની સાથે જોડાયો.

મૃદંગના તાલથી વાતાવરણમાં હર્ષ ફેલાયો. તાલ અને

લયનો સમન્વય શ્રોતાઓને આનંદ પમાડી ગયો.

મૃદંગવાદક મિહિરસેને મૃદંગ પર જયતાલ બજાવવો શરૂ કર્યો.

સમુદ્રદત્તશેઠના ભવનમાં એકત્રિત થયેલા આમંત્રિતો રસમગ્ન બનીને કલાકારની કલાને અભિનંદતા હતા તેમજ કલાનો આસ્વાદ માણતા હતા.

ચંદ્રમાલતીએ સર્વના હૈયા હરી લીધા. વાતાવરણમાં પ્રસન્નતાની માધુરી છલકાવી દીધી.

અર્ધઘટિકા પર્યંત કલાકારે વિલંબિતલય બજાવી. ત્યારબાદ દ્રુતલય શરૂ કરી.

રાગ ચંદ્રમાલતીમાં દ્રુતલયની શરૂઆત થતાં જ શ્રોતાગણ નાચી ઊઠયો. સમુદ્રદત્તશેઠના મુખ પર પ્રસન્નતા સ્પષ્ટપણે તરવરી ઊઠી હતી. મુનિમજી પણ કલાકારની કલા પ્રત્યે અભિભૂત બન્યા હતા.

થોડી વારમાં સૌના આશ્ચર્ય વચ્ચે ચંદ્રમાલતીએ વિદાય લીધી. જ્યારે કાર્યક્રમ પૂરો થયો ત્યારે ત્રણ ઘટિકા પસાર થઈ ગઈ હતી. સર્વ શ્રોતાજનોએ કલાકાર અને તેની કલાને બીરદાવી.

સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

બીજે દિવસે આર્ય વિશ્વનાથ બંગદેશ ભણી જવા વિદાય થયા. મુનિમજી અને સમુદ્રદત્તશેઠ પ્રાપ્ત થયેલી સંપત્તિનો સદ્ઉપયોગ કયાં કયાં કરવો તે અંગે વિચારણા કરવા લાગ્યા.

સમુદ્રદત્તશેઠે મુનિમજીને જણાવ્યું : ' મુનિમજી, નગરીનાં જિનાલયો, જ્ઞાનશાળાઓમાં ધનનો ઉપયોગ સારી રીતે થઈ શકશે. અન્ય ધાર્મિક સ્થાનોમાં પણ ધનનો ઉપયોગ કરવાનો રહેશે.'

મુનિમજીએ કહ્યું : ' મારું એક સૂચન છે...'

' કહો...મુનિમજી ..'

' શેઠજી, અટ્ઠાઈ મહોત્સવ કરીએ. જિનાલયમાં ભવ્ય આંગીની રચના કરવામાં આવે...દાનની સરિતા વહેવડાવવામાં આવે તેમજ

આપણી નગરીના રાજાને પણ સાચા મોતીનો થાળ આ પ્રસંગે મોકલીએ તો સોનામાં સુગંધ ભળે...'

'મુનિમજી, તમારી વાત સાચી છે...એમજ કરીશું...' સમુદ્રદત્તશેઠે કહ્યું.

સમુદ્રદત્તશેઠે મુનિમ વનેચંદને સઘળી વ્યવસ્થાનો ભાર સોંપ્યો, મુનિમજીએ નક્કી થયા મુજબ જિનાલયોમાં, જ્ઞાનશાળાઓમાં તથા અન્ય ધાર્મિક સ્થાનોમાં જોઈતું દ્રવ્ય આપ્યું. અઠ્ઠાઈ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. ભવ્ય આંગી દરેક જિનાલયમાં રચવામાં આવી. અને દાનની સરિતા વહેતી મૂકી.

સમુદ્રદત્તશેઠ અને મુનિમજીએ રાજસભામાં જઈને મહારાજા અરિદમનને સાચા મોતીનો થાળ અર્પણ કર્યો. રાજા અરિદમને શેઠની ભાવનાને સત્કારીને મોતીનો થાળ ગ્રહણ કર્યો.

સમુદ્રદત્તશેઠે સાધર્મિક ભક્તિનો પણ લાભ લીધો. તેમણે સાધુસંતોની સેવા કરી.

એક મહિના જેવો સમય પસાર થઈ ગયો.

સુખમાં દિવસો ક્યાં પસાર થઈ જાય છે તેની માનવીને કલ્પના આવતી નથી. જ્યારે સમુદ્રદત્ત શેઠને ત્યાં પુત્રનો નામકરણ સંસ્કારનો સમય આવ્યો ત્યારે તે પ્રસંગની ઉજવણી પણ ભવ્ય રીતે કરવામાં આવી. આ પ્રસંગે નગરીના શ્રેષ્ઠીઓ અને આગેવાનો આવ્યા હતા.

પ્રભાવશાળી, સ્વસ્થ, સુંદર અને તેજસ્વી પુત્રરત્નનું ન સુરેન્દ્રદત્ત પાડવામાં આવ્યું.

આ દિવસે પણ સમુદ્રદત્ત શેઠે નગરીમાં મિઠાઈની લ્હાણી કરી હતી.

દિવસો જતાં વાર લાગે ખરા ? તેમાંય સુખના દિવસો તો ઝડપથી પસાર થતા હોય છે.

સુરેન્દ્રદત્ત પાંચ વર્ષનો થયો. પાઠશાળાએ મોકલવા માટે ઉત્તમ મૂહૂર્ત પણ કઢાવવામાં આવ્યું.

આ નગરીમાં સાગર નામના શ્રેષ્ઠી રહેતા હતા તેમને ત્યાં પણ દોમદોમ સાહ્યબી હતી. તેની પત્નીનું નામ સત્યભામા હતું. સત્યભામા સંસ્કારી અને ધર્મ પ્રત્યે અનુરાગ રાખનારી સ્ત્રી હતી. એ બન્નેને એક માત્ર પુત્રી હતી. તેનું નામ સુભદ્રા હતું.

સુભદ્રા પણ પાંચ વર્ષની થઈ ત્યારે પાઠશાળાએ મૂકવા માટેની ગોઠવણુ સાગરશ્રેષ્ઠીએ કરી.

નગરીમાં વિશ્વભૂતિની પાઠશાળા શ્રેષ્ઠ ગણાતી હતી.

યોગાનુયોગ એવો ઊભો થયો હતો કે મહારાજા અરિદમનનો પુત્ર રાજકુમાર અમિત્રદમન, સમુદ્રદત્ત શ્રેષ્ઠીનો તેજસ્વી પુત્ર સુરેન્દ્રદત્ત તથા સાગર શ્રેષ્ઠીની રૂપવતી બાલકન્યા સુભદ્રા એક જ દિવસે પાઠશાળામાં દાખલ થતાં હતાં.

ત્રણેય પરિવારોએ પોતાના સંતાનોના વિદ્યાભ્યાસના આ પ્રસંગને અપૂર્વ રીતે ઉજવ્યો.

## ૩ : : વિદ્યાભ્યાસ :

રાજકુમાર અમિત્રદમન, સુરેન્દ્ર તથા સુભદ્રા નિયમિતપણે પાઠશાળાએ વિદ્યાઅભ્યાસ અર્થે જતાં હતાં. ત્રણેય સાથે જ અભ્યાસ કરતાં હતાં.

એક દિવસ સુભદ્રાએ તેના સ્વામીને કહ્યું : ' સ્વામી, આપણો પુત્ર સુરેન્દ્રદત્ત ખૂબ જ નાનો છે છતાં ભારે સમજદાર છે...'

' પ્રિયે, પાઠશાળાના ગુરુ પણ આપણા પુત્રની પ્રશંસા કરતા હતા. તેઓએ મને જણાવ્યું હતું કે સુરેન્દ્રદત્તની પ્રકૃતિ અતિ પ્રેમાળ છે. તે દયાળુ છે. ધર્મ પ્રત્યે અનુરાગ રાખનારો છે. અભ્યાસમાં પણ ખૂબ જ તેજસ્વી છે. પ્રિયે, ખરેખર આપણે ભાગ્યવંત પુત્રના માતાપિતા છીએ...'

' સ્વામી, હમણાં જ આપણો પુત્ર પાઠશાળાએથી આવવો જોઇએ. તે પાઠશાળામાં ખૂબ જ ધ્યાનથી અભ્યાસ કરે છે તેની સાથે રાજકુમાર અમિત્રદમન તથા સાગરશ્રેષ્ઠીની કન્યા સુભદ્રા પણ અભ્યાસ કરે છે. આપણો પુત્ર ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી...'

સમુદ્રદત્તશેઠ આછું હસ્યા અને બોલ્યા : ' પ્રિયે, પાઠશાળામાં શિક્ષણ જ એ રીતે અપાય છે કે વડિલોની આમન્યા રાખવી; વિવેક, વિનય, સ્નેહ, પ્રેમ, લાગણી, દયાભાવ જેવા સદ્‌ગુણો જીવનમાં

ઉતારવાની વાતો શીખવાડવામાં આવે, જો નાનપણથી જ આવા સંસ્કાર આપવામાં આપે તો તેનું જીવનઘડતર મજબૂત અને સુંદર બને છે.'

'સ્વામી, આપની વાત સાચી છે...' સુભદ્રાએ જણાવ્યું.

ત્યાં જ એક દાસીએ ખંડમાં પ્રવેશ કર્યો અને વિનમ્ર સ્વરે કહ્યું : 'શેઠજી, નાના શેઠ આવી ગયા છે...'

સમુદ્રદત્ત શેઠ અને સુભદ્રાશેઠાણી પુત્રના સમાચારથી આસન પરથી ઊભાં થઈ ગયાં બન્ને સાથે ખંડ બહાર નીકળ્યાં. ત્યાં સામેથી સુરેન્દ્રદત્ત આવતો હતો.

સુભદ્રાએ કહ્યું : 'આવ કુમાર, અમે તારી જ પ્રતીક્ષા કરતાં હતાં.' સુભદ્રાએ વહાલથી પોતાના પુત્ર સુરેન્દ્રદત્તને પોતાની પાસે બોલાવ્યો અને મસ્તક પર હાથ ફેરવ્યો.

સમુદ્રદત્તશેઠે કહ્યું : 'પ્રિયે, ભોજનનો સમય થઈ ગયો છે... સુરેન્દ્ર પણ ભૂખ્યો થયો હશે...ચાલો આપણે ભોજનકક્ષમાં જઈએ...'

ત્રણેય ભોજનકક્ષમાં ગયાં.

સમુદ્રદત્તશેઠ, સુભદ્રાશેઠાણી તથા સુરેન્દ્રદત્તે આસન ગ્રહણ કરીને ભોજન શરૂ કર્યું. ભોજનસામગ્રી સાત્વિક અને સાદી હતી. ત્રણેયે નિરાંતથી ભોજન કર્યું. થોડીવાર પછી ભોજન પૂર્ણ કરીને ત્રણેયે હાથ સ્વચ્છ કરીને મુખવાસ ગ્રહણ કર્યો.

શેઠ, શેઠાણી પોતાના પુત્ર સુરેન્દ્રને લઈને શયનખંડમાં આવ્યા. શેઠે સુરેન્દ્રને પાઠશાળામાં શું કરાવે છે ? અભ્યાસની આવૃત્તિઓ બરાબર થાય છે ? સંગીતનું શિક્ષણ અપાય છે ? વગેરે અનેક પ્રશ્નો પૂછ્યા.

સુરેન્દ્રદત્ત નાનપણથી જ કુશાગ્ર બુદ્ધિ ધરાવતો હતો. તેણે પિતાને બરાબર ઉત્તરો આપ્યા. પુત્રના ઉત્તરોથી શેઠને સંતોષ થયો.

સુરેન્દ્રદત્ત વિશ્વભૂતિ નામના આચાર્ય પાસે અભ્યાસ કરતો હતો. તેમની સાથે રાજપુત્ર અમિત્રદમન તથા સાગરશ્રેષ્ઠીની પુત્રી સુભદ્રા પણ અભ્યાસ કરતી હતી.

સુરેન્દ્રદત્તે પાઠશાળામાં શું શું પ્રવૃત્તિઓ ચાલે છે ? આચાર્ય કેવું ધ્યાન આપે છે તે અંગે પણ એણે પોતાના પિતાને જણાવ્યું.

સમુદ્રદત્તશેઠે પુત્રને તેના ખંડમાં આરામ કરવા જવાનું સૂચવ્યું. સુરેન્દ્રદત્ત તેના ખંડમાં ગયો.

અભ્યાસમાં રાજપુત્ર અમિત્રદમન નબળો હતો. અલ્પ બુદ્ધિ ધરાવતો હોવાથી અમિત્રદમન સૌની પાછળ રહી જતો હતો. આચાર્ય વિશ્વભૂતિ રાજકુમાર માટે વધારે સમય આપતા પરંતુ તે વિદ્યા ગ્રહી શકતો નહોતો. આ કારણે તે સુરેન્દ્રદત્ત અને સુભદ્રાની સાથે થઈ શકતો નહોતો.

જ્યારે સુરેન્દ્રદત્ત અને સુભદ્રા અભ્યાસમાં તેજસ્વી હતા. બન્ને સાથે જ ગુણાંક લાવતા હતા.

વિશ્વભૂતિ આચાર્યની પાઠશાળામાં રાજકુમાર, શ્રેષ્ઠીપુત્રો સિવાય અન્ય વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા હતા. ગુરુ વિશ્વભૂતિ સૌ પ્રત્યે સમભાવ કેળવીને જ અભ્યાસ કરાવતા હતા.

એક દિવસની વાત છે.

ગુરુ વિશ્વભૂતિને સર્વ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું મન થયું.

વિશ્વભૂતિએ સૌને પાઠશાળાના ખુલ્લા આંગણમાં બેસાડચા. સૌ વિદ્યાર્થીઓને થયું કે આચાર્યદેવ કેવા પ્રશ્નો પૂછશે ? સૌ વિદ્યાર્થીઓના મુખ પર ઉત્સુકતાના ભાવ રમતા હતા.

થોડીવાર રહીને આચાર્ય વિશ્વભૂતિ વિદ્યાર્થીઓ પાસે આવ્યા અને બોલ્યા : 'અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આપ સૌ પ્રત્યે સમદૃષ્ટિ રાખીને જ ભણાવું છું. આજ પ્રશ્ન કરીને કસોટી

કરવા માગું છું...હું જે પ્રશ્ન પૂછું તેનો આપ વિચારીને ઉતર આપશો.'

'ગુરુદેવ, આપનો પ્રશ્ન શું છે?' એક વિદ્યાર્થીએ ઊભા થઈને પૂછયું.

'બળવંત, તું અધીરો ન થા...હું પ્રશ્ન જ રજૂ કરું છું...' આટલું કહીને આચાર્ય વિશ્વભૂતિએ પ્રશ્ન રજૂ કર્યો.

આચાર્ય વિશ્વભૂતિએ વિદ્યાર્થીઓને પૂછયું : 'જે કોઈ વ્યક્તિ રાજાને પોતાના બન્ને પગ વડે મારે તો તેને શું શિક્ષા કરવી જોઈએ?'

જે વિદ્યાર્થીઓ અલ્પબુદ્ધિ ધરાવતા હતા તેઓ વિચાર્યા વગર બોલી ઊઠયા: 'ગુરુદેવ, તે વ્યક્તિને મૃત્યુદંડની સજા કરવી જોઈએ.'

કેટલાક વિદ્યાર્થીઓએ એમ કહ્યું કે તે વ્યક્તિના બન્ને પગ હણી નાખવા જોઈએ.

તો કોઈએ એમ કહ્યું કે તે વ્યક્તિને ભયંકર સજા કરવી જોઈએ.

ગુરુદેવ વિશ્વભૂતિએ સુરેન્દ્રદત્ત સામે જોઈને કહ્યું : 'સુરેન્દ્રદત્ત, તેં તારો મત દર્શાવ્યો નહિ...?'

'ગુરુદેવ, મારો મત મારા સહઅધ્યાયીઓથી અલગ છે. મારા મત પ્રમાણે જે વ્યક્તિ રાજાને પગથી મારે છે તેની પૂજા કરવી જોઈએ. નગરીના લોકોએ તે વ્યક્તિને માન આપીને ભક્તિભાવ દર્શાવવો જોઈએ.'

સુરેન્દ્રદત્તની વાત સાંભળીને સૌ વિદ્યાર્થીઓ હસવા લાગ્યા અને સુરેન્દ્રદત્તની ક્રૂર મજાક કરવા લાગ્યા.

એક વિદ્યાર્થીએ મજાકભર્યા સ્વરે કહ્યું : 'બુદ્ધિવાન સુરેન્દ્રદત્ત, અમને એ તો સમજાવ કે તે વ્યકિત કઈ રીતે પૂજવા લાયક ગણાય? તારી વાત અમને ગળે ઉતરતી નથી. અમે તારી

વાતનો સ્વીકાર કરતા નથી.'

આચાર્ય વિશ્વભૂતિ તો મૌન બનીને બેસી રહ્યા હતા.

ત્યાં સુરેન્દ્રદત્તે કહ્યું : 'બંધુઓ, આપ સૌ શાંતિ રાખો. મારા કહેવાનો અર્થ તમે સમજ્યા નથી તેથી હું ગુરુદેવના પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપીશ...'

'કહે તો ખરો...' એક જણ બોલ્યો.

'મને કોઈ કહેશે કે ફણીધર નાગની ફણા ઉપરથી મણિ લેવાની કોઈ ઇચ્છા કરે ખરો ! સિંહની કેશવાળી ખેંચવાની કોણ હિંમત કરે ? કોઈ જ નહિ...! તો પછી કયો એવો મૂર્ખ માનવી મહારાજાને પગથી મારવાની ઇચ્છા કરે ? કોઈ ન કરે.' સુરેન્દ્રદત્તે કહ્યું.

થોડીવાર રહીને સુરેન્દ્રદત્તે ફરીને કહ્યું : 'પરંતુ રાજાના ખોળામાં રમતો રાજપુત્ર પ્રેમથી કૂદાકુદ કરતો હોય છે. મૂછના વાળ પણ ખેંચે છે. અને પગેથી લાતો પણ મારે છે. એક નાના રાજકુમાર સિવાય અન્ય કોઈની તાકાત નથી કે તેમ કરે.. ! હવે હું તમને પ્રશ્ન કરું છું કે પગથી મારનાર રાજપુત્રને શી સજા કરવી જોઈએ ? તેને મારવો જોઈએ કે પૂજવો જોઈએ ?'

સૌ વિદ્યાર્થીઓ એકી અવાજે બોલી ઊઠયા : 'પૂજવો જોઈએ...'

આ રીતે સુરેન્દ્રદત્તે યોગ્ય ઉત્તર પાડવીને બુદ્ધિશક્તિનું પ્રમાણ આપ્યું.

આચાર્ય વિશ્વભૂતિ સુરેન્દ્રદત્તનો ઉત્તર સાંભળીને અત્યંત પ્રસન્ન બન્યા. વિશ્વભૂતિને થયું કે પોતે આપેલા જ્ઞાનનો સુરેન્દ્રત્તે ઉત્તમ ઉપયોગ કર્યો છે.

સુભદ્રા પણ સુરેન્દ્રદત્તના ઉત્તરથી અત્યંત સંતોષ પામી અને તે સુરેન્દ્રદત્ત ભણી સ્નેહભરી દૃષ્ટિથી જોઈ રહી.

જ્યારે રાજપુત્ર અમિત્રદમન ગુરુજીના પ્રશ્નનો ઉત્તર આપી

શકયો ન હોવાથી ક્ષોભના કારણે નીચું મસ્તક રાખીને બેસી રહ્યો.

આચાર્ય વિશ્વભૂતિને સુરેન્દ્રદત્તના ઉત્તરથી પરમ સંતોષ થયો. વિશ્વભૂતિએ વિચાર્યું કે આમેય બધા વિદ્યાર્થીઓમાં સુરેન્દ્રદત્ત મને ખૂબ માન અને આદર આપે છે. મારી ભક્તિભાવથી સેવા કરે છે, વિનયી છે, વિવેકી છે, મારી વિદ્યા તેણે પચાવી જાણી છે. તે મને પિતા કરતાં વિશેષ માને છે. માટે તેના કલ્યાણ માટે વિધિપૂર્વક દેવપૂજા કરવી જોઈએ...'

આચાર્ય વિશ્વભૂતિએ તરત જ નિર્ણય લઈ લીધો કે પ્રિય શિષ્ય સુરેન્દ્રદત્તના કલ્યાણ અર્થે દેવની પૂજા અત્યારે કરવી જોઈએ.

એમ જ થયું.

આચાર્ય વિશ્વભૂતિ તરત જ પ્રાણાયામ દ્વારા દેહશુદ્ધિ કરી દેવીની પૂજા કરવા બેઠા.

આચાર્ય વિશ્વભૂતિએ દેવીનું સ્થાપન કર્યું. મંત્રોચ્ચારથી વાતાવરણને ઉત્તેજીત કર્યું. સૌ વિદ્યાર્થીઓ શાંત ચિત્તે બેસી ગયા હતા. ત્યાં આચાર્યને કમળની જરૂર પડી.

ગુરુદેવે સૌ વિદ્યાર્થીઓની સામે જોઈને કહ્યું : 'મારા પ્રિય વિદ્યાર્થીઓ પૂજા માટે સોનેરી પદ્મની માળાની જરૂર પડી છે, ક્રિયા ચાલુ છે. કોઈ પણ વિદ્યાર્થી સોનેરી પદ્મની માળા લઈ આવો...'

બાળકો દોડયા.

કેટલાક વિદ્યાર્થીઓ માળીની હાટડીએ પહોંચ્યા.

તો કેટલાક તળાવે જઈને કમળ તોડીને તેની માળા બનાવીને લઈ આવ્યા. અને ગુરુજીને માળાઓ આપી.

કમળની માળાઓ આવી. આચાર્ય વિશ્વભૂતિએ પૂજા આગળ ચલાવી. આચાર્ય સુરેન્દ્રના કલ્યાણ અર્થે પૂજા કરતા હતા.

ગુરુદેવ કમળનાં ફૂલ અને માળા દેવીને અર્પણ કરવા લાગ્યા.

આ તરફ અલ્પબુદ્ધિવાળો રાજપુત્ર રાજભવનેથી સુવર્ણના

રંગ જેવી પદ્મમાલા નામની દાસીને લઈને આવી પહોંચ્યો.

અમિત્રદમને આચાર્યને નમન કરતાં કહ્યું : 'ગુરુદેવ, આપની આજ્ઞા અનુસાર સુવર્ણ સરખી પદ્મમાલા લઈને આવ્યો છું. આપ ગ્રહણ કરો...'

આટલું કહીને રાજકુમારે પદ્મમાલા નામની દાસીને આગળ મોકલી.

આચાર્ય વિશ્વભૂતિ રાજકુમાર અમિત્રદમનના વર્તનથી ક્રોધે ભરાયા અને ક્રોધભર્યા સ્વરે કહ્યું : 'અરે...! આ શું...? તું શું લાવ્યો છે ?'

ત્યારે અમિત્રદત્તને કહ્યું : 'ગુરુદેવ, હું જે સમજ્યો હતો તે લાવ્યો છું.'

આચાર્ય વિશ્વભૂતિને થયું કે ખરેખર આ અલ્પબુદ્ધિ ધરાવનારો છે. આનામાં સમજણ ક્યારે આવશે ? રાજપુત્ર એટલું ય વિચારી શકતો નથી કે પૂજામાં કમળની જરૂર હોય, આ દાસીને કેમ હાજર કરી ? મેં બધા વિદ્યાર્થીઓમાં તેના પ્રત્યે વધુ લક્ષ્ય આપ્યું છે છતાં એનામાં બુદ્ધિ આવી જ નહિ. શું થશે આ રાજકુમારનું ?

વિશ્વભૂતિને થયું કે હું સુરેન્દ્રદત્તના કલ્યાણ અર્થે પૂજા કરી રહ્યો છું એવા સમયે રાજપુત્ર રાજભવનેથી નીચ દાસીને લઈ આવ્યો. આથી પૂજામાં ભંગ પડ્યો. સુરેન્દ્રદત્ત મહાલક્ષ્મીવાન બની ગયા પછી કોઈ નીચ સ્ત્રીથી અત્યંત પીડા પામશે.

આચાર્ય વિશ્વભૂતિએ આ પ્રકારનો અભિપ્રાય બાંધ્યો. તેઓ પોતાના સ્થાનેથી ઊભા થયા અને ફરીવાર સ્નાન કરીને દેવીની પૂજા કરવા બેઠા.

આ તરફ પાઠશાળાના વિદ્યાર્થીઓ રાજકુમારની ઠેકડી ઉડાવી રહ્યાં હતાં. સુભદ્રાએ પણ રાજપુત્ર અમિત્રદમનની ઠેકડી ઉડાડી. ત્યારે અમિત્રદમનને ખૂબ લાગી આવ્યું.

અમિત્રદમન વિચારવા લાગ્યો કે ઓહ...! પૂર્વજન્મમાં મેં એવાં શું પાપ કર્યાં હશે કે જેથી મારી સ્થિતિ આવી થઈ ? અને વિદ્યા કેમ ચડતી નથી ? મારી બુદ્ધિનો વિકાસ કેમ થતો નથી ? મને કશી સમજણ કેમ પડતી નથી ? મારી સાથે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ શાસ્ત્રઅભ્યાસમાં આગળ નીકળી ગયા પણ હું પાછળ રહી ગયો. ઓહ...!

અમિત્રદમન માતા સરસ્વતીને યાદ કરીને મનમાં બોલવા લાગ્યો : 'મા સરસ્વતી, તું અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યે તુષ્ટ છે અને મારા પ્રત્યે આવું વલણ શા માટે ? મારા પ્રત્યે શા માટે નારાજ છો મા...! મારો શો અપરાધ છે ? આવો ભેદભાવ શા માટે ? મને કશું સમજાતું નથી. શું હું તમારો બાળક નથી ? મા...મારા પર કૃપા વરસાવો...મને પણ તમારો બાળક માનીને શક્તિ અર્પણ કરો...'

અમિત્રદમન પાઠશાળાના ચોગાનમાં એક તરફ ગમગીન ચહેરે બેઠો હતો. કોઈ વિદ્યાર્થી તેની પાસે આવ્યા નહિ.

ત્યાં સુરેન્દ્રદત્ત રાજકુમાર પાસે આવ્યો અને કહ્યું : 'રાજકુમાર, તું આટલો ઉદાસ કેમ છો ?'

ત્યારે રાજકુમારે સઘળી વાત કરી.

સુરેન્દ્રદત્તે કહ્યું : 'રાજકુમાર, તું જરા પણ ચિંતિત થઈશ નહિ. તું મારી સાથે મારા ભવન પર ચાલ...હું તારી ઉદાસીનતા દૂર કરી દઈશ.'

'એ કઈ રીતે ?'

'માતા સરસ્વતીની પ્રસન્નતા તારા પર થાય તેવું કરી આપીશ.'

'ખરેખર...!' આશ્ચર્યથી રાજપુત્રે પૂછ્યું.

'હા...રાજકુમાર, તું પણ અમારા જેવો બુદ્ધિશાળી અને

તેજસ્વી વિદ્યાર્થી બની જઈશ.'

રાજપુત્ર દિગ્મુઢ બનીને સુરેન્દ્રદત્તે સામે જોઈ જ રહ્યો.

સુરેન્દ્રદત્ત પાઠશાળાનો સમય પૂરો થયા પછી રાજપુત્રને પોતાના ભવન પર લઈ આવ્યો.

સમુદ્રદત્તશેઠ આવી ગયા હતા. સુરેન્દ્રદત્ત પિતાને રાજકુમારની વાત કરી. સમુદ્રદત્તે તરત જ તેજસ્વી અને દિવ્ય મણિ સુરેન્દ્રદત્તને આપ્યો.

સુરેન્દ્રદત્તે દિવ્ય મણિને પાત્રમાં રહેલા શુદ્ધ જળમાં બોળ્યો. થોડીવાર રહીને મણિ કાઢી લીધો. બધી ક્રિયા રાજકુમાર તન્મયતાથી જોતા હતો.

સુરેન્દ્રદત્તે જળ ભરેલું પાત્ર રાજકુમાર અમિત્રદમનની સામે મૂકતાં કહ્યું : 'રાજકુમાર, આ જળનું સેવન કર અને મા સરસ્વતીને હૃદયથી યાદ કરજે...'

રાજકુમાર અમિત્રદમને સુરેન્દ્રદત્તે કહ્યું તે પ્રમાણે કર્યું. અમિત્રદમન પાત્રમાં રહેલું જળ પી ગયો.

લગભગ અર્ધ ઘટિકામાં ચમત્કાર થયો.

રાજકુમાર અમિત્રદમનમાં ફેરફાર થવા માંડયો.

જાણયે તેનો પુનઃજન્મ થયો હોય તેમ લાગવા માંડયું. દિવ્ય તેજ તેના અંતરમનને સ્પર્શી ગયું.

સર્વશાસ્ત્રો, વિદ્યાઓ તેના હૃદયમાં રમવા લાગી. રાજકુમાર બુદ્ધિવાન બની ગયો.

રાજકુમાર અમિત્રદમન આનંદવિભોર બની ગયો. તે સુરેન્દ્રદત્તનો આભાર માનવા લાગ્યો.

અમિત્રદમને કહ્યું : 'મિત્ર, તેં મારા પર મોટો ઉપકાર કર્યો છે. આ ઉપકારનો બદલો આ જન્મે તો કયારેય વાળી શકીશ નહિ પરંતુ જયારે હું રાજગાદીએ બેસીશ ત્યારે તને અવશ્ય યાદ કરીને નગરશેઠના પદગૌરવથી નવાજીશ. સુરેન્દ્રદત્ત,

તેં આજ મારા પર મહા ઉપકાર કર્યો છે—'

'મિત્ર, એમાં ઉપકાર શાનો ? મિત્રની મુશ્કેલીમાં મિત્ર મદદ કરે એમાં ઉપકારની ભાવના ક્યાંથી આવે ?'

'સુરેન્દ્રદત્ત, એ તો તારી મહાનતા છે...' અમિત્રદમને કહ્યું.

અમિત્રદમન રાજભવને ગયો. તેણે પિતાને બધી વાતથી માહિતગાર કર્યાં. પિતા અરિદમન પણ સુરેન્દ્રદત્તના કૃત્યથી પ્રભાવિત થયા.

સમય ચાલ્યો જાય છે.

દિવસો, મહિનાઓ, વરસો પસાર થઈ ગયાં.

આચાર્ય વિશ્વભૂતિને ત્યાં સુરેન્દ્રદત્ત, રાજકુમાર અમિત્રદમન સુભદ્રા તથા અન્ય વિદ્યાર્થીઓએ વિદ્યા ગ્રહણ કરી લીધી. અંતિમ લેવાયેલી પરીક્ષામાં સૌ ઉત્તીર્ણ પણ થયા.

સુરેન્દ્રદત્ત નવજુવાન થયો. યૌવનના ઉંબરે પગ મૂક્યો.

સુભદ્રા પણ યૌવનની ખીલતી કળી સમાન બની ગઈ. યૌવન-કાળમાં પ્રવેશેલી સુભદ્રાના વાણીવર્તનમાં જરા પણ આછકલાઈનો ભાવન હોતો. સૌમ્યતા, વિવેક, વિનયના ભંડાર સમી સુભદ્રાને જોઈને તેના માતાપિતાની આંતરડી ઠરતી હતી. સાગર શેઠ અને સત્યભામા છેલ્લા કેટલાક દિવસોથી ચિંતામાં પડ્યા હતા.

સત્યભામાએ કહ્યું : 'સ્વામી, આપણી સુભદ્રાએ બધી વિદ્યાઓ ગ્રહણ કરી લીધી છે. યૌવનના પ્રાંગણમાં પગ મૂક્યો છે. હવે તેના માટે સુયોગ્ય મૂરતિયો શોધવો જોઈએ...'

'પ્રિયે, તારી વાત સાચી છે. હું છેલ્લા કેટલાક દિવસોથી પુત્રીની ચિંતા કરું છું. સુયોગ્ય ઠેકાણું મળે તો સંબંધ નક્કી કરતાં વાર નહિ લગાડું...'

ત્યાં સુભદ્રા ખંડમાં આવી અને માતાપિતા વચ્ચે થતી વાતચીત સાંભળી ગઈ.

સુભદ્રાએ જેવો ખંડમાં પ્રવેશ કર્યો કે તરત જ તેના માતા-પિતાએ વહાલથી પુત્રીને પોતાની પાસે બોલાવી.

'આવ દીકરી...આવ...' સત્યભામા તથા સાગરશેઠે કહ્યું.

'પિતાજી, આપ માતાજી સાથે મારા સંબંધી વાત કરી રહ્યાં હતાં ને?'

'હા...દીકરી, જ્યારે પુત્રી મોટી થાય ત્યારે તેના વિવાહ સુયોગ્ય જગ્યાએ થાય તેવું દરેક માતાપિતા ઇચ્છતાં હોય છે.'

'પિતાજી, છેલ્લા કેટલાય દિવસોથી જોઉં છું કે આપ તથા માતાજી મારી ચિંતામાં બરાબર ભોજન પણ લેતાં નથી. નિરાંતે સૂઈ શકતાં નથી...પરંતુ આપના અંતરને કોરી ખાતી ચિંતાનો ભાર હું હળવો કરી દઈશ...'

'એટલે?' સત્યભામા બોલી...

'માતાજી, મારી બાબતમાં આપ જરા પણ ચિંતા કરશો નહિ. સમય આવ્યે હું જ યોગ્ય વર શોધી કાઢીશ...તમે શાંતિથી સુખમાં સમય વ્યતિત કરો...'

'પણ...?' સાગર શેઠ બોલ્યા.

'પિતાજી, આપે પુત્રીને પૂરતો વિદ્યાભ્યાસ કરાવ્યો છે. દરેક શાસ્ત્રોમાં પારંગત બનાવી છે. એટલે તે જે કંઈ કરશે તે જરૂર વિચારીને જ કરશે...'

સાગરશેઠ કશું બોલ્યા નહિ.

સત્યભામાએ પણ મૌન સેવ્યું.

સુભદ્રા આસન પરથી ઊભી થઈને ખંડ છોડીને અન્યત્ર ચાલી ગઈ.

સત્યભામાએ સાગરશેઠને કહ્યું : 'સ્વામી, આપણી પુત્રી ચતુર, સંસ્કારી અને સારાનરસાનો ભેદ સમજનારી છે. સુભદ્રા જરૂર યોગ્ય વર શોધી કાઢશે...'

'હા...પ્રિયે, મને મારી પુત્રી પર પૂરતો વિશ્વાસ છે...' સાગરશેઠ બોલ્યા...

આ તરફ સુભદ્રા તેની સખીઓ જોડે આનંદપૂર્વક પોતાના દિવસો પસાર કરવા લાગી.

આ તરફ સુરેન્દ્રદત્ત દરરોજ સવારે પિતાની સાથે પેઢી પર જતો અને પિતાના કામકાજમાં સાથ આપતો. ક્યારેક સાંજના ભાગે મિત્રો સાથે નગર બહાર ટહેલવા જતો...ક્યારેક તે વીણા પર સંગીતની આવૃત્તિ કરતો. આ રીતે તે દિવસો પસાર કરતો હતો.

સમુદ્રદત્ત તથા સુભદ્રાએ પુત્ર સુરેન્દ્રદત્ત માટે એક-બે કન્યાઓ જોઈ હતી પણ પસંદ પડી નહોતી. આથી સુરેન્દ્રદત્તના માતાપિતાને પણ પોતાના પુત્રના વિવાહ જલદી આટોપાઈ જાય તેની ચિંતા લાગી હતી.

ઋતુ પરિવર્તનનું ચક્ર સદાય ચાલતું જ રહે છે. શિશિર ઋતુના આસન પર વસંતની પધરામણી થઈ.

વાતાવરણમાં વસંતના ગીતો ગુંજવા લાગ્યા. પંખીઓનો મધુર કલરવ વસંતના આગમનને અભિનંદી રહ્યો હતો. પ્રકૃતિ સોળે કલાએ ખીલી ઊઠી હતી.

વસંતઋતુના આગમનની સાથે પ્રકૃતિના અંગેઅંગમાં નવું ચેતન રેડાય છે. શિશિરની ઠંડીથી ઠૂંઠવાઈ ગયેલાં વૃક્ષો વસંતઋતુ બેસતાં નવાં પાંદડા ધારણ કરે છે. ફૂલો, લતાઓ રંગબેરંગી, ફૂલોથી લચી પડે છે. આંબાની ઘટાઓમાં મંજરીઓ મહોરી ઊઠે છે. સર્વત્ર સૌંદર્ય, સુગંધ અને તાજગી પ્રસરી રહે છે. આહ્લાદક વાતાવરણ અને પ્રકૃતિની રમણીયતાને કારણે વસંતઋતુ વર્ષની સૌથી સુંદર ઋતુ બની રહે છે. વસંતની સૌમ્ય શોભા અનુપમ અને અજોડ છે.

નગરીની વચ્ચે આવેલા સુંદર ઉદ્યાનમાં સુભદ્રા અને તેની સખીઓ ભ્રમણ અર્થે આવી હતી.

સુરેન્દ્રદત્ત પણ પોતાના મિત્રો સાથે આ જ ઉદ્યાનમાં ભ્રમણ અર્થે આવ્યો હતો.

આરસના વિરામાસન પર આરૂઢ થયેલી સુભદ્રાને જોઈને

કોઈ પણ રસકવિ જરૂર કહે કે ઉગતા યૌવનની માધુરી અને રૂપનો અંબાર એક બનીને જાણે ઉષાના પુંજ સમો શોભી રહેલ છે.

યૌવન અને રૂપનો ઉભાર બંને સાથે હોય ત્યારે વિશ્વને પાગલ બનાવવાનું કાર્ય સ્વાભાવિક બને છે.

સુભદ્રાનું રૂપમાધુર્ય આજ ખીલી ઊઠયું હતું. શુભ્ર વસ્ત્રો ધારણ કરીને આવેલી સુભદ્રા અપૂર્વ ભાસતી હતી.

સુભદ્રાનું ઉત્તરીય વાયુની મંદમંદ લહેરીઓ સાથે નૃત્ય કરી રહ્યું હતું. એને ચળકતો કમરપટ્ટ નવયૌવનની કવિતા માફક શોભી ઊઠયો હતો. એની કંચુકી કમળના પ્રાતઃપુષ્પ માફક કંઈક સંકોચ અને કંઈક વિકાસ વચ્ચે મુંઝવણ અનુભવતી હોય તેવું લાગતું હતું. અને એના અલંકારો આમ્રપત્ર ભેદીને ડોકીયું કરતાં સૂર્ય સામે જાણે રોષ દર્શાવી રહ્યા હતા. કટીમેખલામાં જડેલા વજ્ર લિલમ તો જાણે સૂર્યની લુચ્ચાઈને હસી રહ્યા હતા.

મધ્યાહ્ન સમયે નગરીના ઉપવનમાં આ રૂપસુંદરી કોણ હશે? રૂપના સત્વથી મઢેલી આ કોમળાંગી કોણ હશે? એવો પ્રશ્ન દૂર બેઠેલા સુરેન્દ્રદત્તને થયો. સુરેન્દ્રદત્ત સુભદ્રાનું મુખ જોઈ શકતો ન હતો.

સુરેન્દ્રદત્તે તે નવયૌવના પર પ્રભાવિત થઈને મિત્ર વિનોદને કહ્યું: ‘ વિનોદ, ત્યાં વિરામાસન પર બેઠેલી રૂપસુંદરી કોણ છે? જરા તપાસ કરી આવ તો...આ નવયૌવનાને પ્રથમવાર જ ઉપવનમાં જોઈ છે...’

વિનોદ તરત જ સાવધ થઈને રૂપસુંદરી કોણ છે તેની તપાસ કરવા ઉપડયો.

થોડીવાર રહીને વિનોદ તપાસ કરીને પાછો આવ્યો અને સુરેન્દ્રદત્તની સામે જોઈને કહ્યું: ‘ મિત્ર, એ રૂપસુંદરી અન્ય કોઈ

નહિ પણ એ તો આપણી સાથે અભ્યાસ કરી ચૂકેલી સાગરશેઠની કન્યા સુભદ્રા છે. આજ ઘણા મહિનાઓ પછી નજર પડી. રૂપરૂપના અંબાર સમી સાક્ષાત લક્ષ્મી સમી ભાસે છે.'

'તે ખરેખર સાગરશેઠની કન્યા સુભદ્રા જ છે ?' સુરેન્દ્રદત્તે આશ્ચર્યસહ પૂછ્યું.

'હા...મિત્ર ..મારે શા માટે છૂપાવવું જોઈએ ?'

'તેઓ શી ચર્ચા કરતાં હતાં ?' સુરેન્દ્રદત્તે પૂછ્યું.

'સુરેન્દ્રદત્ત, કંઈક નવાઈ ઉત્પન્ન કરે તેવી ચર્ચા સુભદ્રા તેની સખીઓ જોડે કરી રહી હતી.

સુરેન્દ્રદત્ત ચમક્યો. થોડીવાર રહીને સુરેન્દ્રદત્તે કહ્યું : 'મને વિગતવાર વાત કર...'

'સાંભળો ત્યારે...હું એક વૃક્ષના ઓથે છૂપાઈને સુભદ્રા અને તેની સખીઓની વાતો સાંભળતો હતો. સુભદ્રાની એક સખીએ કહ્યું : 'સુભદ્રા, આટલું રૂપ છે, સુંદર કાયા છે. તો હજુ સુધી વિવાહ શા માટે કર્યા નથી...? તને મેળવનારો ખરેખર અત્યંત ભાગ્યશાળી હશે...'

'પછી શું થયું ?' સુરેન્દ્રદત્ત બોલ્યો.

'એ પછી તરત જ બીજી સખીએ સુભદ્રાને કહ્યું : 'વિદ્યાભ્યાસ કર્યા પછી પણ તું વિવાહ ન કરે તો માબાપને ચિંતા થઈ પડે છે. જો તને સંસાર પ્રત્યે મોહ ન હોય તો પછી દીક્ષા શા માટે લેતી નથી ? અપરિણિત રહેવું એ સ્ત્રીઓ માટે યોગ્ય નથી. કારણ કે લોકો અનેક પ્રકારની ચર્ચા કરતા હોય છે.'

સુભદ્રાની બીજી સખીએ પણ આવી જ વાત કરી ત્યારે સુભદ્રાએ આછા હાસ્ય સાથે કહ્યું : 'મારી પ્રિય સખીઓ, તમારા સૌની વાત યોગ્ય છે. પરંતુ હું યોગ્ય સ્વામી મેળવવા માગું છું. દરેક સ્ત્રી પતિ મેળવવાની ઝંખના જરૂર કરે છે પરંતુ યોગ્ય સ્વામી મેળવવા માટે

તપશ્ચર્યા કરવી પડે છે. સુભદ્રાની સખીએ યોગ્ય સ્વામી કેવો હોવો જોઈએ તેમ પૂછ્યું...'

'ત્યારે સુભદ્રાએ શું ઉત્તર આપ્યો ?' સુરેન્દ્રદત્તે પૂછ્યું.

સુરેન્દ્રદત્ત, સુભદ્રાએ જણાવ્યું કે જે મારા ચાર પ્રશ્નોના ઉત્તર આપી શકે તેની સાથે વિવાહ કરીશ. એ સિવાય અન્ય સાથે મારા વિવાહ નહિ થાય એ નક્કી. આ મારો આખરી નિર્ણય છે...'

'વિનોદ, સુભદ્રાએ સવાલો રજૂ કર્યા હતા ?'

'હા...સખીઓએ આગ્રહ કરીને સવાલો કયા છે તે જાણવા માગ્યું ત્યારે બોલી : સુકૃતસ્યાત્ર કિં સારં, કિં સારં નર જન્મના: ? વિદ્યાયાશ્ચાપિ કિં સારં કિં સારં શર્મણાં પુન : ।। આ વાત કરીને તેનો અર્થ જણાવ્યો હતો કે જગતમાં પુણ્યનો સાર શું ? મનુષ્યના જન્મનો સાર શું ? વિદ્યાનો સાર શું ? તથા સુખનો સાર શું ? આ ચાર પ્રશ્નોના જે ઉત્તરો આપશે તેની સાથે સુભદ્રા વિવાહ કરશે—'

'વિનોદ, સુભદ્રાએ કે તેની સખીઓએ તને જોયેલ નથી ને ?'

'ના...મેં એક વૃક્ષની ઓથે છૂપાઈને તેઓની વાત સાંભળી હતી...'

'સારું...' સુરેન્દ્રદત્ત બોલ્યો.

ખૂબ જ તેજસ્વી અને બુદ્ધિવાન સુરેન્દ્રદત્તે તરત જ સુભદ્રાના ચાર પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરી નાખ્યા. અને ઉત્તર એક શ્લોકમાં તૈયાર કર્યો.

સુરેન્દ્રદત્તે એક મોટા તાલપત્રમાં શ્લોક લખ્યો અને તે ઉપવનના એક વૃક્ષની ડાળીએ લટકાવ્યો. એ વૃક્ષ પાસેથી ઉપવનમાં આવનારાને બહાર જવા માટે પસાર થવું જ પડે.

સુરેન્દ્રદત્તે તાલપત્ર કોઈપણની દષ્ટિમાં ત્વરિત આવે તે રીતે લટકાવ્યો હતો.

સુરેન્દ્રદત્તે તાલપત્રમાં લખ્યું હતું :

સુકૃતસ્ય કૃપા સારં, સત્કર્મ નરજન્મન : ।
વિદ્યાયાસ્તત્વધીઃ સારં, સંતોષ: શર્મણા પુનઃ ॥

તાલપત્ર વૃક્ષની ડાળીએ લટકાવીને સુરેન્દ્રદત્ત તેના મિત્રો સાથે ઉપવનની બહાર નીકળીને પોતાના ભવન પર જવા ચાલ્યો ગયો.

આ તરફ સંધ્યાકાળ શરૂ થયો ત્યારે સુભદ્રા અને તેની સખીઓ પોતપોતાના નિવાસ્થાને જવા માટે ઊભી થઈ. આજ સૌએ ઉપવનમાં ખૂબ જ આનંદ માણ્યો હતો.

સુભદ્રાની એક સખીની દષ્ટિ સુરેન્દ્રદત્તે લટકાવેલા તાલપત્ર પર ગઈ.

'અરે, પેલા વૃક્ષ પર તાલપત્ર છે તેમાં કંઈક અંકિત થયેલ છે...'

'જા...જઈને લઈ આવ...' સુભદ્રા બોલી.

સુભદ્રાની સખી ડાળી પાસે ગઈ અને તાલપત્ર લઈને પાછી ફરી. તેણે તાલપત્ર સુભદ્રાના હાથમાં આપ્યો.

સુભદ્રાએ તાલપત્રમાં લખેલો શ્લોક વાંચ્યો. સુભદ્રા પણ બુદ્ધિમતી હતી. એટલે શ્લોકનો ભાવાર્થ સમજતાં જરા પણ વાર ન લાગી. સુભદ્રાએ તાલપત્રમાં અંકિત થયેલો શ્લોક ચાર-પાંચ વાર વાંચ્યો. એ શ્લોકમાં પોતાના ચારેય પ્રશ્નોના ઉત્તર હતા. જે જવાબો સાચા હતા.

શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે થતો હતો.

પુણ્યનો સાર છે દયા.

મનુષ્યના જન્મનો સાર છે સત્કાર્ય.

વિદ્યાનો સાર છે તત્ત્વ, બુદ્ધિ.

સુખનો સાર છે સંતોષ.

આ રીતે સુભદ્રાના અંતરમાં ઉદ્ભવેલા પ્રશ્નોના ઉત્તરો સંપૂર્ણપણે સત્ય કર્યા. તાલપત્રીમાં સાચા ઉત્તરો મળી જવાથી સુભદ્રાના હર્ષનો પાર ન રહ્યો. તે આનંદવિભોર બનીને થનગનવા લાગી.

સુભદ્રાને અતિ હર્ષિત જોઈને સખીઓ પણ અચંબામાં પડી ગઈ. સખીઓએ 'હર્ષ અને ઉમંગ શાનો ?' એવો પ્રશ્ન કર્યો.

ત્યારે સુભદ્રાએ કહ્યું : 'મારી પ્રિય સખીઓ, પરમકૃપાળુ પરમેશ્વરની કૃપા મારા પર વરસી પડી છે. આજે આપણે ઉદ્યાનમાં મારા ભાવી અંગે ચર્ચા કરી રહ્યાં હતાં. તમે સૌ મારા માટે ચિંતા કરી રહ્યાં હતાં ત્યારે મેં યોગ્ય પતિ મળશે તો જ વિવાહ કરીશ તેમ જણાવ્યું હતું અને એ માટે એક શ્લોક દ્વારા મેં પ્રશ્નો રજૂ કર્યા હતા.'

સખીઓ બોલી : 'હા...સુભદ્રા...અમને યાદ છે..'

'સખીઓ, મારા એ પ્રશ્નોના ઉત્તર આ તાલપત્રીમાં લખેલા છે. મારા દરેક પ્રશ્નોના ઉત્તરો આ તાલપત્રીમાં આપેલા છે જે સંપૂર્ણ સાચા છે. આ સાચા જવાબોથી મને મારા સ્વામી મળી ગયાનો ભાવ જાગે છે પરંતુ એક આશ્ચર્ય અંતરમાંથી શમતું નથી !

'આશ્ચર્ય...? કઈ વાતનું...?' એક સખી બોલી.

'મારા હૈયામાં રહેલા આ પ્રશ્નોના ઉત્તરો તાલપત્રીમાં કંડારીને કોણ મૂકી ગયું હશે ? જેણે મારા પ્રશ્નોના ઉત્તરો આપ્યા. તેને મારે શી રીતે ઓળખવો ? ઉત્તર આપનારને શોધવા ક્યાં જવું ? મને કંઈ સમજ પડતી નથી...' આમ કહીને તે તાલપત્રને બારીકાઈથી જોવા લાગી.

થોડી વાર રહીને એકાએક સુભદ્રા બોલી ઊઠી : 'અરે...આ અક્ષરો તો એના જ છે...! હું એ વ્યક્તિને ઓળખું છું. બસ...

હવે લેશમાત્ર ચિંતા નથી. મને મનનો માણીગર પ્રાપ્ત થઈ ગયો.'

સુભદ્રા આનંદના આવેશમાં નાચવા લાગી.

સખીઓએ પૂછ્યું : 'બેના, અમને જણાવ તો ખરા કે એ મનનો માણીગર કોણ છે ? અમે પણ તારા ઉલ્હાસમાં ભાગ પડાવીએ...'

'સખીઓ, જરૂર તમે પણ મારા આનંદમાં ભાગ પડાવો. એ તાલપત્રી પરના અક્ષરો સમુદ્રદત્તશેઠના પુત્ર સુરેન્દ્રદત્તના છે. જે મહાવિદ્વાન અને શક્તિશાળી છે.'

સુભદ્રાના મુખે સુરેન્દ્રદત્તનું નામ પડતાં સખીઓ આનંદ-વિભોર બની ગઈ.

પણ એકાએક સુભદ્રાના મુખ પર વિષાદના ભાવ રચાયા.

સુભદ્રા થોડી વાર માટે વિચારમગ્ન બની ગઈ.

સખીઓને થયું કે વળી પાછું સુભદ્રાને શું થયું ? હમણાં તો તેના મુખ હર્ષ છવાયેલો હતો ત્યાં વિષાદની વાદળી કેમ ટપકી પડી ?

સખીઓએ વિષાદનું કારણ જાણવા માગ્યું.

ત્યારે સુભદ્રાએ કહ્યું : 'સખીઓ, તાલપત્રીમાં કંડારાયેલા અક્ષરો સુરેન્દ્રદત્તના છે એમાં કોઈ મીનમેખ નથી પણ મારા અંતરમાં શંકા પેદા થઈ છે કે સુરેન્દ્રદત્ત પણ મારી માફક પ્રશ્નો કરશે તો હું તેના ઉત્તરો શી રીતે આપી શકીશ ? હું તો તેની પાસે મંદબુદ્ધિવાળી જણાઈશ...! તેના પ્રશ્નોના ઉત્તરો આપવામાં હું નિષ્ફળ જઈશ તો તે મને પત્ની તરીકે ચોક્કસ નહિ સ્વીકારે. સખીઓ, એવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે મારે શું કરવું ? હર્ષના અતિરેકમાં હું આવું વિચારવાનું જ ભૂલી ગઈ...! મને તો હવે મારા વિવાહમાં વિઘ્નોના વાદળ દેખા દે છે.'

સખીઓ બોલી : 'સુભદ્રા, એવી ચિંતા કરીને શા માટે હૈયું

આળે છે? સુરેન્દ્રદત્ત પ્રશ્નો પૂછશે ત્યારે તારે ઉત્તરો આપવાના છે ને! અત્યારથી વળી તેની ચિંતા શાની?'

પણ સુભદ્રાના અંતરમન પર ચિંતાના વાદળો જામી પડયા હતા. તે તત્કાળ સખીઓનો સંગાથ છોડીને એકલી નગરીની મધ્યમાં આવેલા જિનપ્રાસાદ ભણી ગઈ. જ્યારે સખીઓ પોતપોતાને સ્થાને વિદાય થઈ.

સુભદ્રા જિનપ્રાસાદના પગથિયાં ચડીને ગભારામાં આવી અને નતમસ્તકે વંદન કરીને કહેવા લાગી : 'હે દેવાધિદેવ, અત્યારે મારા જીવનમાં અણધાર્યો વિકટ પ્રશ્ન આવીને ઊભો છે. હે જિનેશ્વર ભગવંત, મને આવી પડનારી વિપત્તિમાંથી બચાવવાનો માર્ગ સુઝાડો. મેં એમને મારા સ્વામી માની લીધા છે. મારા સ્વામી મને જે કંઈ પ્રશ્નો કરે તેના ઉત્તરો પાઠવી શકવાની શક્તિ અર્પણ કરો...'

આટલું કહીને સભદ્રાની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. સુભદ્રા સ્તુતિ કરવામાં લીન બની ગઈ.

લગભગ અર્ધ ઘટિકા બાદ જિનપ્રાસાદના અધિષ્ઠાયક દેવો સુભદ્રાની મદદે આવ્યા અને કહેવા લાગ્યા : 'પુત્રી, તું જરા પણ વિચલિત બનીશ નહિ. તારાં દરેક કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થશે. શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ રાખજે...'

સુભદ્રાને થયું કે આ શબ્દો કોણ બોલ્યું ? તે મંદિરમાં ચોમેર જોવા લાગી. પછી તેને થયું કે અધિષ્ઠાયક દેવોએ જ આ પ્રમાણે કહ્યું લાગે છે.

સુભદ્રાએ જિનેશ્વર ભગવંતની પ્રતિમાજીને ફરીવાર વંદન કર્યા અને અરિહંત પરમાત્માને દેવ તરીકે તથા સુરેન્દ્રદત્તને સ્વામી તરીકે હૈયામાં સ્થાપીને હર્ષભર્યા વદને પોતાને સ્થાને ગઈ.

સુભદ્રા તેના ભવન પર પહોંચે તે પહેલાં તેની સખીઓ

સાગરશેઠ અને સત્યભામાને કહી આવ્યા હતા કે સુભદ્રાના મનની વાત જાણી લીધી છે તે નગરીના શ્રેષ્ઠી સમુદ્રદત્તશેઠના પુત્ર સુરેન્દ્રદત્ત સાથે વિવાહ કરવા ઇચ્છે છે. તેમજ ઉદ્યાનમાં બનેલી ઘટનાનો ચિતાર પણ આપ્યો.

સુભદ્રાની સખીઓની વાતો સાંભળીને સાગરશેઠ અને સત્યભામા શેઠાણી પુત્રીની પસંદગી માટે હર્ષ વ્યક્ત કર્યો. પોતાની પુત્રીએ સુંદર, વિદ્વાન અને કુળવાન સંસ્કારી પુરુષને પસંદ કર્યો છે.

સખીઓ આ વાત કરીને પોતાને સ્થાને ચાલી ગઈ.

થોડી વાર રહીને સુભદ્રાએ ભવનમાં પ્રવેશ કર્યો.

સાગરશ્રેષ્ઠીએ ઉમળકાથી પોતાની પુત્રીને બોલાવી અને જ્યાં સત્યભામા બેઠી હતી તે ખંડમાં આવ્યા.

સત્યભામાએ પણ પોતાની પુત્રી પર વહાલ દર્શાવ્યું.

સુભદ્રાને જરા નવાઈ તો લાગી અને વિચાર પણ આવ્યો કે માતાપિતાએ શા માટે ખંડમાં બોલાવી છે?

ત્યાં જ સાગરશ્રેષ્ઠીએ મધુર સ્વરે કહ્યું: 'પુત્રી, તારી સખીઓ અહીં થોડી વાર પહેલાં આવી હતી. તેના દ્વારા બધી હકીકત જાણવા મળી. સુભદ્રા, તેં અમારા મસ્તક પરનો ચિંતાનો બોજો હળવો કરી નાંખ્યો છે. તારી પસંદગી સર્વોત્તમ છે.'

'પિતાજી...' સુભદ્રા આગળ કશું ન બોલી શકી. તે શરમાઈ ગઈ અને હળવેકથી સત્યભામા પાસે બેસી ગઈ.

'સત્યભામા, આપણે પુત્રીની પસંદગી જાણી લીધા પછી શાંત બેસી રહેવું ન પાલવે...આજે જ નગરીના આગેવાનોને બોલાવીને હકીકત વાકેફ કરીએ અને આગેવાનો સમુદ્રદત્ત શેઠને ત્યાં જઈને આપણા મનની ભાવના રજૂ કરે...' સાગરશેઠ બોલ્યા.

સત્યભામાએ કહ્યું: 'આપની વાત સાચી જ છે. અત્યારે જ આ કાર્ય થવું જોઈએ...'

એમ જ થયું.

સાગરશેઠે નગરીના આગેવાનોને પોતાને ત્યાં બોલાવ્યા. આઠ–દસ આગેવાનો સાગરશેઠના નિમંત્રણથી આવી પહોંચ્યા. સૌને નવાઈ લાગી કે સાગરશેઠે અત્યારે એકાએક કેમ બોલાવ્યા હશે?

સાગરશેઠે નગરીના અગ્રણીઓનું ભાવભર્યું સ્વાગત કર્યું. દુગ્ધના પાત્રો, મીઠાઈ તથા પકવાન મૂકવામાં આવ્યા.

સાગરશેઠે વિનમ્ર સ્વરે કહ્યું : 'આપ સૌ જાણો છો કે મારી એકની એક પુત્રી સુભદ્રાએ તેનો અભ્યાસકાળ પૂર્ણ કર્યો છે તે દરેક કલાઓમાં પારંગત બની છે. તે વિવાહને યોગ્ય છે. સુભદ્રાએ સમુદ્રદત્તશેઠના પુત્ર સુરેન્દ્રદત્ત પ્રતિ પોતાની પસંદગી ઉતારી છે.' આટલું કહીને સાગરશેઠે ટૂંકમાં બધી વાત કરી.

આગેવાનોએ કહ્યું : 'શેઠજી, અમે સમુદ્રદત્તશેઠને ત્યાં જઈશું અને આપના અંતરની ભાવના જણાવીશું. સમુદ્રદત્તશેઠ શો ઉત્તર આપે છે તે અમે આવીને જણાવીશું.'

થોડીવાર આ વિષય અંગે ચર્ચા કરીને આગેવાનો પોતપોતાના સ્થાને ગયા. બીજે દિવસે સમુદ્રદત્તશેઠને ત્યાં જવાનું નક્કી કર્યું હતું.

બીજે દિવસે નગરીના અગ્રણીઓ સમુદ્રદત્તશેઠને ત્યાં આવ્યા. સમુદ્રદત્તશેઠ તથા તેમના પત્ની સેવાપૂજા કરીને ભવન પર પાછા આવી ગયા હતા.

સમુદ્રદત્તશેઠ તથા શેઠાણી એક ખંડમાં બિરાજ્યાં હતાં.

ત્યાં સેવકે આવીને જણાવ્યું કે નગરીના આગેવાનો આપને મળવા માગે છે. સમુદ્રદત્તશેઠે સૌને ખંડમાં માનભેર લઈ આવવા જણાવ્યું.

દસ આગેવાનો જ્યાં સમુદ્રદત્તશેઠ બેઠા હતા ત્યાં આવ્યા. સમુદ્રદત્ત શેઠે સૌને પ્રેમભીનો આવકાર આપ્યો.

પરસ્પર કુશળ પૂછાયા.

એક આગેવાને વાતની શરૂઆત કરતાં કહ્યું : 'સમુદ્રદત્તશેઠ, આપણી નગરીમાં સાગરશ્રેષ્ઠી વસે છે. તેઓનો વેપાર રોજગાર વ્યાપક પ્રમાણ વિસ્તરેલો છે. તેમને ત્યાં એકની એક કન્યા સુભદ્રા

શાસ્ત્રોમાં પ્રવીણ છે. સુભદ્રા અત્યંત રૂપવતી, સંસ્કારી અને ગુણિયલ છે. સાગર શ્રેષ્ઠી પોતાની કન્યા સુભદ્રાને આપના કુળમાં આપવા માગે છે. આપનો પુત્ર સુરેન્દ્રદત્ત તથા સુભદ્રાએ પાઠશાળામાં સાથેજ અભ્યાસ કર્યો છે. આપના પુત્ર સુરેન્દ્રદત્ત માટે સુભદ્રા સર્વોત્તમ છે. આપ સાગરશેઠના અંતરની ભાવનાને વાચા આપશો તો સોનામાં સુગંધ ભળી જશે...'

સમુદ્રદત્તશેઠે કહ્યું : 'ભાઈઓ, આ તો ઘણી ઉત્તમ વાત થઈ હું સાગરશેઠને જાણું છું એમની કન્યા મારા પુત્ર જોડે શોભી ઊઠશે. અમને આવી સંસ્કારી, ગુણિયલ પુત્રવધૂ મળે તે ઓછા ભાગ્યની વાત છે...? ખરેખર વિધાતાએ જે નિર્માણ કરેલું હોય છે તેમાં કોઈ કશું કરી શકતું નથી.'

આટલું કહીને સમુદ્રદત્તશેઠ આગેવાનો તરફથી માગું સ્વીકારવા જાય છે ત્યાં એકાએક ખંડમાં સુરેન્દ્રદત્ત આવી પહોંચ્યો.

સુરેન્દ્રદત્તે પિતા પાસેથી બધી વાત જાણી અને કહ્યું : 'મારી વાત જરા શાંતભાવે સંભાળજો અને વિચારજો. આ સંભારમાં દરેક માતા-પિતા પોતાના સંતાનોનું કલ્યાણ ઇચ્છતા હોય છે. પોતાનો પુત્ર સુખી અને સમૃદ્ધ બને તેવી ભાવના સેવતા હોય છે. પરંતુ જ્યારે વિવાહ સંબંધી નિર્ણય કરે છે ત્યારે ક્યારેક થાપ ખાઈ જાય છે. કારણકે મા બાપ તેના પુત્ર માટે કન્યા શોધીને પરણાવી દે છે પણ જીવન તો પુત્ર અને આવનારી કન્યાને વીતાવવાનું હોય છે. જો ઉત્તમ ભાગ્ય હોય તો સારી, ગુણવાન, સંસ્કારી પત્ની મળે, પણ જો સ્ત્રી નગુણી નીવડે તો જીવન બરબાદ કરી મૂકે છે. જીવન ઝેર કરી મૂકે છે. જેમ સુવર્ણની પરીક્ષા કરવામાં આવે છે તેમ સ્ત્રીની બાબતમાં પરીક્ષા કર્યા વિના કેમ લેવાય ?'

થોડીવાર રહીને સુરેન્દ્રદત્તે પિતા સામે જોઈને કહ્યું : 'પિતાજી, હું તો આપની પાસે બાળક છું. આપ જે આજ્ઞા કરો તે મારે પાળવી જોઈએ. છતાં મારી એક વિનંતીનો સ્વીકાર કરશો. મારી

પસંદગી પ્રમાણે જ સામા પક્ષને ઉત્તર આપશે.'

સમુદ્રદત્તશેઠ બોલ્યા : 'પ્રિય, તું શું કહેવા માગે છે? તારી પસંદગી શું છે?'

'પિતાજી, જે કન્યા મારા ચાર પ્રશ્નોના ઉત્તર આપી શકશે તેની સાથે જ હું વિવાહ કરીશ...'

'તારા પ્રશ્નો કયા છે?' સમુદ્રદત્તશેઠે પૂછ્યું. શેઠાણી તો પુત્રની સામે જોઈ જ રહ્યાં.

આગેવાનો પણ સુરેન્દ્રદત્તના મુખેથી ચાર પ્રશ્નો સાંભળવા ઉત્સુક બન્યા હતા.

થોડીવાર રહીને સુરેન્દ્રદત્તે કહ્યું : 'જુઓ, મારા પ્રશ્નો આ પ્રમાણે છે. (૧) નિશ્ચયથી સ્નેહી કોણ? (૨) પ્રશ્ન નિરંતર પ્રકાશ કયો? (૩) સર્વોત્તમ લાભ કયો? અને અંતિમ પ્રશ્ન છે કે અવિનશ્વર રૂપ કયું! મારા ચારેય પ્રશ્નોના જે કોઈ પણ કન્યા ઉત્તર આપશે તેની સાથે વિવાહ કરીશ.'

સમુદ્રદત્તશેઠે પુત્રની વાત સાંભળીને કહ્યું : 'પુત્ર, તું હઠ કરવાની છોડી દે. આવા કાર્યમાં વિલંબ થાય તો પરિણામ જરા પણ સારું આવતું નથી. અરે...સાગરશેઠ જેવા ધર્મિષ્ઠ શ્રેષ્ઠી અને તેની ગુણિયલ, સંસ્કારી અને વિદ્વાન કન્યા સુભદ્રા તેમજ નગરીના આગેવાનો સામેથી આવીને મળે છે એ તારું સૌભાગ્ય છે. ફરી ફરીને આવી સોનેરી તક સાંપડતી નથી, મારું કહ્યું માનીને સાગરશેઠના અંતરની ભાવનાનો સ્વીકાર કરી લે...'

'પિતાજી, મારો નિર્ણય અચલ છે...મને મારા પ્રશ્નોના ઉત્તરો મળશે ત્યારે જ તે કન્યા સાથે વિવાહ કરીશ. આ બાબતમાં બાંધછોડ કરવા માગતો નથી...' કહીને સુરેન્દ્રદત્ત ખંડ છોડીને જતો રહ્યો.

નગરીના આગેવાનો પણ ચાલ્યા ગયા.

## ૫ : સુભદ્રા સાથે વિવાહ

સમુદ્રદત્ત શેઠને ત્યાં ગયેલા નગરીના આગેવાનો એજ દિવસે સાગરશેઠને મળવા માટે તેમના ભવન પર આવ્યા. એ સમયે સાગરશેઠ તેમની પત્ની અને પુત્રી સુભદ્રા સાથે વાતો કરી રહ્યાં હતાં.

એક સેવકે આવીને જણાવ્યું : ' શેઠજી, નગરીના આગેવાનો આપને મળવા માટે આવ્યા છે...'

' સૌને આદર સહિત અતિથિખંડમાં બેસાડો. હું હમણાં જ આવું છું...' સાગરશેઠ બોલ્યા. સેવક ચાલ્યો ગયો.

સાગરશેઠે તેની પત્નીની સામે જોઈને કહ્યું : ' પ્રિયે, મને લાગે છે કે અગ્રણીઓ સમુદ્રદત્તશેઠને ત્યાં જઈ આવ્યા લાગે છે, તું પણ મારી સાથે ચાલ...'

અને સાગરશેઠની સાથે સત્યભામા પણ અતિખંડમાં આવી.

સુભદ્રા તેની બે ત્રણ સખીઓ જોડે અતિથિખંડના એક વાતાયન પાછળ છૂપાઈ ગઈ. અતિથિખંડમાં થતી વાતચીત ત્યાંથી સ્પષ્ટપણે સાંભળી શકાતી હતી.

અતિથિખંડમાં પ્રવેશતાં જ સાગરશેઠે અભિવાદન કર્યું અને આસન ગ્રહણ કર્યું. સત્યભામાએ પણ બેઠક ગ્રહણ કરી.

પરસ્પર કુશળ પૂછાયા.

સાગરશેઠે વાતની શરૂઆત કરી : ' આપ સૌ સમુદ્રદત્તશેઠને

ત્યાં જઈ આવ્યા.. ?

'હા...શેઠજી, પરંતુ...!' એક આગેવાન બોલ્યો.

'પરંતુ...?' સાગરશેઠે પ્રશ્ન કર્યો.

'જી...એક વિકટ સમસ્યા ઊભી થઈ છે...'

'હું કંઈ સમજ્યો નહિ.' સાગરશેઠે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું.

સત્યભામા પણ આશ્ચર્યચકિત બની ગઈ.

વાતાયનની પાછળ ઊભેલી સુભદ્રાને પણ આશ્ચર્ય તો થયું અને આ કાર્યમાં વિઘ્ન આવશે તેવી ગણતરી મનમાં તો કરેલી જ.

આગેવાને બધી વાત કરતાં કહ્યું: 'શેઠજી, હું આપને વિગતવાર વાત કરું છું. અમે સૌ દિવસના પ્રથમ પ્રહર બાદ સમુદ્રદત્તશેઠને ત્યાં ગયા હતા સમુદ્રદત્તશેઠે અમારો આદર સત્કાર કર્યો. અમે આપના અંતરની ભાવના જણાવી ત્યારે તેઓ ખૂબ જ આનંદિત બની ઊઠ્યા. માગું સ્વીકારવા માટેની તૈયારીઓ શરૂ થઈ ત્યાં સુરેન્દ્રદત્ત આવી પહોંચ્યો અને કહ્યું કે હું એવી કન્યા સાથે વિવાહ કરીશ કે જે મારા ચાર પ્રશ્નોના ઉત્તર આપી શકે સમુદ્રદત્તશેઠે તેના પુત્રને ઘણું સમજાવ્યો પણ તે ન માન્યો અને ખંડ છોડીને જતો રહ્યો...

'સુરેન્દ્રદત્તે ચાર પ્રશ્નો જણાવ્યા હતા ?'

'હા...શેઠજી, એ ચાર પ્રશ્નો આ પ્રમાણે છે સુરેન્દ્રદત્તનો પ્રથમ પ્રશ્ન છે નિશ્ચયથી સ્નેહી કોણ ? બીજો પ્રશ્ન નિરંતર પ્રકાશ કયો છે ત્રીજો પ્રશ્ન સર્વોત્તમ લાભ કયો છે અને ચોથો પ્રશ્ન છે કે અવિનશ્વર રૂપ કયું છે ?'

'ઓહ...ત્યારે સુરેન્દ્રદત્ત પ્રશ્નોના ઉત્તરો આપો તેની સાથે જ વિવાહ કરશે ?' સત્યભામાએ કહ્યું.

આગેવાને કહ્યું : ' જી...હા...

આ તરફ સુભદ્રાએ પ્રશ્નો બરાબર સમજી લીધા તે સખીઓને લઈને બીજા ખંડમાં આવી.

સુભદ્રાએ તેની સખીઓને કહ્યું : ' મેં ધાર્યું હતું તે પ્રમાણે જ બન્યું છે. મને ખાત્રી હતી કે સુરેન્દ્રદત્ત ચોક્કસ પ્રશ્નો કરશે. એના પ્રશ્નોના ઉત્તરો હું શી રીતે આપીશ. મેં એને સ્વામી તરીકે માની લીધો છે...'

સુભદ્રાની આંખમાંથી આંસુ સરી પડયા. સખીઓએ સાંત્વન આપ્યું. થોડીવાર રહીને સખીઓ તેના ઘેર ચાલી ગઈ.

સુભદ્રા વિચારમગ્ન દશામાં તેના ખંડમાં બેસી રહી. ત્યાં તેના પુણ્યયોગે જિનાલયની અધિષ્ઠાયિકા દેવીઓનો સ્વર સંભળાયો :

' પુત્રી, તું જરાપણ ચિંતા કરતી નહિ. અમે તારી સહાયે આવ્યા છીએ...તારી મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં માર્ગ કાઢી આપીશું એ પહેલાં એક વચન લેવા માગીએ છીએ...

' કેવું વચન...? ' સુભદ્રા બોલી.

' તું પરમતારક શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરવાનું ભૂલીશ નહિ...' આકાશવાણી થઈ.

' એ વાત તો હું જિનાલયમાં કહી ચૂકી છું...' સુભદ્રા બોલી.

' છતાં ભવિષ્યમાં આ વાત વિસરાય ન જવાય એ હેતુથી જ કહી રહ્યાં છીએ...'

' હે દેવ, દેવીઓ, આપનો ઉપકાર તો હું જીવનભર ભૂલી શકું તેમ નથી.'

ફરીને આકાશવાણી થઈ : ' પુત્રી, સુરેન્દ્રદત્તના પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે તે તું કંઠસ્થ કરી લે...

' નિશ્ચલ સ્નેહલો ધર્મઃ શ્રિત્પ્રકાશઃ નિરંતરઃ
વિદ્યા સર્વોત્તમો લાભઃ શીલં રૂપમવિસ્ત્રસં.'

અહો...! નિશ્ચલ સ્નેહવાળો ધર્મ જ છે. નિરંતર પ્રકાશ આપનારું તો જ્ઞાન જ છે. સર્વોત્તમ લાભ તો વિદ્યા જ છે અને અવિનશ્વર રૂપ તો શીલ છે.

સુભદ્રાએ અધિષ્ઠાયક દેવીઓએ જણાવેલ શ્લોક કંઠસ્થ કરી લીધો. સુરેન્દ્રદત્તના પ્રશ્નોનો સચોટ ઉત્તર શ્લોકમાં હતો આથી સુભદ્રા અત્યંત આનંદિત બની ગઈ.

સુભદ્રાએ તરત જ તે શ્લોક એક તાલપત્રમાં લખ્યો અને એક દાસી મારફત તે તાલપત્ર તેના પિતા પાસે મોકલ્યું.

સાગરશેઠે તાલપત્રમાં સુરેન્દ્રદત્તના પ્રશ્નના ઉત્તરવાળો શ્લોક જોઈને અત્યંત આનંદ પામ્યા.

સાગરશેઠે તરત જ એક સંદેશો સમુદ્રદત્તશેઠ ઉપર લખ્યો. તેમાં જણાવ્યું કે આપના પુત્ર સુરેન્દ્રદત્તે જે ચાર પ્રશ્નો પૂછ્યા છે એના ઉત્તરો મારી પુત્રી સુભદ્રાએ શ્લોક દ્વારા આપેલા છે. જે તાલપત્ર આ સાથે સામેલ છે.

સાગરશેઠે સંદેશો અને તાલપત્ર એક સેવક મારફત સમુદ્રદત્તશેઠ ભણી રવાના કર્યો.

સાગરશેઠના સેવકે સમુદ્રદત્ત શેઠના હાથમાં સંદેશો અને તાલપત્ર મૂક્યા. એ સમયે સુરેન્દ્રદત્ત પિતાની બાજુમાં જ બેઠો હતો.

સમુદ્રદત્તશેઠે સાગરશ્રેષ્ઠીનો સંદેશો વાંચ્યો. પછી તાલપત્રમાં લખેલો શ્લોક વાંચ્યો. સંદેશો અને તાલપત્ર સુરેન્દ્રદત્તના હાથમાં આપ્યા.

સુરેન્દ્રદત્ત શ્લોક વાંચીને અત્યંત પ્રભાવિત થઈ ગયો. કારણ કે તેના પ્રશ્નોના સાચા ઉત્તરો આ શ્લોકમાં વણાઈ ગયા હતા.

સુરેન્દ્રદત્ત વિચારવા લાગ્યો કે ઓહ...! આ કન્યા તો અત્યંત બુદ્ધિમતી હોવી જોઈએ. આ શ્લોક દ્વારા જ તેની બુદ્ધિની

કસોટી થઈ ગઈ. સુભદ્રા ખરેખર સમજુ અને શાણી હોવી જોઈએ. તે ગુણોનો ભંડાર લાગે છે. જો આવી કન્યા મારા જીવનમાં આવે તો ખરેખર મારું જીવન ધન્ય બની જાય.

સુરેન્દ્રદત્તે તરત જ તેના પિતાને જણાવ્યું : 'પિતાજી, સાગરશ્રેષ્ઠીની કન્યાએ મારા પ્રશ્નોના ઉત્તરો સાચા આપેલા છે. આ કન્યા સાથે વિવાહ થાય તો મારી અસંમતિથી નથી...'

આ સાંભળીને સમુદ્રદત્ત અત્યંત ખુશ થયા. અને પોતાના પુત્રએ વિવાહ માટે સંમતિ આપી એ સમાચાર સાગરશ્રેષ્ઠીને તત્કાળ જણાવી દીધા. સુભદ્રાના કાને આ સમાચાર આપ્યા ત્યારે તેના સઘળા મનોરથ પાર પડયા તેવું લાગવા માંડયું.

અને

સુરેન્દ્રદત્ત સાથે સુભદ્રાનો સંબંધ પાકો થયો.

લગ્નનો દિવસ પણ નક્કી થયો.

થોડા સમયમાં બન્ને પક્ષે લગ્નની તૈયારી થવા લાગી.

દિવસોને જતાં વાર લાગે છે ખરી ?

અને લગ્નનો દિવસ આવી પહોંચ્યો.

લગ્નના દિવસે પ્રાતઃકાળે સમુદ્રદત્ત શેઠના ભવનમાં સૌ વહેલા તૈયાર થવા લાગ્યા. શુભ મુહૂર્તે સુરેન્દ્રદત્તને પીઠી ચોળવામાં આવી.

સુરેન્દ્રદત્તે કસુંબી રંગના વસ્ત્રો ધારણ કર્યાં હોવાથી તે પ્રાતઃકાળ ઊગતા રવિની જેમ શોભી રહ્યો હતો.

આ તરફ કન્યા પક્ષવાળાએ પોતાની કન્યા સુભદ્રાને પીઠી ચોળી.

સુરેન્દ્રદત્તને મંગળ સ્નાન કરાવવામાં આવ્યું. ત્યારબાદ કેટલાક સેવકો જુદી જુદી સામગ્રીઓ સાથેના થાળ સાથે હાજર થઈ ગયા. એકમાં વસ્ત્રો હતાં. તો બીજામાં મૂલ્યવાન અલંકારો હતાં, ત્રીજામાં વિવિધ પ્રકારના સત્વાર્કો હતા.

એક દાસે આગળ આવીને સુરેન્દ્રદત્તના કેશને સુગંધી બનાવ્યા.

સુરેન્દ્રદત્તે વસ્ત્રખંડમાં જઈને સુંદર વસ્ત્રો ધારણ કરી લીધા હતા. અલંકારો બે સેવકો ધારણ કરાવતાં હતા. કંઠમાં સુંદર સાચા મોતીની માળા શોભી રહી હતી. એ સિવાય અન્ય માળાઓ પણ ધારણ કરી હતી.

બે દાસોએ સુરેન્દ્રદત્તના મસ્તક પર પુષ્પની માળા સહિત જાતિવંત અશ્વની ડોક જેવો વક્ર ધમ્મિલ બાંધ્યો. ત્યારબાદ સુરેન્દ્રદત્તને કર્ણમાં સુંદર રત્નથી જડિત કુંડળો ધારણ કરાવ્યા.

સુરેન્દ્રદત્ત સુંદર અને સોહામણો તો હતો પણ આભુષણો અને શ્રેષ્ઠ કોટીના વસ્ત્રો ધારણ કર્યા હોવાથી દેવકુમારની જેમ શોભી ઊઠચો હતો.

સમુદ્રદત્તશેઠના ભવનમાં ચારે તરફ દોડધામ થઈ રહી હતી. ભવનના દાસદાસીઓ જુદા જુદા કાર્યામાં વ્યસ્ત થયા હતા. અનેક લોકોની અવરજવર શરૂ થઈ ચૂકી હતી.

ભવનની બહાર વાદ્યમંડળી માંગલિક સ્વરો રેલાવી રહી હતી. ભવનના દાસદાસીઓના મુખ પર પ્રસંગનો અપૂર્વ આનંદ છલકાતો હતો.

સમુદ્રદત્તશેઠે તેની પત્નીને કહ્યું : 'પ્રિયે, આપણો પુત્ર તૈયાર છે ને? હવે અહીંથી નીકળવાનું મુહૂર્ત વીતતું જાય છે. વિલંબ કરવો યોગ્ય નથી...'

'સ્વામી, હું હમણાં તપાસ કરીને આવું છું...' શેઠાણી બોલ્યાં.

'તારે જવાની જરૂર નથી. કોઈ દાસને મોકલીને જાણી લે...'

'એમ જ કરું છું...' શેઠાણીએ એક દાસને સુરેન્દ્રદત્ત પાસે મોકલ્યો.

આજ સુભદ્રા શેઠાણીએ ઉત્તમ આભુષણો અને વસ્ત્રો ધારણ કર્યા હતા. આજ તેનું માતૃહૃદય આનંદથી પુલકિત બની ગયું હતું.

થોડીવારમાં સુરેન્દ્રદત્તની ભાળ મેળવવા ગયેલો સેવક પાછો ફર્યો. અને શેઠાણી સામે જોઈને કહ્યું : 'શેઠાણીમા, નાના શેઠજી તૈયાર જ છે. તેઓ થોડીવારમાં અહીં પધારે છે.'

'સારું...તું...જા...' સમુદ્રદત્તશેઠ બોલ્યા.

સેવક નમન કરીને વિદાય થયો.

થોડી વાર થઈ ત્યાં સુરેન્દ્રદત્ત ધીમે પગલે માતાપિતા પાસે આવ્યો અને સૌ પ્રથમ તેણે બન્નેને વંદન કર્યાં. સુભદ્રા શેઠાણી અને સમુદ્રદત્તશેઠે પુત્રનું મસ્તક સૂંઘ્યું અને આશીર્વાદ આપ્યા.

શેઠાણીની આંખમાં હર્ષના આંસુ આવી ગયા.

ત્યાં પેઢીનો મુનિમ આવ્યો અને શેઠની સામે જોઈને બોલ્યો : 'શેઠજી, હવે વિલંબ કરવો યોગ્ય નથી. બહાર આપની અને નાના શેઠની સૌ પ્રતિક્ષા કરી રહ્યાં છે...'

'ચાલો...અમે આવીએ છીએ.' સમુદ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી બન્ને આસન પરથી ઊભા થયા. સુરેન્દ્રદત્ત પણ ઊભો થઈને માતાપિતા સાથે ચાલવા લાગ્યો.

ત્રણેય ભવનની બહાર આવ્યા.

ભવન બહાર સમુદ્રદત્તશેઠના સ્નેહીઓ, સંબંધીઓ વરઘોડામાં સામેલ થવા આવી પહોંચ્યા હતા.

સૌથી આગળ વાદ્યમંડળી ગોઠવાઈ.

ત્યાર પછી સંબંધીઓ ઊભાં રહ્યાં.

સુરેન્દ્રદત્ત જાતિવંત અશ્વ પર આરૂઢ થયો, તેના મસ્તક પર મોરના પીંછાનું છત્ર મૂકવામાં આવ્યું હતું. તેની ચારે તરફ સમાન વય અને વેષવાળા અનુચરો ઊભા હતા.

મંગલપાઠકો મંગલસૂત્ર બોલતા હતા.

અને વરઘોડો વાજતેગાજતે આગળ ચાલવા લાગ્યો.

વાદ્યમંડળી ખૂબ જ ઉત્સાહથી, ઉમંગથી અને આનંદપૂર્વક

વાજિંત્રો પર સુમધુર સ્વરોની લહરી છેડી રહ્યાં હતાં.

માર્ગમાં નગરીના લોકો સુરેન્દ્રદત્તના વિવાહ થઈ રહ્યા છે તેથી પુષ્પવૃષ્ટિ કરી રહ્યાં હતાં. અબીલ-ગુલાલના છાંટણા પણ કરી રહ્યાં હતાં.

આ સમયે સમુદ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી અત્યંત આનંદ અનુભવી રહ્યાં હતાં.

આજ સુરેન્દ્રદત્તનું રૂપ ખીલી ઊઠયું હતું. સુરેન્દ્રદત્ત સાક્ષાત દેવકુમાર જેવો લાગી રહ્યો હતો. માર્ગ પરની નગરીની સ્ત્રીઓ પણ બે પળ સુરેન્દ્રદત્તના રૂપ પ્રત્યે મોહિત બની ગઈ હતી.

સર્વત્ર આનંદ, ઉલ્હાસ અને ઉમંગનું મંગલ વાતાવરણ સર્જાયું હતું.

નગરીના લોકો આ શોભાયાત્રા જોવા નીકળી પડયાં હતાં. નગરજનો સુરેન્દ્રદત્તને જોઈને શુભ આશીર્વાદ આપી રહ્યાં હતાં.

સુરેન્દ્રદત્તની શોભાયાત્રા ધીરે ધીરે લગ્નમંડપની નજદિક પહોંચવા લાગી.

અને...ભારે ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે સુરેન્દ્રદત્તની શોભાયાત્રા લગ્નમંડપના દ્વાર પાસે આવીને ઊભી રહી.

જાનૈયાઓનું વિધિવત સ્વાગત કરવામાં આવ્યું.

સાક્ષાત કામદેવ જેવા લાગતા સુરેન્દ્રદત્તને સૌભાગ્યવતી સ્ત્રીઓએ માંગલિક સામગ્રીઓ વડે પૂજાપો આપ્યો.

સુરેન્દ્રદત્તના અગ્નિવાળા શરાવ સંપૂટને પગ વડે ભાંગીને માયરામાં ગયો. સર્વત્ર આનંદ છવાયો હતો.

લગ્નમંડપના દ્વાર પાસે વાદ્યમંડળી બિરાજી હતી અને સુમધુર માંગલિક ધ્વનિ રેલાવીને વાતાવરણમાં પ્રસન્નતા અર્પતી હતી. નગરીના મુખ્ય મુખ્ય આગેવાનો તેમજ આ ભવ્ય પ્રસંગને નિહાળવા નગરીના લોકો આવી ગયા હતા.

સૌના ચહેરા પર પ્રસન્નતાની માધુરી છલકતી હતી.

જ્યારે સુરેન્દ્રદત્ત લગ્નમંડપમાં આવ્યો ત્યારે સૌનાં ચિત્ત હર્ષિત બની ગયાં. અને આનંદ વ્યક્ત કરવા લાગ્યા. મંડપમાં મંગલગીતો ગવાતાં હતાં. ચારે તરફ ઉત્સાહનો ઉભાર હતો.

નગરીના ધનાઢય શ્રેષ્ઠી સાગરશેઠની કન્યા સુભદ્રાનો આજ સુરેન્દ્રદત્ત સ્વામી થવાનો હતો.

આ પ્રસંગને માણવા માટે નગરીની સ્ત્રીઓ તો ક્યારનીય આવી પહોંચી હતી. આમેય સ્ત્રી સ્વભાવ ને ઉત્સવ અથવા કોઈ પણ માંગલિક પ્રસંગ હોય ત્યારે તેના હૈયામાં અપૂર્વ ઉત્સાહની ચમક જોવા મળે છે.

અને...

અત્યંત ભવ્યતાથી, માંગલિક ધ્વનિ, મંગલગીતોના ભવ્ય વાતાવરણ વચ્ચે સુરેન્દ્રદત્તે પાણિગ્રહણ કર્યું.

સુરેન્દ્રદત્ત સાગરશેઠની કન્યાનો સ્વામી બન્યો.

સર્વત્ર આનંદ પ્રસરી ગયો.

સૌની વચ્ચે સુભદ્રાએ સુરેન્દ્રદત્તને પ્રેમથી, ભારે ઉમંગથી વરમાળા પહેરાવી. ત્યારબાદ સુરેન્દ્રદત્તે સુભદ્રાને માળા પહેરાવી.

સમુદ્રદત્તશેઠની પત્ની સુભદ્રાશેઠાણીની આંખોમાં હર્ષના આંસુ ટપકી પડયા.

જ્યારે સુરેન્દ્રદત્ત તથા સુભદ્રાએ ચોરીમાં ચાર ફેરા ફર્યા ત્યારે સુભદ્રાશેઠાણીએ સંતોષનું સ્મિત રેલાવ્યું. જ્યારે કંસારનું જમણ થયું ત્યારે આનંદની અનુભૂતિ થઈ. પહેરામણીના સમયે સાવધાન રહી અને છેડાછેડી છોડતી વખતે પોતાને કૃતાર્થ માનવા લાગી.

આમ સુરેન્દ્રદત્તના વિવાહ આનંદથી અને ખૂબ જ હર્ષભર્યા વાતાવરણ વચ્ચે થયાં.

વરકન્યા સમુદ્રદત્તશેઠ, સુભદ્રાશેઠાણી, સાગરશેઠ, સત્યભામા શેઠાણી તથા અન્ય વડિલોના ચરણે નમ્યા.

સુભદ્રાના હૈયામાં હર્ષનો પાર નહોતો. તે પોતાનો ભવ સુધરી ગયો તેમ માનવા લાગી.

અને વસમી વિદાયની પળ આવી પહોંચી.

વિદાયની પળ અતિ વસમી હોય છે. સુભદ્રાના પિતા સાગર-શેઠ આ પળે જરા વ્યથિત બની ગયા. સત્યભામાની આંખોમાં આંસુ સુકાતા જ નહોતા.

સાગરશેઠે પોતાની પ્રિય પુત્રી સુભદ્રાને મસ્તકે હાથ મૂકીને કહ્યું : 'પુત્રી, શ્વસુરગૃહ એ જ સાચું ગૃહ છે. ત્યાં ખૂબ જ પ્રેમથી સાસુ શ્વસુરની સેવા કરજે. સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલજે...' આથી વિશેષ સાગરશેઠ બોલી ન શક્યા. તેમને ગળે ડૂમો ભરાઈ ગયો.

વિદાય વખતે માતાપિતાને છોડીને જતાં પુત્રીને દુઃખ થાય તે સ્વાભાવિક છે. નાનપણથી આજ સુધી માતાપિતાની છત્ર-છાયામાં તે મોટી થઈ હોય ત્યારે અંતરમાં એ બધું છોડીને શ્વસુરગૃહે આવવું તે પળ ખરેખર વસમી જણાય છતાંય સ્વામીના પ્રેમ, લાગણી અને સ્નેહથી એકલતા અનુભવાતી નથી.

સમુદ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણીનું સ્વપ્ન સાકાર થયું. અંતરની મનોકામના પૂર્ણ થઈ. આજે બન્નેનું મન અતિ પ્રસન્ન બન્યું હતું.

અને સાગરશેઠની કન્યા સુભદ્રા સાથે સુરેન્દ્રદત્ત, અન્ય સ્ત્રીઓએ લીધેલા મંગલ દીવા સહિત, મનોહર ધવલ મંગલને ગાતી સ્ત્રીઓ સહિત જાન લગ્નમંડપેથી વિદાય થઈ.

વાદ્યમંડળી અગ્રભાગે રહીને સુમધુર માંગલિક સૂરો રેલાવી રહી હતી. ગીત, નૃત્ય અને સંગીતના મધુર સ્વરોથી વાતાવરણ મધુર બની ગયું.

શોભાયાત્રા સમુદ્રદત્તશેઠના ભવન પર આવી.

ભવનદ્વાર પાસે સુભદ્રાશેઠાણીએ મંગલ આરતી ઉતારીને વર-વધૂનું વિધિવત સ્વાગત કર્યું.

સુરેન્દ્રદત્તે જોયું કે માતાપિતાને મારા લગ્ન થવાથી ભારે હર્ષ થયો છે. ચારે તરફ આનંદ છવાયો છે તેમજ મંગલગીતોનો ધ્વનિ વાતાવરણને આનંદથી તરબોળ બનાવતો હતો.

સમુદ્રદત્તશેઠે આજના મંગલ પ્રસંગની યાદીરૂપે સ્નેહીઓને, સંબંધીઓને વિવિધ પ્રકારની ઉત્તમ ભેટો આપી.

સૌ અનેરા ઉત્સાહ સાથે ભવનમાં પ્રવેશ્યા.

થોડી વાર આરામ કરીને વરવધૂ ભવનમાં આવેલા કુળદેવના મંદિરે ગયા. બન્નેએ વિધિવત વંદન કર્યાં. માતાપિતાને નમ્યા. અન્ય સંબંધીઓને વંદન કર્યાં. તે પછી મીંઢળ છોડવામાં આવ્યા.

આજે તો સમુદ્રદત્તશેઠનું ભવન સંબંધીઓ, સ્નેહીઓથી ભરેલું હતું. રાત ક્યાં પડી ગઈ તેની કોઈને જાણ પણ ન થઈ.

રાત્રીકાળ શરૂ થઈ ચૂક્યો હતો...!

આજ મિલનની રાત હતી...

## ૬ : : નગરશેઠની પદવી

નગરીના ધનાઢ્ય શ્રેષ્ઠીવર્ય સમુદ્રદત્ત શેઠના પુત્ર સુરેન્દ્રદત્તના વિવાહ ધામધૂમથી સમાપ્ત થયા.

સમુદ્રદત્તશેઠનું ભવન સંબંધીઓ, સ્નેહીઓથી ભરેલું હતું. રાત્રીકાળ શરૂ થઈ ચૂક્યો હતો.

સુરેદ્રદત્ત તેના મિત્રો સાથે બેઠો હતો. તે મિત્રો સાથે પ્રસંગને અનુરુપ વાતો કરી રહ્યો હતો.

થોડી વારમાં રાત્રીનો બીજો પ્રહર પૂરો થયાની ઝાલરી રણુકી ઊઠી.

સુરેન્દ્રદત્ત અને તેના મિત્રો ઊભા થયા. મિત્રો પોતપોતાના સ્થાને જવા વિદાય થયા. સુરેન્દ્રદત્ત પોતાના ખંડ ભણી આવ્યો.

લગ્ન પછીની પ્રથમ રાત્રી...

સહજીવનની યાત્રા આજથી શરૂ થતી હતી.

સુરેન્દ્રદત્ત અને સુભદ્રાનું મધુર મિલન...

આજ મિલનની રાત હતી...

રસકવિઓએ લગ્ન પછીની પ્રથમ રાત વિષે ઘણું આલેખન કર્યું છે. મિલનયામિની વિષેની કવિની કલ્પનાઓ અપૂર્વ અને અનુપમ હોય છે. રસકવિઓએ લગ્ન પછીની પ્રથમ રાતને જે મહત્ત્વ

આપ્યું છે તે ખરેખર યોગ્ય છે. પ્રિયાના અંતરમાં નવી આશાનો સંચાર, ઊર્મિના મીઠા રસભાવ ખીલી ઊઠે છે. પ્રિયા પોતાના પ્રિયતમને સર્વસ્વ સોંપીને સમર્પણની ભાવના રજૂ કરે છે. ખરેખર લગ્ન એ બંધન નથી પરંતુ ત્યાગ અને સમર્પણની ભાવનાથી રચાયેલા એક મહાઆદર્શ છે.

આજ સુરેન્દ્રદત્તનો શયનકક્ષ ભવ્ય રીતે સજાવવામાં આવ્યો હતો. ખંડમાં દીપમાલિકાઓનો ઉજ્જવલ પ્રકાશ પણ નૂતન સહજીવનમાં પગલાં પાડતાં નવદંપતિને અભિનંદી રહ્યાં હતાં. વાતાવરણમાં પણ ઉષ્મા અને તાજગી પથરાઈ ગઈ હતી.

સુભદ્રાએ સર્વોત્તમ શુભ્ર વસ્ત્રો ધારણ કર્યા હતા. સુભદ્રા શયનકક્ષમાં વિશાળ શૈયા પર બેસીને પ્રિયતમની વાટ જોતી હતી. તેના અંતરની આશા પૂર્ણ થઈ હતી. આ પળે તે શ્રીજિનેશ્વર ભગવંતની અધિષ્ઠાયિકા દેવીઓ તથા દેવોનો ઉપકાર માની રહી હતી. સુભદ્રાને આજે પોતાનો ભવ સાર્થક થયો તેમ લાગવા માંડયું. અંતરમાં જે આશાનું ગીત રચાયું હતું તે સાકાર થયું હતું.

સુભદ્રા આજ અત્યંત આનંદ, ઉલ્લાસમાં રમી રહી હતી.

સમગ્ર ખંડમાં સુગંધિત દ્રવ્યોની મહેંક પ્રસરી ઊઠી હતી.

ભવનમાં ગુંજતા સંગીતના મધુર સ્વરો મિલનની પળને આવકારી રહ્યાં હતાં. બહાર આરસની જાળીમાંથી ચંદ્રના શીતળ કિરણો વરસી રહ્યાં હતાં. જાણે પિયુમિલનની પળને આશીર્વાદ વરસાવવા તલસી ન રહ્યાં હોય...!

સુભદ્રાના સુંદર મુખકમળ પર યૌવનની ગુલાબી માધુરી ચમકી રહી હતી, એના નયનોમાં મિલન ઝંખનાના મધુરગીતો જાણયે છલકી રહ્યાં હતાં. સારાય અંગમાં ઉત્સાહ, આનંદ અને ઉમંગની ઊર્મિ નાચી રહી હતી.

શયનકક્ષમાં એક ત્રિપદી પર દીપમાલિકાઓનો આછેરો પ્રકાશ નવજીવનની આશાને સત્કારી રહ્યો હતો.

અને...

સુભદ્રાનું સ્નેહથી નીતરતું હૈયું પ્રિયતમની પ્રતીક્ષામાં આતુર બન્યું હતું.

ત્યાં...!

કોઈના આગમનનો પદરવ સંભળાયો...

સુભદ્રાના હૈયામાં મીઠાં સ્પંદનો ધડકવા લાગ્યા. અંતરમાં રમતા દરેક વિચારોને તિલાંજલી આપી દીધી.

સમુદ્રદત્તે શયનકક્ષમાં પગ મૂક્યો. હળવેકથી દ્વાર ખોલ્યું હતું તેવી જ રીતે દ્વાર બંધ કર્યું.

સમુદ્રદત્ત મૌન ધારણ કરીને જ અંદર પ્રવેશ્યો.

તે હળવે હળવે પ્રિયા સુભદ્રા પાસે આવ્યો, પણ કશું બોલ્યો નહિ.

થોડી વાર શયનખંડમાં નીરવ શાંતિ છવાઈ ગઈ.

વાતચીત કરવાની કોણ પહેલ કરે તેની જાણ નહોતી.

ખંડમાં મૌન હતું પણ તે મૌન અકળાવનારું હતું.

સમુદ્રદત્ત શૈયા પર બિરાજેલી પ્રિયાની નજદિક આવ્યો. અને તેની બાજુમાં જ સ્થાન લીધું.

સમુદ્રદત્તે મૌન તોડતાં કહ્યું : 'પ્રિયે, વધારે વાર પ્રતીક્ષા કરવી પડી કેમ ?'

સુભદ્રાનો મૃદુલ મંજુલ સ્વર પ્રગટ થયો : 'સ્વામી, પ્રતીક્ષાનો આનંદ અપૂર્વ હોય છે. સામે વાતાયન ભણી દષ્ટિ કરો... ચંદ્રના માદક કિરણો આપણા નૂતન જીવનને આવકારી રહ્યાં છે.'

'પ્રિયે, આજ તો આપણે વાતો કરવી છે...' સમુદ્રદત્તે કહ્યું.

'સ્વામી, આપને પામીને મારા મનની મુરાદ પૂરી થઈ.'

'પ્રિયે, તેં મારા શ્લોકનો ઉત્તર શી રીતે મેળવ્યો ?'

'સ્વામી, એ વાતનું રહસ્ય રહે તો કેમ ? આજ આપણા નૂતન જીવનની પ્રથમ રાત છે...' સુભદ્રાએ વાત ટાળતાં કહ્યું.

અને...

પતિપત્ની વચ્ચે વાતોનો દોર ચાલુ થયો.

નવજવાન હૈયા...!

ઉષ્માભર્યું યૌવન...! છતાં યૌવનમાં ઘેલછાનો ઉભાર નહોતો...

સુંદર સોહામણી નવલી રાત હતી...

બન્નેના નૂતન જીવનને અભિનંદવા ચંદ્ર ડોકિયાં કરી રહ્યો હતો.

સમુદ્રદત્તે પ્રિયાને હૈયાસરસી લીધી અને એક મધુર છતાં દીર્ઘ ચુંબન આપ્યું.

બન્નેના હૈયામાં વિવિધ વાતો કરવાની તમન્ના જાગૃત બની હતી...!

આમેય પતિ–પત્નીઓની વાતોનો અંત કયારેય હોતો નથી. તેઓની વાતો રસભરી અને નૂતન સ્વરૂપની હોય છે. બંનેને એ વાતોમાંથી અપૂર્વ આનંદ અને અનોખી ઉષ્મા મળતી હોય છે.

પ્રિયા અને પ્રિયતમ...!

મિલનયામિની...!

સંસારમાં જાણ્યે બીજી કોઈ પળો જ નથી...એવી રીતે પતિ–પત્ની એકબીજામાં લીન થઈ ગયાં. બંનેના હૈયાનાં સ્પંદનો તેજ બન્યાં.

સ્નેહના બંધનમાં ઝકડાયા પછી સમય કયાં ચાલ્યો જાય છે તેની કલ્પના રહેતી નથી.

બન્નેમાંથી કોઈને ખ્યાલ ન રહ્યો કે પ્રાતઃકાળની ઝાલરી

રણુકી ચૂકી છે. બહારના ભાગમાં પંખીઓનો કલરવ શરૂ થઈ ચૂકયો હતો.

ખુલ્લા વાતાયન તરફ સ્વાભાવિક રીતે જોતાં સુભદ્રાએ સમુદ્રદત્ત પ્રતિ જોઈને કહ્યું : ' સ્વામી...! '

' કેમ પ્રિયે ? શું થયું ? ' સમુદ્રદત્તે મધુર સ્વરે કહ્યું.

' વાતાયન સામે દૃષ્ટિ કરો...'

' પણ આપણી વાતો હજુ અધુરી છે...'

' વાતોનો અંત ક્યારેય આવવાનો નથી. હમણાં સૂર્યદેવનાં સોનેરી કિરણો પૃથ્વીપટને ભીંજવશે...'

' પણ...! ' સમુદ્રદત્તે કહ્યું.

સુભદ્રાએ કહ્યું : ' પણ શું ? નવપરિણિત સ્ત્રી-પુરુષની પ્રથમ રાતે અનંત વાતો ભેગી થતી હોય છે. હૈયાની વાતો અધુરી રહે એમાં જ આનંદ રહેલો છે.' આટલું કહીને સુભદ્રા શય્યા પરથી ઊભી થઈ.

પણ સમુદ્રદત્તે પ્રિયાનો હાથ પકડીને પોતાની પાસે બેસાડી. અને મધુર સ્વરે કહ્યું : ' પ્રિયે સામે દૃષ્ટિ કર...સૂર્યદેવ પણ આપણા નૂતન સહજીવનને અભિનંદવા આવી રહ્યા છે.

' સ્વામી, આપ હવે શય્યા છોડીને પ્રાતઃકાર્યની વિધિથી નિવૃત્ત થાઓ...' આટલું કહીને સુભદ્રા ઊભી થઈ ગઈ. અને ખંડ બહાર ચાલી ગઈ.

સમુદ્રદત્ત પણ તરત જ શય્યા પરથી ઊભો થયો અને પ્રાતઃકાર્યની વિધિ આટોપવા ખંડ બહાર નીકળી ગયો.

બન્ને શયનખંડની બહાર આવ્યા. અને પ્રાતઃકાર્યમાં ગુંથાઈ ગયા. સ્નાનકાર્ય પતાવીને સુભદ્રા, સુરેન્દ્રદત્ત તથા તેના માતાપિતા શ્રી જિનમંદિરે સેવાપૂજા કરવા અર્થે ગયા.

દિવસનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો.

સમુદ્રદત્તના પરિવારે શ્રી જિનેશ્વર ભગવંતની મનોરમ્ય પ્રતિમાની ભાવભરી પૂજા કરી. ભાવવાહી સ્વરે સ્તવન અને ભક્તિ કરી. સૌ સેવાપૂજા કરીને જિનાલયના આંગણામાં આવ્યા ત્યારે જાણવા મળ્યું કે આજ નગરી બહાર આચાર્ય રત્નસેન મહારાજ પધાર્યા છે. તેમની વાણી દિવ્ય છે.

સમુદ્રદત્ત અને તેનો પરિવાર આચાર્ય રત્નસેનસુરિને વંદન કરવા અને તેમની વાણીનો લાભ લેવા ગયો. નગરી બહારના ઉદ્યાનમાં નગરીના અન્ય લોકો પણ આવી ગયા હતા અને આચાર્ય મહારાજને વંદન કરીને બેઠક ગ્રહણ કરતા હતા. સમુદ્રદત્તશેઠ અને તેના પરિવારે આચાર્ય મહારાજને વંદન કર્યા, પછી બેઠક ગ્રહણ કરી.

આચાર્ય રત્નસેનસૂરિએ ધર્મોપદેશ આપ્યો.

માનવીના અંતરમાં જ્યાં સુધી મોહ, લોભ અને કામનાનું આવરણ છે ત્યાં સુધી તે પરમ સુખનો આનંદ પામી શકતો નથી. જ્યાં સુધી બહારની વસ્તુઓમાં સુખ દેખાય છે ત્યાં સુધી તે તૃપ્ત થતો નથી અને બહારથી કોઈ સુખ મળતું નથી. બહારની વસ્તુમાં જે કંઈ સુખ મળે છે તે માત્ર સુખાભાસ છે. સુખની ભ્રમણા છે. સુખ તો અંતરની વસ્તુ છે. પરમ સુખ કે પરમ આનંદની અનુભૂતિ તો ત્યારે જ થાય કે સંસારના ભૌતિક સુખોને સાપની કાંચળી માફક ફગાવી દે અને ત્યારનો માર્ગગ્રહણ કરીને આત્મસાધનામાં મગ્ન બને, એ સિવાય અનંત સુખનું સૌભાગ્ય પ્રાપ્ત થવું મુશ્કેલ છે. જે નાશવંત વસ્તુ છે તેના પ્રત્યે જ અજ્ઞાની જીવો વધારે આકર્ષાય છે. આવી અજ્ઞાન દશા ટાળ્યા વગર પરમપદની પ્રાપ્તિ કોઈપણ ઉપાયે શકય નથી. પરમપદ પ્રાપ્ત કરવું તે આત્માનો પુરુષાર્થ છે. ભૌતિક સિદ્ધિમાં તન્મય બનવું તે અજ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન અને અજ્ઞાનમાં ચેતના અને તેજ છે. તેમ જ્ઞાન વગર સિદ્ધિપદ પ્રાપ્ત થતું નથી. મુક્તિનો નિરાળો, શ્રેષ્ઠ માર્ગ લાધતો

નથી. અનંત સુખની પ્રાપ્તિ થતી નથી. પરંતુ માનવી જો અજ્ઞાનને જ્ઞાનરૂપે નિહાળે તો અથવા પૂજા કરે તો ત્યારે દુઃખ અને પરિતાપની સૃષ્ટિ ગાઢ બનવા લાગે છે .આત્મજ્ઞાનની આરાધનામાં રાચેલો માનવી પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. અનંત સુખનો આનંદ માણી શકે છે.

તપશ્ચર્યાની આરાધના દ્વારા કાયા અને મનના મેલ સ્વચ્છ કરવાનાં હોય છે.

જ્ઞાનની આરાધના દ્વારા અજ્ઞાનરૂપી અંધકારને ઉલેચવાનો હોય છે.

ચારિત્ર્યથી આરાધનાની દૃષ્ટિએ સંયમનું પાલન, રસના પર કાબૂ, જન્મ, જરા, મૃત્યુ અને વ્યાધિ પર વિજય મેળવવાની તાલીમ, પરિગ્રહનો ત્યાગ, મનને નાથવાના અનેક બંધનોનો સ્વૈચ્છિક સ્વીકાર...આમ ચારિત્ર્યની આરાધના દ્વારા પુરુષાર્થ પ્રગટાવવાનો હોય છે.

દર્શનની આરાધનાની દૃષ્ટિએ શ્રી જિન પૂજન, શ્રી જિનસ્તુતિ, આત્માને એના મૂળ સ્વરૂપમાં નિહાળવાની તાલીમ તથા મોક્ષ પ્રાપ્તિના પંથ તરફ વળવાનો ઉલ્લાસ.

મૈત્રીભાવ કેળવીને નિર્વૈર બનવાનું હોય છે. ઉદાત્ત ભાવના વડે પોતાનાથી બની શકે તેટલું દાન કરીને ત્યાગ કેળવવાનો હોય છે. પોતાનાથી થયેલા દોષોની ક્ષમા યાચવાની હોય છે અને સર્વ જીવો પ્રત્યે ક્ષમાદાન કરવાનું હોય છે. થયેલી ભૂલો અને દોષોનું સંમાર્જન કરીને સ્વચ્છ થવાનું હોય છે. વેર, ઇર્ષ્યા, મોહ, ક્રોધ, લોભ, માન, કામ વગેરે ભવભ્રમણના સાથીઓને છોડવાનાં હોય છે.'

આચાર્ય રત્નસેનસૂરિએ પોતાનું ભાવવાહી પ્રવચન પૂરું કર્યું.

ત્યાં એકઠાં થયેલા શ્રોતાઓના અંતરમાં થયું કે આચાર્ય મહારાજ હજુ કંઈ કહે...એમની દિવ્ય વાણી અસ્ખલિત રહે...

શ્રોતાઓ આચાર્યશ્રીનું પ્રવચન સાંભળવામાં તલ્લીન બની ગયા હતા.

કેટલાકે આ પળે નિયમો પાળવા હાથ જોડયા.

પછી ધીરે ધીરે સૌ ઊભા થયા અને આચાર્ય મહારાજને વંદન કરીને વિદાય થવા માંડયા.

સમુદ્રદત્ત અને તેનો પરિવાર પણ આચાર્ય મહારાજને વંદન કરીને વિદાય થયો.

સમય...!

સમયને થોભ નથી.

સમયની ગતિ અવિરત છે.

સમયને વિરામ નથી.

સમય નિરંતર ચાલ્યા જ કરે છે. દિવસો, મહિનાઓ કયાં પસાર થઈ જાય છે, તેની કલ્પના કરી શકાતી નથી. હાસ્ય–કિલ્લોલ અને આનંદ વચ્ચે પસાર થતાં દિવસો કેમ ચાલ્યા જાય છે; તે ખબર જ પડતી નથી. સુખના દિવસો ટૂંકા લાગે છે અને દુ:ખના દિવસો લાંબા થઈ પડે છે.

દિવસો પાણીના પ્રવાહની માફક સરી જતા હતા.

આઠ માસ...

સુરેન્દ્રદત્ત અને સુભદ્રાના લગ્નજીવનને આઠ માસ પસાર થઈ ગયા...જાણે હજુ એવું જ લાગતું હતું કે ગઈકાલે જ લગ્ન કરીને આવ્યા અને આઠ મહિના પસાર થઈ ગયા.

સુરેન્દ્રદત્ત સુભદ્રાને પામીને પોતાની જાતને ધન્યતા અનુભવી રહ્યો હતો. એ રીતે...સુભદ્રાના આનંદનો કોઈ પાર નહોતો. તે પોતાનો સમય સ્વામીની સેવામાં જ ગાળતી હતી. સ્વામી સાથેના સહવાસ પછી તેને લાગ્યું કે સંસારનું સઘળું સુખ મને મળી ગયું છે.

સુભદ્રા સ્વામી સાથેના સહવાસમાં એટલી તલ્લીન બની ગઈ હતી કે એક વાતને વીસરી ગઈ.

જ્યારે તે કુંવારિકા હતી ત્યારે શ્રી જિનેશ્વર ભગવંતની સમક્ષ એવો નિયમ લીધો હતો કે હું નિયમિત દેવદર્શન કરીશ... જો મારા મનનો ભરથાર મળી જશે તો લગ્ન પછી પણ આ નિયમ પાળીશ...

પરંતુ...!

સુભદ્રા લગ્ન પછી સુખવૈભવમાં આળોટવા લાગી. તેને જે પ્રકારનું સુખ જોઈતું હતું તે મળી ગયું. જે સ્વામી માટેની કામના કરી હતી તે પૂરી થઈ... પરંતુ આ કાર્ય સંપન્ન કોના કારણે થયું તે વાત વિસ્મરી ગઈ...

સુભદ્રા શ્રી જિનેશ્વર ભગવંતની અધિષ્ઠાયિકા દેવી અને દેવોએ કરેલી મદદને ભૂલી ગઈ હતી...

સુભદ્રાએ ઘણા સમયથી શ્રી જિનેશ્વર ભગવંતનાં દર્શન કરવા જવાનું માંડી વાળ્યું હતું.

જ્યારે જીવનમાં અપાર વૈભવ અને સુખની છોળો ઉડતી હોય ત્યારે ધર્મક્રિયા કે દેવદર્શન ભૂલી જવાતાં હોય છે. જ્યારે વિપત્તિઓ આવી પડે ત્યારે જ દેવનો સહારો માગવા દોડી જાય છે.

આનું નામ જ સંસાર છે...

એક દિવસ સમુદ્રદત્ત શેઠ એકાંતમાં વિચારવા લાગ્યા... મસ્તક પર આવેલાં શ્વેત કેશ એ માનવીને ચેતવણી આપે છે: જાગ... આત્મસાધના કર... ઓહ...બાળપણ પસાર થઈ ગયું, યુવાની પણ ચાલી ગઈ...વૃદ્ધાવસ્થાના દ્વારે આ ક્ષણભંગુર શરીર આવીને ઊભું રહ્યું છે. આત્મસાધનાની પળ આવી છે. દીક્ષા અંગીકાર કરીને હું મારો માનવભવ સાર્થક કરું...

સમુદ્રદત્ત શેઠે એજ દિવસે પોતાના પુત્ર સુરેન્દ્રદત્તને બોલાવીને પેઢીનો સઘળો ભાર સોંપી દીધો અને તેમણે સંસાર ત્યાગ કર્યો. સુરેન્દ્રદત્તે પિતાના દીક્ષાના મહોત્સવને ભવ્ય રીતે ઉજવ્યો.

આ તરફ સુરેન્દ્રદત્તની સાથે અભ્યાસ કરનાર અમિત્રદમન પણ પોતાના પિતાના મૃત્યુ પછી રાજગાદીએ આવ્યો. તેણે રાજ્યનું સંચાલન સારી રીતે કરવા માંડયું.

અમિત્રદમન પોતાની પ્રતિજ્ઞા ભૂલ્યો નહોતો. અભ્યાસકાળ વખતે સુરેન્દ્રદત્તને નગરશેઠનું પદ આપવાનું જણાવેલ. તે વાતને સાકાર રૂપ આપ્યું. રાજદરબારમાં સુરેન્દ્રદત્તને બોલાવીને ખૂબ જ માનપાન સાથે નગરશેઠની પદવી આપી.

નગરશેઠનું પદ ધારણ કર્યા પછી સુરેન્દ્રદત્તશેઠ નિયમિત-પણે રાજદરબારમાં આવવા લાગ્યો. રાજસભાની કાર્યવાહીમાં ભાગ લેવા માંડયો. સુરેન્દ્રદત્ત કોઈનો અન્યાય ન થાય તેનું પણ પણ ધ્યાન રાખતો હતો. રાજસભાના સમય બાદ તે પેઢી પર જતો અને ત્યાં પણ પૂરી દેખભાળ રાખતો હતો.

વૈભવ, વિલાસ અને સુખમાં આળોટતી સુરેન્દ્રદત્તની પ્રિયા સુભદ્રા ધર્મનું આચરણ કરવાનું વિસ્મરી ગઈ હતી. છેલ્લા કેટલાક સમયથી જિનાલયે શ્રી જિનેશ્વર ભગવંતનાં દર્શને પણ તે જતી નહોતી...

સ્વામીના અત્યંત, અપૂર્વ સ્નેહને કારણે તે પોતાના દિવસો સુખ, વૈભવ વિલાસમાં જ પસાર કરતી હતી. સુભદ્રા સુખને જ સર્વસ્વ માની બેઠી.

ખરેખર જયારે સુખ અને વૈભવની રેલમછેલ હોય ત્યારે માનવી સઘળું ભૂલી જાય છે. તે ધર્મને યાદ કરી શકતો નથી.

આજ સુભદ્રાની દશા એવી હતી કે ધર્મનું આચરણ કરવાનું જ વિસરી ગઈ હતી.

અને દેવ-દેવીઓને આપેલું વચન પણ ભૂલી ગઈ હતી...!

મનમાન્યો ભરથાર મેળવવા માટે જિનાલયમાં જઈને શ્રી જિનેશ્વર ભગવંત પાસે આંસુડાં સારનારી સુભદ્રાને અતીતના દિવસો યાદ રહ્યા નહોતા...

જ્યારે સુરેન્દ્રદત્તના ચાર પ્રશ્નોના ઉત્તરો શોધવામાં નિષ્ફળ નીવડી ત્યારે અધિષ્ઠાયક દેવ–દેવીઓએ મદદ કરી તે વાતને પણ સુભદ્રા ભૂલી ગઈ...!

સુખની છોળો વચ્ચે આનંદમગ્ન દિવસો પસાર કરનારી સુભદ્રા નગરશેઠની પત્ની હતી... માનમરતબો મળતાં તેના હૈયામાં હર્ષનો અતિરેક હતો પણ સાથોસાથ ગર્વનો નશો પણ હતો...

સુભદ્રા ધર્મ ભૂલી ગઈ ..જિનાલયે જવાનું ભૂલી ગઈ...દેવોને આપેલ વચન ભૂલી ગઈ...!

એનું પરિણામ... ?

## ૭ : : તાંત્રિક ભૈરવનાથ

મોહ રૂપી અંધકાર વચ્ચે ખોવાયેલું મન એટલું નીંભર બની ગયું છે કે સુખ અને દુઃખને ઓળખી શકતું નથી. દુઃખના મૂળ કારણુ સમા સુખાભાસને સુખ માને છે અને મન તે મેળવવા ખાતર અંધકાર રૂપી ચક્કરમાં ભમ્યા કરે છે. મન પાછળ જ જીવ ખેંચાતો જાય છે અને જીવ પોતાના જ્ઞાનસ્વરૂપથી દૂર રહીને આ આંધળી દોટ પાછળ ભવભ્રમણુ કરતો જ રહે છે. મન રૂપી મર્કટને નાથ્યા વગરનો જીવ અંધકારમાં આથડતો જ રહે છે. નથી દુઃખનો કોઈ ઉપાય મળતો કે નથી સાચું સુખ નજરે ચડતું.

જીવની આ દશા છે. ભૌતિક સુખ પ્રાપ્ત કરવાના તરંગો સાગરના મોજાં માફક ઉછળતાં રહે છે. સુખની એક પણુ કલ્પના સ્થિર રહેતી નથી.

જીવનમાં અજ્ઞાનરૂપી અંધકારની આરાધના ભરી હોય ત્યારે ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો સાચો દીવડો પ્રગટતો નથી.

ભૌતિક સુખ, ભોગવિલાસ અને વૈભવમાં પોતાના દિવસો પસાર કરતી સુરેન્દ્રદત્તની પત્ની સુભદ્રા ધર્મને ભૂલી ગઈ હતી. નગરશેઠની પત્ની બન્યા પછી તો તેનો ઠસ્સો કંઈક વધારે લાગતો હતો.

પરંતુ ખરે વખતે મદદ કરનારા પેલા જિનાલયના વ્યંતર દેવો–દેવીઓ વિચારે છે કે અરે...આ સુભદ્રાને તો જુઓ...! પોતાનો સ્વાર્થ સધાઈ ગયો એટલે ધર્મને યાદ કરતી નથી. તે આપણને તથા આપેલાં વચનને પણ યાદ કરતી નથી. શ્રી જિનેશ્વર ભગવંતને પણ ભૂલી ગઈ છે. શ્રી જિનેશ્વર ભગવંતની કૃપાથી તેનું કાર્ય સંપન્ન થયું આ વાત પણ વીસરી ગઈ...ભોગવિલાસમાં તે પોતાનું જીવન વ્યતિત કરવા માંડી...આપણે તેને પુત્રી સમજીને મદદ કરી અને તેણે આપણી વાત સ્વીકારી નહિ. વચનો પાળી બતાવ્યાં નહિ. વૈભવ વિલાસમાં તે પ્રમાદી બની ગઈ છે. સુભદ્રાને કંઈક શિક્ષા તો કરવી જ જોઈએ. એ વિના એની શાન ઠેકાણે આવશે નહિ.'

દેવ–દેવીઓએ આમ વિચારીને નક્કી કર્યું કે સુભદ્રા ગર્ભધારણ ન કરી શકે તેવું કરવું, જેથી તેને શિક્ષા મળે...

સુભદ્રાના ભવનમાં તમામ પ્રકારની સુખ–સાહ્યબી હતી. માત્ર એક સંતાનની ખોટ હતી. સુરેન્દ્રદત્ત અને સુભદ્રાના લગ્નજીવનને ઘણો સમય વ્યાંતત થઈ ગયો હોવા છતાં શેર માટીની ખોટ હતી. આથી સુભદ્રા સમય જતાં ચિંતામગ્ન રહેવા લાગી.

એક દિવસ સુભદ્રા ભવનના ઝરુખે ઊભી હતી.

એ સમયે એક બાઈ માર્ગ સ્વચ્છ કરી રહી હતી. તે બાઈના ખભે એક બાળક, કેડમાં બીજું બાળક અને આંગળીએ ત્રીજું બાળક હતું.

સુભદ્રા એ બાઈ અને તેનાં ત્રણ બાળકોને જોઈને નિસાસો નાંખવા લાગી અને મનમાં બબડવા લાગી: ઓહ...જેને જોઈએ છીએ તેને ત્યાં નથી અને જેને જોઈતાં નથી એને ત્યાં ઢગલા છે...હે...! વિધિ...! આ તે તારો કેવો ન્યાય છે ? વિધિ...આ તે કેવી રમત ? જ્યાં અનાજના ભંડાર ભર્યા છે ત્યાં ખાનાર

નથી અને જ્યાં ખાવા ધાન નથી ત્યાં સંતાનોનો પાર નથી... વાહ રે વિધિ...! મારા ભાગ્યમાં એક સંતાનનો યોગ નથી? આટલું સુખ આપ્યું તો સંતાનના સુખથી મને કેમ બાકાત રાખી? મેં તારું શું બગાડયું છે?

સુભદ્રા મનમાં બબડતી હતી: 'અરે...જેમ જળ વગરનું સરોવર શોભતું નથી, ધજા વિનાનું મંદિર ન શોભે, સુભટ્ટો વિનાનું સૈન્ય ન શોભે, ન્યાય વગરનો રાજા ન શોભે, ચંદ્ર વિનાની રાત્રી ન શોભે, આંખો વગરનું મુખ ન શોભે, હાર વગર વૃક્ષઃસ્થળ ન શોભે, તે રીતે પુત્ર વિના મારું ભવન પણ શોભતું નથી...'

સુભદ્રા આવા વિચારો કરી કરીને પોતાનો જીવ બાળી રહી હતી. તેની આંખોમાંથી આંસુ સરી પડયાં.

ત્યાં નગરશેઠ સુરેન્દ્રદત્તનું આગમન થયું. તેઓ રાજસભામાંથી સીધા ભવને આવ્યા અને ઝરુખે ઊભેલી પ્રિયાની આંખમાંથી આંસુ વહેતાં જોઈને ચિંતિત બન્યા. તે તરત જ પ્રિયા પાસે આવ્યા.

સુરેન્દ્રદત્ત પ્રિયાના ખભે હાથ મૂકીને કહ્યું: 'પ્રિયે, આજ તારી આંખમાં આંસુ...? એકાએક તારા મનમાં શેની ચિંતા પેદા થઈ? તારા મુખ પર નિરાશાના ભાવ કેમ જન્મ્યા છે?'

સ્વામીના શબ્દોથી સુભદ્રાએ હૈયું ખોલી નાંખ્યું. તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

સુરેન્દ્રદત્તે પ્રિયાને શાંત પાડી, સાંત્વન આપ્યું. સુરેન્દ્રદત્ત સુભદ્રાને ખંડમાં લઈ ગયો. જળ પાયું. પછી ફરીને પ્રિયાના હૈયાની વાત જાણવાનો પ્રયત્ન કર્યો.

ત્યારે સુભદ્રાએ કહ્યું: 'સ્વામી, આપણા લગ્નજીવનને ઘણાં વર્ષો પસાર થયા છતાં ભવનમાં કિલ્લોલ કરનારું કોઈ નથી. એક

શેર માટીની ખોટ સાલે છે...મારા પરભવના કોઈ પાપનું જ પરિણામ છે. બધાં સુખ હોવા છતાં ભવનમાં કિલ્લોલ કરનારું ન હોય તો શું કામનું ? શ્રુતમાં પણ કહ્યું છે કે પુત્ર વગરના માણસનો આ ભવ તો નકામો જાય છે પણ પરભવ પણ કલ્યાણકારી થતો નથી. ગમે તેટલી સંપત્તિ એકઠી કરો...ગમે તેટલું સુખ ભોગવો પણ સંતાનસુખ ન મળે તો એ સુખમાં અધુરપ લાગે છે. આપણા વિવાહ થયાને ઘણો સમય પસાર થઈ ગયો છતાં મારી કૂખ ખાલી રહી છે. તેનું મને અત્યંત દુઃખ છે. હવે તો મને સંસારના કોઈ સુખમાં રસ રહ્યો નથી. મને કશું જ ગમતું નથી. મારું મન પણ ક્યાંય લાગતું નથી...

સુભદ્રાના સ્વરમાં માતૃત્વની ઝંખના હતી. હૈયામાં કરુણા જન્મી હતી.

સુરેન્દ્રદત્તશેઠ પ્રિયાના શબ્દોથી વ્યથિત થયા. પણ પોતે બીજું શું કરી શકે તેમ હતા ?

છતાં પણ સુરેન્દ્રદત્તશેઠે હિંમત આપતાં સુભદ્રાને જણાવ્યું : ‘પ્રિયે, તારી વ્યથા હું સમજતો નથી તેવું માનીશ નહિ. તારી વાત સત્ય છે. દરેક સ્ત્રીને માતૃત્વની ઝંખના જાગે છે. હું સમજું છું કે પુત્રરત્ન વગર આ સમૃદ્ધિ, સંપત્તિ નિષ્ફળ છે પરંતુ માન-વીએ આવા પ્રસંગે ધૈર્ય રાખવું જોઈએ. કારણ કે સંતતિ થવી એ પૂર્વકર્મના યોગનું જ કોઈ ફળ હોય છે. એમાં ચિંતા કરવાથી કશું વળે નહિ.’

સુભદ્રાએ સ્વામીના બન્ને હાથ પકડી લીધા અને ગળગળા સ્વરે બોલી : ‘સ્વામી, આપ સ્ત્રીના હૃદયને શી રીતે જાણો ? પરિણિત સ્ત્રીના હૈયામાં માતૃત્વની મંગલ કામના હંમેશાં રમતી

હોય છે. જ્યારે સ્ત્રી માતૃત્વ ધારણ કરે છે ત્યારે તેના અંગેઅંગમાં આનંદ, વાત્સલ્ય અને પ્રેમની ધારા છવાઈ જાય છે. એ કારણે જ તો સ્ત્રીને વાત્સલ્યની મૂર્તિ કહેવામાં આવે છે. પૂર્વકર્મના કોઈ દોષો ઉદય પામ્યા હોય તો આમ બને છે તે વાત હું બરાબર સમજું છું પરંતુ દરેક દોષના નિવારણનો ઉપાય તો મળતો જ હોય છે...'

સુરેન્દ્રદત્ત આછું હસી પડયો.

હસતાં હસતાં સુરેન્દ્રદત્તે કહ્યું : 'પ્રિયે, તારી ભાવનાની કદર કરું છું. તારા અંતરની લાગણીને સમજી શકતો નથી તેવું માનીશ નહિ. સંસારમાં સામાન્ય દોષનું નિવારણ થઈ શકે પરંતુ પૂર્વકર્મના દોષનો માર્ગ મળવો દુષ્કર છે.' આપણે અહીંના રાજવૈદ્યને બતાવ્યું તો તેઓએ કહ્યું કે બીજ તથા ભૂમિમાં કોઈ પ્રકારનો શારીરિક દોષ નથી. પ્રિયે, હવે તો પૂર્વકર્મના દોષ દૂર થાય ત્યાં સુધી ધૈર્ય રાખવું પડશે.'

'નાથ, ધૈર્યની પણ એક મર્યાદા હોય છે. સ્ત્રીના ધૈર્યની કસોટી કયાં સુધી હોય ?'

'પ્રિયે, તું તારા મનને શાંત કર...આ અંગે આપણે જરૂર કંઈક વિચારીશું.'

સુભદ્રા ફરીને રડવા લાગી.

સુરેન્દ્રદત્તે પૂછ્યું : 'પ્રિયે, પાછું શું થયું ?'

'સ્વામી, મને ક્ષમા આપો...'

'કેમ...?'

'આપનો વિચાર કર્યા વિના હું મારાં દુઃખ સંભળાવવા બેસી ગઈ...આપ શ્રમિત બન્યા છો, મેં આપનો વિચાર જ કર્યો નહિ.'

'ઓહ...!' કહીને સુરેન્દ્રદત્ત હસી પડયો.

થોડીવાર મૌન છવાઈ ગયું.

સુરેન્દ્રદત્તને થયું કે સુભદ્રાના હૈયામાં સંતાનની ઝંખના પ્રબળ બની છે, કંઈક ઉપાય શોધવો પડશે.

આમ વિચારીને સુરેન્દ્રદત્તે પેઢીના મુનિમને પોતાની પાસે બોલાવ્યા. સુભદ્રા ભવનના અંદરના ભાગે ચાલી ગઈ. મુનિમજી આવ્યા.

સુરેન્દ્રદત્તે મુનિમજીને કહ્યું : 'મુનિમજી, આપણી નગરીમાં કોઈ તાંત્રિક છે ?'

'હા...ભૈરવનાથ નામના તાંત્રિકનો નગરી બહાર આશ્રમ છે. પણ એનું શું કામ પડયું ?'

'વાત જાણે એમ છે કે શેઠાણી છેલ્લા કેટલાય દિવસોથી એક ચિંતામાં ગુંથાયેલી છે. ચિંતા ચિતા સમાન છે. શેઠાણીના હૈયામાં પુત્રની ઝંખના જાગૃત થઈ છે. અમારાં લગ્નને ઘણાં વર્ષો થયા છતાં સંતાનની ખોટ સાલે છે. આ અંગે અનેક જગ્યાએ બતાવ્યું, રાજવૈદ્યને પણ તબીયત બતાવી પણ બન્નેમાંથી કોઈનામાં દોષ નથી. હું તો શેઠાણીને જણાવું છું કે જો ભાગ્યમાં હશે તો જરૂર સંતાન થશે પણ તેનું ધૈર્ય ખૂટી ગયું છે. એક તાંત્રિકનો પ્રયોગ બાકી છે. તો તે અજમાવી જોઈએ.'

'શેઠજી, સંતાનયોગ ભાગ્યાધીન છે. આપે એ અંગે અનેક ઉપચારો કરી જોયા છતાં કશું ફળ મળ્યું નહિ. નવાઈની વાત એ છે કે આપ કે શેઠાણીમાં કોઈ દોષ નથી...આથી ભાગ્ય પર જ આ પ્રશ્ન છોડી દેવો જોઈએ. તાંત્રિક ભૈરવનાથને બોલાવવો હોય તો તે આવશે પણ શું કરી શકવાનો હતો ?'

'મુનિમજી, હું તમારી વાત સમજું છું...પરંતુ શેઠાણીને સંતોષ થાય તે ખાતર ભૈરવનાથને બોલાવવો પડશે...'

'ભલે...હું આજે જ ભૈરવનાથને આવી જવાનું સૂચવી દઉં છું...'

મુનિમજી આટલું કહીને ઊભા થયા અને ભૈરવનાથને કહેવા માટે પોતે જ ગયા.

તાંત્રિક ભૈરવનાથનો આશ્રમ નગરીના એક છેડે આવેલો હતો, ભૈરવનાથે વિશાળ જગ્યામાં પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો. ભૈરવનાથે પોતાની માયાજાળમાં અનેક શિષ્યોને બાંધી લીધા હતા. તેમાં કેટલીય તરુણ યુવતીઓ પણ હતી.

તાંત્રિક ભૈરવનાથનો ડર ગ્રામ્યપ્રજાને ખૂબ જ લાગતો હતો. નગરીના લોકો ભૈરવનાથના કૃત્યોથી પરિચિત હોવાથી તેની પાસે જતાં જ નહિ.

ભૈરવનાથનો મુખ્ય શિષ્ય વેણુદત્ત આશ્રમનો વહિવટ સંભાળતો હતો. આ આશ્રમમાં સૌ રાત પડચે કામરાગની આરાધનામાં મસ્ત બનીને મૈરેયના નશામાં ચકચૂર બનીને આખી રાત નાચતા.

આશ્રમની બહાર મુખ્ય દ્વાર પાસે બે શિષ્યો રક્ષણની જવાબદારી સંભાળતા હતા. અજાણ્યાની પૂછપરછ કરવામાં આવતી.

ભૈરવનાથના આશ્રમના મધ્યમાં જ એક વિરાટ મૂર્તિ મૂકવામાં આવી હતી. ત્યાં દરેક પ્રકારની વિધિ કરવામાં આવતી હતી. મધ્ય ચોકમાં સૌ આરામથી બેસી શકે તેવી વ્યવસ્થા પણ હતી. મૂર્તિની પાછળ કોઈ છૂપાઈ જાય તો કોઈને ખ્યાલ ન આવે તે રીતે ફરતું ચણતર કરવામાં આવ્યું હતું. મા ભૈરવીની મૂર્તિ વિરાટ હતી પણ વિકરાળ સ્વરૂપની ભાસતી હતી.

મા ભૈરવીની મૂર્તિની બાજુમાં તાંત્રિક ભૈરવનાથનું આસન હતું. બાજુમાં એક કુંડ હતો. જેમાં બલિ ચઢાવવામાં આવતો હતો આશ્રમમાં શિષ્યો તથા શિષ્યાઓની કુટિરો ચારે તરફથી ફરતી બાંધવામાં આવી હતી. આશ્રમમાં એક તરફ ગૌશાળાની રચના કરવામાં આવી હતી.

તાંત્રિક ભૈરવનાથનો આશ્રમ ભોગવિલાસ અને કામ આરા-

ધનાથી પૂર્ણ હતો. કોઈને સંતાનો ન થતાં હોય તો ભૈરવનાથ તાંત્રિક વિદ્યાના જોરે પ્રયત્ન કરતો, મોટેભાગે કામીજનો પોતાની ઇચ્છાની પરિપૂર્તિ માટે ભૈરવનાથનો સહારો લેતા.

મુનિમજી એકલાજ તાંત્રિક ભૈરવનાથના આશ્રમે આવ્યા હતા. મુનિમજીને એ વાતની ખબર હતી કે આશ્રમના દ્વાર પાસે રક્ષક તરીકે બેસતાં શિષ્યોને ધનની થેલી આપવી પડે છે એ પછી જ અંદર જવા દે છે. આથી તેઓ સુવર્ણમહોરોની થેલી લઈને જ આશ્રમે ગયા હતા.

મુનિમજી આશ્રમના દ્વાર પાસે આવ્યા અને ભૈરવનાથને મળવાની ઇચ્છા પ્રકટ કરી.

શિષ્યોએ કહ્યું : ' અમારા ગુરુદેવ ધ્યાનમાં છે. પંદર દિવસ સુધી કોઈને મળશે નહિ...'

મુનિમજીએ તરત જ સુવર્ણમુદ્રાઓથી ભરેલી થેલી શિષ્યોને આપી અને તરત જ ચમત્કાર સર્જાઈ ગયો.

દ્વાર પરના બન્ને શિષ્યો સન્માનસહિત મુનિમજીને તાંત્રિક ભૈરવનાથની પાસે લઈ ગયા.

મુનિમજી તાંત્રિક ભૈરવનાથને પ્રથમવાર જ જોતા હતા. ભૈરવનાથનું વિકરાળ સ્વરૂપ જોઈને સહેજ ડરી ગયા.

ભૈરવનાથે મુનિમજીની સામે જોઈને કહ્યું : ' તું કોણ છે ? શું ઇચ્છે છે ? '

' ગુરુદેવ, મારા શેઠના કામે આવ્યો છું. કામ ઘણું ગુપ્ત છે. આપના સિવાય કોઈ પાર પાડી શકે તેમ નથી...'

' જે કામ હોય તે સ્પષ્ટ કહે...' ભૈરવનાથનો ઘોઘરો અવાજ વાતાવરણને પણ ધ્રુજાવી દેતો હતો.

મુનિમજી બોલ્યા : ' ગુરુદેવ, મારા શેઠનાં લગ્ન થયાને ઘણાં વર્ષો વીતી ગયાં છતાં સંતાનસુખથી વંચિત છે. જો આપ મારા શેઠને ત્યાં પધારો તો આપ જે માંગશો તે આપીશું...'

'હું આશ્રમની બહાર જતો નથી...તારા શેઠને અહીં આવવું પડશે તેમજ તેની પત્નીને પણ આવવું પડશે...કાર્યસિદ્ધિ થઈ જશે...'

'ગુરુદેવ, મારા શેઠજી આવશે કે કેમ તે શંકા છે. આપ એવો કોઈ ઉપાય સૂચવો કે તેઓ ત્યાં બેઠાં જ પ્રયોગ કરી શકે...' આમ કહીને મુનિમજીએ બે હજાર સુવર્ણમુદ્રાઓની થેલી ભૈરવનાથના ચરણમાં ધરી.

ભૈરવનાથ આછું હસ્યો અને બોલ્યો : 'ભલે...હવે આવવાની જરૂર નથી. હું મંત્રસિદ્ધ દોરો આપું છું. તે તારા શેઠાણીને હાથે બાંધવાનું કહેજે...એક મહિનામાં સંકેત મળશે...' આમ કહીને ભૈરવનાથે એક મંત્રસિદ્ધ દોરો આપ્યો.

મુનિમજી તાંત્રિક ભૈરવનાથને વંદન કરીને નગરીમાં પાછો આવ્યો. તાંત્રિક ભૈરવનાથે મુનિમજીને મંત્રસિદ્ધ દોરો ક્યારે પહેરવો તે અંગેની વિગત સમજાવી દીધી હતી.

મુનિમજી સીધા સુરેન્દ્રદત્તશેઠ પાસે આવ્યા. ત્યારે નગરીના બે-ત્રણ આગેવાનો બિરાજમાન હતા.

મુનિમજીએ સુરેન્દ્રદત્તશેઠને કહ્યું : 'શેઠજી, આપની સાથે થોડી એકાંતમાં વાત કરવી છે...'

સુરેન્દ્રદત્ત આસન પરથી ઊભા થયા અને પડખેના ખંડમાં મુનિમજીની સાથે ગયા.

મુનિમજીએ ખંડનું દ્વાર બંધ કરી દીધું.

સુરેન્દ્રદત્તશેઠ બોલ્યા : 'મુનિમજી, શું થયું ? તમારો તાંત્રિક ક્યારે આવવાનો છે ? '

'શેઠજી, તાંત્રિક ભૈરવનાથ હવે નગરીમાં આવતા નથી પણ કાર્યસિદ્ધિ માટે એક ચીજ આપી છે...'

'શું આપ્યું છે ?'

'મંત્રસિદ્ધ દોરો...ભૈરવનાથે કહ્યું છે કે આ મંત્રસિદ્ધ દોરો શેઠાણી જ્યારથી ધારણ કરશે તેના એક મહિનામાં કોઈપણ જાતનો શુભ સંકેત સ્વપ્નમાં દેખાશે...'

એ તાંત્રિકને કંઈ આપ્યું હતું ?'

'હા...શેઠજી, બે હજાર સુવર્ણમુદ્રાઓ આપવી પડી...' મુનિમજી બોલ્યા.

'ઠીક છે. તાંત્રિકે વિધિ સમજાવી છે ?'

'હા...આ દોરો આજ સંધ્યા પછી શેઠાણીજીએ ડાબા હાથમાં ધારણ કરવાનો છે.'

'ભલે...લાવો એ દોરો...' સુરેન્દ્રદત્તે કહ્યું.

મુનિમજીએ તાંત્રિક ભૈરવનાથે આપેલો મંત્રસિદ્ધ દોરો સુરેન્દ્રદત્તશેઠના હાથમાં મૂક્યો.

સુરેન્દ્રદત્તશેઠે આ અંગે થોડી વાતચીત કરીને બન્ને પાછા મુખ્ય ખંડમાં આવ્યા.

મુનિમજીએ શેઠ પાસે પોતાના સ્થાને જવા માટે વિદાય માગી. મુનિમજી વંદન કરીને પોતાના ભવન તરફ જવા રવાના થયા.

આ તરફ સંધ્યા સમયે સુરેન્દ્રદત્તશેઠે સુભદ્રાને પોતાની પાસે બોલાવી અને એક આસન પર બેસાડી.

સુભદ્રાએ કહ્યું: 'આજ આપ પેઢીએથી વહેલા આવી ગયા ?'

'હા...થોડું કામ હતું એટલે...!'

'મારું કામ હતું ?' સુભદ્રાએ પ્રશ્ન કર્યો.

'હા...પ્રિયે, તારા હૈયામાં વ્યાપેલી પુત્રઝંખના પૂર્ણ થશે. આપણા મુનિમજી નગરીની બહાર તાંત્રિક ભૈરવનાથનો આશ્રમ આવેલો છે ત્યાં ગયા હતા. મુનિમજીએ ભૈરવનાથને આપણા મનની ભાવના જણાવી. ભૈરવનાથે આશીર્વાદની સાથે એક મંત્રસિદ્ધ દોરો મોકલેલો છે, તે દોરો તારે અત્યારે ડાબા હાથમાં ધારણ

કરવાનો છે.' સુરેન્દ્રદત્તે કહ્યું.

'સ્વામી, મંત્રસિદ્ધ દોરો ધારણ કરવાથી આપણા મનની મુરાદ પૂરી થશે ખરી ?'

'એ તો કેમ ખબર પડે ?' સુરેન્દ્રદત્તે કહ્યું.

સુભદ્રાએ કહ્યું : 'શ્રદ્ધા અને વિશ્વાસથી આ દોરો ધારણ કરીશ તો મારી મનોકામના પૂર્ણ થશે...'

સુરેન્દ્રદત્ત કશું બોલ્યો નહિ.

સુરેન્દ્રત્તે તરત જ સુભદ્રાના ડાબા હાથે દોરો બાંધ્યો.

સુભદ્રાના અંતરમાં આનંદ છલકાયો...જાણે પોતાની મનોકામના પૂર્ણ થઈ જ જશે તેવા ભાવ તેના મુખ પર ઉપસી આવ્યા. સુરેન્દ્રદત્ત પ્રિયાના આનંદને, તેને મળતા સુખને છીનવી લેવા નહોતો માગતો. તે કશું બોલ્યો નહિ.

દિવસ પર દિવસ જવા લાગ્યા.

તાંત્રિક ભૈરવનાથે એક મહિનાનો સમય આપ્યો હતો પણ બે મહિના પસાર થઈ ગયા છતાં ન તો કોઈ સંકેત મળ્યો કે ન તો કોઈ ચમત્કાર સર્જાયો.

સુરેન્દ્રદત્તશેઠને તો ખાત્રી હતી જ કે જ્યારે ભાગ્યમાં ન હોય ત્યાં તાંત્રિકો શું કરી શકવાના હતા ? આ તો પ્રિયાના મનને રાજી રાખવા માટે ઉપાય વિચારાયો હતો.

બે મહિના પછી પણ સુભદ્રા શાંત બેસી રહી નહોતી. જે કોઈ ઉપાય બતાવે તે કરી છૂટતી પણ તેની મનોકામના પાર પડતી નથી.

સુખવૈભવમાં રાચતી સુભદ્રાનું મન અસ્થિર છે. તેના અંતરમાં શાંતિનો અભાવ છે.

માતૃત્વ ધારણ કરવાના કોડ તેના અંગેઅંગમાં પ્રસરી ગયા છે.

સુભદ્રાએ અનેક ઉપાયો કર્યા. અનેક પ્રયોગો કર્યા, ઔષધો લીધાં પણ પરિણામ શૂન્ય... !

સુભદ્રાના જીવનમાં એક દિવસ આશા, ઉમંગનો સંચાર હતો ત્યાં નિરાશાએ સ્થાન લીધું.

આનું નામ જ સંસાર છે.

માનવી પોતાના જીવનમાં ઘણી કલ્પનાઓ, ઇચ્છાઓ ધરાવતો હોય છે પરંતુ દરેક આશા કે ઇચ્છા પરિપૂર્ણ થતી નથી.

પરંતુ... !

સુભદ્રાના જીવનમાં એક દિવસ એવો ઊગ્યો કે તેના જીવનમાં આશાનો નવસંચાર કરી ગયો... !

એ દિવસે શું થયું હતું ?

તાંત્રિક ભૈરવનાથે આપેલો મંત્રસિદ્ધ દોરો સુભદ્રાએ હાથમાં ધારણ કર્યો પણ એનાથી કશું વળ્યું નહિ. સુભદ્રાનું મન ચલિત થઈ ગયું. તેને થવા લાગ્યું કે શું મારી ચિંતાનો બોજો ક્યારેય હળવો નહિ થાય ? શું મારા મનની મુરાદ ક્યારેય પૂરી નહિ થાય ?

સુરેન્દ્રદત્તશેઠ પણ પોતાની પ્રિયાને દુઃખી જોતાં પોતે પણ દુઃખી થઈ જતા. અપાર ધનલક્ષ્મી, સુખ-વૈભવની છોળો ઊડતી હતી છતાંય સંતાનસુખ ન હોવાથી બન્નેના હૈયામાં પીડા હતી. અને એ પીડાનો ઉપાય તો કશો હતો નહિ.

પરંતુ એક દિવસ નગરીમાં યુગંધર નામના મહાજ્ઞાની, તપસ્વી મુનિવર વિહાર કરતાં કરતાં આવ્યા.

મુનિરાજ યુગંધર તેજસ્વી મુખમુદ્રા ધરાવતા હતા. તેમના મુખ પર તપનું તેજ ઝગારા મારી રહ્યું હતું. તેઓ ત્રિકાળજ્ઞાની હોવાથી નગરીના લોકો વંદન કરવા જતા હતા.

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાના કાને તપસ્વી, જ્ઞાની મુનિરાજની વાત આવી તો તેઓ પણ નગરી બહાર આવેલા ઉદ્યાનમાં મુનિરાજ યુગંધરને વંદન કરવા માટે ગયા.

દિવસનો પ્રથમ પ્રહર પૂર્ણ થવામાં હતો. નગરી બહારના

ઉદ્યાનમાં અનેક લોકો મુનિરાજની અમૃતઝરતી વાણી સાંભળવા માટે એકત્રિત થયા હતા. સુરેંદ્રદત્તશેઠ નગરશેઠ હોવાથી તે તેમના પત્ની સાથે અગ્રભાગે બિરાજમાન થયા. એ પહેલાં બન્નેએ મુનિરાજને ભાવપૂર્ણ વંદન કર્યાં.

યુગંધર મુનિએ ધર્મોપદેશ આપતાં જણાવ્યું : 'હે મહાનુભાવો, આ મનુષ્યભવ મહામુલો છે. અનેક ભવના ફેરા પછી આ ભવ પ્રાપ્ત થાય છે. આ મનુષ્યભવ દેવોને દુર્લભ છે. આવો અમૂલ્ય જન્મ મળ્યા પછી જે માનવી ધર્મની આરાધના કરતો નથી તેનું જીવન વ્યર્થ છે. ધર્મ એક સર્વોત્કૃષ્ટ, નિર્મળ અને આનંદપ્રદ અમૃત છે. ધર્મને શરણે જનારાઓને કર્માનુસાર પડતી વિપત્તિઓને પણ પચાવી જાય છે. કારણ કે ધર્મ પોતે જ તેનું રક્ષણ કરે છે. ધર્મની તાકાત સંસારના કોઈ પણ તત્ત્વ કરતાં અપરિમિત છે, અનંત છે, અચિંત્ય છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. તે અહિંસા, સંયમ અને તપનાં લક્ષણોથી યુક્ત છે. આવો મંગલ ધર્મ જેના હૈયામાં વસે છે તેને દેવતાઓ પણ નમન કરતા હોય છે. ધર્મનું શરણુ સ્વીકારનારાઓ હિંસાની કલ્પના પણ કરતાં નથી. સંયમના આદર્શથી તેઓનું જીવતર વિશુદ્ધ બને છે. અને તપરૂપી પાવક અગ્નિ વડે તેનાં મનોબળ વિશુદ્ધ બને છે. ધર્મનું શરણું ધારેલા ભાગ્યશાળીઓ પોતાના પુરુષાર્થને ફેરવીને સંસારના ભવભ્રમણની જાળને તોડી મુક્તાત્મા બની શકે છે. મોક્ષપદના સ્વામી બની શકે છે. શાશ્વત સુખરૂપી સંપત્તિને પોતાની બનાવી શકે છે અને જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી અજન્મા બની શકે છે. આ દષ્ટિએ ધર્મને આચરવો તે હિતકર છે, ઉચિત છે અને આવશ્યક છે.'

મુનિરાજનું વ્યાખ્યાન સાંભળીને સૌ નગરજનો પોતપોતાને સ્થાને જવા વિદાય થયા.

સુરેન્દ્રદત્ત અને સુભદ્રા રોકાઈ ગયાં.

બન્ને મુનિરાજના પગે પડયાં. વંદન કરીને સ્તુતિ કરવા લાગ્યાં. ત્યારબાદ સુરેન્દ્રદત્તે વિનમ્ર સ્વરે મુનિરાજ યુગંધરની સામે જોઈને કહ્યું : ' મુનિવર, આપશ્રીને મારા હૈયાની વાત કરવી છે...'

મુનિરાજ સમજી ગયા હતા. તેમણે આછું હાસ્ય ખીલાવીને કહ્યું : ' નગરશેઠ, કહો...'

' મુનિવર, મારા જીવનમાં એક ચિંતા અને દુઃખની ઘેરી છાયા ફરી વળી છે. અપાર સુખ-વૈભવ હોવા છતાં એક ચિંતાને કારણે તમામ સુખો પાંગળા લાગે છે. આપ તો જ્ઞાની છો. આપ મારા પર કૃપા વરસાવીને મારા દુઃખને દૂર કરો...માત્ર એક પુત્રની ખામી છે ..મુનિવર...'

મુનિરાજ બોલ્યા : ' શેઠજી, સંસાર વધારવાની વાત અમે કહી શકીએ નહિ...અમારું કર્તવ્ય તો ધર્મ વધારવાનો છે. જે સંસારનો ત્યાગ કર્યો છે તે અંગે વિચારવું યોગ્ય નથી. અમારા મુખે ત્યાગની વાત શોભે, વિરાગની વાત શોભે, રાગના બંધનો વધારવાની વાતો ના શોભે...સંસારમાં મગ્ન રહેલા દરેક જીવને કોઈ ન કોઈ ઉપાધિ રહેલી હોય છે એથી જ જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે ત્યાગ વગર ઉપાધિ ઉકેલાતી નથી. જો માનવી સંસારથી વિરક્ત થઈને ધર્મ આરાધના કરશે તો જરૂર તેનું જીવન સાર્થક થશે...આવતો ભવ પણ સુધરી જશે...હાલ જે સુખનાં સાધનો પ્રાપ્ત થયાં છે તે પૂર્વજન્મના પુણ્યનો પ્રતાપ છે. એ સુખ ભોગવી લેશો તો પૂર્વજન્મનું ઉપાર્જન કરેલું પુણ્ય પૂરું થશે...પછી શું ? એનો વિચાર કરવો જોઈએ. જે કાર્યમાં દેવદેવીઓનું ચાલતું નથી. જ્યાં તમામ પ્રકારના ઉપાયો નિષ્ફળ નીવડે છે ત્યારે ધર્મ જ સહાય કરે છે. ધર્મ આરાધનાથી વાંચ્છિત ફળ મળી શકે છે. શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી ધર્મક્રિયા કરવામાં આવે તો વિપત્તિનાં વાદળો નષ્ટ થાય છે. '

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી મુનિરાજની દિવ્યવાણી સાંભળતાં જ રહ્યાં.

'વત્સ, શ્રી જિનેશ્વર દેવની સેવા–પૂજા, ગુરુની ભક્તિ, સુપાત્રને દાન, જપ તથા તપ એ સંસારનાં તમામ કષ્ટોને નષ્ટ કરનારાં છે. તપશ્ચર્યાની આરાધના દ્વારા કાયા અને મનના મેલ સ્વચ્છ કરવાનાં હોય છે. જ્ઞાનની આરાધના દ્વારા અજ્ઞાન રૂપી અંધકાર ઉલેચવાનો હોય છે. ચારિત્રથી આરાધનાની દૃષ્ટિએ સંયમનું પાલન, રસના પર કાબુ, જન્મ, જરા, મૃત્યુ અને વ્યાધિ પર વિજય મેળવવાની તાલીમ, પરિગ્રહનો ત્યાગ, મનને નાથવાના અનેક બંધનોનો સ્વૈચ્છિક સ્વીકાર...આમ ચારિત્રની આરાધના દ્વારા પુરૂષાર્થ પ્રગટાવવાનો હોય છે. દર્શનની આરાધનાની દૃષ્ટિએ શ્રી જિનપૂજન, શ્રી જિનસ્તુતિ, આત્માને એના મૂળ સ્વરૂપમાં નિહાળવાની તાલીમ અને મોક્ષપ્રાપ્તિના પંથ તરફ વળવાનો ઉલ્લાસ, આ બધું કરવાનું હોય છે.'

મુનિરાજ યુગંધરની અમી ઝરતી વાણી અને શિખામણ સાંભળી સુરેન્દ્રદત્તશેઠ અત્યંત આનંદિત બન્યા.

તે જ સમયે સુભદ્રા શેઠાણીને મુનિના મુખેથી શ્રી જિનપૂજનની વાત સાંભળીને કુંવારાપણામાં કરેલી પ્રતિજ્ઞા યાદ આવી ગઈ. અને તે સાચા હૃદયથી પસ્તાવો કરવા લાગી : ઓહ...કેવી સ્વાર્થી છું કે લીધેલી પ્રતિજ્ઞા પણ ભૂલી ગઈ. સુખ–વૈભવના નશામાં લીધેલી પ્રતિજ્ઞા ભૂલી બેઠી...દેવનું કરજ તો અનંતો સંસાર સર્જે છે. હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ...મેં અધિષ્ઠાયક દેવો–દેવીઓને વચન આપેલું તે પાળ્યું નહિ. જેથી મેં જિનેશ્વર ભગવંતની અવજ્ઞા કરી કહેવાય...તેના કારણે જ મારી કૂખ ખાલી છે...આજે તો શ્રી જિનેશ્વર ભગવંતનાં દર્શન કર્યા વગર ભોજન કરીશ નહિ...

મુનિરાજ સુભદ્રાના મનની વાત જાણી ગયા.

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી વંદન કરીને ઊભાં થયાં. બંને રથમાં બેસીને શ્રી જિનેશ્વર ભગવંતના દર્શને ગયા. બન્ને ઘણા વર્ષો પછી શ્રી જિનેશ્વર ભગવંતના દર્શને આવી રહ્યા હતા.

સુભદ્રા તો જિનાલયના દર્શન માત્રથી રડી ઊઠી.

બન્ને જિનાલયમાં આવ્યાં.

સુભદ્રા શેઠાણી શ્રી જિનપ્રતિમાને જોઈને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. પોતાનાથી થયેલી ભૂલ માટે ક્ષમા માગી. ભક્તિભાવથી પ્રભુની સેવા કરી. સુભદ્રાએ અધિષ્ઠાતા દેવોની પણ ક્ષમા માગી. સ્તુતિ ગાઈ...સુભદ્રાએ હૈયું હળવું કર્યું.

દર્શનાદિ પતાવીને સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી પોતાના ભવન પર પાછા આવ્યાં.

યુગંધર મુનિરાજના દર્શનથી, તેઓની અમૃતમય વાણીથી સુરેન્દ્રદત્ત તથા સુભદ્રાના જીવનમાં પરિવર્તન આવ્યું.

બન્ને નિયમિત શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા કરવા જવા લાગ્યા.

બંને પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રની માળા ગણવા લાગ્યા.

તિથિએ આયંબીલ તપની આરાધના કરવા લાગ્યા.

બન્નેએ જિનાલયમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. આમ મુનિરાજના ધર્મોપદેશથી અને પ્રેરણાથી બન્ને ધર્મના રાગી થયા.

સમય જતાં ધર્મના પ્રભાવથી અને દેવોની કૃપાથી સુભદ્રાએ ગર્ભ ધારણ કર્યો.

સુભદ્રાના હૈયામાં હર્ષનો પાર નહોતો. તે સમજી ગઈ કે ધર્મના પ્રભાવે જ મારી મનોકામના પૂર્ણ થઈ છે. સુરેન્દ્રદત્તે જ્યારે પ્રિયાના મુખે શુભ સમાચાર સાંભળ્યા ત્યારે તે પણ અતિ હર્ષિત બની ગયો.

સુરેન્દ્રદત્ત સમજી ગયો કે આ ધર્મનું જ ફળ છે. તે અધિક શ્રદ્ધાથી ધર્મઆરાધન કરવા લાગ્યો.

સુરેન્દ્રદત્તે જિનાલયમાં આંગીની રચના કરાવી. સ્નાત્ર જણાવ્યું-પ્રભાવના કરી...

સુરેન્દ્રદત્ત અને સુભદ્રા ધર્મમય જીવન પસાર કરવા લાગ્યા.

ત્રણ મહિના પછી સુભદ્રા શેઠાણીના વદન પર એક નવું તેજ ઝળહળી ઊઠયું.

સગર્ભાવસ્થાના પ્રારંભિક લક્ષણો વરતાવા શરૂ થયા. પ્રાતઃ-સમયે ઉબકો આવતો અને વમન થતું.

સુરેન્દ્રદત્તશેઠે તરત જ રાજવૈદ્યને પોતાના ભવન પર બોલાવ્યા. રાજવૈદ્યે નાડીપરીક્ષા કરીને નિર્ણય આપ્યો કે સુભદ્રા શેઠાણીને બીજો માસ ચાલે છે.

પત્ની કેવળ પતિના સહચર્યમાં જ તૃપ્તિ અનુભવતી નથી. પણ એના અંતરની સાચી તૃપ્તિ તો માતૃત્વની મંગલ આશામાં જ છે.

સુભદ્રાના અંતરમાં સુશુપ્તભાવે પડેલી માતૃત્વની મંગળ ઝંખના આકાર બની ચૂકી હતી. અને એનો મધુરો હર્ષ સુભદ્રાની આંખોમાં ઢળી શકાતો હતો.

સુભદ્રા શેઠાણી સગર્ભા છે. એ સમાચાર સમગ્ર ભવનમાં ફેલાઈ ગયા. સુરેન્દ્રદત્તના હર્ષનો પાર નહોતો. વર્ષોની મનોકામના પૂર્ણ થતી ભાસતી હતી. ઘણા વર્ષો પછી ભવનમાં આનંદનો ઉત્સવ ઉજવવામ ા આવનાર હતો.

સુરેન્દ્રદત્ત તેની પ્રિયા પ્રિયત્તમા સુભદ્રાને કોઈપણ પ્રકારનું દુઃખ ન થાય તેની ખાસ કાળજી રાખતો હતો.

સમયને કોણ રોકી શકયું છે? એતો નિરંતર પોતાની

ગતિ પ્રમાણે ચાલે છે.

સુભદ્રા શેઠાણીને સગર્ભાવસ્થાનો પાંચમો માસ બેઠો. સુરેન્દ્રદત્તે આ શુભ સંવાદ સુભદ્રાના માતાપિતાને મોકલ્યો.

જ્યારે સ્ત્રીના હૈયામાં માતૃત્વને આશા નજદિક આવતી જાય તેમ સ્ત્રીની કાયામાં એક પ્રકારનું અપૂર્વ તેજ નીરખી ઊઠે છે. એ તેજ પાછળ ગર્ભમાં રહેલા આત્માનું પણ સ્વરૂપ હોય છે. એ સ્વરૂપ વિધાતા જ પારખી શકે છે.

નગરીના રાજવૈદ્ય સુભદ્રા શેઠાણીની નાડીપરીક્ષા તેમજ સ્વાસ્થ્ય તપાસવા અર્થે નિયમિત સુરેન્દ્રદત્ત શેઠના ભવન પર આવતા હતા.

જ્યારે સુભદ્રાને પાંચમો માસ બેઠો ત્યારે રાજવૈદ્યે નાડીપરીક્ષા કરીને પોતાનો સ્પષ્ટ નિર્ણય જણાવી દીધો કે શેઠાણીને ગર્ભમાં પુત્રરત્ન પરિપકવ થઈ રહ્યું છે.

પરંતુ માતાને પુત્ર આવે કે પુત્રી...એના હર્ષમાં, આનંદમાં કશો ફરક પડતો નથી. ભવનમાં દાસ–દાસીઓએ રાજવૈદ્યની વાત સાંભળી એટલે સૌનાં ચિત્ત આનંદિત બની ઊઠયાં.

સુભદ્રા શેઠાણીની કાયામાં જે રીતે એક નવું તેજ પ્રસર્યું હતું તે રીતે સ્વભાવમાં પણ ભારે પરિવર્તન જણાતું હતું. સુભદ્રા શેઠાણી અતિ શાંત, અતિધીર અને અતિ ઉદાર મન વડે ગર્ભને પોષી રહી હતી.

સુરેન્દ્રદત્તશેઠ પેઢીએથી ચાર–પાંચ વાર ભવન પર આવીને પ્રિયાની ભાળ કાઢી જતો.

દિવસો પસાર થવા લાગ્યા.

રાજવૈદ્ય સમજતા હતા કે સુભદ્રા શેઠાણીને પ્રથમ પ્રસુતિ વરસો બાદ થતી હોવાથી તેમને પ્રસુતિકાળે કોઈ પ્રકારે મુશ્કેલી ન પડે અને ગર્ભનું રક્ષણ થાય એવા ઉત્તમ ઔષધો શરૂ કર્યા હતા.

સાતમો માસ બેઠા પછી જે હંમેશ એકવાર વમન થતું હતું તે આપોઆપ બંધ થઈ ગયું. તેમજ સુભદ્રા શેઠાણીનું આરોગ્ય જાણે ખીલી ઊઠયું.

નવ મહિના પૂરા થયા.

હવે તો દિવસો જ ગણવાના હતા.

સુરેન્દ્રદત્ત પ્રિયાની ખાસ કાળજી દાખવતો હતો.

રાજવૈદ્યની સૂચના પ્રમાણે પ્રસુતિગૃહની વ્યવસ્થા શેઠના ભવનમાં જ કરવામાં આવી હતી.

પ્રસુતિ સમયે જે જે દ્રવ્યો, સાધનોની જરૂર પડે તે તે દ્રવ્યો દાયણે એકત્ર કરી રાખ્યા હતા.

અને નવ માસ ને દસ દિવસે રાત્રીના પ્રથમ પ્રહરે કોઈપણ પ્રકારની વધુ પડતી તકલીફ વગર સુભદ્રા શેઠાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

સુરેન્દ્રદત્ત શેઠના ભવનમાં આનંદ વ્યાપી ગયો.

સુરેન્દ્રદત્ત શેઠે પુત્રજન્મની વધાઈ આપનાર દાસીને કંઠમાંથી અતિ મૂલ્યવાન માળા ભેટમાં આપી.

બીજે દિવસે નગરીના જાણીતા લોકોને આ સમાચાર સાંભળવા મળતાં સૌ કોઈ સુરેન્દ્રદત્ત શેઠને ત્યાં વધાઈ આપવા આવવા લાગ્યા.

સુરેન્દ્રદત્ત શેઠે પુત્રજન્મની ખુશાલીમાં દાનનો પ્રવાહ વહેતો મૂકયો.

નવજાત તથા કુમળા ગુલાબના ફૂલ જેવા શિશુને પોતાના પડખામાં પડેલું જોઈને સુભદ્રાનું હૃદય માતૃત્વની તૃપ્તિથી જાણે છલકી ઊઠયું.

દિવસો પસાર થવા લાગ્યા.

ચાલીસ દિવસ બાદ સુભદ્રા શેઠાણીએ સુતિકાગૃહનો ત્યાગ

કર્યો. અને રાજજ્યોતિષીએ આપેલા શુભ દિવસે બાળકનું નામ પાડવામાં આવ્યું.

ધમ્મિલકુમાર.

સુરેન્દ્રદત્ત શેઠે વિચાર્યું કે ધર્મના પ્રભાવને કારણે જ મારે ત્યાં પુત્રરત્ન થયો છે માટે પુત્રનું નામ ધમ્મિલકુમાર યોગ્ય છે.

સુરેન્દ્રદત્ત શેઠે જન્મોત્સવ જે રીતે ઉજવ્યો હતો તે રીતે નામકરણ વિધિનો પ્રસંગ પણ ભવ્ય રીતે ઉજવ્યો. એ દિવસે શ્રી જિનમંદિરમાં સ્નાત્રપૂજા કરાવી. ભવ્ય આંગી કરાવી. તેમજ દાનની સરિતા વહેતી કરી.

પાંચ પાંચ ધાત્રીઓથી પોષણ પામતો ધમ્મિલ ધીરે ધીરે મોટો થવા લાગ્યો.

ધમ્મિલની કાલીઘેલી બોલી માતાપિતાને આનંદ આપતી હતી. ભવનનાં તમામ દાસ-દાસીઓ ધમ્મિલને અત્યંત વહાલ કરતાં હતાં. સ્નેહ અને પ્રેમના ઝુલામાં ઝુલતો ધમ્મિલ પાંચ વર્ષનો થયો.

પાંચમે વરસે ધમ્મિલને પાઠશાળામાં બેસાડવામાં આવ્યો. એ પ્રસંગે સુરેન્દ્રદત્ત શેઠે પાઠશાળાના તમામ બાળકોને જમાડયાં અને મિઠાઈઓ આપી હતી.

અને...

ધમ્મિલકુમારનો અભ્યાસ શરૂ થઈ ગયો.

ધમ્મિલકુમારે અભ્યાસમાં બરાબર ચિત્ત પરોવ્યું.

આ બાળક મહાતેજસ્વી હતો એટલે વિદ્યા ગ્રહણ કરવામાં તેને મુશ્કેલી પડતી નહોતી.

દિવસો કયાં પસાર થાય છે તે જાણી શકાતું નથી. પલકારા મારતાં વર્ષોનાં વહાણાં વાઈ જાય છે.

ધમ્મિલકુમારે અભ્યાસ પૂરો કર્યો. આજ તે યુવાન બની

ગયો હતો. તેણે દરેક શાસ્ત્રોની સાથે જૈનદર્શનનો પણ ઊંડાણુથી અભ્યાસ કર્યો હતો.

ધમ્મિલકુમાર યૌવન અવસ્થામાં હોવા છતાં તેનામાં યૌવનનો નશો નહોતો કે નહોતો તેનામાં યૌવનનો ઉભાર. ધર્મ પ્રત્યે સ્થિર રહેનારો ધમ્મિલ સંસારની મોહજાળથી દૂર રહેવાનો પ્રયત્ન કરતો. ભવનમાં ધર્મનું વાતાવરણ હોવાથી ધમ્મિલકુમારને નાનપણથી જ ધર્મના સંસ્કાર પ્રાપ્ત થયા હતા. તેને માયા-મરિચિકામાં રસ નહોતો. પણ વિરાગની મસ્તીમાં ઝુલવાનું મન થયા કરતું હતું.

જ્યારે આ તરફ સુરેન્દ્રદત્ત શેઠ અને સુભદ્રા પોતાના યુવાન પુત્ર ધમ્મિલ અંગે ચિંતા કરતાં રહેતાં.

એક દિવસ સુભદ્રાએ સ્વામીને કહ્યું : 'સ્વામી, આપણો પુત્ર ધમ્મિલ હવે પરણવાલાયક થયો છે. હું જોઉં છું કે તે હમણાં હમણાં ખૂબ જ વિચારમગ્ન રહે છે. ધર્મ પ્રત્યે વધારે આરૂઢ થયો છે. પણ સંસારની રીતભાત પ્રમાણે તેનાં લગ્ન કરાવી દઈશું તો સંસારનાં આકર્ષણો તેને ગમવા લાગશે. આથી મેં આપને તેના માટે એક સુંદર કન્યા ગોતવાનું કહ્યું હતું...'

સુરેન્દ્રદત્તે કહ્યું : 'પ્રિયે, તારી વાતને બરાબર ધ્યાનમાં રાખીને આ અંગે તપાસ કરીશ અને નગરીમાં શ્રેષ્ઠ કન્યાઓની તપાસ કરાવીશ.'

'સ્વામી, હવે આ વાતમાં જેટલો વિલંબ થશે એટલો ગેરલાભ આપણને જ થવાનો છે. ધમ્મિલ પેઢીએથી આવીને તેના ખંડમાં બેસીને ધ્યાનમુદ્રામાં બેસી જાય છે. તેના અંતરમાં કંઈક પ્રશ્નો રમી રહ્યાં છે...ક્યારેક તો તેના મનનો તાગ મેળવવાનો પ્રયત્ન કરો.'

'પ્રિયે, એ વાત તારે જ ધમ્મિલને પૂછી લેવી જોઈએ ને ?'

'સ્વામી, આ અંગે મેં ધમ્મિલને પૂછ્યું ત્યારે તેણે એવું કહ્યું કે કશું ચિંતા કરવા જેવું નથી...'

'ઓહ...તો પછી તેના વિવાહ ઝડપથી ઉકેલવા રહ્યાં...' સુરેન્દ્રદત્તશેઠે કહ્યું.

'હા...હવે આ કાર્યમાં જરા પણ ઢીલ ન થાય તે જોવાનું રહ્યું...' સુભદ્રાએ મધુર સ્વરે કહ્યું.

બીજે દિવસે સુરેન્દ્રદત્તશેઠે પુત્ર ધમ્મિલને પોતાની પાસે સ્નેહથી બેસાડયો અને તેના અંતરનો તાગ મેળવવાનો યત્ન કર્યો.

ધમ્મિલે વિનમ્ર સ્વરે કહ્યું : 'પિતાજી, વિવાહના બંધનમાં જોડાવાની મારી કોઈ કામના નથી. હું જે સ્થિતિમાં છું તેમાં મને સંતોષ છે. વિવાહ થાય એટલે સંસાર ચલાવવો પડે અને જવાબદારીઓ સ્વીકારવી પડે. આ સંસાર દાવાનળ સમાન છે તેથી તેમાં ફસાવવાની વાત કરશો નહિ...'

સુરેન્દ્રત્તશેઠે કશો ઉત્તર આપ્યો નહિ.

ધમ્મિલ પિતાને વંદન કરીને ખંડ છોડી ગયો. સુરેન્દ્રદત્તશેઠ પુત્રને જોતાં રહી ગયા. પુત્ર યૌવનના ઉંબરે ઊભો છે. વિવાહ કરવાની ના પાડે છે. યૌવનમાં પાનખરની ઋતુ કેમ આવી ગઈ હશે મારા પુત્રમાં...?

માનવીના જીવનમાં યૌવનનો કાળ મહત્ત્વનો ગણાય છે. જો આ કાળમાં લપસી પડયા તો અંધકારમાં સપડાઈ જવાનો ભય રહે છે. જો યૌવનને પચાવી જાણે તો જીવતરનો સાચો આનંદ માણવા મળે છે.

યૌવનનાં અજવાળાં સૌ કોઈને પ્રિય હોય છે.

પરંતુ...

મારો પુત્ર ધમ્મિલ યૌવનનાં અજવાળાંથી દૂર કેમ રહેતો હશે? એ પ્રશ્ન સુરેન્દ્રદત્તના અંતરને કોરી ખાવા લાગ્યો.

યૌવન એ જીવનની પ્રગતિનું પ્રથમ સોપાન છે.

યૌવનના વેગવંત પ્રવાહને હૈયામાં સાચવી લેવો એમાં જ જીવનની મહત્તા છે. યૌવન તો પ્રકૃતિનું અમૃત અને જીવનવિકાસનો પાયો છે.

યૌવનનો મદમાતો રંગ રસવિહિન છે એમ કોઈ કહી શકતું નથી. યૌવનના થનગનાટમાં રમતી આશાએ, ઇચ્છાઓ, ઊર્મિઓ અણગમતી લાગતી નથી.

રસકવિઓ યૌવનને ઉત્સાહ અને ઉમંગથી આવકારે છે.

યૌવનકાળનાં આંદોલનો ભલે કઠોર રહ્યાં હોય પરંતુ આકર્ષક તો રહ્યાં જ છે.

સંસારમાં પ્રત્યેક જીવ યૌવનની ઝંખના કરે છે. યૌવન ચીરકાળ પર્યંત જીવંત રહે તેવી ઝંખના અંતરમાં રમતી હોય છે. આમેય ખુમારી ભરેલાં યૌવનનો અનાદર શી રીતે થઈ શકે ?

નગરશેઠ સુરેન્દ્રદત્તશેઠના પુત્ર ધમ્મિલકુમાર પ્રત્યે નગરીના લોકો સન્માનની નજરે જોતા હતા.

ધમ્મિલકુમાર દેખવામાં ખૂબ સોહામણો, રૂપવાન તેમજ સંસ્કારી હતો. નગરીમાં રહેતા અન્ય શ્રેષ્ઠીવર્યો પોતાની ગુણીયલ

અને સંસ્કારી કન્યાનો સંબંધ ધમ્મિલકુમાર સાથે થાય તેવી મનોકામના સેવતા હતા.

સુરેન્દ્રદત્તશેઠની સમૃદ્ધિ અપાર હતી. તેમની પેઢી પણ ધમધોકાર ચાલતી હતી. રાજા-મહારાજાઓને હોય તેવું તો તેમનું વિશાળ ભવન હતું. અનેક દાસ-દાસીઓ પડયો બોલ ઝીલવા ખડેપગે તૈયાર રહેતા હતા. આથી શ્રેષ્ઠીવર્યોને મનમાં વિચાર આવતો કે શું અમે પ્રસ્તાવ મૂકીશું તો સુરેન્દ્રદત્તશેઠ સ્વીકારશે ખરા ?

એક દિવસ સુરેન્દ્રદત્તશેઠ પેઢી પર બેઠા હતા. તેઓ પેઢીના હિસાબમાં કાર્યરત હતા. પેઢી પર વાણોતરો તેમના કાર્યમાં મગ્ન હતા. ધમ્મિલકુમાર ભવન પર હતો. ત્યાં એક સેવક સુરેન્દ્રદત્તશેઠ પાસે આવ્યો.

સેવકે વિનમ્રભાવે વંદન કરીને શેઠને કહ્યું : ‘ શેઠજી, નગરીના શ્રેષ્ઠીવર્ય ધનવસુશેઠ આપશ્રીને મળવા માટે પધાર્યા છે. તેઓને અહીં મોકલું ? ’

‘ હા...અહીં જ મોકલ...’ સુરેન્દ્રદત્તે કહ્યું.

થોડી વારમાં સેવક ધનવસુશેઠને લઈને આવ્યો, પછી તે બહાર ચાલ્યો ગયો.

ધનવસુશેઠે કુશળતા પૂછીને પાથરેલી ગાદી પર બેઠક ગ્રહણ કરી.

સુરેન્દ્રદત્તશેઠે કહ્યું : ‘ આવો...ધનવસુશેઠ, આપના દર્શન ઘણા વખતે થયા...! આપ કુશળ છો ને ?’

‘ હા...શેઠજી, હું આજ આપની પાસે એક વાત કરવા માટે આવ્યો છું...’ ધનવસુશેઠ બોલ્યા.

‘ આપ વિના સંકોચે જણાવી શકો છો...મારાથી થઈ શકશે તો જરૂર આપનું કાર્ય પૂરું કરી દઈશ.’

'શેઠજી, એ કાર્ય આપનાથી થઈ શકે તેવું છે.' ધનવસુ શેઠે આછા હાસ્ય સાથે કહ્યું.

'જણાવો...' સુરેન્દ્રદત્તશેઠે અપલક નયને ધનવસુશેઠ સામે જોયું.

'શેઠજી, મારી કન્યા યશોમતી સંસ્કારી, ગુણી અને ધર્મ પ્રત્યે આસ્થા રાખનારી છે. જો આપ સહમત થતા હો તો આપના ધર્મિષ્ઠકુમાર સાથે સંબંધ કરીએ...'

'શેઠજી, આપને આ અંગેનો ઉત્તર પરમ દિવસે આપીશ. કારણ કે મારે આ વાત મારી પત્નીને જણાવવી પડશે.'

'ભલે...હું પરમદિવસે આપની પાસે ઉત્તર લેવા આવીશ...' ધનવસુશેઠે કહ્યું.

ધનવસુશેઠ નગરીના ધનાઢ્ય શ્રેષ્ઠી હતા. તેઓ ધર્મ પ્રત્યે પૂરી આસ્થા દાખવતા હતા, તેમના પત્ની ધનદત્તા પણ ધર્મ પ્રત્યે પૂરી શ્રદ્ધા દાખવતી હતી. માતાપિતાના સંસ્કાર પુત્રી પર પડયા. ધનવસુ અને ધનદત્તાને યશોમતી પ્રત્યે અપાર સ્નેહ હતો.

થોડી વાર વાતો કરીને ધનવસુશેઠ વિદાય થયા.

એજ દિવસે સુરેન્દ્રદત્તશેઠે સુભદ્રાને કાને ધનવસુશેઠની કન્યા યશોમતીની વાત નાખી.

સુભદ્રાએ મધુર સ્વરે તેના સ્વામીને કહ્યું : 'સ્વામી, ધનવસુ-શેઠની કન્યા યશોમતીને અપાસરામાં જોઈ છે, તે ઘણી જ સુંદર અને સંસ્કારી છે. ધર્મ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે. આપણા વિરાગી પુત્ર માટે તે ખૂબ જ યોગ્ય પાત્ર છે. આપ તેમનો પ્રસ્તાવ સ્વીકારી લેજો...'

'પ્રિયે, ધનવસુશેઠ પરમ દિવસે આવવાના છે ત્યારે સંબંધ બાંધી લઈશું...ધમ્મિલને પૂછવું છે ?'

'ના એ તો નનૈયો જ ભણશે...યશોમતીને મેં જોઈ છે.

આવું પાત્ર શોધતાં પણ ન મળે...માટે આપ ધનવસુશેઠનો પ્રસ્તાવ સ્વીકારી લેજો...પણ...!'

'શું...?' સુરેન્દ્રત્તશેઠે કહ્યું.

'સ્વામી, શુભ કાર્યમાં ઢીલ શા માટે?'

'તો તું શું કહેવા માગે છે?' સુરેન્દ્રદત્તે પ્રશ્ન કર્યો.

'સ્વામી, આજે જ આ શુભ કાર્ય પૂર્ણ કરો. આજનો દિવસ પણ ઉત્તમ છે...'

'ભલે...હું પેઢીએ જાઉ ત્યારે ધનવસુશેઠને સંદેશો મોકલીને વાત પાકી કરી લઉં છું...' સુરેન્દ્રદત્તે કહ્યું.

અને...

આ તરફ યશોમતીએ તેના પિતાને કહ્યું: 'પિતાજી, આપ મારા વિવાહ સુરેન્દ્રદત્તશેઠના પુત્ર ધમ્મિલકુમાર સાથે કરવા ઇચ્છો છો...એ વાત પરથી મેં તેમને મારા સ્વામી માની લીધા છે. તેઓ વિરાગી છે. શાસ્ત્રો પ્રત્યે વધારે સ્નેહ છે એ વાત કોઈથી અજાણી નથી. તે નગરીના અનેક શ્રેષ્ઠીઓને એવો સંદેશો પણ મોકલ્યો છે કે મારી વિવાહ કરવાની જરા પણ ઇચ્છા નથી. જો કોઈ વિવાહ કરશે આવનારી દુઃખી થશે...એની આ વાતથી શ્રેષ્ઠીઓએ પોતાની પુત્રીને ત્યાં આપવાનું માંડી વાળ્યું. આપે સુરેન્દ્રદત્તશેઠને ત્યાં જઈને મારા અંગે વાત કરી આવ્યા છો. આથી મારો સ્વામી હવે ધમ્મિલકુમાર જ રહેશે. ધમ્મિલકુમારનો સ્વભાવ ગમે તેવો હોય, પણ તેઓ મારા સ્વામી છે.'

'પુત્રી, તેં નિર્ણય લેવામાં જરા ઉતાવળ કરી છે. સુરેન્દ્રદત્ત શેઠ સાથે સંબંધ કરવા અંગેની વાત કરી છે. પ્રસ્તાવ અંગે વિચાર કરવાના છે. હજુ નક્કી થયેલ નથી. તું આ રીતે નિર્ણય લઈ લે તે યોગ્ય લાગતું નથી.'

'પિતાજી, મારો નિર્ણય અટલ છે. હવે ધમ્મિલકુમાર મને

સ્વીકારે કે ન સ્વીકારે પણ મન, વચન અને કર્મથી હું તેમને મારા પતિ માની ચૂકી છું...' આટલું કહીને યશોમતી અંદરના ખંડમાં ચાલી ગઈ.

ધનવસુ અને ધનદત્તાના હૈયામાં ચિંતાનો ભાર આવી પડચો. ધનવસુએ કહ્યું : 'પ્રિયે, તું યશુને સમજાવ કે આવો ઉતાવળો નિર્ણય ન લેવાય...હજુ સુરેન્દ્રદત્તશેઠને મળવાનું બાકી છે. પરમ દિવસે મળવાનું છે ત્યારે પ્રસ્તાવ સ્વીકારશે કે નહિ...! તેની આપણને ખબર નથી...ઓહ...!'

ધનદત્તાએ કહ્યું : 'સ્વામી, વિધિનું જે નિર્માણ થયું હશે તે પ્રમાણે જ થશે...'

પતિ–પત્ની વાતો કરી રહ્યાં હતાં ત્યાં ભવનનો દાસ ખંડમાં આવ્યો અને કહ્યું : 'શેઠજી, કોઈ ભાઈ આપને મળવા આવ્યા છે. તેઓ સુરેન્દ્રદત્તશેઠના મુનિમ છે. તેમ કહે છે...અહીં મોકલું ?'

'હા...તેઓને સન્માન સહિત લઈ આવ...' ધનવસુશેઠે ઉમળકાથી કહ્યું.

સુરેન્દ્રદત્તાશેઠનો મુનિમ જ્યાં ધનવસુશેઠ અને ધનદત્તા બેઠાં હતાં ત્યાં આવ્યો.

ધનવસુશેઠે મુનિમનો ભાવશીલ આદરસત્કાર કર્યો.

મુનિમે બેઠક ગ્રહણ કરી.

વાતવાતમાં મુનિમે પોતાના શેઠનો સંદેશો આપી દીધો. ધનવસુ અને ધનદત્તાના ચિત્ત હર્ષભર્યાં બની ઊઠચા. દ્વારની પાછળ ઊભેલી યશોમતી પણ શુભ સંદેશો સાંભળીને આનંદ પામી ઊઠી.

આ તરફ જ્યારે ધમ્મિલકુમારને જાણ થાય છે કે પિતાએ તેના લગ્નનો આવેલો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે ત્યારે તેનું વિરક્ત મન દુઃખી થઈ ગયું.

ધમ્મિલકુમાર તેના પિતા પાસે ગયો અને લગ્ન કરવાની

અનિચ્છા જાહેર કરી. એ સમયે ધમ્મિલકુમારની માતા સુભદ્રા રડી પડી ત્યારે ધમ્મિલકુમારનું હૃદય દ્રવી ઊઠયું. અને ન છૂટકે માતાપિતાની ઇચ્છામાં પોતાનો સૂર પૂરાવ્યો.

અને......

લગ્નનો દિવસ નક્કી થયો.

થોડા સમયમાં બંને પક્ષે તૈયારી થવા લાગી.

પણ...!

ધમ્મિલકુમારના અંતરમનમાં વિરાગની અનોખી મસ્તી નાચી રહી હતી. તેને આ લગ્ન એક બંધન જેવું લાગતું હતું. પરંતુ માતાપિતાના આનંદ ખાતર જ આ બંધનમાં પડતો હતો.

જેમ જેમ લગ્નનો દિવસ નજદિક આવતો ગયો તેમ તેમ ધમ્મિલકુમારના સ્વભાવમાં પણ પરિવર્તન આવતું ગયું. તે આખો દિવસ ઉદાસ મુખ રાખીને ફરતો હતો. તે કોઈની સાથે ઝાઝી વાતો કરતો નહોતો. સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રા શેઠાણીને આ વાત ધ્યાન બહાર નહોતી.

એક દિવસ સુરેન્દ્રદત્તશેઠે તથા સુભદ્રાશેઠાણીએ પુત્રને પોતાની પાસે બોલાવ્યો અને પ્રેમથી પોતાની પાસે બેસાડયો.

સુરેન્દ્રદત્તે કહ્યું : 'ધમ્મિલ, હમણાં તારા ચહેરા પર ઉદાસીનતાના ભાવ જોવા મળે છે...લગ્નનો દિવસ નજદિક આવતો જાય છે. તારા અંતરમાં કોઈ પ્રશ્ન હોય તો જણાવ...'

'પિતાજી, મારા અંતરમાં એવા કોઈ પ્રશ્નો નથી...'

'પુત્ર, તારા સ્વભાવમાં પરિવર્તન આવી ગયું છે. તું કોઈની સાથે હળીમળીને વાતો પણ કરતો નથી...' સુભદ્રા બોલી.

'માતાજી, મને સંસારના સુખોપભોગમાં લેશમાત્ર રસ નથી અને આપ મને એ જાળમાં ફસાવો છો. મારી તો આપને વિનંતી છે કે જો આપ મારા પર કૃપા કરો અને પ્રવજ્યા

અંગીકાર માટેની મને સહર્ષ અનુમતિ આપો. જેમાં સુખ નથી તેની પાછળ મોહવશ બનીને વાસનાથી યુક્ત જીવન પસાર કરવું યોગ્ય લાગતું નથી. ભૌતિક સુખ, સાહ્યબી ગમેતેટલી ભવ્ય અને અપાર હોય છતાં તેમાં આત્મસંતોષની રેખા જોવા મળતી નથી. જયાં આત્મસુખનો આનંદ અપૂર્વ અને અલૌકિક હોય છે આપ તો જાણો છો કે આ સંસાર અનેક દુઃખોથી ભરેલા છે. સંસારના ચળકાટ મારતાં સુખો માત્ર ભ્રમણા છે. આ વાત મારા હૈયામાં બરાબર બેસી ગઈ છે.'

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રા શેઠાણીના હૈયા પર ધમ્મિલકુમારની પ્રવજ્યાની વાત સાંભળીને જાણયે વજ્રઘાત થયો.

સુભદ્રાની આંખોમાં આંસુ આવી ગયાં.

સુરેન્દ્રદત્તશેઠનું હૈયું પણ આ વાત સાંભળીને વ્યથિત બન્યું.

સુભદ્રાશેઠાણી ગમે તેમ તોય પુત્રની માતા હતી. સંસારમાં માતાની મમતાને કોઈ જાણી શક્યું નથી. માતાનું હૈયું અતિ કોમળ હોય છે.

સુભદ્રાને થયું કે હજુ તો મારા પુત્રએ યૌવનના પ્રાંગણમાં પ્રવેશ માત્ર કર્યો છે અને સંસારના સુખો ત્યજવાની વાતો કરે છે. તેણે સંસારના સુખો ભોગવ્યા નથી અને સંસારથી વિરક્ત થઈ જવાની વાતો કરે છે. આજે...આ મારો પુત્ર મારી પાસે પ્રવજ્યા લેવા માટેની અનુમતિ માગી રહ્યો છે. ઓહ...! હું મારા હૈયાના ટુકડાને શી રીતે રજા આપું ? હજુ તો તેણે ધરતી પર પગ માંડયો નથી. અનેક સુખસાહ્યબી વચ્ચે ઉછરેલો મારો પુત્ર ધમ્મિલ સાધુજીવન શી રીતે ગાળી શકશે ? ના...ના...ના... હું મારા પુત્રને કયાંય નહિ જવા દઉં...હું એને મારાથી અળગો કરીશ જ નહિ. હું અનુમતિ આપીશ જ નહિ. મારે તો તેના લગ્ન કરવાના છે. બન્ને પક્ષે તૈયારીઓ થઈ ચૂકી છે...ધમ્મિલ તો

હજુ બાળક છે. એને સંસારના સુખોની શી ખબર પડે? એ તો અણુસમજુ કહેવાય...!

આમ સુરેન્દ્રદત્તશેઠની હાલત પણ પુત્રની વાત સાંભળીને દયાજનક બની ગઈ હતી. છતાં તેમણે હૈયું કઠણ કરીને સ્વસ્થતા ધારણ કરી લીધી હતી.

સુરેન્દ્રદત્તશેઠે પત્નીને આશ્વાસન આપ્યું.

સુરેન્દ્રદત્તશેઠે ગંભીર સ્વરે કહ્યું : 'પ્રિયે, તું આમ આંસુ સારવા લાગે તે યોગ્ય છે? તારી અનુમતિ વગર તો આપણો પુત્ર ક્યાંય જવાનો નથી. તું ધૈર્ય ધારણ કર...' આટલું કહેતાં તો સુરેન્દ્રદત્તશેઠના ગળે ડૂમો બાઝી ગયો.

સુભદ્રાએ આંખોમાં ઉપસી આવેલા આંસુઓને રોકીને બોલી: 'સ્વામી, આપ મને ધૈર્ય રાખવાનું જણાવો છો પરંતુ આપનું કઠણ હૃદય પણ આ વાત સાંભળીને રડી રહ્યું છે. આપ જ કહો કે કયા પુત્રની માતા આ રીતે અનુમતિ આપશે? પહેલાં હું પુત્રઝંખના માટે ઝૂરી રહી હતી, જ્યારે ભાગ્યમાં પુત્ર આવ્યો ત્યારે તે આપણને છોડીને ચાલ્યા જવાની વાત કરે છે. સ્વામી, મને એ જણાવો કે શું મારા ભાગ્યમાં પુત્રનું સુખ છે જ નહિ...?' સુભદ્રાએ અંતરની મનોવેદના ઠાલવી દીધી.

સુભદ્રાશેઠાણી આંખોમાંથી અશ્રુની ધારા વહેતી રહી. ગમે તેમ તોય માતાનું હૃદય હતું ને! કોઈ પણ માતા તેના પુત્રને જુદો પડતાં જોઈ શકતી નથી. પણ પુરુષ સ્ત્રીની મનોવેદના શી રીતે જાણી શકે?

સુભદ્રાશેઠાણીએ ધમ્મિલકુમાર સામે જોયું અને કરુણ સ્વરે બોલી : 'ધમ્મિલ, મારા વહાલા પુત્ર, શું તું મારો ત્યાગ કરીને જઈ શકીશ? માની મમતાને કચડીને તું સર્વત્યાગનો માર્ગ પકડી શકીશ? મારા ધગધગતા આંસુઓના તોરણો હેઠળથી પસાર થઈ

શકીશ? પુત્ર, તું મને ઉત્તર આપ...તું તારી માની વેદનાને ઠુકરાવીને પગ માંડી શકીશ? ધમ્મિલ, તું કેમ કંઈ બોલતો નથી? મને જવાબ દે...'

આથી વધુ સુભદ્રા ન બોલી શકી. તેના ગળે ડૂમો બાઝી ગયો. અને તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

એક માતાનું રુદન હતું તે પણ આક્રંદ રુદન...!

ધમ્મિલ તરત જ માતા પાસે આવ્યો અને સાંત્વન આપવા લાગ્યો.

સુરેન્દ્રદત્તશેઠે પ્રિયાને શાંત રહેવા જણાવ્યું.

પરંતુ સુભદ્રા શેઠાણી મૂચ્છિંત થઈ ગયાં. સુરેન્દ્રદત્તશેઠે તરત જ ઉપચાર કર્યા, થોડી વારમાં સુભદ્રાશેઠાણી સભાન અવસ્થામાં આવવા લાગ્યાં. તે પુત્રને એના એ જ પ્રશ્નો કરી રહી હતી.

ત્યારે ધમ્મિલકુમારે કહ્યું : ' પિતાજી, ખરેખર આ સંસારના બંધનો જ માનવીને સન્માર્ગે જતા રોકે છે. મોહ, પ્રેમ, સ્નેહ, મમતા, વૈર, લોભ, ક્રોધ અને અહંકાર જેવા તત્ત્વો અને ગુણોથી આ સંસાર ખદબદે છે. મારાપણાની ભાવના જ અનિષ્ટનું મૂળ છે. મારી માતાના અંતરમાં મારા પ્રત્યેનો મોહ, સ્નેહ, પ્રેમ કે મમતા રહેલી છે. આવું મમત્વ જ માનવીને સન્માર્ગે જતાં રોકી રાખે છે.'

' ધમ્મિલ, તું થોડી વાર શાંતિ જાળવ...તારા શબ્દો જો તારી માતાના કાને જશે તો ફરીને મૂચ્છિંત થઈ જશે. એક વાત જાણી લે...તારી માતા અતિ પ્રેમાળ હૃદયની છે, અને તારા પ્રત્યે અનુરાગવાળી છે. એક સત્ય વાત કરું?' સુરેન્દ્રદત્તે કહ્યું.

' કહો...પિતાજી...' ધમ્મિલકુમાર બોલ્યો.

' ધમ્મિલ, સંસારમાં રહીને અનેક કર્તવ્યો અને ફરજો અદા કરવાની હોય છે તેમ પ્રવજ્યા ગ્રહણ કર્યા પછી આત્મજાગૃતિ માટે પણ

ભવ્ય પુરુષાર્થ કરવો પડે છે. પ્રવજ્યાનો માર્ગ ગ્રહણ કરવો સરળ છે પણ જાળવી રાખવો કઠણ છે. હું તારી ભાવનાને ઠેશ પહોંચાડવા માગતો નથી. તારા કોમળ હૈયામાં વૈરાગ્યનો દીપક ઝગમગે છે તે મારા અને તારી માતા માટે સૌભાગ્યની વાત છે. આપણા કુળમાં શ્રી જિનશાસનની પરંપરા દઢતાથી ચાલી આવે છે. વચ્ચે કેટલાક હું અને તારી માતા ધર્મથી વિરક્ત થઈ ગયા હતા પણ એક મુનિરાજના સંસર્ગમાં આવ્યા પછી ધર્મ પ્રત્યેનો આદર વધ્યો અને એ ધર્મના પ્રતાપે જ તારો જન્મ થયો. એથી જ તારું નામ ધમ્મિલ પાડવામાં આવ્યું અત્યારે હું અને તારી માતા ધર્મ પ્રત્યે અગાધ રુચિ રાખીએ છીએ, અપૂર્વ ભાવના સેવીએ છીએ છતાં અમારા મનમાં પ્રવજ્યા ગ્રહણ કરવાનો વિચાર આવ્યો નથી.'

ધમ્મિલકુમાર પિતાની વાત શાંતભાવે સાંભળી રહ્યો હતો.

થોડી વાર રહીને સુરેન્દ્રદત્તશેઠે ફરીને કહ્યું : 'ધમ્મિલ, હજુ તારી વય નાની છે. સંસારના ખાટામીઠા રસને જાણતો નથી. ધરતી પર પગ મૂકયો નથી. તારી માતા અનેક સ્વપ્નાઓમાં રાચે છે. મારો પુત્ર પરણશે. આંગણામાં વહુ લાવશે. તે એના હોંશનો, ઉમંગનો સૂર સાંભળ્યો છે? તારા આવા નિર્ણયથી તેની તમામ આશાઓ કડડડભૂસ થઈ જશે. તેણે રચેલા આશાના મિનારાઓનો કચ્ચઘાણ નીકળી જશે. એક કલ્યાણ કરવા જતાં બીજુ અકલ્યાણ થઈ જશે તો એ તારા કલ્યાણ માર્ગનો અર્થ શો ? એ વાત મને સમજાવીશ. આ કુળમાં તું એક માત્ર પુત્ર છો. તું જ આ વંશવેલાને આગળ વધારીશ પરંતુ જ્યાં તારા મુખે જ સંસારત્યાગની વાતો સાંભળવા મળે ત્યારે માતાપિતાના હૈયાને કેવી વેદના થતી હશે તેનો વિચાર કર્યો છે ? એક વાત સમજી લે કે હું તારી ભાવનાનો અનાદર કરતો નથી. તારી ભાવના

ઉત્તમ અને સર્વશ્રેષ્ઠ છે. પરંતુ હજુ તને સંસારના સુખોનો અનુભવ નથી. મારી વાત માને તો પ્રથમ તું સમૃદ્ધિ, સુખ, વૈભવને પૂર્ણ રીતે ભોગવી લે...પછી તું તારે સર્વત્યાગનો માર્ગ ધારણ કરજે...દરેક માતાપિતા હંમેશા તેના પુત્રના કલ્યાણની જ વાંચ્છના કરતાં હોય છે. બીજું એ કે તારા લગ્નનો દિવસ નજદીક આવી રહ્યો છે. તારા પિતા નગરશેઠ છે. આખા નગરીમાં સૌને ખબર છે કે તારા વિવાહ ધનવસુશેઠની પુત્રી યશોમતી સાથે થઈ રહ્યાં છે. તું પ્રવજ્યાનો માર્ગ લે તો અમારી શી દશા થાય ? આથી હમણાં અંતરમાં દીક્ષાના ભાવ લાવવા દઈશ નહિ. સમય આવ્યે અમે જ તને સામેથી અનુમતિ આપીશું જરા પણ અચકાશું નહિ...'

પિતાની વાત સાંભળીને ધમ્મિલકુમારનું હૃદય ભરાઈ આવ્યું. તે બોલ્યો : 'પિતાજી, હું આપની અને માતાજીની અનુમતિ વગર એક પગલું પણ ભરવાનો નથી. આપ કહેશો ત્યારે જ પ્રવજ્યાનો માર્ગ પકડીશ.'

ધમ્મિલકુમારના આ શબ્દોથી સુરેન્દ્રદત્તશેઠ તથા સુભદ્રા શેઠાણીને અપાર આનંદ થયો.

સુરેન્દ્રદત્તશેઠે કહ્યું : 'પુત્ર, તારી વાત સાંભળીને અમારા હૈયે ધરપત થઈ. તારી માતાને પણ સંતોષ થયો. હવે જે કાર્ય આપણી સામે આવીને ઊભું છે તેનો વિચાર કરવાનો છે. બન્ને પ્રશ્ને લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રૂપવતી, સંસ્કારી અને ગુણિયલ કન્યા યશોમતી સાથે વિવાહ કરીને સંસારસુખ ભોગવ તેવી મારી અને તારી માતાની ભાવના છે.'

'પિતાજી, હું આપ બન્નેની ભાવનાને સત્કારીશ...' ધમ્મિલકુમાર આટલું કહીને તેના ખંડમાં જતો રહ્યો.

સુરેન્દ્રદત્ત અને સુભદ્રાશેઠાણીના મુખ પર મધુર સ્મિત ફરકી ઊઠયું.

અને...

લગ્નનો નિશ્ચિત દિવસ આવી ગયો.

બન્ન પક્ષે ધામધૂમ તૈયારીઓ થઈ રહી હતી.

લગ્નના દિવસે સુરેન્દ્રદત્તના ભવન પર સૌ વહેલાં જાગૃત થઈ ગયા હતા. દોષરહિત શુભ મુહૂર્તે ધમ્મિલકુમાર પીઠી ચોળવામાં આવી. આ તરફ કન્યા પક્ષવાળાએ યશોમતીને પીઠી ચોળી.

ધમ્મિલકુમારે સ્નાનકાર્ય પતાવ્યું, સુંદર વસ્ત્રાભુષણો ધારણ કર્યાં તે દેવકુમારની જેમ શોભી ઊઠ્યો હતો.

સુરેન્દ્રદત્તના ભવનમાં ભારે ધમાચકડી મચી ગઈ હતી. ભવનના દાસદાસીઓ વિવિધ કાર્યમાં ગુંથાયેલા હતા. અનેક સગાસ્નેહીઓ આવી પહોંચ્યા હતા. સૌ કોઈ તરહ તરહની ચર્ચામાં મગ્ન હતા. સૌના મુખપર પ્રસંગનો આનંદ ફરતો હતો.

ભવનની બહાર રાજ્યની વાદ્યમંડળી માંગલિક સ્વરો રેલાવીને વાતાવરણને વધુ ઉજ્જવલ બનાવતી હતી.

શોભાયાત્રાનો સમય થઈ ગયો હતો.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થઈ ગયો હતો.

ધમ્મિલકુમારને ભવનની બહાર લાવવામાં આવ્યો. ભવન

બહાર સુરેન્દ્રદત્તશેઠના સ્નેહીઓ, સંબંધીઓ તેમજ આગેવાન શ્રેષ્ઠીઓ તથા વિવિધ મહારાજના પ્રતિનિધિઓ હાજર થઈ ગયા હતા. સૌ શોભાયાત્રામાં સામેલ થવા માટે આવી પહોંચ્યા હતા.

શોભાયાત્રાના અગ્રભાગે વાદ્યમંડળી ગોઠવાઈ ત્યારબાદ સંબંધીઓનો સમૂહ ગોઠવાયો.

ધમ્મિલકુમાર જાતિવંત અશ્વ પર બેઠો. તેના મસ્તક પર છત્ર મૂકવામાં આવ્યું હતું, તેની આસપાસ મિત્રવર્તુળ હતું. તેમજ કેટલાક દાસદાસીઓ પણ હતા.

મંગલ પાઠકો મંગલસૂત્રો બોલીને પ્રસંગને દીપાવતા હતા.

અને શોભાયાત્રા શરૂ થઈ.

રાજ્યની ખાસ પ્રસંગ માટે આવેલી વાદ્યમંડળી અનેરા ઉત્સાહથી, ઉમંગથી અને આનંદપૂર્વક વાજિંત્રો પર સુમધુર સ્વરોની લહરી છેડી રહ્યા હતા.

નગરીના લોકોને જાણ હતી કે આજ નગરશેઠના પુત્ર ધમ્મિલ-કુમારના વિવાહ છે. તેથી શોભાયાત્રા જોવા માટે દ્વારે દ્વારે, ઝરૂખે તેમજ રાજમાર્ગો પર એકત્રિત થઈ ગયા હતા. કેટલાક પુષ્પો ઉડાડીને પોતાની ખુશાલી વ્યકત કરતાં હતાં તો કેટલાય અબીલ-ગુલાલના છાંટણા કરી રહ્યા હતા. વૃદ્ધ નગરજનો શુભા-આશીષ વરસાવતા હતા.

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણીના હર્ષનો કોઈ પાર નહોતો. સર્વત્ર આનંદ, ઉત્સાહ અને ઉમંગનું મંગલ વાતાવરણ સર્જાયું હતું.

અને ધમ્મિલકુમારની શોભાયાત્રા ધીરે ધીરે લગ્નમંડપની નજદિક પહોંચવા લાગી. ઉલ્હાસભર્યાં વાતાવરણ વચ્ચે શોભાયાત્રા લગ્નમંડપમાં આવી પહોંચી. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્વાગત કરવામાં આવ્યું.

એક પછી એક શાસ્ત્રોક્ત વિધિનું આચરણ કરવામાં આવ્યું.

અને અત્યંત ભવ્યતાથી, માંગલિક ધ્વનિના મધુરા સૂરો તથા મંગલગીતોના ભવ્ય વાતાવરણ વચ્ચે ધમ્મિલકુમારે યશોમતીને જીવનભાર્યા તરીકે સ્વીકારીને પાણિગ્રહણ કર્યું.

ધમ્મિલકુમાર ધનસુખશેઠની કન્યા યશોમતીનો સ્વામી બન્યો.

યશોમતીના હૈયામાં રમતી મુરાદ પૂરી થઈ.

સર્વત્ર આનંદ વ્યાપી ગયો.

એકત્રિત થયેલા સમૂહ વચ્ચે યશોમતીએ ધમ્મિલકુમારને પ્રેમથી, ભારે ઉમંગથી વરમાળા પહેરાવી.

ત્યારબાદ ધમ્મિલકુમારે યશોમતીને માળા પહેરાવી.

સુભદ્રા શેઠાણીની આંખમાં હર્ષનાં આંસુ ટપકી પડયાં.

આ પછી અન્ય વિધિઓ પતાવવામાં આવી.

ધમ્મિલકુમારના વિવાહ નિર્વિઘ્ને યશોમતી સાથે સમાપ્ત થયા. વસમી વિદાયની પળ આવી પહોંચી.

આ પળે યશોમતીના પિતા જરા વ્યથિત બની ગયા.

ધનવસુ શેઠે પુત્રીને શિખામણ આપતાં કહ્યું : 'પુત્રી, શ્વસુરગૃહ એજ સાચું ગૃહ છે. તું ખૂબ જ પ્રેમથી સાસુ-શ્વસુરની સેવા કરજે. સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલજે...કુળને શોભાવજે..' આગળ ન બોલી શકયા. તેમની આંખોમાં આંસુનાં બે બુંદ ઊપસી આવ્યાં.

ધનદત્તાની આંખો રડી રડીને સુઝી ગઈ હતી. પોતાની પ્રાણપ્રિય પુત્રી આ ભવનને છોડીને જઈ રહી છે. પણ દીકરી તો પારકી થાપણ કહેવાય એ વાત ધનદત્તા પૂરેપૂરી રીતે સમજતી હતી.

જ્યારે સુભદ્રા શેઠાણીનું આજ સ્વપ્ન સાકાર બન્યું હતું. વર્ષો પછી પુત્રનો જન્મ થયો હતો. અને તે પોતાના પુત્રના

ધામધૂમથી વિવાહ કરશે...તેવી અંતરની મનોકામનાએ આજ સાકાર રૂપ ધારણ કર્યું હતું.

જાન લગ્નમંડપથી વિદાય થઈ. શોભાયાત્રા સુરેન્દ્રદત્ત શેઠના ભવન પર પહોંચી.

ભવનના દ્વાર પાસે સુભદ્રા શેઠાણીએ મંગલ આરતી તેમજ અન્ય વિધિ કરીને વરવધૂનું સ્વાગત કર્યું. વરવધૂએ ભવનની અંદર પગ માંડયા, ત્યારબાદ ભવનમાં આવેલા મંદિરમાં તથા કુળદેવતાને પગે લાગ્યા. માતાપિતા સહિત અન્ય વડિલો, સ્નેહીઓને વરવધૂ પગે લાગ્યા. ત્યારબાદ મીંઢળ છોડવામાં આવ્યા.

સુરેન્દ્રદત્ત શેઠનું ભવન સગાંસ્નેહીઓથી ભરચક હતું. રાત ક્યાં પડી ગઈ તેની કોઈને જાણ પણ ન થઈ.

રાત્રીકાળ શરૂ થઈ ચૂક્યો હતો.

રાત્રીનો બીજો પ્રહર પણ પૂરો થવામાં આવ્યો હતો.

આજ મિલન યામિની હતી.

ધમ્મિલ અને યશોમતીનું સુભગ મિલન...

લગ્ન પછીની પ્રથમ રાત...

યશોમતી શયનખંડમાં પ્રિયતમની વાટ જોતી બેઠી હતી. વાતાયનમાંથી ચંદ્રના કિરણો વરસી રહ્યાં હતાં. એના નયનો પ્રિયતમના આગમનની આતુરતા સેવી રહ્યાં હતાં.

યશોમતીના વદન પર યૌવનની ચાંદની ચમકી રહી હતી. એના નયનોમાં મિલન-ઝંખનાના ગીતો જાણે છલકી રહ્યાં હતાં. સારાયે અંગમાં આનંદ, ઉત્સાહ અને ઊર્મિની લહેરીઓ જાણે નાચી ઊઠી હતી. તેના દેહ પર શોભી રહેલું ઊષારંગી ઉત્તરીય ચંદ્રના કિરણોને લલચાવી રહ્યું હતું. હૃદય પર ઝૂલતો વજ્ર પન્નાનો હાર અપૂર્વ આભા પાથરી રહ્યો હતો. હાથમાં ધારણ કરેલાં હિરકવલય શશાંકની સ્પર્ધા કરી રહ્યાં હોય તેમ લાગતું

હતું. અને રત્નજડિત કટિમેખલા વારંવાર શા માટે કંપતી હશે ?

યશોમતીના હૈયામાં અત્યારે અનેક વિચારોએ સ્થાન લીધું હતું. નિર્દોષ બાલ્યકાળના મધુરા દિવસો, તે સમયના તોફાનો, કિશોર જીવનની આશાઓ, જીવનમાં રચેલી અનેક કાલીઘેલી કલ્પનાઓ આંખ સામે તરવરવા લાગી. છતાંય ઉરમાં ઉગેલી તાલાવેલી શા માટે આ બધા વિચારોને ધક્કા મારતી હશે ?

આ પ્રશ્નનો ઉત્તર તો પતિના પ્રથમ દર્શન માટે તલસતી કોઈ યુવતીની આંખો જ આપી શકે.

શયનકક્ષમાં એક ત્રિપદી પર દીપમાલિકાઓનો આછો પ્રકાશ નવજીવનમાં પ્રમાણ કરતાં બે હૈયાને સત્કારવા થનગની રહ્યો હતો.

યશોમતીને થયું કે હજુ સ્વામી કેમ આવ્યા નથી ? એક એક પળ એક એક યુગ જેવી ભાસવા લાગી. પણ તે પ્રતીક્ષા કરતી બેસી જ રહી.

ત્યાં યશોમતીના હૈયામાં ઘૂંટાતા પ્રશ્નનો અંત આવ્યો.

કોઈના પદરવનો ધ્વનિ સંભળાયો.

યશોમતીના નયનો તીરછાં બનીને દ્વાર તરફ દોડયાં. સઘળાં વિચારો વિલય પામ્યા. તમન્નાનો ઉભરો સ્તબ્ધ બન્યો.

યશોમતીએ વિચાર્યું હતું કે હું વાણીપ્રવાહમાં સ્વામીને તરબોળ બનાવીને મારી અભિલાષા પૂર્ણ કરીશ...

અને...

ધમ્મિલકુમારે શયનકક્ષમાં પગ મૂકયો. હળવેકથી દ્વાર ખોલ્યું તેવી જ રીતે બંધ કર્યું.

ધમ્મિલ મૌન ધારણ કરીને જ અંદર આવ્યો. તે પ્રિયાની પાસે આવ્યો પણ કશું બોલ્યો નહિ. કઈ રીતે વાતની શરૂઆત કરવી તે સમજાયું નહિ.

યશોમતી તો મૌનની મૂર્તિ બનીને બેઠી જ રહી.

નથી કંઈ બોલતી કે નથી આંખો ઊંચી કરીને સ્વામી સામે દૃષ્ટિ કરી શકતી...!

ધમ્મિલકુમારે કહ્યું : ' પ્રિયે...'

યશોમતીએ ઉત્તરમાં પોતાનું મસ્તક જરા ધરતી તરફ વધારે ઢાળી દીધું.

વળી પાછું મૌન છવાઈ ગયું.

થોડીવાર સુધી મૌન સારું લાગ્યું, પણ પછી અકળાવનારું લાગવા માંડયું.

ધમ્મિલકુમારે વાતાવરણમાં વ્યાપેલા અકળાવનારા મૌનને તોડતાં કહ્યું : ' પ્રિયે, મારી પ્રતિક્ષા વધારે વાર કરવી પડી ને...!'

યશોમતી કશું બોલી નહિ. જાણ્યે એનું મોઢું જ સીવાઈ ગયું હતું.

' પ્રિયે, તે મારી વાતનો ઉત્તર ન આપ્યો ?'

' સ્વામી...પ્રતિક્ષાનો આનંદ અપૂર્વ હોય છે. ક્યારેક અકળાવનારો પણ બને છે. પરંતુ આજની પ્રતિક્ષા મધુર હતી...!' યશોમતી માંડ માંડ આટલું બોલી શકી. તે વિચારતી હતી કે હું સ્વામી સાથે આ વાતો કરીશ, પેલી વાતો કરીશ પણ તે કશું બોલી શકી જ નહિ. મૌનની ભેદી દીવાલો વચ્ચે સપડાઈ ગઈ હતી.

' પ્રિયે, આજથી આપણા સહજીવનની યાત્રા શરૂ થાય છે. એ પળે હું મારા હૈયાની વાત કરવા ઇચ્છું છું.'

યશોમતીએ પ્રથમવાર સ્વામીના મુખ સામે દૃષ્ટિ કરી કશું બોલી નહિ.

' પ્રિયે, સંસારમાં ઘણીવાર કર્તવ્ય અને ફરજને મહત્ત્વ આપવું પડે છે. મારી ભાવના વિવાહ કરવાની નહોતી એ વાત નગરીના દરેક લોકો જાણે છે. જે જે શ્રેષ્ઠીઓ પોતાની કન્યા

મારી સાથે પરણાવવા ઇચ્છતા હતા તેઓની પાસે જઈને મેં મારા મનની ભાવના રજૂ કરી હતી. તેથી તેઓએ પોતાની પુત્રીની પુત્રી દુઃખી ન થાય એ હેતુસર તેમને અન્ય ઠેકાણે વળાવી. તારી બાબતમાં હું સાવ અજાણ જ રહ્યો છું. તારા પિતાશ્રી પેઢી પર આવ્યા અને સંબંધ પાકો કરી નાખ્યો. માતાપિતાના ઋણને પણ ભૂલી ન શકાય. માતાપિતાની ઇચ્છાનો અનાદર શી રીતે કરી શકાય? હું માનું છું કે તારા કાન સુધી મારા સંસાર વૈરાગ્યની વાત તો આવી હશે?'

યશોમતી કશું બોલી નહિ. તેના હૈયામાં તો બીજું તોફાન જાગી ઊઠ્યું હતું. સ્વામીની વાતોથી તેનું હૃદય ઘવાયું. તેને થયું કે લગ્નની પ્રથમ રાત્રીએ જ સ્વામીએ સંસાર વૈરાગ્યની વાતો ઉખેડી...મિલનયામિની રચવાનાં સ્વપ્ના જાણયે કડડડભૂસ કરતાં તૂટી પડતા જણાતા હતા. અંતરમાં રમતી મધુર કલ્પનાઓ જાણયે ભાંગીને ભૂકો થતી લાગવા માંડી...

યશોમતી વિચારવા લાગી: આ નિષ્ઠુર પુરુષ, સ્ત્રીના હૃદયની લાગણીઓને વાંચી શકતો નથી...એના અંતરમાં રમતી આશાઓને સમજી શકતો નથી...!

ધમ્મિલકુમારે ફરીને પ્રશ્ન કર્યો: 'પ્રિયે, તેં મારી વાતનો ઉત્તર ન આપ્યો?'

'સ્વામી, સત્ય જણાવું તો આપના વિષેની આવી વાતો મારા કાને આવી હતી છતાંય હું આપની સાથે વિવાહ કરવા માટે તૈયાર થઈ ગઈ. જ્યારે સંબંધ બંધાયો ત્યારે જ મેં આપને મારા સ્વામી માની લીધા હતા. મારો એક પ્રશ્ન છે કે આપે આપના માતાપિતાની ઇચ્છાને સત્કારીને વિવાહ કરવા તૈયાર થયા અને વિવાહ પણ કર્યા. પરંતુ ભવનમાં પગલાં પાડનાર સ્ત્રી તો અનેક આશાઓ

અને ઊર્મિઓ લઈને આવે છે. એની ઇચ્છાઓનું શું ? સંસારમાં જેમ સંતાનનું કર્તવ્ય માતાપિતાની ઇચ્છાને સત્કારવાનું છે. તેમ નવપરિણિત સ્ત્રીની ઇચ્છાને સત્કારવાનું નથી ? એ કર્તવ્ય વીસરી જવાનું છે ? આજ લગ્ન પછીની પ્રથમ રાત્રી છે. દરેક સ્ત્રી-પુરુષ આ રાત્રીને મિલનયામિની તરીકે જાણે છે. સહજીવનની મંગલમય યાત્રા આજથી શરૂ થાય છે. માનવી સંસારનાં કર્તવ્યોને સાચવીને પણ ધર્મઆરાધના કરી શકે છે. કોઈના હૃદયને ઠેશ પહોંચાડીને ધર્મસાધના કરવી તે કેટલી સાર્થક નીવડે ? મેં જાણ્યું કે આપ પ્રવજ્યાનો માર્ગ અંગીકાર કરવા માગતા હતા. એ માર્ગ સ્વીકારવો સહેલો છે પરંતુ નિભાવવો કઠિન છે. સર્વત્યાગનો માર્ગ પકડીને સંસારથી છૂટી ગયા તેવું નથી. સર્વ-ત્યાગના માર્ગ પાછળ જે આદર્શ છે, તે અપૂર્વ છે. સંસારનાં દરેક બંધનોમાંથી મુક્તિ મેળવીને આત્મકલ્યાણ માટેની કઠિન આરાધના કરવી પડે છે.'

'યશોમતી, તારી વાત સત્ય છે. સર્વત્યાગનો માર્ગ ધારણ કરતાં પહેલાં તમામ બાબતોનો અભ્યાસ કરવો જોઈએ. પરંતુ મારું મન જ સંસારની દરેક બાબતોથી વિરક્ત થઈ ગયું છે. સુખોપભોગ વચ્ચે આળોટવાનું મન થતું નથી. સંસારમાં છું છતાં નથી એવી મારી દશા છે. અંતરમાં આત્મકલ્યાણની ભાવના રમે છે. જો તું મારી વાતનો સ્વીકાર કરે તો એક બીજી વાત કરવા ઇચ્છું છું...'

'કહો...સ્વામી, આજ આપણી રાત ચર્ચામાં જ પસાર થવાની છે. અન્ય કોઈ હેતુ સરશે નહિ.' યશોમતીએ કહ્યું.

'યશોમતી, આમ તો તારી વાતમાં જ મારો સૂર છે.' ધમ્મિલે કહ્યું.

'સમજી ગઈ...જેવી આપની ઇચ્છા...! હું હવે કશું બોલીશ

નહિ...મારી વાતથી આપને કંઈ દુઃખ થયું હોય તો ક્ષમા કરજો... '! યશોમતી બોલી.

'ના...એમાં દુઃખ શેનું લગાવવાનું...?' ધમ્મિલકુમાર બોલ્યો.

અને યશોમતી શય્યા પર સૂઈ ગઈ. ધમ્મિલકુમારે પોતાની પથારી ખંડના એક ખૂણામાં કરી. તેણે માત્ર એક આછું વસ્ત્ર જ પાથર્યું હતું.

ધમ્મિલકુમાર નવકારમંત્રનું સ્મરણ કરીને આડેપડખે થયો.

યશોમતીના નવજીવનની વસંત ખીલે તે પહેલાં જ પાનખર આવી ગઈ.

યશોમતી આખી રાત ઉના આંસુ બિછાવતી રહી. તેણે રચેલા સ્વપ્નાઓનો અકાળે અંત આવ્યો...

આઠ દિવસ પસાર થઈ ગયા.

ધમ્મિલકુમારે પત્ની સાથેનો વ્યવહાર કામ પૂરતો જ રાખ્યો હતો. કોઈપણ જાતની ચર્ચાને સ્થાન આપ્યું નહોતું. આનંદ-વિનોદ તો ક્યાંથી સંભવી શકે? બ્રહ્મચર્યનું ચુસ્ત પાલન કરીને તે સાધુના જેવું જીવન ગાળવા લાગ્યો હતો.

પતિ-પત્ની રાતના એક ખંડમાં રહેવા છતાં જોજનો દૂર બન્નેનાં અંતરમન હતાં. ધમ્મિલકુમારે સ્વભાવમાં પરિવર્તન આણ્યું હતું તે રીતે ભોજનમાં પણ સર્વથા ઉષ્ણ અને તમતમતા આહારનો ત્યાગ કર્યો હતો. ખોરાકનું પ્રમાણ ઘટાડી દીધું હતું. અને જે કંઈ ખોરાક લેતો તે એકદમ સાત્વિક લેવામાં આવતો.

ધમ્મિલકુમાર રાત્રીકાળે અથવા વહેલી સવારે શાસ્ત્રોનો અભ્યાસ કરવા બેસી જતો. તેણે પોતાનું ચિત્ત ધર્માભ્યાસમાં પરોવી દીધું હતું. તે પેઢીએ જતો પણ તેમાંય તેને રસ લાગતો નહિ.

છેલ્લા બે-ત્રણ દિવસથી ધમ્મિલકુમારે યશોમતી પ્રત્યે જુદા

જ પ્રકારનો વ્યવહાર કરવા માંડયો. તેણે યશોમતી સામે જોવાનું બંધ કરી દીધું. યશોમતીના હૈયાને અપાર દુઃખ થયું પણ તે મુંગે મોઢે બધું સહન કરી લેતી હતી. અહીં પોતાના હૈયાની વેદના કોની સામે પ્રગટ કરે ?

દસેક દિવસ બાદ યશોમતી પોતાના પિતાને ઘેર ગઈ. ત્યારે તેની માતા ધનદત્તા તો પુત્રીનું મુખ જોઈને સમજી ગઈ કે જરૂર શ્વસુરગૃહે કંઈક થયું છે.

ધનદત્તાએ યશોમતીને પોતાની પાસે વહાલથી બેસાડીને થોડીવાર સામાન્ય વાતો કરી પછી પ્રશ્ન કર્યો : 'પુત્રી, તને અહીંથી વિદાય આપ્યા પછી તો આ ભવન સાવ સૂનું થઈ ગયું છે...'

યશોમતીએ કશો ઉત્તર આપ્યો નહિ.

ધનદત્તાએ બીજો પ્રશ્ન કર્યો : 'પુત્રી, તને શ્વસુરગૃહમાં કોઈ પ્રકારનું દુઃખ તો નથીને ? દસ દિવસમાં તારો ચહેરો કેટલો મુરઝાઈ ગયેલો જણાય છે ? તારી આંખોમાં સૂજન દેખાય છે. શું વાત છે પુત્રી ?'

છતાંય યશોમતી કશું બોલી નહિ.

ધનદત્તાએ ફરીને કહ્યું : 'પુત્રી, મા આગળ હૈયું ખોલતાં શેનો ક્ષોભ...? સ્ત્રીની વેદના સ્ત્રી જ જાણી શકે છે. તારી વેદના હું તારા મુખ પરથી વાંચી શકી છું...મારી પાસે એક પણ વાત છૂપાવીશ નહિ. મને તારી વેદના કહીને હૈયું હળવું બનાવ...'

યશોમતીએ કશો ઉત્તર આપ્યો નહિ પણ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. અને માતાને બાઝી પડી.

ધનદત્તા પુત્રીના મસ્તક પર હાથ ફેરવવા લાગી અને સાંત્વન આપવા લાગી.

યશોમતી રડતાં રડતાં બોલી : 'માતાજી, તમારી પુત્રી જે

આશા અને ઉમંગ સાથે અહીંથી વિદાય થઈ હતી, તે ઊર્મિઓ નષ્ટ થઈ છે. અમારું સહજીવન કંટકરૂપ બન્યું છે.'

આમ કહીને યશોમતીએ ધમ્મિલકુમાર પોતાના પ્રત્યે કેવો વર્તાવ રાખે છે તે વાત કરી.

ધનદત્તા સાંભળતી જ રહી અને પોતે પણ પુત્રીના દુઃખી જીવનની વાત સાંભળીને દુઃખી થઈ ગઈ. ધનદત્તાની આંખોમાં પણ આંસુ ઉપસી આવ્યાં.

ધનદત્તાએ પુત્રીને સાંત્વન આપ્યું અને આ પ્રશ્નનો જરૂર કોઈ ઉકેલ શોધી કાઢશે તેવી વાત પણ કરી.

પરંતુ યશોમતીની આંખમાંથી આંસુ તો સૂકાયાં જ નહિ. મા-દીકરી બન્ને ક્યાંય સુધી એક જ ખંડમાં બેસીને આંસુડાં સારતાં રહ્યાં...

રાત્રીનો પ્રથમ પ્રહર શરૂ થયાની ઝાલરી રણકી ઊઠી ત્યારે ધનદત્તાને ભાન થયું કે હમણાં સ્વામી આવવા જોઈએ. આથી તે ઊભી થઈ, જળ વડે મુખ સ્વચ્છ કર્યું. યશોમતી પણ સ્વસ્થ થઈ.

મા-પુત્રી ખંડ બહાર નીકળ્યા. બન્ને પ્રતીક્ષાખંડમાં બેઠા કે તરત જ સેવક આવ્યો અને શેઠજી આવી ગયા છે તે સમાચાર આપ્યા.

## ૧૧ : : વસંતતિલકા

પુત્રી યશોમતીની વાત સાંભળીને ધનદત્તા અત્યંત વ્યથિત બની ગઈ હતી. ગમે તેમ તોય માનું હૃદય હતું ને !

બીજે દિવસે તે સુરેન્દ્રદત્ત શેઠના ભવન પર આવી અને સુભદ્રા શેઠાણીને મળી.

સુભદ્રા શેઠાણીએ વેવાણનું ભાવભર્યું સ્વાગત કર્યું. પણ ધનદત્તાનું મુખ ચડેલું હતું.

ધનદત્તાએ કહ્યું : ' મારે આપની સાથે એકાંતમાં વાત કરવી છે...'

સુભદ્રાને ફાળ પડી...! શું વાત હશે ? શું કોઈ અગત્યની ચર્ચા કરવાની હશે ? જે હશે તે...! એમ માનીને ધનદત્તાને એક એકાંત ખંડમાં લઈ ગઈ.

બન્ને એક ખંડમાં ગયા. ખંડનું દ્વાર અટકાવવામાં આવ્યું. સુભદ્રા શેઠાણીએ એક સેવકને બહાર ઊભો રાખીને જણાવ્યું કે અંદર કોઈને આવવા દેતો નહિ.

સેવક મસ્તક નમાવીને દ્વાર પાસે ઊભો રહી ગયો.

ધનદત્તાએ વાતની સીધી શરૂઆત કરતાં કહ્યું : ' વેવાણ, અત્યંત દુઃખભરી વાત છે. જે વાતની કલ્પના સ્વપ્ને પણ વિચારી નહોતી એવી વાત કરતાંય હૈયું રડી ઊઠે છે. '

'આપ વાત કરો કે એવી શું ઘટના બની છે જે આપના હૈયાને પીડી રહી છે ?'

'મારી પુત્રી યશોમતીને વળાવી પછી તે સુખી નથી. તેને સ્વામી તરફથી પ્રેમ પ્રાપ્ત થયો નથી. તેણે રડતાં રડતાં જણાવ્યું કે મારા સ્વામી એકાંત વધુ પસંદ કરે છે. પરોઢિયે ઊઠીને ધર્મ-ક્રિયામાં રચ્યાપચ્યા રહે છે. લગ્નજીવનનું સુખ તો ઠીક પણ આપના પુત્રે મારી પુત્રીને સ્પર્શ સુધ્ધાં કર્યો નથી...'

'ઓહ...' સુભદ્રા બોલી.

'સંસારમાં રહેતો માનવી ધર્મક્રિયામાં રસ લે તે બરાબર છે પણ સાથોસાથ સંસારનાં કર્તવ્યોને પણ સત્કારવાં જોઈએ. આપના પુત્રના વર્તને મારી પુત્રીને દુઃખી કરી મૂકી છે.'

સુભદ્રાને ધનદત્તાની વાત સાંભળીને ખૂબ દુઃખ થયું. સુભદ્રાએ કહ્યું : 'મારા પુત્રને શી રીતે સમજાવવો તે મારી સમજમાં આવતું નથી. તેણે અમારી ઇચ્છાને માન આપીને વિવાહ તો કર્યા પણ લગ્નજીવનથી વંચિત કેમ રહે છે તે સમજાતું નથી. ધમ્મિલ હજુ બાળકની જેમ જ વર્તે છે. સંસારમાં પગ મૂક્યા પછી વિરક્ત ભાવ કેળવે તે જરા પણ યોગ્ય ન ગણાય. પરંતુ હું શું કરું...?'

ધનદત્તા રડી પડી.

સુભદ્રાએ આશ્વાસન આપ્યું અને આ પ્રશ્ન અંગે જરૂર કંઈક કરશે તેવી વાત કરી.

ધનદત્તા થોડીવાર રહીને પોતાના સ્થાને પાછી ફરી.

સૂર્યાસ્ત પહેલાં સુરેન્દ્રદત્ત ભવનમાં આવ્યા ત્યારે સુભદ્રાએ ધનદત્તા આવ્યાની વાત કરી અને પુત્ર અંગેની ચર્ચા થઈ તે પણ જણાવ્યું.

સુભદ્રાએ સ્વામીને કહ્યું : 'સ્વામી, હવે આપણો પુત્ર નાનો

ન કહેવાય. સંસારમાં રહીને સંસારનાં કર્તવ્યોથી વિમુખ રહીને ફરે તે જરા પણ યોગ્ય નથી. આપ પુત્રને જરા સમજાવો. મારું તો માને તેમ જ નથી. ધર્મ અને ક્રિયામાં તે મત્ત બની ગયો છે અને લગ્નજીવનની ફરજો ચૂકી ગયો છે. કોઈની પુત્રીનું જીવન બરબાદ કરવાનો હક્ક નથી. આપ એને શાંતિથી સમજાવો અને બીજી વાત કે હમણાંથી તે સાધુમુનિઓના સંસર્ગમાં વધુ રહે છે તેમાંથી મુક્ત કરાવીને કામવિલાસ જાણનાર અને સ્ત્રીઓને રીઝવી જાણે એવા કામાભિલાષીની સોબતે ચડાવો તો કંઈક ઠેકાણે આવશે...'

અત્યંત ક્રોધિત બનેલી પ્રિયાની વાત સાંભળીને સુરેન્દ્રદત્તે કહ્યું : 'પ્રિયે, તું અત્યંત નિષ્કપટ હૃદયની છે. તારો પુત્ર છે તેમ મારો પણ પુત્ર છે. તેણે કામેચ્છાને દબાવી રાખી છે. તેને છંછેડવાથી કશો અર્થ સરશે નહિ. તું જો મૌન ધારણ કરીશ તો બધા સારા વાનાં થઈ જશે. આપણે હાથે કરીને પુત્રને ખોટા માર્ગે ન મોકલાય. તેનું પરિણામ સારું ન આવે... આ માટે તો આપણે સમયની પ્રતીક્ષા કરવી પડશે.. આપણો પુત્ર નસીબદાર છે કે જેને યૌવનકાળમાંજ શાસ્ત્ર અને ધર્મનો રંગ લાગ્યો છે.'

પણ સુભદ્રાએ સ્વામીની એક પણ વાત સાંભળી નહિ અને પુત્રના હૈયામાં કામપીડા ઉત્પન્ન થાય તે અંગેના પ્રયત્નો આદરવાની વાત પકડી રાખી.

છેવટે સુરેન્દ્રદત્ત શેઠે પ્રિયાની વાતનો સ્વીકાર કર્યો.

બીજે દિવસે સુરેન્દ્રદત્ત શેઠે કેટલાક કામશાસ્ત્રમાં પ્રવીણ હોય તેવા પુરુષોને પોતાના ભવનમાં બોલાવ્યા.

સુરેન્દ્રદત્ત શેઠે તે પુરુષોને એકાંતમાં કહ્યું : 'જુઓ, મારો પુત્ર ધમ્મિલ ધર્માનુરાગી છે. તેણે વિવાહ કર્યા છે પણ એ લગ્ન જીવનથી વિરક્ત છે. તેના હૈયામાં કામના આંદોલનો પેદા કરવાના

છે. આ કાર્ય તમારે સહજતાથી પાર પાડવાનું છે. મારો પુત્ર સંસારના સુખો માણી શકે તે રીતે તેનું મન પલટાવવાનું છે. આ કાર્ય પાછળ જે કંઈ ધનવ્યય થશે તે હું આપીશ...'

ત્રણ પુરુષોએ સુરેન્દ્રદત્ત શેઠના પુત્રના મનનું પરિવર્તન કરવાની જવાબદારી સ્વીકારી. તે ત્રણેયનાં નામ ગોપાલ, રસિક અને આનંદ હતું.

આનંદે કહ્યું : 'શેઠજી, આપના પુત્રના અંતરમાં અત્યારે ધર્મની ભાવના ભલે રમતી હોય પણ અમારા સંસર્ગમાં આવ્યા પછી તે સંસારનાં બંધનોનો રાગી બની જશે.'

'હું પણ એવું જ ઇચ્છું છું...' સુરેન્દ્રદત્ત શેઠે કહ્યું.

'આપનો પુત્ર અમને ક્યાં મળશે ?' ગોપાલે કહ્યું.

'એ ભવનમાં જ છે. હું અહીંજ બોલાવું છું. તમે ત્રણેય તેની સાથે વાર્તાલાપ કરજો...' સુરેન્દ્રદત્ત શેઠે એક સેવકને ધમ્મિલ-કુમારને બોલાવી લાવવા મોકલ્યો.

થોડીવારે ધમ્મિલકુમાર પિતાજી પાસે આવ્યો. ધમ્મિલે જોયું તો યુવાન વયના ત્રણ પુરુષો બેઠા હતા.

સુરેન્દ્રદત્તે પુત્રને આવકાર આપ્યો.

ધમ્મિલકુમારે કહ્યું :'પિતાજી, આપે મને યાદ કર્યો ?'

'હા...તું શું કરતો હતો ?'

'શાસ્ત્ર-વાચન...'

'બરાબર...અહીં મારી બાજુમાં બેસ...નગરીના આ ત્રણ યુવાનો ખૂબ જ સરસ સ્વભાવના છે. આજથી ત્રણેય તારી સાથે બહાર આવજાવ કરશે. તું એ લોકોની મૈત્રી ગ્રહણ કરજે...'

'ભલે...પિતાજી...' ધમ્મિલકુમારે કહ્યું.

સુરેન્દ્રદત્ત શેઠ આટલું કહીને ખંડ બહાર નીકળી ગયા.

આનંદે ધમ્મિલકુમાર સામે જોઈને કહ્યું : 'આપે હમણાં

જણાવ્યું કે શાસ્ત્ર–વાચન કરું છું ... ! કયાં શાસ્ત્રો વાંચો છો ? "

'ધર્મશાસ્ત્રો...ધર્મની ઊંડાણભરી બાબતોનો અભ્યાસ કરું છું...'

'વાહ... ખૂબ સરસ...'

અને થોડીવારમાં ધમ્મિલકુમાર આ ત્રણેય યુવાનો સાથે હળીમળી ગયો. ત્રણેય યુવાનો લગભગ એક પ્રહર સુધી બેસી રહ્યા. પછી વિદાય લીધી.

બીજે દિવસે ત્રણેય યુવાનો ધમ્મિલને નાટયગૃહમાં લઈ ગયા.

આઠ દિવસ બાદ પાનાગારમાં તેડી ગયા.

પંદરમે દિવસે ગણિકાભવનમાં લઈ ગયા.

અને એક દિવસે ગોપાલ, આનંદ અને રસિક ધમ્મિલને લઈને એક મોટા ઉદ્યાનમાં આવ્યા.

ઉદ્યાનમાં જળાશય હતું.

આનંદે આછા હાસ્ય સાથે ધમ્મિલને કહ્યું : 'મિત્ર, આપણી મિત્રતાને ઘણા દિવસો થઈ ગયા. અમને પણ તારા દર્શન ન થાય ત્યારે ચેન પડતું નથી.'

ધમ્મિલે જણાવ્યું : 'હું પણ ભવનમાં બેઠો હોઉં ત્યારે તમારી પ્રતિક્ષા કરતો હોઉં છું...'

ગોપાલે કહ્યું : 'મિત્ર, તને જળાશયમાં હંસની જેમ ક્રીડા કરતાં આવડે છે ?'

ત્યારે ધમ્મિલે કહ્યું : 'મિત્રો, કયારેક તમારી વાતો હાસ્યાસ્પદ હોય છે. મેં કયારેય જળાશયમાં સ્નાન કર્યું નથી...'

'કેમ...? શા માટે ?' રસિકે પૂછયું.

'એનું કારણ છે...'

'એવું તે શું કારણ છે મારા મિત્ર !' આછા હાસ્ય સાથે ગોપાલે પૂછયું.

'એમાં પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે. તેમાં ક્રીડા કરવાથી અનેક નિરપરાધીઓની હત્યા થાય. એ પાપ હું લેવા માગતો નથી...'

'ધમ્મિલકુમાર, એમાં પાપ શાનું? જો એવું જ હોય તો કોઈ જળાશયમાં સ્નાન કરે જ નહિ...જો હત્યા થતી હોય તો આપણે શ્વાસ લઈએ છીએ તેમાં પણ અનેક જીવોની હત્યા થાય છે. પાપ કે પુણ્ય જેવી કોઈ વસ્તુ નથી. તારા મનમાં જે ખોટી વિચારધારા જડાઈ ગઈ છે તેમાંથી બહાર આવ...!' આનંદ બોલ્યો.

ગોપાલે કહ્યું: 'સાચી વાત છે. આપણા અંતરને આનંદ થાય તેવી પ્રવૃત્તિ કરવામાં પાપ શું કે પુણ્ય શું?'

રસિકે પણ કહ્યું: 'આપણને જેમાં સુખ પ્રાપ્ત થાય તે વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ. પાપ-પુણ્યની પંચાતમાં પડીએ તો આ સંસારના રસભોગ માણવા જ ન મળે...'

આનંદે કહ્યું: 'ધમ્મિલકુમાર, તમે યૌવન અવસ્થા ભોગવો છો. છતાં યૌવના આંદોલનોથી વંચિત છો. યૌવનના રસગીત માનવીને પ્રિય હોય છે.'

અને ચર્ચાનું રૂપ બદલાઈ ગયું.

યૌવન વિષેની ચર્ચા શરૂ થઈ.

ધમ્મિલકુમાર ચર્ચામાં પરાજિત થયો.

એ પછી એક મહિનો પસાર થઈ ગયો. ધમ્મિલકુમારના અંતરમાં પાપ-પુણ્યની શંકા દૂર થઈ.

સંસારમાં કોઈપણ માનવીને સાચા માર્ગે લઈ જવો કઠણ છે પણ પાપના માર્ગે લઈ જવો સરળ છે.

ત્રણેય મિત્રોના સંસર્ગમાં લાંબો સમય રહેવાથી ધમ્મિલકુમારના હૈયામાં પરિવર્તનનો પવન ફૂંકાયો.

ધમ્મિલકુમારે શાસ્ત્રોનું વાચન નેવે મૂક્યું. ધર્મક્રિયા પ્રત્યેની શ્રદ્ધા ઘટી ગઈ.

એક દિવસ.

રાજસભા ખીચોખીચ ભરાઈ હતી. રાજા અમિત્રદમન રાજસિંહાસન પર બિરાજમાન હતા.

આજ નગરીની નર્તકી વસંતતિલકા રાજસભામાં તેની નૃત્યકલાની પ્રતિભા બતાવવાની હતી. આ પ્રસંગને અનુલક્ષીને મહારાજાએ નગરીના લોકોને આ કાર્યક્રમ જોવા માટે નિમંત્ર્યા હતા.

નૃત્યમંચની વ્યવસ્થા રાજસભામાં જ કરવામાં આવી હતી. ધમ્મિલકુમારના ત્રણેય યુવાન મિત્રો તથા ધમ્મિલકુમાર પણ નૃત્ય જોવા માટે આવ્યો હતો. નૃત્ય જોવા માટે મિત્રોનો આગ્રહ કામ કરી ગયો. તેના ત્રણેય રસિયા મિત્રોએ નૃત્ય તેમજ નર્તકીનાં ભારોભાર વખાણ કર્યાં હતાં.

ધમ્મિલકુમાર પુરુષ સહજ કુતૂહલવૃતિથી પ્રેરાઈને નૃત્ય જોવા આવ્યો હતો.

સભા ભવન અતિ વિશાળ હતું.

સભાભવનમાં આવેલું પ્રેક્ષકગૃહ પણ અતિ વિશાળ હતું. પ્રેક્ષકગૃહમાં આરામથી બે હજાર માણસો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. આખી રાજસભા ખીચોખીચ ભરાઈ ગઈ હતી. નગરીના અનેક લોકો પાછળના ભાગે બેસવાની જગા ન મળતાં ઊભા રહ્યા હતા.

એ સિવાય સુવર્ણની ઝીણી જાળી વડે શોભતાં એક ભાગમાં ત્રણસો જેટલી સ્ત્રીઓ બેસી શકે તેવી વ્યવસ્થા હતી. આ સ્ત્રીવર્ગમાં રાજપરિવારની સ્ત્રીઓ અગ્રભાગે બેસતી અને રાજસભાની કાર્યવાહી નિહાળતી. આજ સ્ત્રીવર્ગ પણ ઊમટી પડયો હતો.

પ્રેક્ષકગૃહની બરાબર સામે અને મધ્યમાં મહારાજા અમિત્રદમનનું સિંહાસન ગોઠવાયેલું હતું. ત્યારબાદ બાજુમાં મહામંત્રીનું

સ્થાન હતું. ત્યારબાદ મંત્રીઓ, સામંતો, ભાયાતો, ન્યાયાવતારો, પંડિતો તથા અતિથિઓને બેસવાના વિવિધ કારીગીરીવાળા શતાધિક આસનો ગોઠવેલા હતા.

રાજસભામાં નૃત્યાંગના વસંતતિલકાના સંગીતકારો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજસભાની મધ્યમાં નૃત્યમંચની ગોઠવણ કરવામાં આવી હતી. સૌ સભાજનો દેવી વસંતતિલકાનું નૃત્ય નિહાળવા ઉત્સુક બન્યા હતા. આથી આજ સભામંડપની દરેક બેઠકો ખીચોખીચ ભરાઈ ગઈ હતી. સ્ત્રીવર્ગની બેઠકોમાં આગળના ભાગે રાજપરિવારની, ભાયાતોની સ્ત્રીઓ બેઠી હતી. તેની પાછળ નગરની સ્ત્રીઓ બેઠી હતી.

આ તરફ રૂપસામ્રાજ્ઞી નૃત્યાંગના વસંતતિલકા મહારાજા આજ્ઞા આપે તેની પ્રતિક્ષા કરી રહી હતી.

મહારાજા અમિત્રદમને મહામંત્રી સામે જોયું.

મહામંત્રી મહારાજાનો સંકેત સમજી ગયા.

મહામંત્રી તેમની બેઠક પરથી ઊભા થયા અને મધુર મૃદુ સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ, તથા અત્રે પધારેલાં સર્વ સભાજનો. આજ નગરીની પ્રસિદ્ધ નર્તકી વસંતતિલકાનો પ્રથમ કાર્યક્રમ રાજસભામાં યોજાઈ રહ્યો છે. નર્તકી વસંતતિલકા આજ પોતાની નૃત્યકલા મહારાજા સમક્ષ રજૂ કરશે. આ કાર્યક્રમનું આયોજન માત્ર તેમની કલાને આભનંદવા માટે છે. રાજસભામાં આજે વિપુલ હાજરી છે. આપ સૌ શાંતચિત્તે નૃત્યને, કલાને તથા કલાકારને નિહાળજો અને પ્રોત્સાહિત કરજો... '

આટલું કહીને મહામંત્રી પોતાની બેઠક પર બેસી ગયા.

સર્વ સભાજનો પ્રેક્ષક બની ગયા.

સૌના મુખ પર દેવી વસંતતિલકાનું નૃત્ય નિહાળવાની તાલાવેલી જાગી હતી.

રાજસભાના મધ્યસ્થાને સરસ મજાનો નૃત્યમંચ તૈયાર કરવામાં આવ્યો હતો. સૌની દૃષ્ટિ નૃત્યમંચ પર હતી.

નૃત્યમંચ પર દેવી વસંતતિલકાના નૃત્યગુરુ આવ્યા.

નૃત્યગુરુએ મહારાજાની સામે જોઈને નમન કર્યા પછી સર્વ સભાજનો પ્રતિ જોઈને બોલ્યા : 'મહારાજાધિરાજ, મહામંત્રીશ્વર તથા અધિકારીગણ. તેમજ આપ સૌ પ્રેક્ષકગણ, આપ સૌના મુખ પર દેવી વસંતતિલકાનો નૃત્ય કાર્યક્રમ ક્યારે શરૂ થાય તેની ઉત્સુકતા જોઈ રહ્યો છું. થોડીવારમાં સૌની ધીરજનો અંત આવશે. એ પહેલાં હું નૃત્ય વિષે થોડું જણાવીશ...'

નૃત્યગુરુ થોડીવાર રહીને બોલ્યા : 'નૃત્યકલામાં સંગીત, અભિનય, અંગમરોડ તથા મુદ્રાનો સંગમ નિહાળવા મળે છે. અંગુલિઓના હલનચલન દ્વારા ભાવ વ્યક્ત થાય છે. લય અને તાલનું પણ એટલું જ મહત્ત્વ નૃત્યકલામાં છે. પગના ચોટદાર ઘાની અદ્‌ભુત ચોકસાઈ વગેરે આ કલાના મહત્ત્વના અંગો છે. નૃત્ય પછી ભલે ભક્તિનું હોય કે શૃંગારનું, દેવની આરાધનાનું હોય કે પ્રિયત્તમનું વશીકરણ હોય, વિરહજડિત ભાવો વ્યક્ત કરતું નૃત્ય હોય કે સમર્પણ ભાવવાળું નૃત્ય હોય. માનવ હૃદયના સહસ્રભાવો નૃત્ય દ્વારા જોવા મળે છે. નૃત્યમાં દરેક મુદ્રાનો અર્થ હોય છે. કંઈક વાત હોય છે. દરેક અભિનય પાછળ ઊંડું રહસ્ય હોય છે. નૃત્ય એ જીવનનું કલાત્મક પ્રતિબિંબ છે.'

'આજ મારી શિષ્યા આપ સૌની સમક્ષ નૃત્ય રજૂ કરે તે પહેલાં માતા સરસ્વતીની એક પ્રાર્થના રજૂ કરશે.'

નૃત્યગુરુ પોતાના સ્થાને જઈને બેસી ગયા.

નૃત્યમંચ પર દેવી વસંતતિલકાના વાદ્યકારોએ મંગલ ધ્વનિ વહેતો કર્યો. વાતાવરણમાં મધુરતા વ્યાપી ગઈ.

સૌ પ્રેક્ષકોના ચહેરા પર કુતૂહલતા હતી. દેવી વસંતતિલકાને

જોવાની તાલાવેલી હતી. કેટલાકને તેના નૃત્યમાં જ રસ હતો. ત્યારે કેટલાક રૂપના રસિયાઓને વસંતતિલકાના રૂપને દૂરથી માણવાની તાલાવેલી જાગી હતી.

નૃત્યમંચનો પટ્ટક ધીરે ધીરે ખસેડાતો ગયો.

પ્રેક્ષકોની આતુરતા વધવા લાગી...

અરે... નૃત્યમંચની વચ્ચે આ કોણ બેઠું છે... ?

સાક્ષાત મા સરસ્વતી દેવી... !

ના...ના...ના...

કોઈ શાપભ્રષ્ટ દેવકન્યા છે કે શું ?

ના...ના...ના...

એ પળ તો પ્રેક્ષકો વિચારમાં ગરકાવ થઈ ગયા.

નૃત્યપીઠની વચ્ચોવચ્ચ શ્વેત વસ્ત્રોમાં દેવી વસંતતિલકા બિરાજેલી હતી. વસંતતિલકાએ શ્વેત કમ્મરપટ્ટક, શ્વેત કંચુકીબંધ, શ્વેતરંગનું ઉત્તરીય ધારણ કર્યું હતું. કંઠમાં મોતીની માળા શોભી રહી હતી. દેવી વસંતતિલકાના દીર્ઘકેશ ખુલ્લા હતા.

આમ દેવી વસંતતિલકા ખૂબજ દીપી ઊઠી હતી. રૂપની સામ્રાજ્ઞીની જેમ શોભી રહી હતી. તેણે નૃત્યમંચ વચ્ચે જ બેઠક લીધી હતી. હાથમાં વીણા ધારણ કરેલી હતી. એ પળ તો જોનારાને એવું જ લાગે કે સાક્ષાત મા સરસ્વતી દેવી જ બિરાજ્યા છે...!

દેવી વસંતતિલકાએ પ્રેક્ષકો તરફ આછો દૃષ્ટિપાત કરીને મંગલ સ્વરે મા સરસ્વતીની સ્તુતિ ગાવી શરૂ કરી. કંઠ મધુર હતો. વાતાવરણ શાંત હતું. સૌનાં ચિત્ત પ્રાર્થના સાંભળવામાં લીન બન્યાં હતાં.

લગભગ અર્ધઘટિકા પર્યંત પ્રાર્થના ચાલી.

સર્વ પ્રેક્ષકોએ હર્ષનાદ પોકાર્યો.

પ્રાર્થના પૂરી થઈ.

તરત જ નૃત્યમંચ પર ધૂમ્રાવરણ છવાય તે પહેલાં નૃત્યગુરુએ ઊભા થઈને કહ્યું : 'હવે દેવી આપની સમક્ષ 'વિરહિણી' નૃત્ય રજૂ કરશે તે પહેલાં મહામંત્રી કંઈક ઉદ્‌બોધન કરશે...'

સૌ પ્રેક્ષકોની દૃષ્ટિ મહામંત્રી પર સ્થિર થઈ.

મહામંત્રી તેમની બેઠક પરથી ઊભા થયા.

મહામંત્રીએ મધુર સ્વરે કહ્યું : 'નૃત્યાંગના વસંતતિલકા સર્વ પ્રથમવાર રાજસભામાં નૃત્ય રજૂ કરે છે. નૃત્યના અંગભાવ તેમજ કલાની દૃષ્ટિએ નીરખીને પ્રેક્ષકોમાંથી એક વ્યક્તિ પોતાનો અભિપ્રાય રજૂ કરશે. આ માટે મહારાજા જણાવે તે વ્યક્તિ પોતાનો અભિપ્રાય નૃત્ય પૂરું થયા પછી આપશે...'

મહામંત્રી બેસી ગયા.

મહારાજાએ સમગ્ર સભાજનો પ્રતિ દૃષ્ટિ ફેરવી તેમની નજર ધમ્મિલકુમાર પર પડી અને મનોમન નિર્ણય લઈ લીધો.

મહારાજા અમિત્રદમને કહ્યું : 'નૃત્યાંગના વસંતતિલકાના નૃત્યનો અભિપ્રાય નગરશેઠ સુરેન્દ્રદત્તશેઠના પુત્ર ધમ્મિલકુમાર આપે તેવી મારી ભાવના છે...'

ધમ્મિલકુમારનું નામ રાજસભામાં ગુંજતા સૌ પ્રેક્ષકોએ હર્ષનાદ કર્યો.

ધમ્મિલકુમારના મુખ પર સંકોચના ભાવ ઉપસી આવ્યા. તે વિશાળ હાજરીમાં મહારાજાની આજ્ઞા તો ઉથાપી ન શકે તેથી તે નૃત્યમંચની નજીક એક આસન હતું ત્યાં આવ્યો અને તે આસન પર બેસી ગયો.

દેવી વસંતતિલકાએ આછેરી દૃષ્ટિ ધમ્મિલકુમાર પર નાંખી અને પછી તરત જ તૈયાર થવા માટે અંદરના ભાગે ગઈ.

ત્યાં મૃદંગનો ધ્વનિ સૌના કર્ણપટ પર અથડાયો.

વિવિધ વાદ્યોની સુમધુર સુરાવલીઓ વાતાવરણમાં છવાઈ ગઈ. સૌની દૃષ્ટિ નૃત્યપીઠ તરફ વળી. ધમ્મિલકુમારને નૃત્યાંગના વસંતતિલકાના નૃત્ય અંગેનો અભિપ્રાય આપવાનો હતો તેથી તેની દૃષ્ટિ નૃત્યપીઠ પર સ્થિર બની.

ત્યાં સૌના આશ્ચર્ય વચ્ચે નૃત્યમંચ પરનું આવરણ દૂર થયું.

નૃત્યાંગના વસંતતિલકાએ વિરહિણી બનીને પ્રેક્ષકો સમક્ષ આવી. બારીક શુભ્ર વસ્ત્રોમાં તેની સ્ફટિક સમી કાયા પ્રેક્ષકોને મોહિત કરી મૂકી.

વિરહવ્યથાની તમામ હરકતો વસંતતિલકાએ મુખ પર લાવી દીધા હતા. પિયુ પરદેશ ગયો છે. તેના કોઈ સમાચાર નથી. એક એક પળ યુગ જેવી ભાસતી હોય છે. શું કરું...? એ ભાવોને વસંતતિલકા સરસ રીતે વ્યક્ત કરવા લાગી. પણ સાથો-સાથ નૃત્યમંચની પાસે બેઠેલા ધમ્મિલકુમારને આછી નજરે જોવા લાગી. ધમ્મિલકુમારને જોઈને તેના અંતરંગમાં નવીન ભાવો પણ ઉપજી ગયા.

નૃત્ય શરૂ થયું.

પ્રેક્ષકો આતુરતાથી નર્તકીને જોતા હતા.

વાદ્યો પર સુમધુર ધ્વનિનો રણકાર શરૂ થયો.

પ્રેક્ષકગણ નૃત્ય અને નર્તકીના હાવભાવને માણવા સ્તબ્ધ બની ગયા હતા.

સુષિર વાદ્યો, તંતુવાદ્યોના ધ્વનિથી વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ હતી. મૃદંગનો ભારેખમ અવાજ સંગીતની ગંભીરતા તેમજ નૃત્યના ભાવને બરાબર રીતે રજૂ કરતો હતો.

સંગીતના લય-વિલય સાથે નર્તકીના હાથપગની અંગુલિઓ નૃત્યના રંગે રંગાવા લાગી.

અર્ધઘટિકા બાદ નૃત્ય પુરબહારમાં ખીલી ઊઠ્યું.

વિરહિણીની દશા રજૂ કરતી વસંતતિલકા નૃત્યના રંગમાં એવી રંગાઈ ગઈ હતી કે તેની આંખોમાં આંસુ સુરી પડ્યા. પ્રેક્ષકો પણ નૃત્યની ગંભીરતાને દાદ આપવા લાગ્યા.

નૃત્ય અને નર્તકી...

કલા અને કલાકાર...!

પ્રશંસા કોની કરવી ? નૃત્યની કે કલાકારની...?

ચક્ષુઓ તો હંમેશા નવીનતાને જ જોવામાં આનંદ પામતી હોય છે. પુરબહારમાં ખીલી ઊઠેલા નૃત્યમાં કવિની કલ્પના સમાઈ જવા લાગી. ચંદ્રની શિતળતા અર્પતી નર્તકીના પ્રત્યેક અંગો પાંગમાંથી વિરહની વેદના ટપકવા લાગી. શંખાકાર જેવા જણાતા નયનોમાં વિરહનું તેજ ચમકવા લાગ્યું.

ત્યાં... આ શું ?

વિરહની વેદના શાંત પડી કે શું ?

વર્ષોથી પરદેશ ગયેલો પિયુ પાછો આવ્યો...

વિરહિણીના ચિત્તમાં હર્ષનો ઉભાર ઊપસી આવ્યો.

પિયુ મિલનની ઝંખના પૂરી થઈ...

નર્તકીના ઉત્કૃષ્ટ ભાવો દર્શકોને પસંદ પડયા.

અને......

નૃત્ય હળવું બનવા લાગ્યું.

વાદ્યોનો ધ્વનિ, લય, તાલ વગેરેમાં હળવાશ આવી ગઈ.

નૃત્ય પૂરું થયું.

દર્શકો આનંદવિભોર બની ગયા.

સૌ કોઈએ પ્રસન્નતાનો સૂર વાતાવરણમાં વહાવ્યો.

રાજસભા હાજર રહેલા સૌ પ્રેક્ષકોની દષ્ટિ ધમ્મિલકુમાર પર હતી. ધમ્મિલકુમાર શું નિર્ણય આપે છે. તે જાણવા સૌ કોઈ આતુર બન્યા હતા.

ધમ્મિલકુમાર પણ નર્તકી વસંતતિલકા નૃત્યથી અત્યંત પ્રભાવિત થયો હતો તેણે માથું ધુણાવીને પોતાનો સ્પષ્ટ નિર્ણય આપી દીધો.

ધમ્મિલકુમારના નિર્ણયથી સૌ સભાજનો આનંદનો ચિત્કાર કરવા લાગ્યા.

મહારાજાએ નૃત્યાંગના વસંતતિલકાને ઉપહારમાં અમૂલ્ય રત્નોનો એક હાર અને એક માત્રમાં સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો આપ્યાં. જેનો દેવી વસંતતિલકાએ સહર્ષ સ્વીકાર કર્યો.

આ તરફ નર્તકી વસંતતિલકાને થયું કે મહારાજાએ અપૂર્વ ઉપહાર આપ્યો છે તેનું કારણ ધમ્મિલકુમાર જ છે. તેના કારણે જ મારી અને કલાની કદર થઈ છે.

વસંતતિલકા ધમ્મિલકુમાર સામે આભારની લાગણી સાથે જોઈ રહી અને ધમ્મિલકુમાર પ્રત્યે પ્રીતિ પણ જાગી. પણ તે ભાવો વસંતતિલકાએ છૂપાવી રાખ્યા. ચતુર નારી પોતાના હૈયાના ભાવોને બહાર પ્રગટ કરતી નથી.

નર્તકી વસંતતિલકા અંદરના ભાગે જમી રહી.

આ બાજુ રાજસભાને સમાપ્ત જાહેર કરવામાં આવી.

ધમ્મિલકુમાર પણ તેના ત્રણ મિત્રો સાથે પોતાના ભવન પર પાછો ફર્યો.

રસિકે માર્ગમાં જ પૂછ્યું : ' ધમ્મિલકુમાર, નૃત્ય પસંદ પડ્યું કે નર્તકી ?'

' નૃત્ય...' ધમ્મિલે ઉત્તર આપ્યો.

આનંદ બોલ્યો : ત્યારે નર્તકી પસંદ ન પડી... ?'

' મિત્રો, નર્તકી દેખાવે સારી હતી પણ તેની કલા શ્રેષ્ઠ હતી. ' ધમ્મિલકુમારે કહ્યું.

' વિરાગી માણસને બીજુ ગમે પણ શું ?'

' ભાઈ, અમને તો કલા કરતાં નર્તકી વધારે ગમી. શું રૂપ હતું... ! વાહ...વાહ...! કેવી કમનીય કાયા હતી...? અદ્ભૂત...! આપણે એકવાર તે નર્તકીના ભવને જઈશું. તું આવીશને...?'

' અત્યારે એ વિષયની ચર્ચા કરવી જરૂરી છે ? ' ધમ્મિલકુમારે કહ્યું.

આમ વાતો કરતાં કરતાં સૌ ધમ્મિલકુમારના ભવન પર પહોંચ્યા ત્યારે સુરેન્દ્રદત્તશેઠ ભવન પર જ હતા.

સુરેન્દ્રદત્તશેઠે પુત્રને જોતાં જ કહ્યું : ' ધમ્મિલ, તું રાજસભામાં ગયો હતો ?'

' હા...પિતાજી, આજે ત્યાં દેવી વસંતતિલકાનું નૃત્ય હતું. મિત્રોના આગ્રહથી ગયો હતો.'

' એ સારું કર્યું. સંસારમાં માનવીએ ધર્મક્રિયાની સાથે થોડા આવા રસિક કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ.'

રસિકે કહ્યું : ' શેઠજી, એ વાત તો બરાબર છે પણ

મહારાજાએ ધમ્મિલકુમારને વિશેષ સ્થાન આપીને બેસાડયા હતા.'

'એટલે...?' સુરેન્દ્રદત્તશેઠે આશ્ચર્યથી પૂછયું.

'નર્તકીના નૃત્યના અભિપ્રાય માટે મહારાજાએ ધમ્મિલ-કુમારને પસંદ કર્યા હતા.

'વાહ...ઘણું સરસ...' સુરેન્દ્રદત્તે કહ્યું.

ત્યાં ધમ્મિલકુમાર બોલ્યો, 'પિતાજી, નર્તકી વસંતતિલકાએ નૃત્યનો અભ્યાસ મન દઈને કર્યો લાગે છે. મને તો નર્તકીની એકાગ્રતા ખૂબ જ પસંદ પડી. આવી એકાગ્રતા ધર્મ પ્રત્યે કેળવાય તો ભવસાગર પાર થઈ જાય...'

'ધમ્મિલ, તારી વાત સાચી છે પરંતુ એ પહેલાં સંસારના સુખોને પણ જાણી લેવા જોઈએ...'

ધમ્મિલે કશો ઉત્તર ન આપ્યો. તે ઊભો થઈને પોતાના ખંડ તરફ ચાલ્યો ગયો. તેની પત્ની યશોમતીની હજુ પાછી ફરી નહોતી. આથી ખંડમાં તેને ધર્મઆરાધના કરવા માટે સરસ એકાંત મળી ગયું હતું.

ચાર દિવસ પસાર થઈ ગયા.

એક દિવસ ધમ્મિલના મિત્રો રસિક, આનંદ અને ગોપાલ સાંજના સમયે સુરેન્દ્રદત્તશેઠના ભવન પર આવ્યા.

ધમ્મિલકુમાર પેઢીએથી આવી ગયો હતો અને પોતાના ખંડમાં બેઠો હતો. ત્રણેય મિત્રો ધમ્મિલકુમારના ખંડમાં આવ્યા.

આનંદે કહ્યું: 'ધમ્મિલકુમાર, ચાલો તૈયાર થઈ જાઓ...'

'કેમ...?' ધમ્મિલે પૂછયું.

'આપણે એક નવી જગ્યાએ જવું છે...'

'કઈ જગ્યાએ?'

'એ વાત અમે અત્યારે કરીશું નહિ...' ગોપાલે કહ્યું.

'તો પછી મારે આવવું નથી...' ધમ્મિલે કહ્યું.

રસિકે આછા હાસ્ય સાથે કહ્યું : 'શા માટે આપણા પરમ મિત્રને પરેશાન કરો છો ? આપણે જ્યાં જવા ઇચ્છીએ છીએ તે સ્થળ જવાવી દેને... '

આનંદ બોલ્યો : 'ધમ્મિલકુમાર, અમે કલાની પૂજારિણી પાસે જઈએ છીએ... '

'કલાની પૂજારિણી ? '

'હા... '

'કોણ છે કલાની પૂજારિણી ?' ધમ્મિલે પ્રશ્ન કર્યો.

'દેવી વસંતાતિલકા... '

'ઓહ...ખરેખર એ કલાની પૂજારિણી છે. એના અંગેઅંગમાં કલાના ભાવ રમતા હોય છે...મારે એને મળવું છે પણ પછી ક્યારેક... '

'મળવું છે તો પછી ઊભા થાઓ... ' ગોપાલે કહ્યું.

અને ત્રણેય મિત્રો ધમ્મિલકુમારને પરાણે ભવનની બહાર ખેંચી ગયા અને ચારેય ગણિકાવાડ તરફ જવા આગળ વધ્યા.

ધમ્મિલકુમારના અંતરમાં કલાની પ્રશંસા કરવાના ભાવ રમતા હતા. નૃત્યાંગનાને અભિનંદન આપવાના ભાવ રમતા હતા. નૃત્યાંગના વસંતતિલકાના નૃત્યની ઘેરી અસર ધમ્મિલકુમારના હૈયે થઈ હતી.

ધમ્મિલકુમાર તેના મિત્રો સાથે ગણિકાવાડમાં પ્રવેશ્યો. ત્યારે તેના હૈયામાં વસંતતિલકાને મળવાના ભાવ જ રમતા હતા. વિચારોમાં પરિવર્તન આવી ગયું હતું. ત્રણ યુવાન મિત્રોની સંગતનું પરિણામ હવે નજીક હતું.

વિષયલોલુપતાને જીવનમાં સ્થાન નહિ આપવાનો અભિગ્રહ જાણ્યે કડડડભૂસ થઈને ભાંગી પડયો હતો. પાપમય વાતાવરણમાંથી

અલગ રહેવાના, મોહ તરફ દષ્ટિપાત ન કરવાના તથા નીતિમય જીવન જીવવાના ધમ્મિલકુમારના કોડ તેની આકાંક્ષાઓ જાણે લય પામી ન ગયા હોય તેવું લાગતું હતું.

પોતે જે માર્ગે ચાલી રહ્યો છે તે યોગ્ય છે કે નહિ તે વિચારવાની પણ તસ્દી લીધી નહિ.

શું ધમ્મિલકુમાર ધર્મના માર્ગેથી લથડી પડચો હતો ?

એ તો વિધિ જ જણાવશે.

ત્રણ મિત્રોના સંસર્ગથી ક્ષણભંગુર સુખ પ્રત્યે અનુરાગ જાગ્યો હતો. હૈયાના એકાદ ખૂણે આ સુખ ઉછાળા મારી રહ્યું હતું.

પરંતુ આ બધું વિચારવાની શક્તિ ધમ્મિલકુમારે ખોઈ નાખી હતી... !

પોતે લપસણા માર્ગ તરફ આગળ ધપી રહ્યો હતો એ વાતથી તે અજાણ હતો ?

જીવનમાં ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર દુશ્મનોનો પરાજય કરવો ઘણો કપરો છે. એ ચારેય દુશ્મનોને જીતનાર માનવી જીવન જીતી જાય છે. સંસાર પાર કરી જાય છે. જન્મ, જરા અને મૃત્યુનાં બંધનોમાંથી મુક્તિ મેળવે છે.

હા, એવો વિજેતા કરોડોમાંથી એકાદ મળી આવે છે. અનેક વર્ષો પછી એકાદ જ જડી આવે છે.

જગત તેને વંદે છે, નમે છે અને તેના યશોગાન ગાય છે. તેનું જીવન પોતાના જીવનમાં ઉતારવાનો યથાર્થ પ્રયત્ન કરે છે.

અને તે પ્રયત્ન કયારેક યશ પ્રાપ્ત કરાવે છે.

તેમાં પણ ઉદયની ક્ષણોની આવશ્યકતા હોય છે, જેને કર્મો ભોગવવાના બાકી છે, તેની ઉન્નતિની ક્ષણો પણ દૂર હોય છે.

કદાચ ધમ્મિલકુમાર માટે તે કારણ આવી પડચું હોય... !

ધમ્મિલકુમાર સંસ્કારી, સમજુ અને વિવેકી હતો. તે શાસ્ત્ર

અભ્યાસ અને ધર્મઆરાધન દ્વારા ઉન્નતિને માર્ગે જઈ રહ્યો હતો છતાં તેને ભોગવવાના કર્મો કંઈક બાકી હોય તેમ તેના પતનની ક્ષણો આવી લાગી.

ગણિકાવાડમાં નૃત્યાંગના વસંતતિલકાનો આવાસ હતો. ત્રણેય મિત્રોને વસંતતિલકાના ભવનની માહિતી હતી એથી તેઓ ધમ્મિલકુમારને સીધા વસંતતિલકાના ભવન પર લઈ ગયા.

ચારેય વસંતતિલકાના આવાસમાં આવેલા પ્રતીક્ષાખંડમાં બેઠાં. એક સેવિકા જળના પાત્રો મૂકી ગઈ. અને કહેતી ગઈ કે દેવી થોડીવારમાં આવશે.

ત્યારે આનંદે તે સેવિકાને કહ્યું : 'મારે દેવી સાથે અગત્યની ચર્ચા કરવી છે. જો એકાંત મળે તો...!'

રસિક અને ગોપાલ સમજી ગયા. ધમ્મિલકુમાર કશું સમજી શક્યો નહિ.

સેવિકાએ જણાવ્યું : 'આપનું નામ શું છે ? દેવી શ્રૃંગાર કરી રહ્યાં છે. હું પૂછીને આવું...'

આટલું કહીને સેવિકા અંદરના ભાગે ચાલી ગઈ અને થોડી વારે તે પાછી આવી અને આનંદને લઈને દેવી પાસે ગઈ.

આનંદ દાસી સાથે દેવી વસંતતિલકાના શ્રૃંગાર ખંડમાં આવ્યો. વસંતતિલકાએ સ્વાગત કર્યું અને સીધો પ્રશ્ન કર્યો : 'શી અગત્યની વાત કરવી છે આનંદ ?'

અહીં આનંદ અવારનવાર આવતો તેથી વસંતતિલકા તેને ઓળખતી હતી.

'દેવી, આજ હું એક નવયુવાનને લઈને આવ્યો છું. એને કામરાગમાં મત્ત બનાવવાનો છે. એ માટે જે ધન વ્યય થશે તે મળી જશે.'

'કોણ છે એ યુવાન ?'

'એનું નામ ધમ્મિલકુમાર છે. નગરીના નગરશેઠ સુરેન્દ્રદત્ત-શેઠનો પુત્ર છે.'

'રાજસભામાં નૃત્ય અંગેનો અભિપ્રાય આપનાર તો નહિ...!' વસંતતિલકાએ આશ્ચર્ય સાથે પ્રશ્ન કર્યો.

'હા...એજ નવયુવાન...! તેના અંતરમાં કામપીડા જગાવવાની છે. એ કાર્ય ખૂબ જ સાવધાનીથી કરવાનું છે. એ તારા નૃત્યકલાનો પ્રશંસક છે. કલાની વાતો કરીને ધીમે ધીમે તારી તરફ વાળજે...'

ધમ્મિલકુમાર પોતાના આવશે આવ્યો છે એ વાત જ વસંતતિલકા માટે અપૂર્વ હતી. અને તેના અંતરમાં હર્ષનો પાર ન રહ્યો. રાજસભામાં નૃત્ય રજૂ કરતી વખતે જ ધમ્મિલકુમાર આંખોમાં વસી ગયો હતો. આજ એ મનનો માણીગર પોતાના ભવને આવ્યો છે.

નૃત્યાંગના વસંતતિલકાએ આનંદને કહ્યું: 'તું ધમ્મિલકુમારને અહીં જ મોકલ...અને તમે લોકો જતાં રહેજો...ધમ્મિલકુમારને સંભાળવાની જવાબદારી મારી...'

થોડીવાર રહીને આનંદ પ્રતીક્ષાખંડમાં આવ્યો અને ધમ્મિલકુમાર સામે જોઈને કહ્યું: 'કુમારશ્રી, આપ મારી સાથે આવો...દેવી વસંતતિલકા શૃંગારખંડમાં આપની પ્રતિક્ષા કરે છે...'

ધમ્મિલકુમાર ઊભો થયો અને આનંદ સાથે ભવનના અંદરના ભાગે જવા લાગ્યો.

બન્ને શૃંગારખંડ પાસે આવ્યા. દેવી વસંતતિલકા દર્પણ સામે બેસીને તૈયાર થઈ રહી હતી. તેના અતિ દીર્ઘ કેશ ખુલ્લા હતા.

આનંદે દેવી વસંતતિલકાને કહ્યું: 'દેવી, ધમ્મિલકુમાર આવ્યા છે. તમે તેની સાથે વાતો કરો. અમે બહાર પ્રતીક્ષા કરતાં બેઠાં છીએ.'

'ભલે...' વસંતતિલકાએ ટૂંકો ઉત્તર આપ્યો. આનંદ ચાલ્યો ગયો.

ધમ્મિલકુમાર શ્રૃંગારખંડના દ્વાર પાસે જ ઊભો હતો.

વસંતતિલકા તેના સ્થાનેથી ઊભી થઈ. અને ઊભી જ રહી.

ધમ્મિલકુમાર આજ પ્રથમવાર કોઈ પરનારીના દેહને નીરખી રહ્યો હતો. વસંતતિલકા કલાની પ્રતિમા સમી શોભી રહી હતી.

ધમ્મિલકુમાર વસંતતિલકાના રૂપને જોઈ રહ્યો. વસંતતિલકાના અતિ દીર્ઘ કેશ ખુલ્લા હોવાથી સૌંદર્યમાં વધારો થયો હતો.

વસંતતિલકાએ દાસીઓને ખંડ છોડી જવાની આજ્ઞા આંખો દ્વારા આપી. દાસીઓ તરત જ ખંડ છોડીને જતી રહી.

ધમ્મિલકુમારને થયું આ એ જ નૃત્યાંગના વસંતતિલકા છે...! જેણે રાજસભામાં કલાત્મક નૃત્ય રજૂ કર્યું હતું...! માતા સરસ્વતીની પ્રાર્થનામાં તો એ સાક્ષાત દેવી સરસ્વતીની મૂર્તિ જ લાગતી હતી.

વસંતતિલકાની કલાસાધના અપૂર્વ છે...અનુપમ છે... અભૂતપૂર્વ છે...

ઘનઘોર ઘટાઓ વચ્ચે છૂપાયેલો ચંદ્ર કેવો દીપી ઊઠ્યો છે! વસંતતિલકા અનિદ્ય રૂપ ધરાવતી સુંદરી છે. અપાર રૂપની સ્વામિની...! મૃગનયની જેવા નેત્રોમાંથી ઝરતું અમૃત કોણ ઝીલવા તૈયાર ન થાય...? કંચનવર્ણી કાયામાંથી ઝરતું લલિત લાવણ્ય કોને ન આકર્ષે!

ધમ્મિલકુમાર વસંતતિલકાના અંગને નીરખીને કલ્પનાની પાંખે ચડી ગયો હતો. તે વસંતતિલકા સામે દિગ્મુઢ બનીને જોઈ રહ્યો હતો.

અરે...એના કુમળી કુંપળ જેવા સુંદર હોઠ...! કમળની

દાંડી જેવા મુલાયમ હાથ...ચંપાની કળીઓ જેવી તેની નાજુક કળામય આંગળીઓ...અને મોતીની માળા જેવી તેની દંપપંક્તિઓ ખરેખર ગમે તેવા સંયમીના હૃદયને હચમચાવવા માટે સમર્થ છે.

'વસંતતિલકા, તું કલાની પૂજારણ છો તેમ તું સૌંદર્યની સામ્રાજ્ઞી પણ છો...' ધમ્મિલકુમાર મનમાં બબડયો.

વસંતતિલકાના અંતરમાં ધમ્મિલકુમાર પ્રથમ દૃષ્ટિએ સપડાઈ ચૂકયો હતો. રાજસભાના કાર્યક્રમ વખતે વસંતતિલકા ધમ્મિલકુમારના રૂપસૌંદર્ય પ્રત્યે મોહિત થઈ હતી.

અને આજે એ મનનો માણીગર સામે ચાલીને પોતાના આવાસમાં આવ્યો હતો.

ધમ્મિલકુમારને જોઈને વસંતતિલકાનું અંતર હર્ષથી પુલકિત બની ગયું હતું. બન્ને એકબીજાનો વિચાર કરતા હતા. સમયનું બંધન જાણયે નડતરરૂપ બન્યું જ નહોતું તેમ ઘણો સમય વીતી ગયો હોવા છતાં બન્ને સ્થિર પ્રતિમાની જેમ ઊભા રહ્યા હતા.

ત્યાં એકાએક વસંતતિલકા તંદ્રામાંથી જાગૃત બની અને બોલી: 'કુમારશ્રી, દ્વાર પર આમ જ ઊભા રહેશો?'

ધમ્મિલકુમારે કશો ઉત્તર વાળ્યો નહિ. તે એમને એમ ઊભો રહ્યો. તે વસંતતિલકાના સ્નિગ્ધ રૂપને અવલોકી રહ્યો હતો.

'કુમારશ્રી, મેં આપને જણાવ્યું કે આપ આમ જ ઊભા રહેશો? આટલું કહીને વસંતતિલકા આગળ આવી અને ધમ્મિલ-કુમારનો હાથ પકડયો. ધમ્મિલકુમારના અંગેઅંગમાં ધ્રુજારી વ્યાપી ગઈ.

ધમ્મિલકુમારે કહ્યું: 'ઓહ...!'

વસંતતિલકા આછું હસી પડી: 'કુમારશ્રી, આપ વિચારોમાં એટલા ખોવાઈ ગયા હતા કે મારી હાજરીને પણ વિસ્તરી ગયા?'

'નહિ...હું કલા અને કલાની પૂજારણના વિચારોમાં

ખોવાયો હતો. ખરેખર આપનું તે દિવસનું નૃત્ય અપૂર્વ અને અદ્દભૂત હતું...આપની કલાને વ્યક્તિગત રીતે બિરદાવવા માટે જ આવ્યો છું...મારા અભિનંદન સ્વીકારશોને ?'

'કુમારશ્રી, આપે તો મારા પર અપાર કૃપા કરી છે. રાજસભામાં આપે મારી કલાને પારખીને જે ન્યાય આપ્યો ત્યારથી જ મારી અમીદૃષ્ટિ આપના પર સ્થિર થઈ હતી. આજ આપને મારા ભવનમાં આવેલા જોઈને મારું ચંચળ મન અતિ ઉલ્હાસમય બન્યું છે. મારા ઉરની ભાવના આજ સાકાર બનતી લાગે છે. હવે તો આ ભવનના સ્વામી આપ છો, મારી આ કાયાના સ્વામી પણ આપ જ છો આપ જો મારી વાતનો સ્વીકાર કરશો તો હું મારા જીવનને ધન્ય માનીશ. નહિં સ્વીકારો તો હું પ્રાણુત્યાગ કરી દઈશ અને તેનું પાપ આપના શિરે ચડશે...'

વસંતતિલકાની આ વાત સાંભળીને ધમ્મિલકુમારના હૈયામાં રમતા સદ્દવિચારો અને ધર્મની વાતો નષ્ટ થઈ. ધમ્મિલકુમારને વસંતતિલકા પ્રત્યે અનુરાગ થયો.

ભૌતિક સુખના ક્ષણિક આનંદ માટે માનવીને નીચે પટકતાં જરા પણ વાર લાગતી નથી. તે પોતાના જીવનનું ધ્યેય, પોતાનો આદર્શ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, ભાવનાને ઠોકર મારી દે છે.

ધમ્મિલકુમાર વસંતતિલકા સાથેના પ્રથમ સ્પર્શથી જ મોહાંધ બની ગયો. એક સત્વશીલ આત્માને રૂપકડી દેખાતી કાયામાં સર્વ પ્રકારનું સુખ દેખાતું હતું. તેણે જીવનના ઉચ્ચ આદર્શોને તિલાંજલી આપતાં એક પળનો પણ વિચાર ન કર્યો. અંતરમન પર ધર્મ અને ત્યાગનું સિંહાસન હતું ત્યાં ભોગ, વિલાસે સ્થાન લીધું.

એક ઘટિકા બાદ ધમ્મિલકુમારે મનોમન નક્કી કરી લીધું

કે હું વસંતતિલકાને મારી બનાવીને જ જંપીશ.

સંસારની લીલા ખરેખર કલ્પવી મુશ્કેલ છે.

ધમ્મિલકુમાર એ દિવસે પોતાના ભવને ગયો જ નહિ. ધમ્મિલકુમાર રૂપરમણી વસંતતિલકાના બાહુપાશમાં ખોવાઈ ગયો.

ધમ્મિલકુમારે વસંતતિલકાના ભવન પર આઠ દિવસ પસાર કર્યા. તેણે પોતાના કોઈ સમાચાર માતાપિતાને મોકલ્યા નહિ તેમજ કોઈને યાદ પણ કર્યા નહિ. તેને સમગ્ર સંસારનું સૌંદર્ય રૂપસામ્રાજ્ઞી વસંતતિલકામાં જ દેખાતું હતું.

જે થોડા સમય પહેલાં ધર્મ, જ્ઞાન અને શાસ્ત્રની વાતો કરનારો ધમ્મિલકુમાર આજે પગલું ચૂકી ગયો હતો. ઉન્નતિના શિખરે પહોંચેલા તેના વિચારો એકદમ રસાતાળ જઈ પહોંચ્યા હતા.

ધમ્મિલકુમારે એક રૂપવંતી ગણિકાને ખાતર પત્નીના અરમાનોને વેદી પર ચડાવવા તૈયાર થઈ ગયો હતો. તેણે તીર્થસ્વરૂપ માતાપિતાની સેવાની પણ ખેવના નહોતી રહી. કુળાભિમાન પણ અદૃશ્ય થઈ ગયું.

ધમ્મિલકુમારના આદર્શોનો ભૂક્કો બોલી ગયો હતો.

આ તરફ ધમ્મિલકુમારને કુસંગે ચડાવનાર ત્રણ મિત્રો સુરેન્દ્રદત્તશેઠને ત્યાં પહોંચ્યા અને ગણિકાને ત્યાં કુમારશ્રી અભ્યાસ અર્થે રોકાઈ ગયો છે તે વાત કરી તેમજ દરરોજ આઠ હજાર સુવર્ણમુદ્રાઓ વસંતતિલકા નૃત્યાંગનાને મોકલવાની રહેશે તે વાત પણ કરી દીધી.

પોતાનો પુત્ર વસંતતિલકાને ત્યાં રોકાઈ ગયો એ સમાચાર સાંભળીને સુરેન્દ્રદત્ત અને સુભદ્રાને ખૂબ હર્ષ થયો.

અને...

સુરેન્દ્રદત્તશેઠ રોજ નૃત્યાંગના વસંતતિલકાના ભવને આઠ

હજાર સોનામહોરો મોકલવા લાગ્યા.

ધમ્મિલકુમાર વસંતતિલકા સાથે સુખ ભોગવતો રહ્યો.

દિવસો ઘણા પસાર થઈ ગયા.

પરંતુ ધમ્મિલકુમાર પાછો પોતાના ભવને, માતાપિતા પાસે આવ્યો જ નહિ. પુત્રને ઘણા સમયથી ન જોવાથી સુભદ્રા દુઃખી થઈ ગઈ હતી.

એક દિવસ...!

# ૧૩ : : માતાપિતાની વ્યથા

એક દિવસ નગરીના નગરશેઠ સુરેન્દ્રદત્તશેઠ પોતાના ખંડમાં બેઠા હતા ત્યારે તેમની ડાબી આંખ ફરકતી હતી. વારંવાર ડાબી આંખ ફરકતી હોવાથી તેમને લાગ્યું કે કશુંક અશુભ બનશે. તેમને થયું કે શું પોતે ઘણા દિવસોથી ચાલ્યા ગયેલા પુત્રનું મુખ જોઈ શકશે નહિ ? મારું મૃત્યુ થશે તો પણ પુત્રને જોઈ શકીશ નહિ...

આ વિચાર માત્રથી સુરેન્દ્રદત્તની આંખોમાં આંસુ ઉપસી આવ્યા. સુરેન્દ્રદત્તશેઠ પોતાને જ દોષ દેવા માંડયા. મેં જ મારા પુત્રને કુસંગને માર્ગ મોકલ્યો છે એટલે મારે જ ભોગવવાનું છે.

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રા પુત્ર વિયોગથી ચિંતિત હતા. રોજ એવું વિચારતાં કે પુત્ર આજ આવશે, કાલ આવશે પણ તેમની આશા ઠગારી નીવડતી...

આ તરફ ધમ્મિલકુમાર વસંતતિલકાના મોહપાશમાં બરાબર સપડાઈ ચૂકયો હતો. માતાપિતાને છોડયાનો તેને કોઈ રંજ ;નહોતો.

આનું નામ સંસાર છે. સંસારમાં જયારે ન બનવાના કાર્યો

બનતાં રહે છે ત્યારે અશ્ચર્યની આવધિ રહેતી નથી.

એક દિવસ એવો હતો કે જ્યારે ધમ્મિલકુમાર જ્ઞાનસભર વાતોથી સૌ કોઈના હૈયા હચમચાવી નાંખતો હતો...

અને આજ... ! પોતે જ ઊંડી ખાઈમાં જઈ પડયો હતો.

ધમ્મિલકુમાર હંમેશા કહેતો: જીવમાત્ર સુખની ઝંખના કરે છે. માયા મરીચિકાથી ભર્યું સુખ, વૈભવ-વિલાસથી યુક્ત વિપુલ સુખને માનવી પૂર્ણ સુખ પામ્યાનું અંતરથી માને છે. પરંતુ તે સુખ નથી. માત્ર સુખની ભ્રમણા છે. આત્મસુખનો આનંદ અપૂર્વ છે. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સંસારના ભૌતિક સુખોને ત્યાગ્યા વગર બીજો કોઈ ઉપાય નથી. રત્નત્રયીની આરાધના માટે ત્યાગ જ મહામંત્ર બને છે. આત્મા અનાદિકાળથી કર્મના કારણે જુદી જુદી ગતિઓમાં ભટકયા કરે છે. પરંતુ જ્યારે આધ્યાત્મિક વિકાસ કરીને, સર્વત્યાગના માર્ગને અજવાળીને, તપ આરાધનામાં મગ્ન બનીને પરમપદ મોક્ષને પામે ત્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જશે. અને પરિભ્રમણા નહિ કરે. આ માટે માનવીએ પ્રયત્નશીલ થવું આવશ્યક છે. આથી આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સહેલો માર્ગ પ્રવજ્યા અંગીકાર કરવાનો છે. તપ અને આરાધનાનો પુરુષાર્થ કરવાનો છે.

આવા ઉત્તમ વિચારો અને આદર્શો ધમ્મિલકુમારના અંતરમન પરથી ભસ્મીભૂત થઈ ગયા હતા.

વિધિ પણ કેવી આકરી પરીક્ષા લઈ રહી છે... !

ધમ્મિલકુમાર... !

તેના ઉત્તમ વિચારો ગણિકાના સૌંદર્ય પાછળ નષ્ટ થઈ ગયા.

તેના આદર્શો સમીરમાં વિલીન થઈ ગયા.

તેના અંતરમનમાં કામલાલસાનું પડળ બાઝી ગયું હતું. વિષયવાસનામાં એક સત્વશીલ યુવાન કામાંધ બની ચૂકયો હતો. તે કામેચ્છાની પરિપૂર્ણ માટે માતા-પિતાનો અને પત્નીનો ત્યાગ કર્યો. એ બધાનો ત્યાગ કરવામાં તેનું હૈયું જરા પણ થડકયું નહિ હોય...!

આથી જ સંસાર વિચિત્ર કહ્યો છે.

માનવીના અંતરમાં કયારે વિચારોનું પરિવર્તન થઈ જાય છે તે કહી શકાતું નથી.

ધમ્મિલકુમાર માતાપિતાને પ્રણામ કર્યા વિના ભોજન પણ લેતો નહોતો અને આજે માતાપિતાની ભાળ મેળવવાની પણ તસ્દી લેતો નહોતો. એક દિવસ એવો હતો કે ધમ્મિલકુમારને સાધુ-મુનિરાજના દર્શન કર્યા વિના ચેન પડતું નહિં. તેને આજે મુનિરાજનું નામ સાંભળવું ગમતું નથી.

આ તરફ સુભદ્રાએ પોતાના સ્વામીને કહ્યું: 'મેં મારા પુત્રનું મુખ ઘણા દિવસોથી જોયું નથી. આપણે એને જે કામ અર્થે મોકલ્યો હતો તે સિદ્ધ થઈ ગયું છે. હવે એને આપણા ભવન પર પાછો બોલાવી લો...એના વગર ભવન સાવ સૂનું લાગે છે...'

'દેવી, તારી વાત સાચી છે. પણ આ તો આપણી ભૂલ છે. આપણે જ પુત્રને ત્યાં મોકલ્યો હતો. પુત્રને કુસંગના માર્ગે ચડાવવામાં આપણો જ સહકાર હતો. હું માનતો નથી કે આપણો પુત્ર પાછો ભવન પર આવે ? આપણી પુત્રવધૂ કયાં છે ?'

'સ્વામી, પુત્રવધૂ યશોમતી તેના ખંડમાં છે પણ તેના મુખ સામે હું જોઈ શકતી નથી. તે પોતાનો સમય ધર્મ આરાધનામાં પસાર કરે છે...મારી આપને વિનંતી છે કે આપ એકવાર તે ગણિકાને ત્યાં જાઓ અને ધમ્મિલને લઈ આવો...' સુભદ્રા રડી પડી.

'દેવી, શાંત થા...આપણે ભૂલ કરી તો એનું પરિણામ પણ પણ ભોગવવું જોઈએ. તું કહે છે તેમ હું ગણિકાવાડમાં જઈશ તો કેવું લાગશે ?'

'સ્વામી, પુત્રથી આબરુ વિશેષ નથીને ?'

'ભલે...હું તારી દરેક ઇચ્છાઓ સંતોષતો આવ્યો છું. તારી આ ઇચ્છા પણ પૂરી કરીશ.' સુરેન્દ્રદત્તશેઠે કહ્યું.

બીજે દિવસે સંધ્યા પછી સુરેન્દ્રદત્તશેઠ ચાલતા ચાલતા ગણિકાવાડ તરફ આવવા નીકળ્યા.

આમ તો સુરેન્દ્રદત્તશેઠને ગણિકાવાડમાં જતાં ક્ષોભ થતો હતો. કારણ કે તેઓ નગરીના નગરશેઠ હતા. નગરજનોમાં ખૂબ જ માન હતું. ગણિકાવાડમાં જવું અને લોકોની દૃષ્ટિમાં પડવું એ અત્યંત ક્ષોભભર્યું લાગતું હતું. પરંતુ પત્નીના કહેવાથી તેમજ પુત્રના વિરહે ઝૂરતા પિતાને પુત્રના મેળાપ માટે એ રસ્તે જવામાં પાપ કે શરમ જેવું કંઈ જ લાગ્યું નહિ...

અને ત્યાં જ ગણિકાવાડ આવી ગયું.

એક રાહદારીને રોકીને સુરેન્દ્રદત્તશેઠે દેવી વસંતતિલકાના ભવન વિષે પૂછ્યું.

રાહદારીએ તરત જ આંગળી ચિંધીને સુરેન્દ્રદત્તશેઠને વસંત-તિલકાનું ભવન બતાવ્યું. રાહદારી નગરશેઠને આ વિસ્તારમાં જોવાથી આશ્ચર્ય પામી ગયો તેમજ ગણિકાના ભવન વિષે પૃચ્છા કરવાથી તેનું આશ્ચર્ય વધી ગયું. છતાં રાહદારી કશું બોલ્યા વિના તેને માર્ગે ચાલ્યો ગયો.

સુરેન્દ્રદત્તશેઠ વસંતતિલકાના ભવન પાસે આવી ગયા. તેઓ નૃત્યાંગના વસંતતિલકાના ભવનના દ્વારે આવ્યા. દ્વારરક્ષકે સુરેન્દ્રદત્તશેઠને અંદર જતાં રોકયા.

દ્વારરક્ષકે પ્રશ્ન કર્યો : 'કોનું કામ છે ?'

'ભાઈ, મારે મારા પુત્ર ધમ્મિલકુમારને મળવું છે...' સુરેન્દ્રદત્તશેઠે નમ્ર બનીને કહ્યું.

'આપ અંદર જઈ શકશો નહિ...' દ્વારરક્ષકે રૂવાબભેર સ્વરમાં કહ્યું.

સુરેન્દ્રદત્તશેઠે કહ્યું : 'ભાઈ, આમ ન બોલ...હું તેનો બાપ છું...'

'આપ અહીં ઊભા રહો...દેવીને પૂછીને આજ્ઞા મેળવી લઉં...' દ્વારરક્ષક ભવનના અંદરના ભાગે આવ્યો.

દ્વારરક્ષકે દેવી વસંતતિલકા અને ધમ્મિલકુમાર જે ખંડમાં બેઠા હતા ત્યાં આજ્ઞા મેળવીને આવ્યો અને નમન કરીને કહ્યું : 'દેવી, ધમ્મિલકુમાર શેઠના પિતાજી આવ્યા છે અને તેઓ તેના પુત્રને મળવા માગે છે. આપ આજ્ઞા આપો તો અંદર મોકલું ?'

ધમ્મિલકુમારે ઉત્તર આપ્યો : 'મારા પિતાશ્રી...? આ વિસ્તારમાં આવ્યા છે ? તું એમને અંદર આવવા દેતો નહિ...કહેજે કે પુત્ર મળવા માગતો નથી...'

દ્વારરક્ષકે કહ્યું : 'ભલે...જેવી આપની આજ્ઞા...'

દ્વારરક્ષક ચાલ્યો ગયો અને દરવાજા પાસે આવ્યો. તેણે સુરેન્દ્રદત્તશેઠને કહ્યું : 'શેઠજી, આપ અંદર જઈ શકશો નહિ. આપના પુત્ર ધમ્મિલકુમાર આપને મળવા માગતા નથી. આપ જઈ શકો છો...'

'ભાઈ, હું એને મળ્યા વગર જઈશ તો તેની માતાને શું જવાબ આપીશ ? એ તો અત્યારે ઝુરી ઝુરીને પાગલ જેવી થઈ ગઈ છે...ભાઈ, મને એકવાર તેની પાસે લઈ જા...'

'મને લાગે છે કે તમે સીધી વાત સમજતા નથી. તમે સીધી રીતે ચાલ્યા જાઓ છો કે પછી ધક્કા મારીને દૂર કરીએ ?' દ્વારરક્ષકે નિર્દયતાભર્યા અવાજમાં કહ્યું.

સુરેન્દ્રદત્તશેઠ...નગરીના નગરશેઠ...રાજ્યમાં ખૂબ જ ઊજળું અને અપૂર્વ નામ...તેની સામે એક નાનો માણસ આવું બોલી શકે ?

સુરેન્દ્રદત્તશેઠની આંખોમાં આંસુ ઊપસી આવ્યાં.

પણ દ્વારરક્ષકને શેઠના આંસુની કોઈ કિંમત નહોતી.

સુરેન્દ્રદત્તશેઠ ન હાલ્યા કે ન ચાલ્યા.

અને ગુસ્સામાં દ્વારરક્ષકે સુરેન્દ્રદત્તશેઠને ધક્કો માર્યો.

સુરેન્દ્રદત્તશેઠ ત્યાં ગબડી પડયા...!

નગરીના નગરશેઠને એક દ્વારરક્ષકે ધક્કો મારીને પછાડયા...! નગરશેઠનો હાથ ઝાલીને ઊભા કરનાર કોઈ નહોતા.

પુત્રને મળવાની ઝંખનામાં સુરેન્દ્રદત્તશેઠ અપમાન સહન કરવા તૈયાર હતા. નાનપણથી કોઈની પણ આવી ધૃષ્ટતા સહન ન કરનાર પિતાએ આજે પોતાના પુત્રના અવિચારી કૃત્યના કારણે એક મામુલી માણસે આચરેલો તિરસ્કાર સહેવો પડયો.

અને...

અત્યંત વેદનાભર્યા હૈયે સુરેન્દ્રદત્તશેઠ પોતાના ભવન તરફ પાછા ફર્યા. શેઠાણી સુભદ્રાદેવી સ્વામીની વાટ જોતાં બેઠાં હતાં. શેઠાણીને મનમાં પાકો વિશ્વાસ હતો કે મારો પુત્ર તેના પિતાને જોતાં હરખથી ઘેલો થઈ ગયો હશે અને તરત જ અહીં આવવા માટે રાજી થઈ ગયો હશે...બન્ને પિતા-પુત્ર સાથે જ આવતાં હશે.

રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થવાની તૈયારી હતી.

સુરેન્દ્રદત્તશેઠ પોતાના ભવનમાં એકલા આવ્યા. તેમનું મુખ નિસ્તેજ થઈ ગયું હતું.

સુભદ્રા સ્વામીને એકલા આવેલા જોઈને તેમજ મુખ નિસ્તેજ જોઈને કંઈક અમંગળ થયાની શંકા જાગી. તેના હૈયામાં ધાસ્કો પડયો.

સુરેન્દ્રદત્તશેઠ વસ્ત્રો બદલાવ્યા વગર ખંડમાં પડેલી એક

નાની ગાદી પર ફસડાઈને પડચા. તેમનું સ્વાસ્થ્ય ઠીક નહોતું. દ્વાર-રક્ષક દ્વારા થયેલા અપમાનને કારણે હૈયામાં જાણે વજ્રઘાત પડચો હોય તેવો અનુભવ થતો હતો.

પુત્રવધૂ યશોમતી તરત જ જળનું પાત્ર લઈને આવી. સુરેન્દ્ર-દત્તશેઠે પાણી પીધું.

સુભદ્રાશેઠાણીએ પુત્રવધૂથી હાજરીની દરકાર કર્યા વિના પોતાના સ્વામીનું મસ્તક ખોળામાં લીધું.

આ દૃશ્ય જોઈને યશોમતીની આંખોમાં ચોધાર આંસુની ધારા વહેવા લાગી.

વાતાવરણ ગમગીન બની ગયું.

સુભદ્રા શેઠાણી અને યશોમતીની આંખોમાં આંસુ સુકાતાં નહોતાં.

કોઈ કશું બોલતું નહોતું.

આમને આમ એક ઘટિકા પસાર થઈ ગઈ.

આ તરફ સુરેન્દ્રદત્તશેઠનું હૈયું પણ દ્રવી ઊઠયું હતું.

જે પુત્ર માટે, જે પુત્રના સુખ માટે માતા-પિતા અનેક સંકટોનો સામનો કરે, તેજ પુત્રના પાપે, અવિચારી કૃત્યને કારણે એક સામાન્ય કહેવાય તેવા માણસના હાથે તિરસ્કારનો ભોગ બનવું પડે, એના જેવું દુ:ખ કે પરિતાપ અન્ય કયો હોઈ શકે?

યશોમતી એક સ્વચ્છ પાત્રમાં નિર્મળ જળ ભરી લાવી અને મોં ધોવા માટે એક ખાલી પાત્ર પણ લેતી આવી.

સુરેન્દ્રદત્તશેઠે જળ ગ્રહણ કર્યું. એનાથી મુખ સ્વચ્છ કર્યું. જળપાન કર્યું. પછી કંઈક શાંત પડચા.

સુભદ્રાએ સ્વામી પાસે શું હકીકત બની છે તે જાણવા માગ્યું ત્યારે સુરેન્દ્રદત્તશેઠે આજે બનેલી ઘટનાની તમામ વિગતો કહી સંભળાવી. સુરેન્દ્રદત્તશેઠની વાત સાંભળીને સુભદ્રા તથા યશોમતી ભારે ખેદ પામ્યા.

આ પ્રસંગે સુરેન્દ્રદત્તશેઠે પત્ની તથા પુત્રવધૂને એવી હૈયાધારણ

આપી કે પોતે આ અંગે તેના ત્રણેય મિત્રોને ત્યાં મોકલશે. અને ધમ્મિલકુમારને સમજાવીને પાછો લઈ આવશે. હવે દુઃખના દહાડા વધુ નથી.

એક તરફ માતાનું કરુણામય હૃદય હતું.

જ્યારે બીજી તરફ પત્નીનું સ્નેહથી છલકતું હૃદય હતું.

સુરેન્દ્રદત્તશેઠે હૈયાધારણ તો આપી પણ ધમ્મિલકુમાર ખરેખર પાછો આવશે ખરો ? એ પ્રશ્નનો જવાબ સુભદ્રા કે યશોમતીને ન મળ્યો.

ત્રણેય સાદગીભર્યું જીવન વ્યતિત કરતા હતા. ધર્મ પ્રત્યે વધારે શ્રદ્ધા દાખવવા માંડયા. દરરોજ શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયામાં મગ્ન રહેવા લાગ્યા. વૈભવ, ભોગવિલાસ માણવાનો ઉત્સાહ તો ધમ્મિલકુમાર જતો રહ્યો ત્યારથી જ વિલય પામ્યો હતો. સુરેન્દ્રદત્તશેઠ હવે વેપારમાં પણ બરાબર ધ્યાન આપતા નહોતા આને કારણે વેપારમાં પણ અસર પહોંચી હતી. પહેલાં જેવી સાહ્યબી રહી નહોતી. પહેલાં જેટલા સુખ–સામગ્રીનાં સાધનો પણ રહ્યાં નહોતાં. સુભદ્રાશેઠાણીએ અનેક દાસ–દાસીઓને મુક્ત કરી દીધા હતા. જોકે એ વાતનો કોઈ પણ રંજ ત્રણેયમાંથી કોઈને નહોતો. ત્રણેયના અંતરમાં ધમ્મિલકુમાર પાછો ભવનમાં આવે અને પોતાની સાથે રહે તેવી કામના પ્રવર્તતી હતી.

પરંતુ ત્રણેયના અંતરમાં રમતી આશા ફળિભૂત થશે તે કોઈ કહી શકે તેમ નહોતું. પુત્રને બોલાવવા ગયા તો તેમાં સફળતા ન મળી. એ વાતનું પારાવાર દુઃખ સુરેન્દ્રદત્તના હૈયાને પીડા આપી રહ્યું હતું.

આમ સુરેન્દ્રદત્તશેઠના ભવનમાં ત્રણ હૈયાં દુઃખના પરિતાપથી શેકાતા હતા. તેમના હૈયાને હચમચાવી મૂકતી વેદનાનો અંત નહોતો. પણ કોઈ ઉપાય પણ નહોતો.

એક તરફ દુઃખનો પરિતાપ, બીજી તરફ ધમ્મિલકુમાર સુખ, ભોગવિલાસમાં પરિતૃપ્તિની અનુભૂતિ કરી રહ્યો હતો. ભોગવિલાસ મસ્તીમાં તે પોતાની જાતને પણ વિસરી ગયો હતો.

આનું નામ જ સંસાર છે...!

રૂપરમણી નૃત્યાંગના વસંતતિલકાના દેહ સૌષ્ઠવમાં જ ધમ્મિલકુમારને જગતભરનું સુખ મળી રહ્યું હતું. પોતે કોનો પુત્ર છે? પોતે કોણ છે? પોતે ગ્રહણ કરેલો માર્ગ શિષ્ટ છે કે અનિષ્ટ? પોતે કયા કુળનો છે વગરે વાતો તેના માનસપટ પરથી તો ક્યારનીય વિદાય લઈ ચૂકી હતી.

નૃત્યાંગના વસંતતિલકાના અપાર રૂપની છબી તેના હૈયા પર છવાઈ ગઈ હતી. વસંતતિલકાનું દેહલાલિત્ય તેનું જીવન બની ચૂક્યું હતું.

જ્યારે ધમ્મિલકુમારના માનસપટ પર, અંતરમન પર વસંતતિલકા જ છવાયેલી હોય ત્યારે અન્ય વિચારોનો અવકાશ ક્યાંથી સંભવે?

પોતાના આ કૃત્યથી પિતાની આબરૂને કેવું કલંક લાગ્યું હશે? માતાપિતા અને પત્નીના હૈયામાં કેવી વેદના થતી હશે? યૌવનકાળમાં ઝુલતી આશાભરી પત્ની યશોમતીનો આત્મા સ્વામી વગર કેવો કકળતો હશે, કેટલી વિરહવેદનાઓ સહન કરતો હશે? વગેરેમાંથી કોઈપણ વિચાર તેના અંતરમનને સ્પર્શતો નહોતો.

જોકે શરૂઆતમાં માતાપિતા અને પત્નીની યાદ સતાવતી પણ વસંતતિલકાના કામણમાં બધું ભૂલી જતો...હવે તો માતાપિતા તથા પત્નીને સાવ વિસરી ચૂક્યો હતો.

વસંતતિલકાના હૈયામાં સ્વાર્થ કરતાં પ્રેમની માત્રા વિશેષ હતી. વસંતતિલકાએ પોતાનો દેહ ધમ્મિલકુમારના ચરણોમાં અર્પણ કરી દીધો હતો. ધમ્મિલકુમારનું ગૌરવ ભવનમાં ખૂબ જ જળવાતું હતું. આજે પણ વસંત તિલકાને ત્યાં સુરેન્દ્રદત્તશેઠ રોજની આઠ હજાર સુવર્ણમુદ્રાઓ મોકલતા હતા.

વસંતતિલકા ધમ્મિલકુમારનો પૂરો આદર કરતી. અને તેને પોતાના હૈયામાં પતિ તરીકેનું સ્થાન આપ્યું હતું. અને એ રીતે જ રહેતી હતી. વસંતતિલકાએ જાહેરમાં નૃત્યના કાર્યક્રમો આપવા બંધ કર્યા હતા. કેવળ ધમ્મિલકુમાર સામે જ નૃત્ય કરતી.

ધમ્મિલકુમારને વસંતતિલકા સિવાય બીજા કશામાં રસ નહોતો.

વસંતતિલકાનું રૂપ અપૂર્વ અને અનિદ્ય હતું. યૌવનના બાગમાં પ્રવેશી ચૂકેલી તેની નાજુક નમણી કાયા આરસમાંથી કોતરી કાઢેલી કોઈ પુતળી જેવી શોભી રહી હતી. તેના કંઠમાંથી નીકળતા સુમધુર સ્વરો વીણાના માધુર્યને પણ શરમાવે તેવા હતા.

આમ તો વસંતતિલકાએ નાની વયે જ સર્વ કલાઓ પર અજબનું પ્રભુત્વ મેળવ્યું હતું. વસંતતિલકાએ કામશાસ્ત્રના અભ્યાસની સાથે જીવનસાહિત્યનું જ્ઞાન પણ મેળવ્યું હતું. એ કારણે તેનામાં વિનયશીલતા અને વાણી માધુર્ય બાલ્યકાળથી વરી ચૂકયા હતા. રસિકતા અને વિનોદ કૌશલ્યના ગુણો તે મોટી થતાં આપોઆપ આવી ગયા. લલિતકલાએ તેના સૌંદર્ય સાથે મૈત્રી બાંધી ચૂકી હતી. એ સર્વ કલાઓની સિદ્ધિથી તે પોતાના પ્રેમીને વધુને વધુ આકર્ષી રહી હતી.

વસંતતિલકાએ તેની માતા પાસેથી સંગીતકલા, નૃત્યકલા અને અભિનય કલાનું પૂર્ણ જ્ઞાન મેળવ્યું હતું. તે સર્વ જ્ઞાન તે તેના સ્વામી ધમ્મિલકુમારને રીઝવવામાં વાપરવા લાગી.

વસંતતિલકાને પોતાના ગણિકા વ્યવસાય કરતાં એક પતિમાં મસ્ત બનીને રહેવાનું વધુ પસંદ પડવા લાગ્યું. કારણકે તે માનતી હતી કે ગણિકાના જીવન કરતાં એક પુરુષને પતિ તરીકે સ્વીકારી સેવો અને તેની સાથે જીવન વ્યતિત કરવું શ્રેષ્ઠ છે. એક નર્તકી તરીકે જીવન જીવીને પોતાનું નૃત્ય વિલાસી અથવા તો કામાતુર,

રૂપના રસિયાઓ આગળ વેડફી નાંખવા કરતાં એક જ પુરુષને પ્રેમી તરીકે, પતિ તરીકે સ્વીકારી લઈને તેના ચરણોમાં તે કલા રજૂ કરવામાં આવે તો એનો આનંદ અપૂર્વ છે.

વસંતતિલકાની માતા પુત્રીના આવા વિચારોથી વિરૂદ્ધમાં હતી. તેની માતા માનતી કે દરેક પુરુષને કામજાળમાં ફસાવીને તેની પાસેથી ધન પડાવવું જોઈએ. તેની માતા રોજ એક દાસને સુરેન્દ્રદત્તશેઠને ત્યાં મોકલીને આઠ હજાર સોનામહોર મંગાવી લેતી. આ ક્રમ હજુ સુધી તૂટયો નહોતો.

આજનો દિવસ કંઈક જુદો જ હતો.

વસંતતિલકા આજ અત્યંત આનંદમાં હતી. તેણે પોતાની સર્વકલાઓ સ્વામીના ચરણમાં ધરી દેવાનો મનોમન નિશ્ચય કર્યો.

વસંતતિલકાએ પરિધાન કરેલાં વસ્ત્રોની સજાવટમાં નવીનતા વરતાતી હતી. આછા વાદળી રંગનો કમ્મરપટ્ટક, કંચુકીબંધ પણ એજ રંગમાં હતો. દેહને આવરી લેતું બારીક મુલાયમ ઉપવસ્ત્ર પણ એજ રંગનું હતું. તેણે પગમાં ઝાંઝર પહેર્યાં હતાં. જ્યારે હાથમાં કંકણોની હાર લાગી હતી, કંઠમાં સાચા હીરાનો હાર ઝગમગી રહ્યો હતો. વેણીમાં રત્નોની દામણી શોભી રહી હતી.

વસંતતિલકાએ સુંદર આભુષણો અને વસ્ત્રો પરિધાન કરીને ધમ્મિલકુમાર જ્યાં બેઠો હતો તે ખંડમાં આવી.

ધમ્મિલકુમારની દષ્ટિ દ્વાર પાસે આવી પહોંચેલી વસંતતિલકા પર ગઈ. તે અવાચક બની ગયો. ધમ્મિલકુમારને થયું કે આ વસંતતિલકા છે કે આકાશમાંથી ઉતરી આવેલી કોઈ અપ્સરા...! ધમ્મિલકુમાર તેના અગાધ રૂપને જોઈ જ રહ્યો.

ધમ્મિલકુમાર જ્યારથી વસંતતિલકાના ભવનમાં આવ્યો હતો ત્યારથી રોજ વસંતતિલકા નીતનવીન ભાસતી હતી...

વસંતતિલકા આછું હાસ્ય બીછાવીને ધમ્મિલકુમાર પાસે આવી. ધમ્મિલકુમારે મૃદુ હાસ્ય પાથરીને મીઠો સત્કાર કર્યો.

ધમ્મિલકુમાર વસંતતિલકાના નીરખી ઊઠેલા સૌંદર્યની પ્રશંસા કરતાં કહ્યું, ' પ્રિયે, આજ તો તું ભુવનમોહિની લાગે છે... તને નીરખ્યા પછી કોણ સ્વર્ગની કામના કરે ? '

વસંતતિલકા નજીક આવી. અને ધમ્મિલકુમારની અડોઅડ બેસી ગઈ.

' પ્રિયે, આજ તારા રૂપનો નિખાર ખીલી ઊઠયો છે. '

' સ્વામી, એ તો આપનો મારા પ્રતિનો પ્રેમ છે. '

' પ્રિયે, તને જોઈને સંસારના બધા સુખો, દુઃખો ભૂલી જાઉં છું. હું તો કેવળ તારું જ સાંનિધ્ય ઇચ્છું છું... '

' સ્વામી, હું પણ આપના સાંનિધ્યની તરસી છું...' કહીને વસંતતિલકા ધમ્મિલકુમારની બાહોમાં પોતાનું મસ્તક છુપાવી દીધું.

અને ધમ્મિલકુમારે વસંતતિલકાના અધર પર એક ચુંબન ચોડી દીધું.

વસંતતિલકાએ હળવેકથી બાહુબંધનમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરતાં કહ્યું :' સ્વામી, ખંડનું દ્વાર ખુલ્લું છે...'

' ઓહ...! ' ધમ્મિલકુમાર દ્વાર ભણી જોઈ રહ્યો. અને પ્રિયાને બાહુબંધનમાંથી મુક્ત કરી.

વસંતતિલકાએ ધમ્મિલકુમારને પ્રસન્ન કરવા નૃત્યનો આરંભ કર્યો. નથી કોઈ મૃદંગવાદક કે નથી કોઈ સંગીતના વાદ્યો.

ખંડમાં માત્ર બે જ જણાં હતાં.

ધમ્મિલકુમાર અને વસતતિલકા.

ધમ્મિલકુમાર એકાગ્રતાથી નૃત્યને માણી રહ્યો હતો. ક્યારેક ક્યારેક ભાવવિભોર બનીને હર્ષના ઉદ્‌ગાર પણ રેલાવી દેતો હતો.

વસંતતિલકા નૃત્ય કરવામાં તન્મય બની હતી. આજનું તેનું લાલિત્યમય નૃત્ય ભલભલા યોગીને ચલાયમાન કરવા માટે સમર્થ હતું.

એક ઘટિકા પસાર થઈ ગઈ.

વસંતતિલકાએ નૃત્ય પૂરું કરીને સ્વામીના ખોળામાં જઈ ચડી.

ધમ્મિલકુમારે ભાવવિભોર બનીને કહ્યું : 'વાહ...વસંત, આજ તારું નૃત્ય ખીલી ઊઠયું...ખરેખર આજે જ તારી નૃત્યકલાને જાણી શકયો છું.'

વસંતતિલકાએ કશો ઉત્તર ન આપ્યો. પણ તે મૃદુ હસી પડી. શરમથી લાલચોળ બની ગયેલા તેના કોમળ ગાલ ધમ્મિલ-કુમારનું આકર્ષણ બન્યા. તેણે તેને પોતાના બન્ને હાથે ઉઠાડીને પોતાની બાજુમાં બેસાડી.

બન્નેની વાતચીતનો દોર આગળ ચાલે તે પહેલાં જ ખંડના દ્વાર કોઈએ ખખડાવ્યા.

બન્નેને થયું કે આવી મધુર પળોમાં વિક્ષેપ પાડનાર કોણ હશે ?

વસંતતિલકાને થયું કે કોઈ અગત્યના કાર્ય વગર તો દ્વાર પર ટકોરા મારવાની હિંમત તો ન જ કરે ?

નૃત્યાંગના વસંતતિલકાએ સ્વામીની પ્રશંસા પ્રાપ્ત કરવા ખાતર આજે સર્વશ્રેષ્ઠ નૃત્ય રજૂ કર્યું હતું. નૃત્ય પૂરું થયા પછી તે સ્વામી ધમ્મિલકુમારની બાજુમાં બેસી ગઈ. ત્યાં સાદી રીતે બંધ કરેલા દ્વાર પર બે ટકોરા પડ્યા.

ટકોરાના અવાજથી વસંતતિલકાને તથા ધમ્મિલકુમારને વિસ્મય થયું કે અત્યારે કોણ હશે ? અને આવો પ્રશ્ન મનમાં થાય તે સ્વાભાવિક હતો.

ટકોરાના અવાજથી વસંતતિલકા સતર્ક થઈ. તે પોતાના પ્રિયતમના ભૂજપાશમાંથી અળગી થઈને દૂર બેસતાં બોલી : ' જે હોય તે અંદર આવે...'

સાદું અટકાવેલું દ્વાર ખૂલ્યું.

વસંતતિલકાની એક દાસીએ પ્રવેશ કર્યો.

દાસીએ નમન કરીને કહ્યું : ' શેઠજીને કોઈ મળવા માટે આવ્યું છે...'

ધમ્મિલકુમારને આશ્ચર્યનો પાર ન રહ્યો. તે બોલી ઊઠયો : ' મને ? ' તેને થયું કે આવા સમયે અને આવા સ્થળે મને મળવા કોણ આવે ?

ધમ્મિલકુમાર એ વાતથી અજ્ઞાત હતો કે તેના પિતાએ પોતાના પુત્રની મુલાકાત માટે સ્વમાનભંગનો તમાચો ખાધો હતો. ધમ્મિલકુમારને એ વાતની પણ ખબર નહોતી કે વસંતતિલકાની માતા તેના પિતા પાસેથી રોજ આઠ હજાર સુવર્ણમુદ્રાઓ મંગાવે છે ?

ધમ્મિલકુમારનું આશ્ચર્ય શમે તે પહેલાં દાસી બોલી ઊઠી : ' જી...શેઠજી, આપને જ મળવા માટે કોઈ આવ્યું છે ? '

' તેનું નામ શું છે ? '

' આવનાર વ્યક્તિએ કહ્યું છે કે મારા નામની જરૂર નથી. તું કેવળ મારા આગમનનો સંદેશો જ તેને પહોંચાડ.'

ત્યાં અત્યાર સુધી મૌન બેઠેલી વસંતતિલકાએ કહ્યું : ' તું ફરીથી તે વ્યક્તિ પાસે જા અને તેનું નામ જાણીને આવ...'

દાસી નમન કરીને ચાલી ગઈ.

વસંતતિલકાને આવા રંગમાં ભંગ પડાવવા આવનાર વ્યક્તિ પર અત્યંત ક્રોધ ચડયો. તેની માતા બહાર ગઈ હતી. જો તે હાજર હોત તો તે પોતે જ આવનારનું અપમાન કરીને રવાના કરી આપત, પરંતુ આવનારનું સદ્‌ભાગ્ય સારું હતું.

થોડીવારમાં તે દાસી પાછી આવી અને નમન કરીને બોલી : ' દેવી તે વ્યક્તિ પોતાનું નામ આપવાની ના પાડે છે. કહે છે કે ધમ્મિલકુમારને કહો કે તેનો એક મિત્ર મળવા માટે આવ્યો છે.'

વસંતતિલકાનો ગુસ્સો પ્રબળ બન્યો. તે ઊંચા અવાજે બોલી : ' એવો તે કયો મિત્ર છે કે જે પોતાનું નામ છૂપાવવા માગે છે ? '

આ તરફ ધમ્મિલકુમાર વિચારવા લાગ્યો કે પોતાને કયો મિત્ર મળવા આવ્યો હશે ?

ધમ્મિલકુમારે થોડીવાર વિચાર કર્યો પણ કોઈ મિત્ર યાદ આવતો નહોતો.

ક્યાંથી આવે ?

ભોગવિલાસ અને રૂપમાધુર્યની ઘેલછામાં કોઈપણ માનવી સમગ્ર વિશ્વને ભૂલી જતો હોય છે. તેમાં ધમ્મિલકુમારનો શો દોષ !

ધમ્મિલકુમારે વસંતતિલકા સામે જોઈને કહ્યું : 'પ્રિયે, મને જોઈ આવવા દે કે મારો કયો મિત્ર અહીં આવ્યો છે ?'

આમ કહીને ધમ્મિલકુમાર ઊભો થવા જતો હતો ત્યાં વસંતતિલકાએ તેને રોક્યો, પછી બોલી : 'સ્વામી, તમે બેસો, હું જ જઈને જોઉં છું...આપ નાહકની તસ્દી ન લો...'

પ્રિયાના શબ્દોની અસર ધમ્મિલકુમારને થઈ. તે ઊભો ન થયો. વસંતતિલકા તેના આસન પરથી ઊભી થઈ અને ખંડ બહાર જવા લાગી.

ત્યાં તો ધમ્મિલકુમાર પણ ઊભો થયો. તેને કુતૂહલ થયું કે મારો કયો મિત્ર આવ્યો છે જરા જોઈ લઉં...આમ વિચારીને તે વસંતતિલકાની પાછળ પાછળ ખંડ બહાર નીકળ્યો.

ધમ્મિલકુમારે જોયું તો મિત્ર આનંદ ઊભો હતો.

ધમ્મિલકુમાર આગળ આવ્યો. પોતાના મિત્રને જોતાં જ આનંદિત બની ગયો.

ધમ્મિલકુમારે કહ્યું : 'અરે...આનંદ ઘણા દિવસે દેખાયો ? કુશળ છોને...?'

'હા...કુમાર, હું તો કુશળ છું. ઘણા દિવસો પસાર થઈ ગયા એટલે મનમાં થયું કે મારા મિત્રની ખબર કાઢી આવું ? તું તો કુશળ છોને...?'

'હા...તારા આગમનથી મને આનંદ થયો.' ધમ્મિલકુમારે કહ્યું.

વસંતતિલકા થોડીવાર ઊભી રહી અને બન્નેને એકલા છોડીને અંદરના ભાગે ચાલી ગઈ.

ખંડમાં માત્ર બે જણા હતા.

આનંદ અને ધમ્મિલકુમાર.

આનંદ થોડીવાર વિચારમાં પડી ગયો. મિત્રની વિચાર-મગ્ન દશા જોઈને ધમ્મિલકુમાર બોલ્યો : 'શું વિચારમાં પડી ગયો ?'

'કશા વિચારમાં પડ્યો નથી. કહે શું સમાચાર છે ?'

'આનંદ, સમાચાર તો તારી પાસેથી મારે જાણવાના હોય...હું તો ઘણા દિવસોથી ભવનની બહાર પગ પણ મૂક્યો નથી.' ધમ્મિલકુમાર હસી પડ્યો.

'કુમાર, ક્યારેય માતાપિતા યાદ આવે છે ખરા ? તને ખૂબ યાદ કરે છે. એમની દશા તો મરવાના વાંકે જીવતા હોય તેવી થઈ છે. તારી પત્ની યશોમતી પણ શ્વસુરગૃહે આવી ગઈ છે. તો તારા માતાપિતાની પ્રેમભાવથી સેવા કરે છે. તને તારી પત્ની યાદ આવે છે ?'

'આનંદ, સંસારમાં ઘણીવાર એવા પ્રસંગો બની જતા હોય છે જેની ખુદ માનવીને કલ્પના આવતી નથી. મારા જીવનમાં અજબ કહી શકાય એવું પરિવર્તન લાવવાનું શ્રેય તમે ત્રણ મિત્રોનું છે. તમે ત્રણેય મિત્રો મને અહીં સુધી લઈ આવ્યા હતા. મારા માતાપિતા પણ ઇચ્છતાં હતાં કે પુત્ર ગણિકાવાડમાં જાય અને ભોગવિલાસમાં મગ્ન બને...મેં એમના વિચારોની પૂર્તિ કરી છે. આજે ભોગવિલાસ અને વૈભવને મેં મારું જીવન બનાવ્યું છે. મારા પિતાજી તો હું આ માર્ગ ગ્રહણ કરું તેવું

જ ઇચ્છતા હતા. હવે તેઓએ એમ માની લેવું જોઈએ કે પુત્ર પાછો ફરવાનો જ નથી...'

'બરાબર છે. પરંતુ તારા માતાપિતા એવું ક્યારે ઇચ્છતા હતા ? કોઇ કારણ હશેને ? કારણ વગર કોઈ માબાપ પોતાનો પુત્ર ગણિકાવાડે જાય તેમાં રાજી હોય ? તેમાંય તું તો પ્રશસ્ત માર્ગની ગહન વાતો કરતો હતો. ધર્મ આરાધનાને જીવનનું ધ્યેય માનતો હતો. તારા એ બધા વિચારો ક્યાં લુપ્ત થઈ ગયા ? કે માત્ર પોકળતા જ હતી ?'

ધમ્મિલકુમારે કશો ઉત્તર ન આપ્યો.

આનંદ ધમ્મિલકુમારના પિતાના કહેવાથી જ આવ્યો હતો. આનંદે કહ્યું : 'કુમાર, તેં મારી વાતનો ઉત્તર ન આપ્યો ?'

'ઉત્તર આપવા જેવું કશું નથી એટલે...!'

'તું અતીતને ભૂલી ગયો છે ? તારા માતાપિતાએ તને ઉછેરીને મોટો કર્યો, ભણાવ્યો, સંસારમાં પગ માંડતાં શીખવ્યો. આ બધું એમણે શા માટે કર્યું ?' આવા દિવસો જોવા માટે ? તેમણે તો તારી પાસેથી અનેક અપેક્ષાઓ રાખી હતી...તારા પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યા હતા. અને તેં એમની શ્રદ્ધાને વિશ્વાસને કચડી નાંખી અને રૂપરમણીના સૌંદર્યને ખાતર...! અને તારા ભવનના દ્વાર પાસે વાટ જોતી તારી સ્ત્રી યશોમતી રોજ તારા આગમનની આશાએ જીવે છે. આ બધાને તેં શું બદલો આપ્યો ? તું તો તારું કર્તવ્ય ચૂકી ગયોને ? ક્યાં ગયા તારા આદર્શો ? ક્યાં ગયા તારા ઉત્તમ વિચારોની હારમાળા ? તું શાંતિથી વિચાર કે તેં જે માર્ગ ગ્રહણ કર્યો છે તે યોગ્ય છે ?

ધમ્મિલકુમારે આનંદને બોલતાં અટકાવ્યો : 'આનંદ... બસ...હવે મારે એક શબ્દ સાંભળવો નથી...'

'કેમ...? સત્ય સાંભળવું દુષ્કર લાગે છે...'

'ના...મારે આવી નિરર્થક વાતો સાંભળવી નથી...જો આવી જ વાતો કરવી હોય તો તું જઈ શકે છે...'

'ધમ્મિલકુમાર, તને મારી વાતો નિરર્થક લાગે છે ?' આનંદે પ્રશ્ન કર્યો.

'નિરર્થક અને હેતુ વગરની...' ધમ્મિલકુમારે કહ્યું.

ધમ્મિલકુમારે કહ્યું : 'મને એક સત્ય સમજાઈ ગયું છે કે સંસારમાં જ્યાં સુખ મળે ત્યાં જીવન વ્યતિત કરવાનું હોય અને જે સ્થળે આનંદની અનુભૂતિ મળે ત્યાં મહાલવાનું હોય. મારી વાત સમજાય છે ?'

આનંદ હસી પડચો. અને બોલ્યો : 'સંગતનું કેવું પરિણામ છે તે આનું નામ. જ્યારે તું ધર્મમાં સ્થિર હતો ત્યારે અમે તારી પાસે આવી વાતો ઉચ્ચારતા અને તું હસી પડતો અને આજે તું આવી વાતો કરે છે અને અમે હસીએ છીએ...'

'આનંદ, તું ગમે તે જણાવે પણ મને સુખનો માર્ગ મળી ગયો છે...'

'ધમ્મિલકુમાર, એ સુખ નથી...સુખની ભ્રમણા માત્ર છે. હું તો તને એટલું કહેવા ઇચ્છું છું કે તું તારું કર્તવ્ય શું છે તે જાણી લે. તારા માતાપિતા તારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. તારી પત્ની યશોમતી પણ તારા સ્મરણમાં જેમતેમ કરીને દિવસો ગુજારી રહી છે.'

'વાહ...તારી વાતો ખૂબ સરસ છે...'

'ધમ્મિલકુમાર, મારી વાતમાં સત્યનો રણકાર છે. એ સત્યને તું સમજી લે અને તું પાછો વળ એવું કહેવા માટે જ આવ્યો છું. તું મોહના ઘટાટોપ વાદળ વચ્ચે ઘેરાઈ ગયો છે. તું તારા માતાપિતા અને પત્નીને ભૂલી ગયો છે. પ્રેમ અને મોહનું સ્વરૂપ સરખું છે. મોહમાં અતૃપ્તિની જ્વાળા છે અને

પ્રેમમાં સ્વાર્થ રહિતનું સમર્પણ છે. પણ માનવી આજ મોહને પ્રેમરૂપે માનીને જીવે છે અને એથી જ આગળ જતાં વેદના, આંસુ અને અસંતોષ જ પ્રાપ્ત થાય છે. જ્યારે નિસ્વાર્થ પ્રેમમાં પરમ સુખ, પરમતૃપ્તિ અને પરમ સંતોષ પડયો છે. કારણ કે તેમાં નિર્મળ સમર્પણની ઉત્કૃષ્ટ ભાવના છે.'

ધમ્મિલકુમાર આનંદ સામે બે પળ જોઈ રહ્યો. ધમ્મિલને થયું કે આ એજ આનંદ છે કે મને મોહની ચાદરમાં લપેટવા માટે થનગની રહ્યો હતો.

ધમ્મિલકુમારે કહ્યું : 'મિત્ર, તારા વિચારોમાં અજબની ક્રાંતિ આવી છે. એક દિવસ તું મને મોહની ચાદરમાં લપેટવા માટે નાચી રહ્યો હતો. અને હું જ્યારે મોહની માયાજાળમાં સપડાયો ત્યારે તમે બધા કેવા આનંદિત બની ગયા હતા ? હું વસંતતિલકાના સ્નેહને છોડીને ક્યાંય જઈ શકું તેમ નથી એ સત્ય હકીકત છે...'

આનંદ બોલ્યો : ' એક સાધારણ નર્તકીના સહવાસમાં તું ઘણો બદલાઈ ગયેલો જણાય છે. તારા વિચારોમાં, વર્તનમાં પરિવર્તન આવી ગયું છે...અને તું મારી સામે જે આક્ષેપ કરે છે તે વજુદ વિનાનો છે. એની ચર્ચા અત્યારે અસ્થાને છે...'

થોડી વાર સુધી ખંડમાં મૌન જળવાયું.

પછી આનંદે કહ્યું : 'કુમારશ્રી, ખરેખર તારું અધઃપતન જોઈને મારું હૃદય કંપી ઊઠે છે...જે રીતે તને સંસારના સુખોપ-ભોગને માણવા માટે તૈયાર કર્યો હતો અને જે આકરી ફરજ બજાવી હતી, તેવી જ આકરી ફરજ આજ બજાવું છું. એક મિત્ર તરીકે, તારા માતાપિતાના આંસુ મારાથી જોઈ શકાયા નહિ તેથી માનવધર્મ બજાવવા માટે આવ્યો છું. તારું કર્તવ્ય શું છે તે તારે વિચારવું પડશે. તારી નર્તકી પ્રત્યેની ભાવના

અપાર હશે તે વાતમાં કોઈ શંકા નથી. પણ ભાવનાની ભસ્મ પર કર્તવ્યની ઈમારત ચણી શકાય છે.ભાવના અને કર્તવ્ય પરસ્પરના પૂરક હોય ત્યાં સુધી કોઈ હરકત નથી પરંતુ બંનેની ગતિ વિરુદ્ધ દિશામાં હોય ત્યાં કર્તવ્યક્ષેત્રે ભાવનાને ગૌણ ગણવી જોઈએ. માતાપિતાનો ઉપકાર વિસરી જવો તે મોટામાં મોટું દુષણ છે. માતાપિતાના ઉપકારનો બદલો ક્યારેય વાળી શકતો નથી...' આટલું કહીને આનંદ ધમ્મિલકુમારના મુખ સામે જોઈ રહ્યો.

ધમ્મિલકુમારના મુખ પર કોઈ પરિવર્તન ન થયું. તે એમને એમ બેસી રહ્યો. આનંદને થયું કે પોતાની વાતથી કંઈક અસર થઈ લાગે છે-

આનંદે કહ્યું : 'કુમાર, તેં આચરેલા કૃત્યથી પસ્તાવો થાય તે સ્વાભાવિક છે. કોઈપણ સંસ્કારી, સમજુ યુવકને પોતાના હાથે થયેલો દોષ સમજાય ત્યારે જરૂર પશ્ચાત્તાપના અગ્નિમાં શેકાતો હોય. પશ્ચાત્તાપ થવો એ ખૂબ જ સારી બાબત છે.'

ધમ્મિલકુમારે કહ્યું : 'આનંદ, મેં ક્યાં જણાવ્યું છે કે મને પસ્તાવો થાય છે. મારો કોઈ દોષ નથી તો પસ્તાવો શાનો ? તારે આવી જ વાતો કરવી હોય તો નિરર્થક સમય બગાડે છે.'

'ના...મને એવું લાગતું નથી...'

'તો પછી...?'

'ધમ્મિલકુમાર, અહીં તારી પાસે આવ્યો છું અને તે પણ તારા માતાપિતાની આજ્ઞાથી જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેનો ચિતાર આપવા માટે જ આવ્યો છું. તું પતનના માર્ગે જઈ રહ્યો છે. તો તને સાવચેત કરવા માટે આવ્યો છું.'

ધમ્મિલકુમાર તેના આસન પરથી ઊભો થઈ ગયો. અને ઊંચા અવાજે આનંદ સામે જોઈને બોલ્યો : 'આનંદ, હું આવા શબ્દો સાંભળવા માગતો નથી. જો તારે આવી જ વાતો કરવાની હોય તો તું જઈ શકે છે.'

આનંદ પણ ઊભો થઈ ગયો અને જતાં જતાં બોલ્યો, 'ધમ્મિલકુમાર, મેં તો મારું કર્તવ્ય બજાવી દીધું છે. તેને સ્વીકારવું કે ન સ્વીકારવું તે તમારે જોવાનું છે. ક્યારેય મારી વાત યોગ્ય લાગે તો તેનું પાલન કરવાનો પ્રયત્ન કરજે...'

અને આનંદ તરત જ ખંડ બહાર નીકળીને ભવનની બહાર ચાલ્યો ગયો.

આનંદ જે આશાએ ધમ્મિલકુમાર પાસે આવ્યો હતો તેમાં સફળતા ન મળી તે સુરેન્દ્રદત્તશેઠ પાસે જઈને એકાંતમાં વસંતતિલકાના ભવનમાં બનેલી ઘટનાનો ચિતાર આપ્યો. સુરેન્દ્રદત્તશેઠના મુખ પર ગાંભીર્ય છવાઈ ગયું. રહીસહી આશા પર પાણી ફરી વળ્યું.

દિવસો...મહિનાઓ વીતવા માંડયા...

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રા શેઠાણીના પુત્રને પાછો ભવન પર લાવવાની કામના ફળીભૂત ન થઈ. યશોમતી સ્વામીના વિરહમાં ઉદાસીમાં દિવસો નિર્ગમન કરી રહી હતી. ભવનમાં હવે ત્રણ જણાં હતાં. એક દાસી સિવાય સૌને મુક્ત કરી દીધા હતા. સુખ-વૈભવ પુત્ર વિના ભોગવવાની ઇચ્છા નહોતી. આથી ત્રણેય સાદાઈથી જીવન પસાર કરતા હતા. મહિનાઓથી સુરેન્દ્રદત્તશેઠ વસંતતિલકાના ભવન પર રોજની આઠ હજાર સુવર્ણમુદ્રાઓ મોકલતા હતા. ક્યારેક તો સંઘરેલું ધન ખૂટવાનું હતું. વેપાર ઠપ્પ થઈ ગયો હતો. રાજદરબારમાં જવાનું પણ સુરેન્દ્રદત્તશેઠે બંધ કરી દીધું હતું.

સુરેન્દ્રદત્તશેઠ, સુભદ્રાશેઠાણી તથા યશોમતીને મનોમન થઈ ગયું હતું કે હવે ધમ્મિલકુમાર ક્યારેય પાછો ફરશે નહિ.

સુરેન્દ્રદત્તશેઠની આર્થિક હાલત પણ ઘસાતી જતી હતી. એક દિવસ નગરશેઠ તરીકે સુરેન્દ્રદત્તશેઠ પ્રત્યે નગરજનો આદરભાવ

રાખતા હતા. અને આજ તિરસ્કારની વર્ષા...નગરમાં ધમ્મિલ-કુમાર વસંતતિલકાને ત્યાં ઘણા સમયથી રહે છે તે વાત નગર-જનોથી છાની ન રહી.

બે-ત્રણ મહિનાઓ આમને આમ પસાર થઈ ગયા. તે દરમ્યાન ઘણા પ્રસંગો બની ગયા.

ચિંતાતુર હાલતમાં જીવન વ્યતિત કરતાં ધમ્મિલકુમારના પિતા ગંભીર માંદગીમાં સપડાઈ ગયા. અને માતા સુભદ્રાદેવીની અંતીમ ઘડીઓ ગણાઈ રહી હતી.

સાસુ-શ્વસુરની આ દશાથી યશોમતી વિચલિત બની ગઈ હતી. તે આખો દિવસ આંસુ સારીને સાસુ-શ્વસુરની સેવા કરતી હતી. યશોમતીના માતાપિતા પણ અવારનવાર આવી જતા.

વિધિએ ખરેખરો ભાગ ભજવ્યો.

એક દિવસે સુરેન્દ્રદત્તશેઠને મોટું ભવન વેચવાનો વારો આવ્યો.

યશોમતી તેના સાસુ-શ્વસુરને લઈને ખૂબ જ નાના એવા મકાનમાં રહેવા આવી. ત્યાં માત્ર ત્રણ જ ખંડ હતા.

નગરીના નગરશેઠ સુરેન્દ્રદત્તની હાલત કંપારી છૂટે તેવી હતી. વેપારધંધા તો ઘણા દિવસથી બંધ પડચા હતા. જ્યારે સંજોગો પલટાય છે ત્યારે કોઈ આવતું નથી. મહારાજા અમિત્રદમનને સુરેન્દ્રદત્તશેઠ બિમાર છે અને તેમની હાલત કથળી છે તે સમાચાર જાણવા મળ્યા હતા. એ માટે મંત્રીને એક-બે વાર નગરશેઠ પાસે મોકલ્યો હતો. પણ સ્વમાની સુરેન્દ્રદત્તશેઠે રાજા પાસેથી કોઈપણ મદદ લેવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો હતો.

સુભદ્રા અને યશોમતીના અંગ પર નામના જ અલંકાર હતા.

વિકટ પરિસ્થિતિ આવી પડી હતી.

સુરેન્દ્રદત્તશેઠે સ્વપ્નમાં પણ આવી પરિસ્થિતિ આવી જશે

તેવી કલ્પના પણ કરી નહોતી. અપાર સુખ–સમૃદ્ધિના સ્વામી આજ જાણયે રસ્તા પર આવી ગયા હતા.

સુરેન્દ્રદત્તની આ સ્થિતિમાં આનંદ કયારેક આવતો રહેતો અને સાંત્વન આપતો.

સંધ્યાનો સમય હતો.

સુરેન્દ્રદત્તશેઠના ત્રણ ખંડવાળા મકાનમાં નીરવ શાંતિ પથરાયેલી હતી.

આનંદ આજ ઘણા દિવસે આવ્યો હતો.

એ સમયે યશોમતીના માતાપિતા પણ આવ્યા હતા.

સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણીની બિમારીએ ગંભીર રૂપ ધારણ કર્યું હતું. યશોમતી બન્નેના મુખમાં દુગ્ધના બે-બે ટીપાં નાખીને તેમને પંખ વડે આછો પવન નાખી રહી હતી.

સુરેન્દ્રદત્ત અને સુભદ્રાની આંખોમાં કોઈના આગમનની પ્રતીક્ષા હતી. પુત્રનું મુખ જોવા માટે માતાપિતાનાં હૈયા તરફડી રહ્યાં હતાં. મરતાં મરતાં પણ પુત્રનું મોં જોવાની તેમની અભિલાષા અતૃપ્ત રહી જતી હતી.

યશોમતીએ આનંદને કહ્યું : ' તમે તમારા મિત્રને માતાપિતાની ગંભીર પરિસ્થિતિ વિષેની જાણ કરો...'

' પણ મારો મિત્ર હવે ત્યાં મળવા માગતો જ નથી... શું કરું ? '

' મહેરબાની કરીને અત્યારે મારા ખાતર જાઓ...' યશોમતી બોલી તેની આંખોમાં આંસુ ઊપસી આવ્યાં.

આનંદ દોડતો ગણિકાવાડ તરફ દોડયો.

સુરેન્દ્રદત્તશેઠની આંખો પુત્રના અંતિમ દર્શન માટે તડપી રહી હતી. તેમના મૃત્યુની અંતીમ ઘડીઓ પુત્ર આવશે એ આશામાં પસાર થઈ રહી હતી.

સુભદ્રા પણ અપલક નયને દ્વાર પાસે પુત્રના આગમનની પ્રતિક્ષા કરતી સૂતી રહી.

જીવનમાં માનવી આશાના ગીતો પર જ પોતાનું જીવન પસાર કરતો હોય છે. જો આશા, ઉમંગ અને ઊર્મિના ગીતો જીવનમાં ન રહે તો જીવન જીવવાનો સ્વાદ ન રહે.

યશોમતી વારંવાર દ્વાર તરફ જોતી હતી. માત્ર એક જ આશાએ કે આનંદ જરૂર મારા સ્વામીને લઈને પાછા આવશે...

અર્ધ ઘટિકા પસાર થઈ ગઈ...

ત્યાં આનંદ એકલો આવી પહોંચ્યો. યશોમતીની આશા ઠગારી નીવડી.

આનંદે આવતાંવેંત યશોમતીને જણાવ્યું : 'વસંતતિલકાના દ્વાર રક્ષકે મને અંદર જ ન જવા દીધો...મેં ઘણી કાલકુદી કરી પણ તે ન જ માન્યો...'

'ઓહ...' યશોમતી બોલી ઊઠી.

અંધકારને ભેદવા તેલનો દીવો ક્યારનોય પ્રગટાવવામાં આવ્યો હતો...સુરેન્દ્રદત્તશેઠ ડુસકાં લેતા હતા. મનમાં નવકારમંત્રનું સ્મરણ ચાલું હતું. સૌ પરિસ્થિતિ કળી ગયા.

યશોમતીએ બાજુમાંથી એક-બે પાડોશીઓને બોલાવ્યા.

થોડા સમયમાં દસેક પુરુષો અને પાંચ-છ સ્ત્રીઓ આવી પહોંચી.

મધરાતનો સમય હતો.

રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂક્યો હતો.

નગરમાં શાંતિ અને સ્તબ્ધતા પથરાયેલી હતી.

સુરેન્દ્રદત્તશેઠની અંતીમ ક્ષણો વખતે ધમ્મિલકુમારે વસંતતિલકાને બાહુપાશમાં લીધી હતી. ૩૫, યૌવનના મદમાં ઝૂમી રહ્યો હતો.

આનું નામ જ સંસાર...!

## ૧૫ : : વિધિની ક્રૂરતા

વિધિની રમતને કોઈ પારખી શકતું નથી. માનવીના જીવનમાં ક્યારે કેવો પલટો આવી જાય છે તેની કલ્પના થઈ શકતી નથી.

સુરેન્દ્રદત્તશેઠની ભવ્ય જાહોજલાલી નષ્ટ થઈ ચૂકી હતી. રહ્યુંસહ્યું ધન પુત્ર ધમ્મિલકુમાર પાછળ ખરચવામાં આવતું હતું.

પુત્રવિયોગ, વિશાળ ભવનનો ત્યાગ અને પેઢી પણ કાઢી નાંખવામાં આવી. આ તમામ ચિંતાઓથી ઘેરાયેલા સુરેન્દ્રદત્તશેઠ બિમારીનો ભોગ બન્યા. એમની સાથે સુભદ્રાશેઠાણી પણ બિમાર પડયાં. બિમારીએ ગંભીર રૂપ પકડયું હતું. આનંદ ધમ્મિલ-કુમારને સમજાવવા ગયો પણ નિષ્ફળતા જ મળી.

સુરેન્દ્રદત્તશેઠ છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા.

રાત્રીનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો.

સુરેન્દ્રદત્તશેઠને પુત્રને જોવાની આશા પૂરી ન થઈ. આનંદનો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો.

અંદરના એક ખંડમાં શય્યા પર સુરેન્દ્રદત્તશેઠ સૂતા હતા. તેમની આસપાસ આડોશી પાડોશી મૌન બનીને બેઠા હતા.

યશોમતી શાંત બેઠી રહી હતી. તેને કશું સૂઝતું નહોતું.

સુરેન્દ્રદત્તશેઠ બોલ્યા : 'દીકરી, મારી એક પ્રાર્થના છે.'

'પિતાજી, પ્રાર્થના ન હોય...આજ્ઞા કરો...' યશોમતી શ્વસુરને નમન કરતાં બોલી.

'દીકરી, મને નવકાર સંભળાવ...' સુરેન્દ્રદત્તશેઠ આગળ ન બોલ્યા.

યશોમતી રડતાં રડતાં નવકાર બોલવા લાગી. વાતાવરણમાં કરુણતા વ્યાપી ગઈ.

લગભગ અર્ધઘટિકા પર્યંત યશોમતીએ નવકારનું રટણ કર્યું...

ત્યાં...

સુરેન્દ્રદત્તશેઠનો પ્રાણ તેમના દેહને ત્યાગીને અનંત યાત્રાએ વિદાય થયો. યશોમતીથી ધ્રુસકું નંખાઈ ગયું. બીજી તરફ શય્યા પર સૂતેલા સુભદ્રાશેઠાણીની આંખોમાં આંસુની ધારા વહી રહી હતી. પોતાના સ્વામીના મૃત્યુથી વજ્રઘાત લાગ્યો. શેઠાણીએ પોતાનું સૌભાગ્ય ગુમાવ્યું.

વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ.

સૌ શેઠાણીને આશ્વાસન આપતાં રહ્યાં.

સૌ પરોઢિયું થવાની રાહ જોવા લાગ્યા.

યશોમતીએ નગરીના કેટલાક કુટુંબોમાં પોતાના શ્વસુરે દેહત્યાગ કર્યો છે તે સમાચાર આનંદ દ્વારા મોકલાવ્યા.

અંતીમ ક્રિયાની તૈયારી થઈ ચૂકી હતી.

જેમ જેમ નગરીમાં સુરેંદ્રદત્તશેઠના મૃત્યુના સમાચાર જાણવા મળ્યા તેમ તેમ લોકો આવતા ગયા.

દિવસના પ્રથમ પ્રહરની પ્રથમ ઘટિકાએ સુરેંદ્રદત્તશેઠના નશ્વર દેહને ઉપાડીને પુરુષવર્ગ સ્મશાનભૂમિ તરફ ચાલ્યો.

દુઃખના પહાડો તૂટી પડે ત્યારે માનવીની દશા કેવી થાય ?

એવું જ કંઈક યશોમતીના જીવનમાં બન્યું.

જ્યારે બધા પુરુષો સ્મશાનેથી પાછા ફર્યા ત્યારે સુભદ્રાશેઠાણીનો દેહ પ્રાણવિહીન થઈને પડયો હતો.

બાજરમાન નારીનો આત્મા સદાયને માટે વિદાય લઈ ચૂકયો હતો.

સુભદ્રાશેઠાણી પણ સ્વામીની પાછળ ચાલી નીકળી...

વાતાવરણ ગંભીર બની ગયું. એક જ દિવસમાં એક જ કુટુંબમાં બે દુઃખદ બનાવો બન્યા. સૌના સુખ શોકભર્યાં બન્યા.

વિધિને આ કેવી રમત સૂઝી ?

બિચારી યશોમતી મોઢું સંતાડીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી.

યશોમતીને થયું કે પોતે આ સંસારમાં એકલીઅટૂલી પડી ગઈ છે. નિરાધાર થઈ ગઈ છે...!

ઓહ...ક્રૂર વિધાતા, તેં મને પતિ સાથે તો રહેવા ન દીધી છતાંય મનને મનાવ્યું. મારા સાસુ-શ્વસુર મને દીકરી માનીને જ રાખતાં હતાં. એ સુખ પણ તારાથી ન જોવાયું.

યશોમતીનો કકળતો આત્મા બોલી રહ્યો હતો.

અને...

સુભદ્રાશેઠાણીના નિષ્પ્રાણ દેહને સ્મશાને લઈ જવાની તૈયારી શરૂ થઈ. સૌ સ્મશાન ઘાટે ગયા. ત્યાં સુભદ્રાશેઠાણીના નશ્વર દેહને પંચમહાભૂતમાં વિલીન કર્યો. દેહદહનની ક્રિયા પૂર્ણ થયા પછી સૌ વિખરાયા.

તે રાતે યશોમતીની ત્રણેક સખીઓ ત્યાં જ રહી ગઈ.

યશોમતીની આંખમાંથી આંસુ સૂકાતાં નહોતાં. તેના જીવને શાંતિ વળતી નહોતી. સાસુ-શ્વસુરની અણધારી એકી સાથેની વિદાય તેના હૈયાને કોરી ખાતી હતી.

ગઈકાલ સુધી આ ઘર ભર્યું ભર્યું લાગતું હતું.

અને આજ...આ ઘરમાંથી બે માનવોના દેહ અદશ્ય થઈ

ગયા હતા. જે ફરીથી ક્યારેય જોવા મળવાના નહોતા.

જન્મ અને મરણની પ્રક્રિયા નિરંતર ચાલ્યા જ કરે છે. જેનો જન્મ એનું મૃત્યુ નિશ્ચિંત છે.

ગમે તેવી સુંદરતા હોય, ગમે તેવી સમૃદ્ધિ હોય...! પણ મૃત્યુ પાસે સહુ લાચાર છે, અને આ કાયાને પ્રજાળતો અગ્નિ અનાદિ-કાળથી હસતો હસતો એક જ વાત કરે છે, 'માનવી જેની ચિતાને નિહાળી રહ્યો છે, એ પરિસ્થિતિ એક દિવસે પોતાને માટે પણ આવવાની છે. સંસારના તમામ સુખોપભોગ છોડીને તારે પણ એક દિવસ મારા જ ખોળામાં ચિરવિરામ લેવાનો છે.'

ઓ માનવી, આ મારી અંતીમ ચેતવણી છે. તારી આ સુંદર કાયા આવતીકાલે મારી ગોદમાં ખાખ થઈ જશે. તારા પ્રિય સાથીઓ તારા પર બે આંસુઓ પાડીને વિદાય લેશે...તારી સંપત્તિ, તારી શક્તિ અને તારી અજેય સત્તા પણ તને મારી ગોદમાંથી છીનવી શકશે નહિ.બધું અહીં રઝળતું રહેશે. તારી કાયાને હું બાળી નાખીશ. તારી વાસનાઓ પણ તને ભવોભવ બાળ્યા કરશે. અને જેને તું તારૂં માની રહ્યો છે તે બધું સંસારનું આપ્ત મંડળ તને આવતીકાલે વિસરી જશે...

સુરેન્દ્રદત્ત શેઠ અને સુભદ્રાશેઠાણીની વિદાયથી યશોમતી ભાંગી પડી હતી.

સ્નેહીઓ યશોમતીને સમજાવવાનો યત્ન કરતાં હતાં કે આ સંસારમાં સર્વ જીવોને એક દિવસ અનંતની યાત્રાએ જવું જ પડે છે. મૃત્યુ દરેક માટે નિશ્ચિત છે.

આઠ દિવસ સુધી તો યશોમતી ગુમસુમ રહી. ત્યાર પછી કંઈક શાંત પડી અને સત્યને સ્વીકારવા મનને મજબૂત કર્યું. યશોમતીએ પોતાના મનને ધર્મક્રિયા પાછળ વાળ્યું.

એક દિવસે સવારે તેના માતાપિતા આવ્યા.

માતાપિતાએ પોતાની પુત્રી યશોમતીને સમજાવતાં કહ્યું : 'દીકરી, હવે અહીં રહીને શું કરીશ? તું હવે આપણા ઘરે ચાલ...'

'ના...પિતાજી, દીકરી તો સાસરીમાં જ શોભે...જ્યારે વિકટ પરિસ્થિતિ આવી પડશે ત્યારે આપનો સહારો લેવા આવીશ...'

'પણ તું એકલી કેવી રીતે રહીશ?'

'પિતાજી, સંસારમાં મારી જેમ અનેક લોકો એકલા રહેતા હશે...' યશોમતી પોતાના વિચારોને મક્કમપણે વળગી રહી.

યશોમતીની માતાએ કહ્યું : 'પુત્રી, તારી ભાવના ઉત્તમ છે પણ તું હજુ યુવાન છો...એટલે અમે ઇચ્છીએ છીએ કે તું આપણે ત્યાં આવી જા...તું એકલી રહે તે કરતાં અમારી સાથે રહે...'

'માતાજી, સ્ત્રીનું સર્વસ્વ તેના સૌભાગ્યમાં છે. મારા સ્વામી એક દિવસ જરૂર આવશે તેવો મને વિશ્વાસ છે.'

'પણ પુત્રી, અત્યારે તારે વાસ્તવિકતા ખ્યાલ કરવો જોઈએ. તારો સ્વામી ધમ્મિલકુમાર ગણિકાના બંધનમાં ઝકડાઈ ગયો છે. તારા સાસુ-શ્વસુરના મૃત્યુ સમયે અદબ જાળવીને આવી શક્યો નહિ. એ શું તારી આ પરિસ્થિતિ જોઈને આવશે?'

'માતાજી, આવા શબ્દોનો ઉચ્ચાર ન કરો. આવા વેણથી મારું હૈયું ઘવાય છે. મારા સ્વામી ભલે પાછા ન ફરે પણ હું તો એમને છોડી ન શકું...' યશોમતીએ કહ્યું.

'પુત્રી, આવી વાતો તારા મુખે શોભતી નથી...' માતા બોલી.

'માતાજી, આપ મારા સ્વામીના કૃત્યને દોષિત ન ઠહેરાવો. જે કંઈ બને છે તે કર્મને આધીન છે. માનવીનાં પાછલાં

ભવનાં કોઈ કર્મો એવાં હોય છે કે જે આ ભવે ભોગવ્યા સિવાય ચાલતું નથી. કર્મનો પ્રભાવ તો સૌને લાગુ પડે છે. માતાજી, હું પતિની દેવ તરીકે પૂજા કરું છું. અને કરતી રહીશ.'

'તો પુત્રી લગ્ન પછી તરત જ તું પિયર આવીને તે મારી પાસે જ તારા પતિની ફરિયાદ કરી હતી...એ વાત ભૂલી ગઈ...?'

'ના...એ મારો દોષ હતો. એ અપરાધ અક્ષમ્ય છે. મેં આપને મોઢે એ વાત ન કરી હોત તો આ પરિણામ ન આવત. પરંતુ ધર્મના અધ્યયનથી જાણવા મળ્યું કે સર્વ જીવોને કર્મને આધીન રહેવું પડે છે.'

'પુત્રી, માનવી સંજોગોનો દાસ છે. જ્યારે સંજોગો પલટાતા હોય ત્યારે દરેક પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. તારી દષ્ટિમાં પરિવર્તન થયું છે તે ઉત્તમ વાત છે પણ તારો સ્વામી મરણશય્યાએ પડેલા માતાપિતાને પણ મળવા ન આવી શક્યો. મૃત્યુ પછી પણ તે અદબ જાળવી ન શક્યો. તેના માતાપિતા પુત્રનું મુખ જોવા અંતીમ પળ સુધી તલસતાં રહ્યાં...આ કેવી કરુણતા કહેવાય...? પુત્રી, મારા કહેવાનો આશય અન્ય કશો નથી પણ તું એકલી પડી ગઈ છો એટલે જ તને તેડવા માટે આવી છું...' માતા બોલી.

'માતાજી, આપની ભાવના ઉત્તમ છે. સ્ત્રીની શોભા શ્વસુર ગૃહે જ હોય. શ્વસુર ગૃહ એટલે સંસારતારક કર્તવ્યોની પરંપરા. મારા સ્વામીએ ભૂલ કરી છે પણ મારે તેમના દોષ શા માટે જોવા જોઈએ ?'

'યશુ, તારી વાત સાચી છે. પણ એકલા જીવન પસાર કરવાનું શી રીતે પસંદ પડશે ? ધન વગર દિવસો શી રીતે પસાર કરીશ ?'

'માતાજી, હું આપની પુત્રી છું. ગમે તેવી પરિસ્થિતિ

આવી પડે તેનો મુકાબલો કરવા હું તૈયાર રહીશ. શ્વસુરજી થોડું-ઘણું ધન મૂકી ગયા છે તેનાથી ચલાવીશ. જ્યારે એવી પરિસ્થિતિ આવી પડશે કે હું એકલી રહી શકીશ નહિ ત્યારે આપના સિવાય મારો સહારો પણ શું છે ? અત્યારે તો મને એવા આશીર્વાદ આપો કે હું ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકું...'

યશોમતીની માતાને થયું કે પુત્રી સાથે આટલી લંબાણભરી ચર્ચા કરી પણ પુત્રી તેના વિચારોમાં મક્કમ છે અને વાત તેની પણ સાચી છે. તેને પોતાની દીકરી માટે અત્યંત માન ઉપજ્યું.

સમય પાણીના પ્રવાહ માફક વીતવા લાગ્યો.

મહિનાઓ પસાર થઈ ગયા.

આ તરફ છેલ્લા કેટલાક દિવસોથી વસંતતિલકાની માતા ચિંતાતુર હતી. તેને ચિંતા સુરેદ્રનદત્તશેઠ તરફથી છેલ્લા ત્રણ મહિનાથી સોનામહોરો નહોતી આવા તેની હતી.

વસંતતિલકાની માતા ચંપાએ તેની અંગત અને વિશ્વાસુ દાસીને એકાંતમાં બોલાવી અને ખૂબ જ ધીમા અવાજે કહ્યું : ' સુરેખા, મારા અંતરમાં વ્યાપેલી ચિંતા તું જ દૂર કરી શકે તેમ છે...'

' માતાજી, આપને શેની ચિંતા છે ?'

' મેં મારી પુત્રી વસંતતિલકાને ઇશારો બે ત્રણ વાર કર્યો તેણે કોઈ પ્રતિભાવ ન આપ્યો.'

' માતાજી, હું આપની વાત સમજી શકી નહિ...'

' પહેલાં તું વચન દે પછી જ વાત કરું...'

' હું વચન આપું છું કે આપ જે વાત જણાવશો તે કોઈને કહીશ નહિ.'

' તો સાંભળ સુરેખા, આપણે ત્યાં વર્ષોથી ધમ્મિલકુમાર રહે છે. તે ભવનની બહાર પણ જતો નથી. તે અહીં સુખોપભોગ ભોગવે

છે તેના વળતર રૂપે અત્યાર સુધી તેના પિતા પાસેથી રોજની આઠ હજાર સુવર્ણમુદ્રાઓ લેતા હતા. મેં સાંભળ્યું છે કે સુરેન્દ્ર-દત્ત શેઠ હવે જીવીત રહ્યા નથી. પણ તું તેને ઘેર જા અને તેના ઘરમાં જે કોઈ વ્યક્તિ હોય તેની પાસે આઠ હજાર સુવર્ણમુદ્રા શેઠજી રોજ આપતા હતા. તે વાત કરીને ત્રણ મહિનાની જે થાય તે લઈ આવ...અને થોડી રકઝક કરજે પછી જે કંઈ આપે તે લઈ આવજે. તું ત્યાં ધમ્મિલ્લકુમારે મોકલી છે તેવું કહેજે...જો આ વાતની જરા સરખી ગંધ વસંતતિલકાને ન જાય...'

'માતાજી હું આજે જ આ કાર્ય માટે જઈશ. મને લાગે છે કે તે પરિવારે તેમનું વિશાળ ભવન વેચી નાખ્યું છે અને એક નાના મકાનમાં રહે છે. એ તો હું શોધી લઈશ...' સુરેખા બોલી.

'સુરેખા, તું ચતુર છો એટલે જ તને આ કાર્ય સોંપી રહી છું...' ચંપાએ કહ્યું.

ચંપાએ થોડીવાર આ અંગે સુરેખા સાથે ગોષ્ઠી કરી, પછી સુરેખા ચાલી ગઈ.

એજ દિવસે સુરેખા સુરેન્દ્રદત્તશેઠનું ઘર શોધતી શોધતી યશોમતી પાસે આવી પહોંચી.

સુરેખાએ સુરેન્દ્રદત્તશેઠના મકાનની હાલત જોઈને થોડી વાર થંભી ગઈ. પછી તેણે દ્વાર ખખડાવ્યું.

યશોમતીએ અંદરથી અવાજ કર્યો : 'કોણ છે ?'

'એ તો હું છું...'

સ્ત્રીનો અવાજ સાંભળીને યશોમતીએ દ્વાર ખોલ્યું.

યશોમતી કહે : 'કહો બહેન, કોનું કામ છે ?'

'આપ યશોમતી દેવી છોને ?'

'હા...'

'આપના સ્વામી ધમ્મિલકુમારે મને અહીં મોકલી છે.'

'મારા સ્વામીએ ? તારી વાત સાંભળીને મને એકદમ હર્ષ પેદા થયો છે...કહે મારા સ્વામી કુશળ તો છે ને ? તેને કોઈ પ્રકારની ચિંતા તો નથી ને ?'

સુરેખાએ કહ્યું : 'યશોમતી દેવી, આપના સ્વામી કુશળ છે. છેલ્લા કેટલાક સમયથી આપના તરફથી ધન મળ્યું નથી તેથી મને લેવા માટે મોકલી છે...'

'ઓહ...હા...હા... મારા સ્વામી કુશળ તો છે ને ! તને અહીં જે કાર્ય અર્થે મોકલી છે તે અંગે હું મારી બનતી કોશિશે કંઈક આપીશ. મારા પૂર્વજન્મના પાપે મારા માતાપિતા સમાન સાસુ અને શ્વસુરે આ જગતમાંથી વિદાય લીધી છે. તેમજ તેઓએ સંચિત કરેલું ધન પણ નષ્ટ થયું છે. ધનનો અભાવ સર્જાવાથી હું તમારે ત્યાં ધન પહોંચાડી શકી નથી...અને પરિસ્થિતિ એવી વિકટ છે કે...' યશોમતી આગળ કશું ન બોલી શકી. તેની આંખમાંથી દડ દડ આંસુ ટપકવા લાગ્યા.

સુરેખાએ મકાન તથા યશોમતીના પહેરવેશ પરથી જ કલ્પી લીધું હતું કે આ સ્ત્રી ખૂબ દીન અવસ્થામાં જીવન વ્યતિત કરે છે.

સુરેખા કશું બોલી નહિ.

થોડીવાર અટકીને યશોમતી બોલી : 'સુરેખા, મારા અંગ પર શોભી રહેલા રહ્યાંસહ્યાં કીમતી આભુષણો તું લઈ જા...મારે આભૂષણોની શી જરૂર છે ? મારા માટે તો શીલરૂપી વસ્ત્રો જ ઉત્તમ છે. બહેન, આ સિવાય મારી પાસે હવે કશું નથી.

યશોમતીએ તરત જ અંગ પર શોભતાં આભૂષણો કાઢીને સુરેખાના હાથમાં આપ્યાં.

સુરેખાની આભૂષણો લેવાની ઇચ્છા નહોતી. પણ ચંપા માતુશ્રીની બીકે તેણે આભૂષણો લઈ લીધાં.

સુરેખા તરત જ ભવન પર પાછી ફરી.

ભવન પર ચંપા સુરેખાની પ્રતીક્ષા કરતી જ હતી. સુરેખા સીધી વસંતતિલકાની માતા ચંપા પાસે જ આવી.

'આવ સુરેખા, માંડીને બધી વાત કર...' ચંપા બોલી.

'માતાજી, એ કુટુંબની આર્થિક હાલત ખૂબ જ ખરાબ છે. સુરેન્દ્રદત્તશેઠ અને તેની પત્નીએ બે મહિના પહેલા આ સંસારમાંથી વિદાય લીધી છે. ધમ્મિલકુમાર શેઠનાં પત્ની યશોમતી દેવી એકલાં જ ત્યાં રહે છે. તેમનું મકાન સાવ જીર્ણ દશામાં હતું. યશોમતી દેવીએ તેમના શરીર પરથી ઉતારીને આ આભૂષણો આપ્યાં છે.' આમ કહીને સુરેખાએ વિગતથી વાત કરી.

ચંપાએ સુરેખા પાસેથી આભૂષણો લીધાં અને સુરેખાને વિદાય કરી. ચંપાએ આભૂષણો જોયાં, ખૂબજ કીમતી લાગ્યાં.

આભૂષણોને સ્પર્શ કરતાં જ ચંપાના વિચારોમાં પરિવર્તન આવ્યું. તે ખંડમાં વિચરવા લાગી : ઓહ...યશોમતીને ધન્ય છે... ! આટલી વિકટ પરિસ્થિતિ હોવા છતાં પણ છેલ્લાં રહેલાં આભૂષણો અને વસ્ત્રો પોતાના સ્વામીને ખાતર આપી દીધા... વાહ...ધન્ય છે આવી નારીને... ! ક્યાં એ શીલવંતી નારી અને ક્યાં મારી પામરતા ? લાલચે મને કેવી દશામાં મૂકી દીધી ? અરે...આવાં પવિત્ર આભૂષણો અને પવિત્ર વસ્ત્રો પર હાથ અડાડવો મારા માટે જરા પણ યોગ્ય નથી. યશોમતીને ધન્ય છે.' મારે આ સતીનારીની વસ્તુઓ ન સ્વીકારવી જોઈએ...મારે આ સામગ્રી તાત્કાલિક પાછી મોકલી આપવી જોઈએ...'

ચંપાએ તરત જ સુરેખાને બોલાવી અને કહ્યું : 'સુરેખા, તું જે કંઈ યશોમતી પાસેથી લઈ આવી છે તે બધું પાછું લઈ જા ...અને ધમ્મિલકુમારે પાછું મોકલાવ્યું છે તેમ જણાવજે...'

સુરેખા તરત જ યશોમતીના ઘેર ગઈ અને આભૂષણો તથા વસ્ત્રો યશોમતીને હાથમાં સોંપી દીધાં.

યશોમતીએ પોતાનાં આભૂષણો અને વસ્ત્રો સ્વામીએ પાછાં મોકલ્યાં તેમ જાણીને જ સ્વીકાર કર્યો હતો.

સુરેખાએ તરતજ વિદાય લીધી.

યશોમતી સુરેખાને જતી જોઈ રહી. યશોમતીનું મન વિચારે ચડયું.

યશોમતીને એકલતા સતાવતી હતી. એ એકલતાએ મનમાં વિચારોનું ધમસાણ ચલાવ્યું હતું.

સુરેખાની વિદાય પછી તેના અંતરમાં વિચારો રમવા લાગ્યા...

હવે મારા સ્વામી ક્યારેય પાછા નહિ ફરે...છતા સ્વામીએ હું પતિ વિનાની થઈ ગઈ... ! મારા ગત જન્મનાં કેવાં પાપ હશે ? નિરાધાર દશામાં જીવન વ્યતિત કરવું પડે છે. સાસુ-શ્વસુર ચાલ્યા ગયા...સાથે સંપત્તિ પણ ચાલી ગઈ...અને આ ભરયુવાનીમાં પતિનો વિયોગ...ઓહ... ! મારા પર વિધિએ ક્રૂર રમત આદરી છે... ! હવે તો આ મકાનમાં એકલું રહી શકાતું નથી...શું કરું ? સગાં-સ્નેહીઓની હાજરીમાં એમણે મારો હાથ પકડયો હતો... મારું જીવન તો તેમના માટે જ સમર્પિત છે. જીવનભરના સાથ નિભાવવાનાં વચનો અપાયાં હતાં છતાં તેઓ મને તરછોડીને કેમ ચાલ્યા ગયા ? મારો શો અપરાધ હતો ? હું સંસ્કારી અને ઉચ્ચ કુટુંબની સ્ત્રી છું...મારે મર્યાદામાં રહેવું પડે નહિંતર હું સ્વયં ગણિકાને ત્યાં જઈને તેમને મનાવીને પાછી લઈ આવત... આજે પણ તમે મારા હૈયામાં વસો છો. તમે મારી વેદના કેમ સમજતાં નથી...પ્રાણનાથ, હવે તો જીવન જીવવું આકરું છે... નાથ...હું પડી ભાંગુ તે પહેલાં આવી જાઓ...'

યશોમતીની આંખોમાં આંસુ ઉમટી આવ્યાં.

ત્યાં જ યશોમતીની માતા ધનદત્તા આવી પહોંચી. પુત્રીને રડતી જોઈને આશ્ચર્ય થયું.

ધનદત્તાએ કહ્યું : 'પુત્રી, તારી આંખમાં આંસુ ?'

'માતાજી! ' યશોમતી વિશેષ કશું બોલી નહિ. તે તેની માતાને બાઝી પડી.

માતાએ તેના મસ્તક પર હાથ ફેરવ્યો. લાગણી સભર...

ધનદત્તાએ થોડી આમતેમ વાતો કરીને યશોમતીના હૈયામાં રમતી વાત કઢાવી...

અને...

ધનદત્તાએ તરત જ નિર્ણય લઈ લીધો કે હવે તારે અહીં એક પળ પણ રહેવાનું નથી. તું મારી સાથે જ ચાલ... '

'માતાજી...હું શું નિર્ણય કરું તેની સમજ પડતી નથી...'

'પુત્રી, હું જે કંઈ કહું છું તે તારા ભલા માટે જ કહું છું... '

અને...એમ જ થયું.

યશોમતી તરત જ તેના મકાનને બંધ કરીને માતા ધનદત્તા સાથે પિતાને ઘેર આવી ગઈ...

માતાપિતાની સુંવાળી હૂંફથી યશોમતીને કંઈક શાતા વળી. આઠેક દિવસમાં યશોમતીનું મન કંઈક સ્થિર બન્યું. તે ધર્મ-ધ્યાનમાં વિશેષ રુચિ લેવા માંડી.

ધનદત્તશેઠે યશોમતીની ઇચ્છાથી સુરેન્દ્રદત્તશેઠનું મકાન વેંચી નાંખ્યું.

યશોમતી પોતાનો આખો દિવસ ધર્મધ્યાન પર પસાર કરવા લાગી...

ત્યારે આ તરફ... ?

વસંતતિલકાના ભવનમાં ?

*

# ૧૬ : : ચંપાની યોજના

ધમ્મિલકુમારને નૃત્યાંગના વસંતતિલકાના ભવનમાં નિવાસ કર્યાને બાર વર્ષના વહાણાં પસાર થઈ ગયા છતાં ધમ્મિલકુમારને આટલો સમય કઈ રીતે પસાર થઈ ગયો તેની ખબર જ ન રહી.

સુખમાં દિવસો હંમેશાં ટૂંકા જ લાગે છે.

એમાં ધમ્મિલકુમારનો શો દોષ ?

તેની સેવામાં અનેક દાસ–દાસીઓ હાજર હતી તેમજ અંતર મનને આનંદમાં રાખવા માટે ગણિકા વસંતતિલકાની સંગત.

ધમ્મિલકુમાર વસંતતિલકાના સાંનિધ્યમાં જ આખો દિવસ ગળાડૂબ રહેતો હતો. બાર વર્ષના ગાળામાં ભવનની બહાર પણ ગયો નહોતો. તેમજ ગણિકા વસંતતિલકા પણ ધમ્મિલકુમાર પર સાચા હૃદયથી સ્નેહ વરસાવતી હતી. તેને ધમ્મિલકુમાર પ્રત્યે સાચો સ્નેહ હતો, પ્રેમ હતો...

પોતાની પુત્રી વસંતતિલકાને ધમ્મિલકુમાર પ્રત્યે કૂણી લાગણી છે તે વાત ચંપા બરાબર જાણતી હતી. આ અંગે એક–બે વાર વ્યવસાયની રીતભાત અંગે સમજ પણ આપી હતી પણ વસંતતિલકાએ માતાની એક પણ વાત સાંભળી નહોતી.

જ્યારે સુરેખા મારફત યશોમતીને તેનાં આભૂષણો અને

વસ્ત્રો પાછાં મોકલાવ્યાં ત્યારે ચંપાને થયું કે હવે ધમ્મિલકુમારના પરિવાર તરફથી ધન મેળવવાની કોઈ અપેક્ષા રાખવા જેવી નથી. યશોમતી પોતે જ નિર્ધન અવસ્થામાં રહે છે તો તે શું ધન આપી શકવાની હતી ?

આથી એક દિવસ ચંપાએ પોતાની પુત્રી વસંતતિલકાને પોતાની પાસે બોલાવી અને ખૂબ જ પ્રેમથી વાત કરવા લાગી.

થોડીવાર રહીને ચંપાએ મૂળ વાત ઉપાડી : 'પુત્રી, આપણો ગણિકાનો વ્યવસાય તું બરાબર જાણે છે...આ વ્યવસાયમાં પડનાર સ્ત્રી કોઈને સાચા હૃદયથી પ્રેમ કરતી નથી. આ વાત મારે તને સમજાવવાની ન હોય. આ અંગે મેં એક–બે વાર ટકોર પણ કરી હતી છતાં તું મારી વાત સમજવાની તસ્દી લેતી જ નથી. તું ધમ્મિલકુમાર સાથે ખૂબ હળીમળી ગઈ છો તે આપણા વ્યવસાય માટે સારું નથી. આ બધું તને શોભતું નથી. આપણો વ્યવસાય તો ધન મેળવવા માટે હોય છે. અને ધમ્મિલ-કુમારના પરિવાર તરફથી હવે ધનની જરા પણ અપેક્ષા રાખી શકાય તેમ નથી કારણ કે તેનો પરિવાર નિર્ધન થઇ ગયો છે...'

માતાની વાત સાંભળીને વસંતતિલકા છળી ઊઠી. તે બોલી : 'માતાજી, આપ હવે વૃદ્ધ થયાં છો. એ રીતે આપની બુદ્ધિ પણ નિષ્પ્રાય થઈ ગઈ છે. આપે ક્યારેય ધમ્મિલકુમારને સરખી રીતે જોયો છે? જો જોયો હોય તો આ રીતે મારી સાથે વાત ન કરી હોત...દેવીઓ અને અપ્સરાઓને દુર્લભ બને તેવો ધમ્મિલકુમાર મને અનાયાસે મળી ગયો છે. મારા ભાગ્યમાં આવો તેજસ્વી અને ઉત્તમ પુરુષ હોઈ શકે જ નહિ...આવા તેજસ્વી અને શ્રેષ્ઠ પુરુષને તજી દેવાની શિખામણ આપો છો ? ધમ્મિલકુમાર દેખાવે કામદેવ જેવો છે. તેની બુદ્ધિ બૃહસ્પતિ જેવી છે. તે ગંભીર છે તેમ ઉદાર પણ છે. આવા ભાગ્યયોગે પ્રાપ્ત થયેલા પુરુષને વગર કારણે છોડી દેવો એ કોઈ પણ રીતે યોગ્ય નથી. માતાજી, હું આપને ફરીવાર

જણાવી દઉં છું કે હું ધમ્મિલકુમારને ક્યારેય છોડી શકીશ નહિ...અને કદાપિ એ માટે મને કહેશો પણ નહિ.'

વસંતતિલકાની વાત સાંભળીને ચંપા અત્યંત ક્રોધિત બની બોલી ઊઠી : 'પુત્રી, તું આ વ્યવસાયનો તો વિચાર કર... આ વ્યવસાયમાં ગણિકા કોઈ એક જ પુરુષને બાંધીને ન ચાલી શકે! મારી વાત જરા પણ અસત્ય નથી. તારી માતાની આજ્ઞાનો અનાદર કરવો તને શોભે છે?'

'માતાજી, આપની વાત સત્ય છે કે અસત્ય એ વિષે હું કંઈ પણ કહીશ નહિ. જે પુરુષને મેં મારા હૃદયસિંહાસન પર સ્થાન આપ્યું છે, તે પુરુષ વિષે કોઈપણ કટુવચન કહે તે મારાથી સહન ન થાય તે સ્વાભાવિક છે. આ પુરુષને છોડી દેવા માટે આપ આજ્ઞા કરતાં હો તો તે આજ્ઞાનો આદર મારાથી થઈ શકે તેમ નથી એ વાત પણ એટલી જ સત્ય છે.'

'વસંતતિલકા, તારા અંતરમાં જ્યાં સુધી પ્રેમની પરિભાષા રમે છે ત્યાં સુધી સત્ય નહિ સમજાય...'

'મારે સમજવું પણ નથી...'

'પણ ગણિકાના વ્યવસાયમાં પ્રેમ જેવો શબ્દ હોતો નથી...'

'એ મારે જોવાનું નથી...ગણિકા આખરે એક સ્ત્રી છે. તેના મનમાં પણ પ્રેમ, ભાવના અને સ્નેહની સરિતા વહેતી હોય છે. વ્યવસાયમાં રહેલી દરેક સ્ત્રીના અંતરમાં શી વાતો રમતી હોય છે તે જાણવાની મેં કયારેય દરકાર કરી નથી અને કરવાની પણ નથી. મારે શા માટે એવી ખબર રાખવી જોઈએ?'

'પુત્રી, આ વ્યવસાયમાં દરેક પુરુષોને રાજી રાખવાના હોય છે. પ્રેમ જેવો શબ્દ હોય જ નહિ. જે રીતે ભિક્ષુકને લજ્જા રાખવી શોભે નહિ, જેમ પારધીને દયા રાખવી પાલવે નહિ, તેમ ગણિકાને પ્રેમ કરવો પાલવે નહિ. મારી સલાહ તું માન અને

બીજા કોઈ ધનવાન પુરુષને શોધી તેની સાથે વ્યવહાર કર...અને નિર્ધન થયેલા ધમ્મિલને વિદાય કર...'

આ સાંભળી વસંતતિલકાએ કહ્યું : 'માતાજી, આપ આપની પુત્રીની ઇચ્છાને જાણી શકતાં નથી...આપની પુત્રી ધમ્મિલકુમારને હૃદય દઈ બેઠી છે છતાં આપ પુત્રીની ઇચ્છા, આકાંક્ષાને નષ્ટ કરવા માંગો છો. એક માતા થઈને આપ આપની પુત્રીનું જીવન નષ્ટ કરવા માંગો છો. જ્યાં સુધી ધમ્મિલકુમારના પરિવાર તરફથી ધન આવ્યું ત્યાં સુધી આપે એક શબ્દ ઉચ્ચાર્યો નહોતો અને આજ પરિવાર નિર્ધન થઈ ગયું એટલે એને વિદાય કરવાની વાત કરો છો ! ધિક્કાર છે આપની ભાવનાને...! આટલા વર્ષોની સંગત પછી આપ ધમ્મિલકુમારને ત્યાગ કરવાની સુફિયાણી વાતો કરો છો ? માતાજી, હું ધમ્મિલકુમારને હૃદય આપી ચૂકી છું. એ મારા સર્વસ્વ છે. ધમ્મિલકુમારની સાથે રહીને મારું હૃદય પણ સ્વચ્છ થઈ ગયું છે. અને એક બીજી વાત, હવે પછી ક્યારેય અન્યની સાથે મારાથી પ્રેમ થઈ શકે તેમ નથી. પછી ભલે આ વ્યવસાયને તીલાંજલી આપવી પડે. તેમજ હવે પછી ક્યારેય આ બાબતની ચર્ચા મારી સાથે કરશો નહિ. જો આપ ધમ્મિલકુમારને કાઢી મૂકવાનો પ્રયત્ન કરશો તો હું પણ તેની પાછળ પાછળ ચાલી નીકળીશ. એ શંકા વગરની વાત છે.'

ચંપા ચૂપ થઈ ગઈ.

વસંતતિલકા આસન પરથી ઊભી થઈને ધમ્મિલકુમાર પાસે ચાલી ગઈ.

ચંપાએ સુરેખાને પોતાની પાસે બોલાવી અને કહ્યું : 'સુરેખા, મારે શું કરવું ? કંઈ સમજ પડતી નથી. આ મારી પુત્રી કંઈ સમજતી નથી અને પેલા નિર્ધનની પાછળ આખો દિવસ પસાર કરે છે.'

સુરેખાએ કશો ઉત્તર ન આપ્યો.

ચંપાએ ફરીને સુરેખાને પૂછ્યું ત્યારે સુરેખાએ વિચારીને એક યુક્તિ બતાવી. સુરેખા બોલી : 'માતાજી, એક ઉપાય છે. એકવાર ભવન પૂરતો વસંતતિલકા દેવીનો નૃત્યનો કાર્યક્રમ ગોઠવો. એ કાર્યક્રમમાં ભવનના દરેક સભ્યોને બેસાડવા આપે. સૌને મદિરાપાન કરવાનો આગ્રહ કરવો. ધમ્મિલકુમાર તો મદિરાપાન કરતા નથી પણ આપ કહેશો તો ના પાડી શકશે નહિ. વસંતતિલકાદેવીને પણ મદિરાપાન કરાવવું પડશે. મદિરાપાનના નશાથી વસંતતિલકા-દેવી તથા ધમ્મિલકુમાર મૂચ્છિંત થઈ જશે. એ બન્નેના મદિરાપાનમાં વિશિષ્ટ દ્રવ્યનું ઉમેરણ કરીશું...પછી આપની ઇચ્છા સાકાર થઈ જશે.' એમ કહીને સુરેખાએ આખી યોજના સમજાવી.

ચંપા આનંદમાં આવી ગઈ અને સુરેખાને ધન્યવાદ દેવા લાગી.

ચંપાએ સુરેખાએ જણાવેલી યોજનાનો અમલ થોડા દિવસો પછી કર્યો.

એક દિવસ રાત્રીના પ્રથમ પ્રહર બાદ વસંતતિલકાના નૃત્યનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભવનમાં વસતાં લોકો પૂરતો જ મર્યાદિત હતો.

ધમ્મિલકુમારનું આસન વિશાળ ખંડમાં એક તરફ સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલું હતું. ખંડમાં દીપકોનો પ્રકાશ ભરપુર હતો.

ભવનનાં દાસદાસીઓ એક તરફ બેસી ગયાં હતાં.

સૌ આતુર નયને વસંતતિલકાના નૃત્યની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.

ત્યાં વસંતતિલકા શુભ વસ્ત્રો ધારણ કરીને ખંડમાં આવી પહોંચી. તેણે સૌ પ્રથમ નૃત્યગુરુને વંદન કર્યા પછી માતા તથા ધમ્મિલકુમારને વંદન કર્યાં.

વસંતતિલકાએ ભાવવાહી નૃત્ય રજૂ કર્યું. નૃત્ય નિહાળીને સૌ પ્રસન્ન બન્યા. નૃત્ય લગભગ એક ઘટિકા પર્યંત ચાલ્યું હતું.

નૃત્યનો કાર્યક્રમ પૂરો થયા પછી વસંતતિલકાની માતા ચંપા

તેના આસન પરથી ઊભી થઈ અને બોલી : 'આજનો પ્રસંગ ખૂબજ આનંદનો છે. આપણે સૌ મારી પુત્રી વસંતતિલકાની નૃત્યકલાને મદિરાપાન કરીને વધાવીએ. મદિરાપાન એક એવો નશો છે કે આપણા અંતરનો આનંદ બેવડો થઈ જાય છે.'

અને...

તરત જ યોજના મુજબ દરેકને મદિરાનું પેય આપવામાં આવ્યું.

સુરેખાને સૂચના આપવામાં આવી હતી કે ધમ્મિલકુમાર અને વસંતતિલકાના મદિરાના પાત્રોમાં મૂર્ચ્છિત બને તેવાં દ્રવ્યો ઉમેરવાનાં અને એ સૂચનાનું સુરેખાએ બરાબર પાલન કર્યું હતું.

ચંપાએ દરેકને મનભરીને મદ્યપાન કરવાનું જણાવ્યું. સૌ મદ્યપાનના કુંભો ખાલી કરતા હતા.

વસંતતિલકા અને ધમ્મિલકુમારે મદિરાને હાથ અડાડયો નહોતો. વસંતતિલકાએ ધમ્મિલના સંસર્ગમાં રહીને ઘણા વખતથી મદિરાપાન કરવાનું છોડી દીધું હતું.

ચંપા જ્યાં ધમ્મિલકુમાર અને વસંતતિલકા બેઠા હતા ત્યાં આવી અને બન્નેની સામે જોઈને કહેવા લાગી : 'આજના આ ઉત્સવમાં તમે બન્ને કેમ અલિપ્ત રહ્યાં છો ? તમારે બન્નેએ આજે તો મદિરાપાન કરવું જ પડશે.'

વસંતતિલકાએ કહ્યું : 'માતાજી, મેં તો મદિરાનું સેવન કરવાનું જ છોડી દીધું છે.. ધમ્મિલકુમાર મદિરાપાન કરતાં જ નથી...'

ચંપાએ પોતાના સોગંદ આપ્યા છતાંય વસંતતિલકા મદિરાપાન કરવા માટે રાજી ન થઈ ત્યારે ચંપાએ આંસુ સાર્યાં અને વસંતતિલકા પીગળી ઊઠી અને માતાની ઇચ્છાને માન આપવા સુરેખાના હાથમાંથી મદિરાનું પાત્ર લીધું.

ચંપાએ ધમ્મિલકુમારને આગ્રહ કર્યો અને કહેવા લાગી :

'ધમ્મિલકુમાર, આ નિર્દોષ જણાતી ચીજનો એકવાર સ્વાદ કરવાથી મગજ તરબતર થઈ જાય છે. મદ્યની ચૌદ રત્નોમાં ગણતરી થાય છે તું પ્રેમથી સ્વીકારી લે...માતાની ઇચ્છાને આજ પાછી વાળતો નહિ...'

અને વસંતતિલકાના આગ્રહ પર ધમ્મિલકુમારે મદિરાપાન કર્યું.

લગભગ પા ઘટિકામાં મૂર્ચ્છિત થવાનાં દ્રવ્યોથી યુક્ત મદિરાપાનથી ધમ્મિલકુમાર અને વસંતતિલકાએ હોંશ ગુમાવ્યા.

બન્ને મૂર્ચ્છિત થઈ ગયા.

અને...જે સમયની ચંપાને પ્રતીક્ષા હતી, તે સમય આવી પહોંચ્યો. ચંપાએ સુરેખાને બોલાવી અને જણાવ્યું : 'સુરેખા, હવે ઝડપ કરવી પડશે...નહિંતર યોજના નાકામિયાબ બની જશે.'

'આપ આજ્ઞા કરો એટલી જ વાર છે...' સુરેખાએ કહ્યું.

'ધમ્મિલકુમારને તત્કાળ ઉપાડીને નગરીનાં પાદરમાં ફેંકી આવો...આવા નિર્ધન માણસોનું અહીં કામ નથી...'

એમ જ થયું.

સુરેખા ચાર દાસોને બોલાવી લાવી. ચાર દાસોએ ધમ્મિલકુમારને ઉઠાવ્યો અને કોઈ જાણે નહિ એ રીતે તેને નગરીના પાદરમાં મૂકી આવ્યા. સુરેખા પણ દાસોની સાથે ગઈ હતી.

સુરેખાએ ભવન પર આવીને ચંપાને જણાવ્યું કે કામ સફળ થઈ ગયું છે. આથી ચંપાને આનંદનો પાર ન રહ્યો.

બીજે દિવસે સવારે ધમ્મિલકુમારની મૂર્ચ્છા વળી ત્યારે વેરાન જગ્યામાં પોતાને જોઈને આશ્ચર્ય પામ્યો. તેને થયું કે આ સ્વપ્ન તો નથી ને ? મારી વસંતતિલકા ક્યાં ગઈ ? હું અહીં કેવી રીતે આવ્યો ? મને કોણ મૂકી ગયું હશે ?

પ્રાતઃકાળનો સમય હતો...

ધમ્મિલકુમાર ધરતી પરથી ધીરે ધીરે ઊભો થયો અને

નગરમાં પ્રવેશ્યો. તે વિચારવા લાગ્યો કે મને નિર્ધન જાણીને વસંત-તિલકાની માતાએ જ ત્યાગી દીધો હશે. આટલાં વરસો સુધી ધન આપ્યું પણ બધું વ્યર્થ...! શું વસંતતિલકાએ આમાં ભાગ ભજવ્યો હશે ? કંઈ કહેવાય નહિ...! ગણિકાનો વિશ્વાસ શું ? મેં વસંતતિલકાને કેટલો પ્રેમ આપ્યો પણ હવે શું ? ક્યારેય ગણિકાનો વિશ્વાસ કરાય નહિ. કપટભર્યા પ્રેમનો સ્વાંગ રચીને મારી તમામ મિલ્કત પચાવી પાડી અને હું નિર્ધન થયો એટલે ફેંકી દીધો...! ઓહ...!

ધમ્મિલકુમાર માર્ગ પર ચાલતો જતો હતો અને ભૂતકાળના દિવસોને યાદ કરતો હતો...નગરના નગરશેઠ સુરેન્દ્રદત્તશેઠને ત્યાં જન્મેલો હું એક ગણિકામાં મોહાંધ બનીને સર્વસ્વ ગુમાવી બેઠો...ધિક્કાર છે મને...! જૈન ધર્મનો અનુયાયી એવો હું મદિરાનું સેવન કરી બેઠો...અને આજ સુધી પવિત્ર રહેલા દેહને દૂષિત કર્યો. સ્ત્રીના વચનો અને ચંચળતામાં કયા કારણોસર લોભાયો ? આજ મારી દૃષ્ટિ ખૂલી ગઈ છે. જેને હું મારા માનતો હતો તેણે ધિક્કાર આપ્યો અને ધનની લાલચમાં તજી દીધો જેઓને હું પારકા માનતો હતો તેઓને ઓળખી શકવાની શક્તિ જ ખોઈ બેઠો હતો...હું હવે ક્યાં જઈશ ? શું કરીશ ?

ધમ્મિલકુમાર માર્ગ પર આગળ વધતો હતો ત્યાં વિચાર આવ્યો કે ચાલને મારા પિતાજીના ભવને જાઉં...

આવો વિચાર ધારણ કરીને તેણે પોતાના ભવન તરફ જવાના માર્ગ પકડ્યો. થોડીવારમાં તે તેના ભવન પાસે આવી પહોંચ્યો. ત્યાં એક રાહદારીને ઊભેલો જોયો.

ધમ્મિલકુમારે તે રાહદારીને પૂછ્યું : 'ભાઈ, આ ભવનમાં કોણ રહે છે ?'

'શ્રીભદ્ર શેઠ...' રાહદારીએ કહ્યું.

'અહીં તો સુરેન્દ્રદત્તશેઠ રહેતા હતા ને...!' ધમ્મિલે કહ્યું.

'ભાઈ, તમે પરદેશી લાગો છો. અહીં સુરેન્દ્રદત્તશેઠ અને સુભદ્રાશેઠાણી રહેતાં હતાં, એ વાત સાચી પણ મોટી ઉંમરે તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. માતાપિતાનો તે ખૂબ જ લાડકો હતો. પણ કર્મયોગે તે પુત્ર ગણિકાને ત્યાં રહેવા લાગ્યો. માતા-પિતાએ તેને અનેકવાર બોલાવ્યો પણ ગણિકામાં મોહાંધ થયેલો તેમનો પુત્ર પાછો આવ્યો જ નહિ. સુરેન્દ્રદત્તશેઠે પુત્રની ઇચ્છાને પૂરી કરવા ખાતર જીવનની તમામ મૂડી તે ગણિકાને ત્યાં મોકલી દીધી. વેપારધંધા બંધ થયા. આ ભવન વેચવાનો વારો આવ્યો. શેઠ-શેઠાણી તથા તેમની પુત્રવધૂ યશોમતી થોડે દૂર એક નાનકડા મકાનમાં રહેવા ગયા. પણ શેઠ-શેઠાણીની તંદુરસ્તી દિવસો દિવસ પુત્રની ચિંતાને કારણે લથડતી જતી હતી અને એક દિવસ ચિંતાના ભાર વચ્ચે શેઠ-શેઠાણીનું એક જ દિવસે મૃત્યુ થયું. ત્યારબાદ તે મકાનમાં ધમ્મિલકુમારની પત્ની યશોમતી એકલી રહેતી હતી પણ થોડા સમય પહેલાં તેણે તે મકાન વેચી નાખ્યું અને તેના માતા-પિતાની સાથે રહેવા ચાલી ગઈ છે. સુરેન્દ્રદત્તશેઠનો દુષ્ટ પુત્ર હવે ક્યાં છે તેની કોઈને ખબર નથી. આવો તે પુત્ર હોય કે જે શેઠની અંતિમ ઘડીએ પણ ન આવે...'

ધમ્મિલકુમાર રાહદારીના મુખે પોતાના પિતાની પાયમાલી પોતાના કારણે થઈ છે તેમ માતાપિતાએ આ સંસારમાંથી વિદાય લીધી છતાં પોતે મોહાંધ દશામાં રહ્યો...ધમ્મિલકુમારને અત્યંત દુઃખ થયું. કોઈ ધમ્મિલકુમારને ઓળખી શક્યું નહોતું. નહિતર તેને અનેક લોકોનો સામનો કરવો પડત.

ધમ્મિલકુમાર તરત જ પાછો વળ્યો. માર્ગમાં વિચાર કરવા લાગ્યો. ઓહ...ધિક્કાર છે મને...! સમગ્ર નગરીમાં મારા દુષ્ટ-કૃત્યની વાતો થાય છે. માઠી કથની સાંભળવા હું જીવિત કેમ

રહ્યો છું ? મારા કારણે જ મારા માતાપિતા મૃત્યુ પામ્યા છે. મારા કારણે જ અઢળક સંપત્તિ નષ્ટ થઈ છે. પતિવ્રતા યશોમતીને પરણીને મેં કોઈ સુખ આપ્યું નથી. ખરેખર તો મારી દશા મરેલા માણસ જેવી થઈ ગઈ છે. હવે મારે જીવીને શું કામ છે ? યશોમતી પાસે કઈ આશાએ જાઉં...! ના...ના... તેની સામે હું આંખ પણ ઊંચી કરી શકું તેમ નથી... મારા માટે તો મૃત્યુ સિવાય કોઈ માર્ગ નથી...

ધમ્મિલકુમારના અંતરમાં ઘમસાણ મચી ગયું હતું. તેની નજર સામે મોત સિવાય અન્ય કોઈ માર્ગ દેખાતો નહોતો.

માર્ગમાંથી તેણે એક તલવાર લીધી. ધમ્મિલકુમાર તલવાર લઈને નગરી બહાર આવ્યો. તેને થયું કે આ સ્થળ બરાબર નથી... વનપ્રદેશમાં જ જતો રહું...કોઈ જોઈ ન જાય તે રીતે મૃત્યુને ભેટીશ.

અને ધમ્મિલકુમારે વનપ્રદેશનો માર્ગ પકડ્યો. લગભગ અર્ધઘટિકાએ તે વનપ્રદેશમાં આવ્યો.

ધમ્મિલકુમાર એક નીરાપદ જગ્યાએ ઊભો રહ્યો. તેના હાથમાં મ્યાનમુક્ત તલવાર હતી. તેણે એક હાથ વડે તલવારને મજબૂત રીતે પકડી અને તલવારને સંબોધતાં બોલ્યો : ' હે તલવાર, મારા કારણે મારા માતાપિતાએ આ સંસાર છોડ્યો છે. સુખ-સમૃદ્ધિના નષ્ટનું કારણ પણ હું જ છું. વેપાર-પેઢી બંધ થઈ જવામાં પણ હું જ છું. મારી પત્ની યશોમતીને દુઃખી કરવામાં પણ હું જ હતો. મારી ઇચ્છા મૃત્યુને ભેટવાની છે. તું મારી ઇચ્છાને પૂર્ણ કર '

આટલું કહીને ધમ્મિલકુમારે તલવાર ઉગામી. તે પોતાનું મસ્તક અને ધડ અલગ કરવા ગયો કે વનદેવીએ તલવાર પકડી લીધી.

ધમ્મિલકુમારે તલવાર છોડી દીધી અને અગ્નિમાં બળવા તૈયાર થઈ ગયો. તેણે ચિતા સળગાવી અને કૂંદવા માટે ગયો કે ચિતા ઠરી ગઈ...

આમ ધમ્મિલકુમારે મૃત્યુને ભેટવા માટે અનેક ઉપાયો કર્યા પણ દેવે તમામ ઉપાયો નિષ્ફળ બનાવ્યા.

તમામ ઉપાયો નિષ્ફળ જવાથી ધમ્મિલકુમાર વિચારે છે કે હું મોતની સોડ તાણવા ઇચ્છું છું પણ વિધિનો સહકાર નથી... ! મોત પણ મારાથી દૂર ભાગે છે...!

ત્યાં આકાશવાણી થઈ...

'ધમ્મિલ, તું મૃત્યુનો વિચાર ન કર...મૃત્યુએ ઉપાય નથી...જરા શાંતિથી વિચાર કરીશ તો સત્ય સમજાશે...'

ધમ્મિલકુમારે આમતેમ જોયું પણ કોઈ દેખાયું નહિ. પણ તેણે આકાશવાણી પર શ્રદ્ધા રાખીને આત્મહત્યા કરવાનો વિચાર છોડી દીધો.

ધમ્મિલકુમાર વિચારવા લાગ્યો કે જો હું આત્મહત્યા કરીશ તો મારા આત્માને શાંતિ નહિ મળે...જીવતો રહીશ તો ગુમાવેલી આબરૂ પાછી પ્રાપ્ત કરી શકાશે. મારા પિતાશ્રીના કુળનો વેલો જીવતો રહીશ તો ચાલુ રાખી શકાશે. અરેરે... ! જિનધર્મનો જાણકાર હું અને આવા વિચારોનો પ્રવેશ કેમ થયો હશે ? હવે તો હું જીવિત રહીને ગુમાવેલી લક્ષ્મી અને પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરીશ.

આવા વિચારો સાથે ધમ્મિલકુમાર નગર તરફ પાછો ફર્યો.

જ્યારે આ તરફ વસંતતિલકાની મૂર્ચ્છા વળી ત્યારે તે ધમ્મિલને શોધવા લાગી. ધમ્મિલકુમાર તેની દૃષ્ટિમાં ન દેખાતા કલ્પાંત કરવા લાગી. તેણે તેની માતા ચંપાને પૂછયું : 'માતાજી, ધમ્મિલકુમાર ક્યાં છે ? '

ચંપાએ કટુ હાસ્ય બિછાવ્યું અને બોલી: 'પુત્રી, હવે તું ધમ્મિલકુમારના સ્વપ્નમાં રાચવાનું છોડી દે...એ નિર્ધન તને છોડીને ચાલ્યો ગયો લાગે છે. એના વિષે ફરી કોઈવાર મને પૂછીશ નહિ. મારી તો તને સલાહ છે કે તું ધમ્મિલને મનમાંથી કાઢીને અન્ય કોઈને સ્થાન આપી દે... '

આટલું કહીને આછું હાસ્ય બિછાવતી ચંપા ચાલી ગઈ.

વસંતતિલકા તરત જ માતાના વર્તનથી સમજી ગઈ કે મારી માતાએ જ ધમ્મિલને બહાર કાઢી મૂકયો હશે અથવા તો મદિરાપાન કરાવીને ફેંકી આવ્યા હશે. મારી માતાએ મારા પ્રિયતમને ભવનની બહાર કાઢી મૂકયો હવે શું કરીશ ? હું ધમ્મિલ વિના શી રીતે જીવી શકીશ ? મારા તન મન પર માત્ર ધમ્મિલનો જ અધિકાર છે. હું આજથી પ્રતિજ્ઞા કરું છું કે મને જયાં સુધી ધમ્મિલ મળશે નહિ ત્યાં સુધી તાંબૂલ ખાઈશ નહિ અને અંગ પર આભુષણો ધારણ કરીશ નહિ. શૃંગાર પણ રચીશ નહિ...

આમ વસંતતિલકાએ આકરું વ્રત લઈ લીધું.

વસંતતિલકા સતી સ્ત્રીની માફક પોતાનું જીવન વ્યતિત કરવા લાગી. તેની માતા ચંપાએ વ્યવસાયમાં મન લગાવવા માટે ખૂબ કહ્યું પણ વસંતતિલકા માતાની એક પણ વાત માનતી નથી.

વસંતતિલકા આખો દિવસ ધમ્મિલને યાદ કરતી હતી અને અત્યાર સુધી ભોગવેલા સુખની યાદોને વાગોળવા લાગી.

વસંતતિલકા ધમ્મિલકુમાર પાછો ફરે તેની પ્રતિક્ષામાં દિવસો પસાર કરવા લાગી.

## ૧૭ : : તપનો પ્રભાવ

આ તરફ ધમ્મિલકુમાર વનપ્રદેશમાંથી બહાર આવીને નગરીના ઉદ્યાનમાં ગયો. વાતાવરણ આલ્હાદક અને રમણીય હતું. તે ઉદ્યાનમાં આગળ ગયો ત્યાં એક વૃક્ષ નીચે એક સાધુને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા જોયા.

ધમ્મિલકુમાર તે સાધુ મહાત્મા પાસે આવ્યો. તેણે મુનીવરને વંદન કર્યા અને એક તરફ બેસી ગયો.

થોડીવારે મુનિરાજ ધ્યાનમુક્ત થયા.

મુનિરાજે ભાવવાહી સ્વરે ધમ્મિલને કહ્યું : 'ધમ્મિલ, આ સંસારમાં સંપત્તિ મેળવવી સરળ છે. અત્યંત સ્વરૂપવાન સ્ત્રી મેળવવી પણ સરળ છે સુખોપભોગનાં સાધનો પ્રાપ્ત કરવાં સહજ છે પણ આ ભવના ફેરામાંથી ટાળનારો ધર્મ પાળવો કઠિન છે. ધર્મ ચિંતામણી રત્ન જેવો દિવ્ય છે. સંસારનાં સઘળાં સુખો દુઃખનાં કારણભૂત છે, એ વાત સમજી લેવાની જરૂર છે. ધર્મ એક સર્વોત્કૃષ્ટ, નિર્મળ અને આનંદપ્રદ અમૃત છે. ધર્મને શરણે જનારાઓ કર્માનુસાર પડતી વિપત્તિઓને પચાવી જાય છે કારણ કે ધર્મ પોતે જ તેનું રક્ષણ કરે છે. ધર્મની તાકાત સંસારના કોઈપણ તત્ત્વ કરતાં અપરિમિત છે. અનંત છે, અચિંત્ય છે.'

આમ કહીને મુનિરાજે ધમ્મિલકુમારને દૃષ્ટાંતો કહ્યાં અને ધર્મ પ્રત્યે સ્થિર થવાની વાત કરી.

ધમ્મિલકુમારે કહ્યું : ‘ મુનિવર, આપના ઉપદેશથી મારા અંતરને ટાઢક વળી છે. મેં વિષયલાલસામાં અંધ બનીને ઘણું ખોયું છે. ક્ષણિક સુખનો આનંદ મેળવવા મેં પાપકર્મો કર્યાં છે...મેં ખૂબ દુઃખ વેઠયું છે... ’

મુનિવરે કહ્યું : ‘ ધમ્મિલ, તેં કેવાં કેવાં અને કેવી રીતે દુઃખો વેઠયાં છે તે વિગત વાર જણાવ... ’

‘ મુનિવર, મારા જેવા દુઃખી આત્માની વાત સાંભળીને આપનુ હૈયું કોચવાશે... ’

‘ ધમ્મિલ, મેં પણ સંસારમાં રહીને ઘણાં દુઃખો વેઠયાં છે. અન્યના દુઃખોનો ચિતાર સાંભળીને હૈયામાં વેદના થાય છે તેમ અન્યનું દુઃખ દૂર કરવાની મારી પાસે શક્તિ પણ છે. ’

મુનિરાજના કહેવાથી ધમ્મિલકુમારે પોતાના જીવનની તમામ વાત રજૂ કરી દીધી.

મુનિરાજે ધમ્મિલકુમારને સાંત્વન આપ્યું અને કહ્યું : ‘ ધમ્મિલ, સ્ત્રીઓ પાસેથી સુખની આશા રાખવી વ્યર્થ છે. તું સ્ત્રીમાં આસક્ત થઈને હવે વધારે દુઃખી ન થતો...ધર્મનું શરણું પકડી લે... ’

ધમ્મિલકુમારે કહ્યું : ‘ મુનિરાજ, દરેક સ્ત્રીઓ એવી હોતી નથી. આપ તો સંસારથી વિરક્ત છો તેથી દરેક સ્ત્રીઓ દોષવાળી જણાય પણ હું તો રાગી છું તેથી હું સ્ત્રીઓને સંસારમાં સારભૂત માનું છું. મારી ભોગ ભોગવવાની ઇચ્છા હજુ પરિપૂર્ણ થઇ નથી. મારું મન હજુ ધન મેળવવાની ઇચ્છાવાળું છે. મારા પિતાજીની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરવી છે. આપ મારી તમામ ઇચ્છાઓ પૂર્ણ થાય એવું કરો... ’

ત્યારે મુનિરાજે કહ્યું : 'ધમ્મિલ, જો તું સાધુનો વેશ ધારણ કરીને સળંગ છ માસ સુધી આયંબિલનું તપ કરીશ તો મનવાંચ્છિત લક્ષ્મી જરૂર પ્રાપ્ત થશે. છ માસના આયંબિલનું તપ તરત ફળ આપનારું છે.'

ધમ્મિલકુમારે મુનિરાજને વંદન કર્યાં અને સાધુનું વ્રત અંગીકાર કર્યું. ધમ્મિલકુમારે તરત જ સાધુનો વેષ ધારણ કર્યો. તે ત્યાંથી કોઈ અજાણ્યા સ્થળે ચાલ્યો ગયો.

ધમ્મિલકુમાર મુઠ્ઠીભર અનાજ જેટલા આહારથી આયંબિલનું આકરું તપ કરવા લાગ્યો.

તપ એટલે આત્મશુદ્ધિની એક ભવ્ય ક્રિયા અને આત્મ-શુદ્ધિ મનની મલિન વૃત્તિઓના નાશ વગર કદી શકય બનતી નથી. ક્રોધ, મોહ, કામ, લોભ, મધ, માન, રાગ વગેરે આંતરશત્રુઓનુ' દમન કરવાના એક પવિત્ર આશયથી જ તપનું આરાધન થાય છે.

અને આંતરશત્રુઓને સાચવી રાખવાથી આત્મશુદ્ધિના માર્ગે જઈ શકાતું નથી.

તપ વગર વિકારો પર કાબુ મેળવી શકાતો નથી. મનને મારવામાં તપ મહત્ત્વનો ભાગ ભજવે છે. રસના પર વિજય મેળવવામાં જ્ઞાનનું તેજ નિહાળવામાં આવશ્યક હોય છે.

ધમ્મિલકુમાર આયંબિલ તપની આકરી તપશ્ચર્યા કરવા લાગ્યો. તેનું સ્નાનવિનાનું પ્રસ્વેદથી ચિકાશ પામેલું શરીર તેમજ અંગ પરના જીર્ણ અને મેલાંઘેલાં વસ્ત્રો તથા તેમાં ઉત્પન્ન થતાં જૂ, લીખ તેમ જ અન્ય જંતુઓથી થતી ઉપર્દ્રવની વ્યથા ધમ્મિલકુમાર સહવા લાગ્યો.

આમને આમ છ માસ પૂરા થઈ ગયા.

ધમ્મિલકુમારે છ માસની આયંબિલ તપની આરાધના આત્મ-શ્રદ્ધાથી કરી હતી.

આયંબિલનું તપ પૂર્ણ થતા ધમ્મિલકુમારના મુખ પર તપનું તેજ ચમકી ઊઠયું હતું. ધમ્મિલકુમાર ધર્મક્રિયા કરીને ઊભો થયો ત્યાં આકાશવાણી સંભળાઈ.

'હે ધમ્મિલકુમાર, તું શ્રદ્ધા કેળવજે...થોડા સમયમાં તું વિદ્યાધર રાજાની અને ધનવાન શ્રેષ્ઠીઓની બત્રીસ કન્યાઓનો સ્વામી થઈશ તેમજ તારાં અંતરની ઇચ્છા મુજબ ભોગ–સુખ તથા લક્ષ્મીને પણ સંપાદન કરીશ.'

ધમ્મિલકુમાર આકાશવાણીથી પ્રસન્ન થયો.

ધમ્મિલકુમાર આ સમયે નિર્જન સ્થળે બેઠો હતો ત્યાં કોઈ તપસ્વિની સ્ત્રી આવી. તે તપસ્વિની સ્ત્રીએ ધમ્મિલકુમાર પર દષ્ટિ કરી અને બોલી: 'અહીં ધમ્મિલ છે !'

ધમ્મિલે કહ્યું : 'હા...હું પોતે જ ધમ્મિલ છું.'

શુભ્ર વસ્ત્રોમાં શોભી રહેલી તપસ્વિની સ્ત્રીએ ધમ્મિલકુમારને કહ્યું : 'તો પછી તું મારી સાથે ચાલ અને રથમાં બેસી જા... આપણે ચંપાનગરી તરફ જવાનું છે...'

ધમ્મિલકુમારને આશ્ચર્ય થયું. ચંપાનગરી ? આ સ્ત્રીએ મારું નામ શી રીતે જાણ્યું હશે ? એ કોણ હશે ? મને શા માટે ચંપાનગરી લઈ જવા માગતી હશે ? હું અહીં છું તેની આ તપસ્વિની જેવી જણાતી સ્ત્રીને શી રીતે ખબર પડી હશે ?

ધમ્મિલકુમાર થોડીવાર વિચારમાં પડી ગયો અને કેટલાક પ્રશ્નો ઉદ્દભવ્યા પછી મનોમન નિર્ણય કર્યો કે હું આ સ્ત્રીની સાથે જઈશ. દેવોએ જ આ બાબતે નિર્ણય કર્યો લાગે છે. પછી મારે શીદને ચિંતા કરવી ?

આમ વિચારીને ધમ્મિલકુમાર તે તપસ્વિની જણાતી સ્ત્રીની સાથે જવા માટે તૈયાર થઈ ગયો.

ધમ્મિલકુમાર તરત જ રથ પાસે આવ્યો અને સારથીના

સ્થાને બેસી ગયો. આ રથમાં સારથી હતો નહિ. તપસ્વિની સ્ત્રી જ રથ હંકારતી હોવાનું ધમ્મિલકુમારે માન્યું કારણકે રથમાં એક સુંદર કન્યા પણ બિરાજેલી હતી.

ધમ્મિલકુમારે રથમાં બેસતાં પહેલાં મુનિવેષ ત્યાગી દીધો. અને સાવ સાદાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. તેણે રથની લગામ હાથમાં લઈને રથને ચંપાનગરી તરફ હંકારવા લાગ્યો.

રાત્રીનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો.

થોડીવારમાં અજવાળું થશે.

ધમ્મિલકુમાર રથ હંકારતા વિચારવા લાગ્યો કે ખરેખર આ તપસ્વિની જણાતી સ્ત્રી મારું નામ બોલી છે તે હું જ છું કે અન્ય કોઈ ? તે મને લેવા આવી હતી અન્ય કોઈ ધમ્મિલ નામ ધારણ કરનારી વ્યક્તિને ? હું તો ધમ્મિલ નામ સાંભળીને રથમાં બેસી ગયો.

રાત્રીના અંધકારમાં કોઈના મુખ સ્પષ્ટપણે કળાતા નહોતા. ધમ્મિલે માન્યું કે અજવાળું થશે ત્યારે તપસ્વિની સ્ત્રી મારા પહેરવેશ અને રૂપ જોઈને છળી ઊઠશે...ધમ્મિલને થયું કે રથમાં કોઈ અન્ય સ્ત્રી પણ છે. એ કોણ છે. તેની ખબર પડતી નહોતી.

પ્રાતઃકાળ થયો.

સૂર્યના આછા કિરણો પૃથ્વી પર પ્રકાશી રહ્યાં હતાં.

ધમ્મિલકુમાર એકધારી ગતિથી રથને હંકારી રહ્યો હતો. ધમ્મિલકુમારે તપસ્વિની સ્ત્રીની સામે જોયા વગર કહ્યું : 'દેવી, થોડીવાર વિરામ કરવો પડશે. અશ્વો શ્રમિત થયા છે ...'

'ધમ્મિલ, કોઈ ઝરણું આવે ત્યારે રથને રોકી પાડજે.'

'ભલે...' ધમ્મિલે જણાવ્યું.

લગભગ અર્ધ ઘટિકા બાદ એક ઝરણું જોવા મળ્યું. ધમ્મિલ રથને તે બાજુ દોરી ગયો. તેણે રથને ઊભો રાખ્યો. ધમ્મિલે

श्री. मार्गीनगर. मिन–

અશ્વોને છુટા પાડીને જળ પીવડાવ્યું.

ધમ્મિલની દષ્ટિ આ સમયે રથમાં બેઠેલી અત્યંત સ્વરૂપવાન કન્યા પર ગઈ. એ અનિંદ્ય સુંદરીને જોતાં જ ધમ્મિલકુમાર મોહિત થઈ ગયા.

રથમાં બેઠેલી સુંદર કન્યાની દષ્ટિ પણ ધમ્મિલ પર પડી પણ ધમ્મિલને જોતાં જ નિસાસો નાખ્યો.

રૂપસુંદરીએ વિચાર્યું કે આ માણસે અર્ધો પહેરવેશ ગૃહસ્થનો ધારણ કર્યો છે અને અર્ધો સાધુનો પહેર્યો છે. વળી તેના વસ્ત્રો પણ કેટલાં મેલાં છે? સ્વચ્છતા, સુઘડતાનો અંશ નથી.

રૂપસુંદરીએ ધમ્મિલકુમારનું રૂપ જોઈને તપસ્વિની સ્ત્રીને કહ્યું: 'હે માતાજી, આ માણસ કોણ છે? જરા પણ નિહાળવો ગમે નહિ. આના જેવો ભયંકર માણસ મેં આજ સુધી જોયો નથી. મેં અગાઉ જે ધમ્મિલને જોવો હતો તે આ નથી. આ કોઈ અન્ય જણાય છે. રાત્રીના અંધકારમાં મેં તેને બરાબર જોયેલ નહોતો. નહિતર હું તેને રથ પર બેસવાનું જણાવત પણ નહિ. માતાજી, મારો પ્રિયતમ ધમ્મિલ હજુ મને મળ્યો નથી. એટલે હવે આગળ પ્રવાસ કરવાની જરૂર નથી. આપણે અહીંથી જ પાછા વળી જઈએ.'

તપસ્વિની જણાતી સ્ત્રીએ ઉત્તર આપ્યો: 'પુત્રી, તું હવે પાછો ફરવાનો વિચાર કરે છે તે યોગ્ય નથી. તારી કીર્તિને કલંક લાગશે એ કરતાં તો તું ચંપાનગરી જા તે સુયોગ્ય છે. છતાં તું કહે તેમ કરીએ...'

માતા અને પુત્રીની વાત ધમ્મિલકુમાર સાંભળતો હતો. તેણે મૌન સેવ્યું, રથના અશ્વો જોડયા.

ત્યાં આ શું?

જેવો ધમ્મિલ રથ પર બેસવા ગયો કે તે સુંદર રૂપવતી

કન્યાએ રથના અગ્રભાગે આવીને સારથીનો પાઠ ભણ્યો અને રથને દોડાવ્યો.

ધમ્મિલને આશ્ચર્ય થયું. તે કંઈ વધુ વિચારે તે પહેલાં તો રથ ગતિમાન બન્યો. ધમ્મિલકુમારે તરત જ નિર્ણય લઈ લીધો અને રથના પાછલા ભાગને પકડી લીધો. રૂપવતી કન્યાએ આ જોયું તો તે ક્રોધિત બની ગઈ. તેણે ધમ્મિલને ચાબુક ફટકારી છતાંય ધમ્મિલે રથને છોડયો નહિ.

રથે તીવ્ર ગતિ ધારણ કરી...

દિવસના પ્રથમ પ્રહર બાદ એક નગર આવ્યું.

રૂપવતી કન્યાએ રથને નગરીના દ્વાર પાસે ઊભો રાખ્યો. કન્યા અને તપસ્વિની સ્ત્રી બન્ને થાકીને લોથ થઈ ગયા હતા. બન્નેને તીવ્ર ભૂખ લાગી હતી.

ધમ્મિલકુમાર મા-દીકરીના ચહેરા પરથી સમજી ગયો કે બન્ને શ્રમિત થયા છે અને તીવ્ર ક્ષુધાથી પીડિત છે.

ધમ્મિલકુમારે કહ્યું : 'તમે જરાય મુંઝાશો નહિ. હું આ નગરમાં જઈને ભોજનસામગ્રીનો પ્રબંધ કરું છું. ત્યાં સુધી આપ બન્ને વિશ્રામ કરો. અશ્વો પણ શ્રમિત થયા છે...'

આમ કહીને ધમ્મિલ નગરીના રાજમાર્ગ પર ચાલવા લાગ્યો.

ધમ્મિલ આગળ જતો હતો ત્યાં એક જગ્યાએ અનેક માણસો એકઠાં થયા હતા. ધમ્મિલે જોયું તો સૌના મુખ પર ચિંતા ઘેરી વળી હતી. ધમ્મિલ એકઠા થયેલા માણસો પાસે ગયો અને કહ્યું : 'આપ સૌના મુખ પર ચિંતાની વાદળી છવાયેલી છે. આપને શેની ચિંતા છે ? જો મારાથી શક્ય હોય તો મદદ કરીશ.'

ત્યાં એક વૃદ્ધ માણસે કહ્યું : 'ભાઈ, તું પરદેશી લાગે છે. છતાં અમે તને અમારી ચિંતાનું કારણ બતાવીશું. મારો ઉત્તમ લક્ષણવાળો વછેરો ગમે તે રોગને કારણે સૂકાતો જાય છે. નિર્બળ

થતો જાય છે. આ માટે અનેક ઉપાયો કર્યા છતાં તેનું પરિણામ શૂન્ય આવ્યું છે. આથી અમને એ ચિંતા પેઠી છે કે શું આટલો રૂડો રૂપાળો વછેરો મૃત્યુ પામશે ?'

થોડીવાર રહીને ધમ્મિલકુમારે કહ્યું : 'વડિલ, આપ હવે લગીરે ચિંતા કરશો નહિ. આપના વછેરામાં કંઈક શલ્ય છે. એનો ઉપાય હું જાણું છું આપ કહો તો...'

વૃદ્ધ માણુસે ધમ્મિલકુમારની વાત સાંભળીને અત્યંત હર્ષ પામ્યો અને કહ્યું : 'ભાઈ, તું ઉપાય જાણતો હોય તો શીઘ્ર મારા વછેરાને બચાવી લે...આ મારો પ્રિય વછેરો છે...'

અને તરત જ ધમ્મિલકુમારે ભીની માટીનો થથેરો વછેરાના આખા શરીર પર કર્યો અને વછેરાને છાયામાં ઊભો રાખ્યો.

ત્યારબાદ ધમ્મિલકુમારે બારીકાઈથી વછેરાના શરીરનું નિરીક્ષણ કર્યું. જે ભાગની માટી વહેલી સૂકાઈ ગઈ તે ભાગમાં જ શલ્ય છે એમ નક્કી કરીને તે ભાગમાં થોડું વાઢકાપ કરીને શલ્ય શોધીને કાઢી નાખ્યું.

ધમ્મિલકુમારે ત્યાર પછી વછેરાના તે ભાગ પર વ્રણરોહિણી નામની વનસ્પતિનો લેપ કર્યો. લેપ થવાથી તે ભાગનો ઘા રૂઝાઈ ગયો. વછેરો નિરોગી બન્યો.

લગભગ એકાદ ઘટિકામાં વછેરો ખુશમિજાજમાં આવી ગયો. વછેરો બચી જવા પામ્યો હોવાથી તે વૃદ્ધ પુરુષ ધમ્મિલકુમાર પર અત્યંત પ્રસન્ન થયો.

વૃદ્ધપુરુષે ધમ્મિલકુમારને કહ્યું : 'હે પરદેશી પુરુષ, તું કોણ છે ? ક્યાંથી આવે છે ? તું એકલો છે કે અન્ય કોઈ છે ?'

ધમ્મિલે કહ્યું : 'વડિલશ્રી, મારું નામ ધમ્મિલકુમાર છે. હું કુશાગ્રપુર નામની નગરીઓથી આવું છું. મેં મારો રથ ગામના દરવાજે ઊભો રાખ્યો છે. એ રથમાં મારો પરિવાર છે.'

'અરે યુવાન, એવું શા માટે કર્યું ? ચાલ આપણે ત્યાં જઈએ અને તારા પરિવારને માટે ત્યાં લઈ આવીએ...' વૃદ્ધ માણસે કહ્યું

એમજ થયું.

વૃદ્ધ પુરુષ અને ધમ્મિલકુમાર નગરના દરવાજા પાસે આવ્યા અને બન્ને સ્ત્રીઓને રથ સહિત નગરમાં લઈ આવ્યા. સૌએ મુકામ વૃદ્ધ પુરુષને ત્યાં કર્યો.

વૃદ્ધ પુરુષે સૌને સારી રીતે સાચવ્યા. સ્નાન, નવા વસ્ત્રો તેમજ ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી આપી.

ગુણવાન માણસ ગમે ત્યાં જાય પણ અધિક માન મેળવનારો બને છે.

એ દિવસે તપસ્વિની સ્ત્રી, તેની સાથે રહેલી રૂપવતી કન્યા તથા ધમ્મિલે ભોજન વગેરે કાર્ય પૂર્ણ કરીને વિશ્રામ કર્યો.

દુઃખ અને પરિશ્રમથી કંટાળેલી રૂપસુંદરી રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થાય તે પહેલાં જ નિદ્રાધીન થઈ ગઈ.

ત્યારપછી તપસ્વિની સ્ત્રી ધમ્મિલ પાસે આવી. તપસ્વિની સ્ત્રીને જોતાં ધમ્મિલે પ્રશ્ન કર્યો: 'મને એક પ્રશ્નનો ઉત્તર આપો...'

'તું શું જાણવા માગે છે ?' તપસ્વિની સ્ત્રીએ પૂછયું.

'પ્રથમ તો મને એ વાત જણાવો કે તમે બન્ને કોણ છો ? તમે શા માટે નીકળ્યા છો ? શું પ્રયોજન છે ? માર્ગમાં મને શા માટે બોલાવ્યો હતો ? અને બોલાવ્યા પછી આ રૂપગર્વિતા કન્યા મારા પ્રત્યે આવું વિચિત્ર આચરણ કેમ કરે છે ?'

'ધમ્મિલકુમાર, તારા દરેક પ્રશ્નોના ઉત્તર હું આપી શકું તેમ છું એ માટે આખી વાત સાંભળવી પડશે...'

'કહો...તમે વાત નહિ જણાવો ત્યાં સુધી મારા હૈયાને શાતા વળશે નહિ...' ધમ્મિલે ઉત્સુકતાથી કહ્યું.

તપસ્વિની જણાતી સ્ત્રીએ સવિસ્તારથી વાત કરતાં જણાવ્યું.

'માગધપુર નામનું એક મધ્યમ કક્ષાનું નગર છે. આ નગરીમાં વિશાળ રાજમાર્ગોથી સુશોભિત છે. આ નગરોમાં અનેક શ્રેષ્ઠીવર્યો વસે છે તેમ જ નગરી પર રાજા અરિદમન નામનો રાજા રાજ કરે છે. આ રાજાને અતિ સ્વરૂપવાન, ચતુર કન્યા છે. એનું નામ કમલાકુમારી છે. અને હું તે રાજકુમારીની ધાવ માતા છું અને મારું નામ દર્પણા છે.

રાજકુમારી કમલા યુવાનવયે આવી ત્યાં સુધીમાં સર્વ શાસ્ત્રોમાં નિપુણ થઈ ગઈ. પણ યુવાન કાળ શરૂ થતાં તે પૂર્વ જન્મના યોગે પુરુષો પ્રત્યે નફરતવાળી થઈ ગઈ. પુરુષ જાતિ પ્રત્યે દ્વેષ તેના મનમાં જાગૃત થઈ ગયો.

તે રાજકુમારી હંમેશા એવું જ વિચારતી કે પુરુષો તો સ્વાર્થી, નિર્દયી અને કપટી હોય છે. આ પ્રકારની પુરુષો પરની ગ્રંથિ બંધાઈ જવાને કારણે રાજકુમારી કમલાકુમારી કોઈ પણ પુરુષને જુએ તો દુઃખી થઈ જતી.

રાજકુમારી કમલાકુમારી યુવાનવયે પહોંચેલી હોવાથી મહારાજાએ અનેક રાજપુત્રોના ચિત્રો પસંદગી અર્થે બતાવ્યા ત્યારે રાજકુમારી દરેક ચિત્રનો હડસેલી નાખ્યા. રાજકુમારીને પુરુષ જાત પ્રત્યે ભારે ધિક્કાર ઉપજતો હતો.

પુરુષજાતની દ્વેષિણી રાજકુમારીને જોઈને મને થતું કે આટલી સુંદર, ચતુર અને ગુણવાન રાજકન્યાને પુરુષો પ્રત્યે આટલો ધિક્કાર શા માટે છે? પણ એ પ્રશ્નનો ઉત્તર હું કયાંથી સમજી શકું?

કેટલાક દિવસો બાદ મને એક વિચાર આવ્યો. તે વિચાર મેં રાજાને જણાવ્યો. મેં એક યોજના બતાવી હતી કે રાજકુમારી કમલાને નગરની મધ્યમાં ઝરૂખે બેસાડવામાં આવે તો અનેક માણસોની અવરજવર થશે. આમાંથી રાજકુમારી કોઈ

પુરુષને પસંદ કરે... એવી યોજના હતી.

મહારાજા અરિદમને મારી આ યોજનાનો અમલ બીજા. દિવસથી શરૂ કર્યો. રાજકન્યા કમલાકુમારી નગરીની મધ્યમાં આવેલ મહેલમાં રહેવા જતી રહી. તેની તહેનાતમાં અનેક દાસીઓને મૂકવામાં આવી. નગર વચ્ચે આ મહેલ આવેલો હોવાથી આ વિસ્તાર માણસોની અવરજવરથી ભરચક રહેતો હતો.

દિવસો પસાર થવા લાગ્યા.

એક દિવસ હું અને રાજકુમારી કમલાકુમારી મહેલના ઝરુખે બેઠા હતા ત્યારે એક અત્યંત સ્વરૂપવાન યુવાન રાજમાર્ગ પરથી પસાર થતો હતો.

સુંદર, સપ્રમાણ અને સોહામણી મુખાકૃતિ ધરાવતા યુવાનને જોઈને રાજકુમારીના હૈયામાં પુરુષો પ્રત્યે પ્રવર્તતો દ્વેષ ભાવ શાંત પડયો.

રાજકુમારી કમલાને રાજમાર્ગ પરથી પસાર થતો તે સોહામણો અને સુંદર યુવાન પસંદ પડી ગયો.

એ સમયે કમલા રાજકુમારીએ મને કહ્યું : ' માતાજી, આ સામેથી પસાર થતાં યુવાનને જોઈને મારું હૈયું થનગની ઊઠયું છે. તે કોણ છે ? તે તપાસ કરાવો. તમે કોઈ પણ રીતે તે યુવાનને મારી પાસે લઈ આવો અને તે યુવાન મારો સ્વીકાર કરે તેવું ગોઠવો. તેના વગર હું જીવી શકું તેમ નથી...મારું હૈયું તેના પ્રત્યે અદ્‌ભૂત રાગયુક્ત થયું છે.

હું તરત જ મહેલમાંથી બહાર નીકળી અને રાજકુમારી કમલાને પસંદ પડેલા યુવાનને રાજમાર્ગ પરથી પકડી પાડયો.

અને..!

થોડી વાર અટકીને તપસ્વિની સ્ત્રીએ વાતનો દોર આગળ ચલાવ્યો. ધમ્મિલકુમાર શાંતિથી તપસ્વિની બાઈની કથા સાંભળી રહ્યો હતો.

તપસ્વિની સ્ત્રીએ આગળ બોલતાં કહ્યું : 'ધમ્મિલકુમાર, રાજકુમારી કમલાકુમારીએ ઝરુખામાં બેસીને રાજમાર્ગ પરથી પસાર થતો સોહામણો યુવાન જોયો કે તરત જ તેના પ્રત્યે મુગ્ધ બની ગઈ. અને તે યુવાનને ગમે તે ભોગે લઈ આવવાની વાત કરી.

મને થયું કે આ યુવાન પ્રત્યે રાજકુમારીનું હૈયું કુણી લાગણી ધરાવતું થયું છે તો મારે આ કાર્ય શિઘ્ર પૂર્ણ કરી લેવું જોઈએ. કોણ જાણે ફરી પાછું એનું મન ફરી જાય તો...! કારણ કે આ ચંચળ ચિત્ત ધરાવતી રાજકુમારીનો ભરોસો ન કરાય.

આથી હું તરત જ મહેલમાંથી બહાર આવીને તે યુવાન પાસે આવી તે યુવાન રાજમાર્ગ પર ઊભો હતો.

મેં યુવાન પાસે જઈને પૂછ્યું : 'ભાઈ, તું કોણ છે? કોનો પુત્ર છે?'

ત્યારે એ યુવાને મધુર સ્વરે પૂછ્યું : 'તમે આ બધું શા માટે પૂછો છો ?'

'એક અગત્યની કામગીરી મને સોંપવામાં આવી છે તેથી...'

થોડી વાર સુધી તે યુવાન કશું બોલ્યો નહિ. પછી જણાવ્યું કે મારું નામ ધમ્મિલકુમાર છે અને મારા પિતાનું નામ સમુદ્રદત્ત શેઠ છે. પણ આ રીતે પરિચય મેળવવાનું કારણ શું છે ?'

યુવાનના મુખ પર હજુ આશ્ચર્યના ભાવ રમતા હતા.

તપસ્વિની સ્ત્રીએ કહ્યું : 'યુવાન, તું ખરેખર ભાગ્યશાળી છો. આ નગરીના મહારાજની પુત્રી રાજકુમારી કમલાકુમારી તને જોઈને મોહિત થઈ ગઈ છે. તે પુરુષદ્વેષિણી હતી પણ આજ તને જોઈને પ્રેમની જાળમાં સપડાઈ ગઈ છે. હે ભાગ્યશાળી, તું મારી સાથે ચાલ અને અત્યંત સ્વરૂપવાન રાજકુમારી સાથે વિવાહ કરીને સુખમય જીવન વ્યતિત કર...'

યુવાને કહ્યું : 'માતા, આપની વાતનો સ્વીકાર તો કોઈપણ યુવાન કરી લે. પરંતુ હું રહ્યો વણિક પુત્ર. વણિકપુત્ર રાજકન્યા સાથે વિવાહ શી રીતે કરે ? આ શોભાસ્પદ પણ નથી...'

તપસ્વિની સ્ત્રી બોલી : 'ભાઈ, જ્યારે લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે આવા વિચારો શોભતા નથી.'

'તમારી વાત સાચી છે પણ મારે મારા માતાપિતાની આજ્ઞા મેળવવી પડશે.'

તપસ્વિની સ્ત્રી બોલી : 'યુવાન, તું તારા માતાપિતા પાસે જા અને તેમની રજા લઈને તરત પાછો આવ...'

'ભલે...' યુવાન ધમ્મિલકુમાર તરત જ તેના માતાપિતા પાસે ગયો.

થોડીવારમાં તે યુવાન તપસ્વિની સ્ત્રી પાસે આવ્યો. અને બોલ્યો : 'માતાજી, મેં મારા માતાપિતાને સમગ્ર હકીકત શાંતિથી

કહી સંભળાવી અને આ માટે રજા માગી તો મારા પિતાએ જણાવ્યું કે રાજકુમારીને તારા પ્રત્યે મોહ થયો છે તે જાણીને હર્ષ શેનો થાય છે? એ માટે પ્રથમ તું વિચાર કર કે રાજકુમારી માટે તું યોગ્ય છે ખરો ? જો તારે દાસપણું કરવું હોય તો જ રાજકન્યાનો સ્વીકાર કરજે...નહિં તો તારે લાયક ઘણી કન્યાઓ છે...સમજ્યો...માતાજી, મારા પિતાની ઇચ્છા વિરુદ્ધ હું આ પગલું ભરું તો મારા પિતા મને ઘરમાં રહેવા ન દે.

'ઓહ...તો શું કરીશું?' તપસ્વિની સ્ત્રી બોલી.

'મને એક ઉપાય સુઝે છે. મારા એક સ્નેહી ચંપાનગરીમાં રહે છે. તેમને પ્રત્યે ખૂબ જ સ્નેહ છે. આ રાજકન્યાની સાથે વિવાહ કરીને ત્યાં જઈને સુખેથી રહી શકીશ.'

તપપસ્વિની સ્ત્રી બોલી : 'ધમ્મિલ, તારે જ્યાં રહેવું હોય ત્યાં રહેજે પણ આ રાજકન્યાની ભાવનાનો સ્વીકાર કરીને તેની સાથે વિવાહ કરી લે...અરે...રાજાના જમાઈ બન્યા પછી રહેવાની શું મુશ્કેલી પડવાની છે?'

'તમારી વાત સાચી છે તમે રાજકન્યાને લઈને નિર્જન સ્થળ પર આવેલી પેલી ગુફામાં આવજો...' આમ કહીને તે યુવાને જંગલમાં આવેલી ગુફાનું વર્ણન કર્યું તે ગુફા પ્રચલિત હતી.

તે યુવાન તરત જ ચાલ્યો ગયો. ત્યારબાદ હું અને રાજકુમારી કમલાકુમારી યુવાને જણાવ્યા સ્થળ પાસે પહોંચ્યા અને ધમ્મિલકુમારની બૂમ મારી ત્યારે તમે બહાર આવ્યા. પરોઢિયાના અંધારામાં તમારું મુખ બરાબર જોયું નહોતું એટલે માત્ર નામ જાણીને તમને રથમાં બેસાડ્યા.

'આ મારી કથા છે...' તપસ્વિની સ્ત્રીએ કથા પૂરી કરી.

થોડી વાર રહીને તપસ્વિની સ્ત્રીએ ધમ્મિલકુમારને કહ્યું : 'ધમ્મિલકુમાર, હવે આ કન્યા તારામાં શી રીતે પ્રેમવાળી

થાય તે અંગેનો વિચાર કરું છું...એ પહેલાં તું મને તારી સત્ય હકીકત કહી દે જેથી પરસ્પર સંબંધ ગાઢ થાય...'

ધમ્મિલકુમારે તરત જ પોતાની શરૂઆતથી વિતકકથા કહેવી શરૂ કરી. અને આયંબિલ તપ પૂર્ણ કર્યું ત્યાં સુધીની વાત કરી. દેવોની વાણી સાંભળી તે પણ જણાવ્યું. ત્યાં તમે મને બોલાવ્યો તે વાત કરી.

તપસ્વિની સ્ત્રીએ કહ્યું : 'તું દૈવયોગે મળી ગયો છે. એક નામધારી બે વ્યક્તિ મળવી એ પણ યોગાનુયોગ છે. પરંતુ હવેથી તું એવું વર્તન કર જે અને બોલજે જેથી મારી પુત્રી તારા પ્રત્યે રાગવાળી થાય.'

'માતાજી, હું આપની ઇચ્છા મુજબનું જ વર્તન કરીશ. મને શ્રદ્ધા છે કે આપની ઇચ્છા જલ્દી પૂરી થશે.'

આમ બન્નેએ વાતો પૂરી કરી ત્યાં રાજકુમારી કમલા જાગૃત થઈ ગઈ.

બીજે દિવસે સૌ રથમાં બેસીને ચંપાનગરી તરફ જવા રવાના થયા. ધમ્મિલકુમારે માર્ગમાં સિંહને પરાસ્ત કરીને ભગાડી મૂકયો. ચોરોનું ટોળું મળ્યું તો ધમ્મિલકુમારના બાહુબળ સામે ઝુકી ગયા. ખુંખાર લૂંટારાઓનો પણ સામનો ધમ્મિલકુમારે હિંમતપૂર્વક કર્યો. તે ટોળાના સરદારને ઘાયલ કરી દીધો.

તપસ્વિની સ્ત્રી આ જોઈને અત્યંત આનંદ પામી. ધમ્મિલ-કુમારની પ્રશંસા કરવા લાગી. તેણે કમલાકુમારીને કહ્યું : 'પુત્રી, આ યુવાન ખરેખર કુશળ લડવૈયો છે. મહાબુદ્ધિશાળી છે. આ યુવાન આગળ જતાં ખૂબ જ માનસન્માન મેળવશે. તું એના પ્રત્યે દ્વેષભાવ ન રાખ. પુત્રી, તેં જે ધમ્મિલને જોયો હતો તે દેખાવે સુંદર હશે પણ આ ધમ્મિલ તો બુદ્ધિશાળી, બળવાન અને સમજુ છે. રૂપરંગનો મોહ છોડીને ગુણની કિંમત આંકતા શીખ. મારી તો તને સલાહ છે કે આ ધમ્મિલકુમારને સ્વીકારી લે...'

આ સાંભળી કમલાકુમારી બોલી : 'માતા, મને જણાય છે કે વયની સાથે તમારી બુદ્ધિ પણ ચાલી ગઈ છે. જે માણુસ મને પ્રિય નથી તે માટે આટલો આગ્રહ શા માટે સેવો છો ? આ ધમ્મિલકુમાર તો મને દીઠોય ગમતો નથી...તેમજ એનું નામ મારી પાસે લેશો નહિ.'

ધમ્મિલકુમાર રથ હંકારતા માતા–પુત્રીની વાતો સાંભળી રહ્યો હતો. દિવસનો બીજો પ્રહર પૂરો થવામાં હતો. ત્યાં આગળ જતાં માર્ગમાં અશ્વોનો હણુહણાટ તથા વાજિંત્રોનો ધ્વનિ, શંખનાદ અને માણુસોના અવાજ ધમ્મિલકુમાર, તપસ્વિની માતા તથા કમલકુમારીના કાને પડ્યા. દૂર દૂર ધજાઓ દેખાતી હતી.

ધમ્મિલકુમારને થયું કે અગાઉ ચોરોની ટોળકીને પરાસ્ત કરીને ભગાડી મૂકી હતી. તેના સેનાપતિને યમસદને પહોંચાડી દીધો હતો તેથી તેનાં માણુસો વેર લેવા માટે તો નહીં આવી રહ્યાં હોય ને... ! ગમે તે હોય, અત્યારે ચિંતા કરીને શા માટે જીવ બાળવો ?

પણુ તપસ્વિની સ્ત્રી અને કમલાકુમારી ભયભીત બની ગયા. બન્નેને થયું કે હવે મોત સામે જ છે. આથી બન્નેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. તેઓ બન્ને ધમ્મિલકુમારને કહેવા લાગ્યા : 'હવે આપણું શું થશે ?'

ત્યારે ધમ્મિલકુમારે સાંત્વન આપ્યું. અને કહ્યું : 'જ્યાં સુધી મારામાં જીવ છે ત્યાં સુધી તમારો વાળ વાંકો કરવાની તાકાત કોઈનામાં નથી. માટે ચિંતા કરીને આંસુ ન સારો...'

ધમ્મિલકુમારનો રથ આગળ વધ્યો અને જ્યાં શસ્ત્રો સાથે એકઠાં થયેલાં લોકોનો સમૂહ હતો ત્યાં રથ આવીને ઊભો.

ત્યાં ઊભેલા સમૂહે શસ્ત્રો જમીન પર મૂકી દીધા. સૌ હર્ષનાદ કરતા હતા. ધમ્મિલકુમારને નવાઈ લાગી...

ત્યાં એક મુખી જેવો લાગતો માણુસ ધમ્મિલકુમાર પાસે આવ્યો અને બે હાથ જોડીને નમન કર્યા પછી કહ્યું : 'હે વીરવર,

જુઓ સામે દેખાય છે તે પર્વતનું નામ અંજનાચલ છે. તેમાં ઘણા ભીલો રહે છે. એ ભીલોનો રાજા અજીતસેન છે. આપે અમારા અંતરમાં વર્ષોથી સતાવતી ચિંતા ટાળી દીધી છે...'

'ચિંતા...? મને તમારી વાત સમજાણી નહિ...' ધમ્મિલકુમાર બોલ્યો.

'આપે માર્ગમાં ચોરોના સરદાર અર્જુનને પરાસ્ત કર્યો. તે મહાબળવાન અને ક્રૂર સ્વભાવનો માણસ હતો. અમારા સેનાપતિનો તે મોટામાં મોટો દુશ્મન હતો. આપે એ અર્જુનને નષ્ટ કર્યો એ સમાચાર અમારા જાણવામાં આવતાં અમે આપનું સ્વાગત કરવા અત્રે આવ્યા છીએ.'

'તમારા સેનાપતિ ક્યાં છે ?'

ત્યાં અજીતસેન અશ્વ પરથી ઉતરતાં બોલ્યો : 'હે વીરવર, હું પોતે જ અજીતસેન છું...આપે અમારા પર કૃપા વરસાવીને અમને એ ચોરોના સરદારના ત્રાસથી નચિંત કરી દીધા છે. અમે તો આપની વીરતાની બીજી વાતો પણ સાંભળી છે. કહે છેકે આપે સિંહને પરાસ્ત કર્યો હતો...?'

ધમ્મિલકુમારે કહ્યું : 'એ કંઈ મોટા કાર્યો નથી...?'

પરંતુ અજીતસેને ધમ્મિલકુમારની વીરતાના ગુણ ગાવાના ચાલુ જ રાખ્યા. ભીલોના સમૂહે ધમ્મિલકુમારનો જયનાદ કર્યો.

અજીતસેનના આગ્રહથી ધમ્મિલકુમારને ચારેક દિવસ માટે રોકાઈ જવું પડ્યું. ભીલ લોકોનું આતિથ્ય ગ્રહણ કરવું પડ્યું.

અને એક રાતે ભીલોના સરદાર અજીતસેને ધમ્મિલકુમાર, તપસ્વિની સ્ત્રી તથા કમલાકુમારીના મનોરંજન અર્થે એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખ્યો.

રાત્રીનો બીજો પ્રહર ચાલી રહ્યો હતો.

અજીતસેને અતિથિઓને બેસવા માટે આસનો મૂકાવ્યા હતા. દરેક ભીલવાસીઓ આવી ગયા હતા.

સૌએ ધમ્મિલકુમારનો જયનાદ પોકાર્યો.

અજીતસેને ઊભા થઈને મધુર સ્વરે કહ્યું : 'ધમ્મિલકુમારની વીરતાનું વર્ણન હું શી રીતે કરી શકું ? તેમણે અર્જુન નામના ચોરોના સરદારને નષ્ટ કરીને ખૂબ જ શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. એનો રંજાડ આસપાસના પ્રદેશોમાં ખૂબ હતો. તે ક્રુર અને અત્યાચારી હતો. ધમ્મિલકુમારના બળ પાસે તેનું કશું ચાલ્યું નહિ તેમજ તેમણે અહીં સુધી આવતાં અનેક વીરતાભર્યાં કાર્યો કર્યાં છે. જેનું અભિવાદન કરવા માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. પલ્લીવાસીઓ નૃત્ય, સંગીત તથા નાટયપ્રયોગો કરશે.

સૌ ભીલોના પરિવારે આનંદમાં આવી જઈને જયનાદ કર્યો અને સરદાર અજીતસેનની વાતને વધાવી લીધી.

લાગણીશીલ ભીલ પરિવારો ભાવભર્યા હૈયે ઉમંગથી, અપૂર્વ ઉત્સાહથી અતિથિઓને સન્માનવા અને પોતાની હૈયાની લાગણી વ્યક્ત કરવા વિશાળ ચોકમાં ભારે આનંદથી નૃત્ય કરવા લાગ્યા.

ધમ્મિલકુમાર તો ભીલવાસીઓનો પ્રેમ જોઈને ગદ્‌ગદિત થઈ ગયો.

લગભગ એકાદ ઘટિકા બાદ નાટ્યના પ્રયોગો રજૂ થયા. પછી અંગકસરતના દાવ રજૂ થયા.

રાત્રીનો ત્રીજો પ્રહર પૂરો થવામાં હતો. મંદ મંદ વહેતો વાયુ અંગને સ્પર્શી જતો હતો. ત્યારે અંગમાં ઝણઝણાટી ફેલાતી જતી. આસપાસના દીપકોના પ્રકાશથી ચોક અજવાળી ઊઠ્યો હતો. વૃદ્ધજનો આ તમાશો નિહાળતા હતા અને શાંતિથી બેસી રહ્યાં હતાં.

અને રાત્રીનો ચતુર્થ પ્રહર શરૂ થાય તે પહેલાં જલસો સમાપ્ત કરવામાં આવ્યો.

ત્યારબાદ અતિથિઓ માટે એક કુટિરમાં આરામની વ્યવસ્થા

કરવામાં આવી હતી ત્યાં ધમ્મિલકુમાર, તપસ્વિની સ્ત્રી તથા કમલાકુમારીને લઈ જવામાં આવ્યા.

અને બે દિવસ બાદ ધમ્મિલકુમારે પોતાનો પ્રવાસ આગળ વધાર્યો. અજીતસેને માર્ગમાં મુશ્કેલી ન પડે તે રીતે ભાતુ પણ બાંધી દીધું અને સૌની ભાવભીની વિદાય લીધી.

ધમ્મિલકુમાર, તપસ્વિ સ્ત્રી તથા કમલાકુમારીએ રથમાં બેસીને ચંપાનગરી તરફ જવાના માર્ગે આગળ વધ્યા.

તપસ્વિની સ્ત્રી તો ધમ્મિલની પ્રશંસા કરતી થાકતી નહોતી. જોકે કમલાકુમારીને આ બધું પસંદ પડતું નહોતું પણ સાંભળ્યા સિવાય કોઈ રસ્તો નહોતો.

અને થોડા દિવસોમાં ધમ્મિલકુમાર, તપસ્વિની સ્ત્રી તથા કમલાકુમારી ચંપાનગરીના પાદરે આવી પહોંચ્યાં.

ધમ્મિલકુમારે રથને એક વૃક્ષ નીચે ઊભો રાખ્યો.

ધમ્મિલકુમારે તપસ્વિની સ્ત્રીને કહ્યું : ' માતાજી, હું નગરમાં જાઉં છું. ત્યાં રહેવાની તથા ભોજનની તમામ વ્યવસ્થા કરીને પાછો આવું છું. ત્યાં સુધી તમે બન્ને અહીં જ રહેજો...'

તપસ્વિની સ્ત્રી બોલી : ' ધમ્મિલ, પણ એક વાતનું ધ્યાન રાખજે કે આ નગરી ઠગ લોકો માટે ખૂબ જ જાણીતી છે. તું કોઈ ઠગની હડફેટે આવી જતા નહિ નહિંતર તારો પત્તો મેળવવો મુશ્કેલ પડશે. '

' માતાજી, હજુ તમને મારો પૂરો પરિચય નથી એટલે આમ કહો છો. પરંતુ એટલી વાત સમજી લેજો કે ધમ્મિલને ઠગવો તે સરળ કાર્ય નથી.' આછું હસતો હસતો ધમ્મિલકુમાર ચંપાનગરીના દરવાજા તરફ ચાલવા માંડયો, ત્યાં માર્ગમાં ચંદ્રા નામની સરિતા વહેતી જોઈ. સરિતામાં જળ ભરપુર હતું.

સરિતામાં હજારો કમળો શોભી રહ્યાં હતાં. કમળો ઉપર અનેક ભ્રમરો ગુંજન કરી રહ્યાં હતાં.

પ્રાતઃકાળનો સમય હતો. સૂર્યોદય થયો હોવાથી સૂર્યના તેજસ્વી અને પ્રોજ્વલ કિરણો નદીના જળમાં પડી રહ્યા હોવાથી વાતાવરણ સુંદર ભાસી રહ્યું હતું.

સરિતાના વહેતા જળને જોઈને ધમ્મિલકુમારને સ્નાન કરવાનું મન થયું તે હળવેકથી સરિતામાં સ્નાનાર્થે ઊતર્યો.

ધમ્મિલકુમારે મન ભરીને સ્નાન કર્યું. સરિતામાં રહેલાં કમળપત્રોને જોઈને તેણે એક પછી એક કમળપત્રો તોડીને તેના પર નખથી કોતરણી કરવા લાગ્યો અને કમળપત્રો વહેતી સરિતાના પ્રવાહમાં તરતા મૂકી દેતો હતો. ધમ્મિલકુમારે અનેક કમળપત્રોમાં સુંદર નકશીકામ કર્યું.

એમાં બન્યું એવું કે સરિતાના અગ્રભાગે નગરીનો રાજકુમાર તેના સાથીઓ જોડે ક્રિડા કરી રહ્યો હતો. ધમ્મિલકુમારે નકશીકામ કરેલાં કમળપત્રો તરતાં તરતાં રાજકુમારના હાથમાં આવ્યાં. આ જોઈને રાજકુમારને આશ્ચર્ય થયું અને વિચાર્યું કે નદીના ઉપરવાસમાં ખરેખર કોઈ મહાન કલાકાર હોવો જોઈએ. કમળપત્રો પરનું નકશીકામ જોઈને રાજકુમાર અત્યંત પ્રસન્ન થયો.

રાજકુમારે તરત જ સરિતાના કિનારે ઊભેલા બે સેવકોને સમજાવીને કલાકારને બોલાવી લાવવા જણાવ્યું.

બે સેવકો તરત જ રાજકુમારની આજ્ઞા મુજબ નદીના ઉપરવાસ ભણી ગયા ત્યાં તેઓએ ધમ્મિલકુમારને જોયો.

સેવકોએ ધમ્મિલકુમારને પૂછ્યું : 'પરદેશી. આગળના ભાગે અમે કમળપત્રોમાં નખથી કરવામાં આવેલી કોતરણી જોઈ છે તે આપે કરી છે ?'

ધમ્મિલે કહ્યું : 'હા... શું કશો અપરાધ થયો છે ?'

'ના... ના...અપરાધ થયો નથી પણ અમારા રાજકુમાર આપની કલાથી ખૂબ જ પ્રસન્ન થયા છે. અમને અહીં આપને તેડી લાવવા માટે મોકલ્યા છે. આપ અમારી સાથે આવવાની કૃપા કરો...'

આ સાંભળીને ધમ્મિલકુમાર અત્યંત ખુશ થઈ ગયો. તે તરત જ સરિતામાંથી બહાર આવ્યો. વસ્ત્રો પરિધાન કરીને સેવકોની સાથે ચાલી નીકળ્યો. ચંપાનગરીમાં તે વખતે રાજા કપિલનું શાસન હતું. તેનો પુત્ર કલાનો શોખીન હતો.

થોડી વારમાં સેવકો ધમ્મિલકુમારને લઈને રાજકુમાર પાસે આવી પહોંચ્યા. સેવકોએ રાજકુમારને બધી વાત કરી. રાજકુમાર તરત જ ધમ્મિલકુમારને ભેટી પડયો અને તેની કલાની ભારોભાર પ્રશંસા કરી.

રાજકુમારે પૂછ્યું : 'તું કયાંથી આવે છે ? તારો પરિવાર કયાં છે ?'

ત્યારે ધમ્મિલે જણાવ્યું : 'રાજકુમાર, હું કુશાગ્રનગરથી આવું છું. મારો પરિવાર નગરી બહાર એક રથમાં બેઠેલો છે.'

રાજકુમારે તરત જ પોતાના સેવકોને ધમ્મિલકુમારના રહેઠાણ માટેની વ્યવસ્થા માટે નગરીમાં મોકલી દીધા. પોતે અને ધમ્મિલકુમાર હાથી પર બેસીને જ્યાં તપસ્વિની સ્ત્રી તથા કમલા-કુમારી હતા ત્યાં જવા માટે નીકળ્યા તેમની સાથે રાજકુમારના મિત્રો અને કેટલાક સેવકો હતા.

તપસ્વિની સ્ત્રીએ દૂરથી ધમ્મિલકુમારને રાજકુમાર સાથે હાથી પર બેઠેલો જોઈને ખૂબ આનંદ પામી તેણી બોલવા લાગી : 'પુત્રી, આ ધમ્મિલકુમાર તો ખૂબ જ ભાગ્યશાળી અને પરાક્રમી છે. તેનાં પગલાં નશીબવંતા છે...'

'ત્યારે કમલાકુમારીએ કહ્યું : 'માતાજી, આપ આ ધમ્મિલની

પ્રશંસા શા માટે કરતાં રહો છો. તે વાત હું જાણું છું. પણ મને ક્યારેય આ ધમ્મિલ પર રાગ થયો નથી અને થવાનો નથી. મારા મનનો માનેલો પ્રિયતમ તો આ નથી જ. આ ધમ્મિલ હાથીની અંબાડીએ બેઠો છે એટલે તું માનની દૃષ્ટિએ જુએ છે. પરંતુ એની કોઈ અસર મારા મનને થવાની નથી. એ પણ એટલું જ સત્ય છે.

તપસ્વિની સ્ત્રી કશું બોલી નહિ.

થોડીવારમાં ધમ્મિલકુમાર અને રાજકુમાર તપસ્વિની સ્ત્રી અને રાજકુમારી કમલાકુમારી પાસે આવ્યા. પરસ્પર કુશળ પૂછાયા અને રાજકુમાર ત્રણેયને વાજતેગાજતે નગરમાં પ્રવેશ કરાવ્યો.

રાજકુમારે ત્રણેયને એક ભવ્ય દેખાતાં ભવનમાં ઉતારો આપ્યો. ત્યાં ત્રણેય સેવા માટે અનેક દાસ-દાસીઓની નિમણૂક કરી હતી. ત્રણેય માટે ભોજનની ઉત્તમોત્તમ પ્રકારની સુખસગવડતા કરી આપી.

દિવસો જવા લાગ્યા.

ધમ્મિલકુમાર અત્યંત સુખમાં દિવસો પસાર કરી રહ્યો હતો.

રાજકુમાર અને ધમ્મિલકુમાર લગભગ આખો દિવસ સાથે રહેવા લાગ્યા. કલા-કારીગીરીની ચર્ચા કરતાં રાજકુમાર પોતાને એક ઉત્તમ મિત્ર મળી ગયો છે તેમ માનીને સંતોષ મેળવતો હતો.

રાજકુમારના અન્ય મિત્રો પણ ધમ્મિલકુમારના મિત્રો બની ગયા. થોડા દિવસોમાં તો આખા નગરમાં રાજકુમાર અને ધમ્મિલકુમારની મિત્રતાની વાતો થવા લાગી.

પણ રાજકુમારના કેટલાક મિત્રોને રાજકુમાર અને ધમ્મિલકુમારની ગાઢ મિત્રતા પસંદ ન પડી...તેણે કંઈક વિચારીને એક એવું પગલું ભર્યું કે ધમ્મિલકુમારને ધોળે દિવસે તારા દેખાવા લાગ્યા.

રાજકુમારના મિત્રોએ એવી તે શી યોજના રચી હશે !

## ૧૯ : : પ્રેમબંધન

ઈર્ષાનો દાવાનળ માનવીના અંતરમનને શાંતિ આપી શકતો નથી. રાજકુમારના કેટલાક મિત્રોને ધમ્મિલકુમાર સાથે રાજકુમાર આખો દિવસ બેસે, વાતો કરે તેથી પોતાનું માન ઘવાતું હતું. અંતરમાં ઇર્ષાનો અગ્નિ પ્રગટયો હતો. બન્નેની મિત્રતામાં તિરાડ પડે તો જ ઉત્તમ.

આવા વિચારો રાજકુમારના કેટલાક મિત્રો ધરાવતા હતા અને તેઓને એક યુક્તિ પણ મળી ગઈ. છેલ્લા કેટલાક દિવસથી રાજકુમારના ઈર્ષાખોર મિત્રો ધમ્મિલકુમાર પ્રત્યે બારીકાઈથી જોઈ રહ્યાં હતા અને તેઓને એક વાત જાણવા મળી કે ધમ્મિલ-કુમાર સાથે આવેલી કમલાકુમારીનો વ્યવહાર પત્ની જેવો નથી...

અને તરત જ ઇર્ષાળુ મિત્રોએ રાજકુમારના કાને આ વાત ધરી: 'કુમારશ્રી, આપના પરમ પ્રિય મિત્ર ધમ્મિલકુમારના અંગત જીવન વિષે વાત કરવી છે...'

'શું વાત છે?' રાજકુમારે પૂછયું.

'કુમારશ્રી, ધમ્મિલકુમાર સાથે આવેલી સ્વરૂપવાન સ્ત્રી તેની પત્ની જણાતી નથી. ધમ્મિલકુમારે આપણને એમ જણાવેલું કે સાથે આવેલ સ્ત્રી મારી પત્ની છે પણ અમે બારીકાઈથી તેના અંગત જીવનમાં ડોકિયું કર્યું તો આ વાત બંધબેસતી નથી...'

'હું તમારી વાત માની શકું નહિ...' રાજકુમારે કહ્યું.

'કુમારશ્રી, ધમ્મિલકુમાર અને તેની સાથે આવેલી સ્ત્રી બન્નેનો વ્યવહાર અલગ જ લાગે છે. આપ આ અંગે ખાતરી કરી શકો છો...'

'એ કઈ રીતે?' રાજકુમારે પ્રશ્ન કર્યો.

'કુમારશ્રી, આપ આપના દરેક મિત્રોને નગરીના ઉદ્યાનમાં પત્નીઓને લઈને આવવાનું જણાવી દો. જો ધમ્મિલકુમારની વાત સાચી હશે તો તે પત્નીને લઈને હાજર થશે...નહિંતર સત્ય વાત બહાર આવશે...'

'બરાબર છે...પરમ દિવસે દિવસના પ્રથમ પ્રહરે નગરીના ઉદ્યાનમાં આવવાનું સૌ મિત્રોને પત્ની સાથે આવવાનું જણાવી દો.'

એમ જ થયું.

તરત જ દરેક મિત્રોને રાજકુમારની આજ્ઞા સંભાળવામાં આવી. ધમ્મિલકુમારને પણ રાજકુમારની આજ્ઞા જણાવી અને ચોક્કસ આવવાનું છે તે પણ જણાવ્યું.

રાજકુમારના મિત્રોની વાત સાંભળીને ધમ્મિલકુમાર તરત જ સમજી ગયો કે ચોક્કસ આ પ્રયાસ મારી પરીક્ષા માટે જ થયો છે. કેટલાક હિતદ્વેષીઓએ રાજકુમારના કાન ભંભેર્યા હોવા જોઈએ. હવે મારે શું કરવું? હું તો કમલાકુમારીને લઈને જઈ શકીશ નહિ. અરે...એ તો મારો પડછાયો પણ જોવા ઇચ્છતી નથી...હવે શું થશે? ભારે ઉપાધિ આવી ગઈ. કંઈક રસ્તો તો કાઢવો પડશે. જો કમલા મારી સાથે આવશે નહિ તો મારી બધી વાત જાહેર થઈ જશે. આ કારણે અત્યાર સુધી જમાવેલી પ્રતિષ્ઠા ગુમાવવી પડશે.

ધમ્મિલકુમાર તેના ભવન પર આવ્યો. તેના ચહેરા પર ચિંતાના ભાવ હતા. તે એક ખંડમાં ચિંતિત ચિત્તે બેઠો હતો

ત્યાં તપસ્વિની સ્ત્રી આવી ધમ્મિલકુમારને કોઈ દિવસ નહિં અને આજે ચિંતિત જોઈને આશ્ચર્ય થયું.

તપસ્વિની સ્ત્રી ધમ્મિલની પાસે આવી અને ચિંતાનું કારણ પૂછ્યું : 'ધમ્મિલકુમાર, આજે એકાએક મુખ પર ચિંતાના ભાવ કેમ ઉપસી આવ્યા છે ?'

ધમ્મિલકુમારે કહ્યું : 'માતાજી, મારા મસ્તક પર એક ધર્મસંકટ આવી પડયું છે...'

'ધર્મ સંકટ ? કંઈ સમજાયું નહિ...!' તપસ્વિની સ્ત્રી બોલી.

'માતાજી, વાત જાણે એમ છે કે કમલા સાથેનો મારો વ્યવહાર રાજકુમારના કેટલાક મિત્રો જાણી ગયા છે. અને આ અંગેની વાત તે લોકોએ રાજકુમારને કરી હશે. જેથી તે વાતની ખાતરી કરવા માટે રાજકુમારે નગરીના ઉદ્યાનમાં એક ઉજાણી ગોઠવી છે. આ ઉજાણીમાં રાજકુમારના તમામ મિત્રોને તેમની પત્ની સાથે હાજર રહેવાનું ફરમાન રાજકુમારે કરેલ છે. આ પ્રશ્ન મારા માટે ખૂબ જ વિકટ છે. આ પ્રશ્નનો ઉકેલ થઈ શકે તેમ નથી કારણ કે કમલા કોઈ રીતે માને તેવું લાગતું નથી. અને જો તે મારા પ્રત્યે દ્વેષ રાખીને આવશે નહિ તો રાજકુમાર અને તેના મિત્રોમાં હાંસીનું પાત્ર બનીશ.'

'ઓહ...ખરેખર ગૂંચવણભરી પરિસ્થિતિ ઊભી થઈ છે...'

'માતાજી, હું આપને હાથ જોડું છું કે તમે ગમે તે રીતે કમલાને સમજાવો કે મારી સાથે પ્રીતિ વગર પણ આવે. એનું મારી સાથે આવવું જ મહત્ત્વનું છે. એ કશું નહિ બોલે તો ચાલશે...પણ જો નહિ આવે તો મારી પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે. રાજકુમાર પાસે મારી જે આબરૂ છે તે નષ્ટ થઈ જશે...આપ આ અંગે કંઈક કરો...કમલાને સમજાવો...'

'કયારે જવાનું છે ?' તપસ્વિની સ્ત્રીએ પૂછ્યું

'પરમ દિવસે સવારે ત્યાં સુધીમાં તમે કમલાને સમજાવવાનો પ્રયત્ન કરો...માતાજી, આ મારી વિનંતી છે...'

'ધમ્મિલકુમાર, તું ચિંતા કરીશ નહિ. સૌ સારાં વાનાં થઈ જશે. હું કમલાને સમજાવવાનો ભરપુર પ્રયત્ન કરીશ...અને ઈષ્ટદેવની કૃપા થઈ તો તે સમજી જશે...'

તપસ્વિની સ્ત્રી તરત જ રાજકુમારી કમલાકુમારી પાસે ગઈ.

એ સમયે કમલાકુમારી એક આસન પર બેઠી હતી.

તપસ્વિની સ્ત્રીએ કહ્યું : 'પુત્રી, એક અગત્યની વાત કરવા માગું છું...'

'કહો...શી વાત છે? ' કમલાકુમારીએ લક્ષ્ય આપ્યા વિના કહ્યું.

'જરા મારી વાત પર ધ્યાન તો આપ...પુત્રી, આપણે જેના અતિથિ તરીકે અહીં રહ્યાં છીએ તે રાજકુમારે ધમ્મિલને એક આજ્ઞા કરી છે કે પરમ દિવસે સવારે નગરીના ઉદ્યાનમાં આવવાનું છે.'

'તો એમાં શું...? ધમ્મિલને જવું હોય તો જાય, અને ન જવું હોય તો ન જાય...' રાજકુમારીએ વાતને ગંભીર ગણી જ નહિ.

'પુત્રી, રાજકુમારની આજ્ઞા તે પૂરી સાંભળી નથી. રાજકુમારે તેના દરેક મિત્રોને તેની પત્નીઓ સાથે આવવાની આજ્ઞા કરી છે. ધમ્મિલકુમારે પણ તેની પત્ની સાથે ઉદ્યાનમાં આવવું તેવું રાજકુમારે ફરમાન કર્યું છે.'

રાજકુમારી કમલા કશું બોલી નહિ.

તપસ્વિની સ્ત્રી બોલી : 'પુત્રી, તે કશો ઉત્તર આપ્યો નહિ.'

'માતાજી, એકની એક વાતનો શો ઉત્તર હોય? જે વ્યક્તિ અને પસંદ જ નથી તેની સાથે હું શા માટે જાઉં...? રાજ-

કુમારનું ફરમાન હોય તો તે પૂરું કરે...મારે રાજકુમારની આજ્ઞા સાથે કશી નિસ્બત નથી. રાજકુમારી કમલાએ સ્પષ્ટ જવાબ સંભળાવી દીધો.

તપસ્વિની સ્ત્રીએ આખો દિવસ રાજકુમારીને સમજાવવામાં સમય પસાર કર્યો.

બીજો દિવસ પણ એ રીતે પસાર થયો પણ રાજકુમારી કમલાએ ધમ્મિલકુમાર સાથે જવાની ઘસીને ના પાડી દીધી.

એ રાતે તપસ્વિની સ્ત્રીએ કમલાકુમારીને કહ્યું : 'પુત્રી, આવતીકાલે સવારે ધમ્મિલ એકલો ઉદ્યાનમાં જશે તો હાંસીનું પાત્ર થઈ જશે. તું કંઈક વિચાર કર, હજુ કશું બગડયું નથી. ખોટી હઠ ન કર...જો તને ધમ્મિલકુમાર ન ગમતો હોય તો કંઈ નહિ પણ ત્યાં બીજા અનેક નવજુવાનો આવનાર છે તેમાંથી પસંદ કરીને તું તારો ભાવી ભરથાર નક્કી કરજે...પરંતુ એટલું ધ્યાનમાં રાખજે સ્વચ્છંદીપણું કદી સુખ આપે નહિ. હવે તારે શું કરવું એ તારે જોવાનું છે. બે દિવસથી તને આ અંગે મેં ખૂબ સમજાવી છે પણ તને મારી વાત ગળે ઉતરતી જ નથી... સ્વચ્છંદતાનું પરિણામ સારું આવતું નથી.'

કમલાકુમારી શાંત બનીને માતાની વાત સાંભળતી રહી.

તપસ્વિની સ્ત્રીએ કહ્યું : 'પુત્રી, તારા અંતરમાં શું રમે છે એ તો હું કંઈ જાણુતી નથી. પણ તારી આ હઠ ખરેખર નુકશાનકર્તા છે. અત્યંત દુરાગ્રહનું પરિણામ પસ્તાવો જ હોય છે. મારી વાતને હૈયામાં ધારણ કર. વડિલોનું માનીશ તો સુખી થઈશ. ધમ્મિલ કેટલા ગુણોથી યુક્ત છે. તે તારી નજર સમક્ષ છે. ધમ્મિલના ગુણોને તું જાણે છે. અનુભવે છે છતાં તું તારું અલ્લડપણું કેમ છોડતી નથી. કોઈ વ્યક્તિ પ્રત્યે અણગમો

દર્શાવવો એવો મનનો નિશ્ચય ક્યારેક વિપત્તિના વાદળ સર્જે છે. પુત્રી, ધમ્મિલમાં અનેક ગુણો છે, લક્ષ્મી છે, રૂપ છે, શૌર્ય, બુદ્ધિ, કલા છે અને બીજા તો અનેક ગુણો છે. અરે આવો સ્વામી તો શોધવા જતાં પણ પ્રાપ્ત થાય તેમ નથી. જ્યારે આ તો સામેથી આવ્યો છે. અને તેની તને કિંમત નથી. આનાથી વધારે ઉત્તમ સ્વામી ક્યાં મળવાનો હતો? હવે તેના પ્રત્યેનો તારો અણગમો તે જાણશે તો તને છોડીને કોઈ અન્ય સ્ત્રીને પરણશે ત્યારે જ તારો ગર્વ ઊતરી જશે. આવા સર્વગુણ સંપન્ન માણસને એક કરતાં હજાર સ્ત્રીઓ મળી રહે...'

તપસ્વિની સ્ત્રીએ કમલાકુમારીને સમજાવવામાં કશી કસર ન છોડી. તપસ્વિની સ્ત્રીના શબ્દોની અસર કમલાના હૃદયમાં થવા લાગી. કમલાકુમારીનો ધમ્મિલકુમાર પ્રત્યેનો અણગમો ઓછો થવા લાગ્યો.

કમલાકુમારીને થયું કે ખરેખર માતાજી કહે છે તે વાત સાચી છે. હવે તેનો સ્વીકાર કરવો એજ પોતાના હિતમાં છે.

કમલાકુમારી આસન પરથી ઊભી થઈ ગઈ અને તપસ્વિની સ્ત્રી તરફ જોઈને કહ્યું : 'માતાજી, આપની વાત મારા હૈયા સોંસરવી ઉતરી ગઈ છે. હું મારું હિત સમજી ચૂકી છું. અત્યાર સુધી આપના કહ્યાં મુજબ જ કર્યું છે. આપની આજ્ઞા શિરોમાન્ય છે...'

કમલાકુમારીના મુખે આ શબ્દો સરી પડતાં તપસ્વિની સ્ત્રીના હર્ષનો પાર ન રહ્યો. તે કમલાકુમારીને ભેટી પડી અને આનંદ વ્યક્ત કર્યો. તપસ્વિની સ્ત્રીને થયું કે પોતાની મહેનત સફળ થઈ છે.

તપસ્વિની સ્ત્રી પ્રાતઃકાળે જાગૃત થઈને ધમ્મિલકુમારને

જણાવ્યું કે રાજકુમારી કમલા તમારી સાથે આવશે. મેં એને સમજાવી દીધી છે.

આ વાત સાંભળીને ધમ્મિલકુમાર અત્યંત હર્ષિત બન્યો.

અને...

દિવસના પ્રથમ પ્રહરે કમલાકુમારીએ સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. સુવર્ણના અલંકારો પહેર્યાં. કમલાકુમારી દેવલોકની અપ્સરાની જેમ શોભી રહી હતી. ધમ્મિલકુમાર પણ સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરીને તૈયાર થઈ ગયો હતો.

બન્ને રથમાં બેસીને નગરના ઉદ્યાનમાં જવા માટે વિદાય થયા. બન્ને ઉદ્યાનમાં આવ્યા.

ત્યાં રાજકુમારના અન્ય મિત્રો પોતપોતાની પત્નીઓ લઈને આવ્યા હતા. ધમ્મિલકુમાર તથા કમલાકુમારી રથમાંથી ઉતરીને ઉદ્યાનમાં આવ્યા. જ્યાં રાજકુમારના મિત્રો બેઠાં હતા ત્યાં આવ્યા. સૌએ ધમ્મિલકુમાર અને કમલાકુમારીનું ભાવભીનું સ્વાગત કર્યું.

થોડીવાર પછી રાજકુમાર અનેક સેવકો સાથે ઉદ્યાનમાં આવી પહોંચ્યો.

રાજકુમારના મિત્રોની પત્નીઓએ પણ વિવિધરંગી વસ્ત્રો ધારણ કર્યાં હતા. કોઈને ઝાંઝણ ઝણઝણતા, તો કોઈની કટિમેખલાની ઘુઘરીઓ કોઈ મધુર વાદ્યમાંથી વહેતી સ્વરમંજરી સમો રણકાર કરી લેતી.

ઉદ્યાનમાં નવસંચાર જાગૃત થયો. પુષ્પો, વનલત્તાઓ, વૃક્ષો વગેરે આનંદ વ્યક્ત કરવા લાગ્યા. પુષ્પોની સુગંધ હવામાં ભળવાથી વાતાવરણ મધુર ભાસી રહ્યું હતું.

કમલાકુમારી ઉદ્યાનની શોભા જોઈને અત્યંત આનંદ પામી ઊઠી. પક્ષીઓનો કલરવ ઉદ્યાનમાં પોતાની હાજરી છે તેનો નિર્દેશ કરતા હતા. પંખીઓ મુક્તપણે નિરભ્રમાં વિહરી રહ્યાં હતાં.

કોઈ કોઈ પંખી ઉદ્યાનમાં નવતર મહેમાનોને આવેલા જોઈને આનંદ વ્યક્ત કરી રહ્યાં હતાં.

આમેય ચંપાનગરીનું આ ઉદ્યાન વિશાળ હતું. ઉદ્યાનમાં કૃત્રિમ જળાશયની રચના કરવામાં આવી હતી ! વિવિધ વૃક્ષો ઉદ્યાનની શોભા હતી. સમગ્ર વાતાવરણમાં પ્રસન્નતા જ ખીલી ઊઠી હતી.

રાજકુમારે તથા તેના મિત્રો ધમ્મિલકુમારને પત્નીની સાથે જોતાં આશ્ચર્ય પામી ઊઠયા. એમાં સૌથી વિશેષ આશ્ચર્ય તો જેમણે આ યોજના બનાવી હતી તેમને થયું. તે લોકોને પૂરો વિશ્વાસ હતો કે ધમ્મિલકુમાર તેની પત્ની સાથે આવી શકશે જ નહિ પણ તે લોકોનું ગણિત ખોટું પડયું.

દિવસનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો.

સૌએ દંતધાવન કરી લીધું હતું.

રાજભવનના પરિચારકો અને પરિચારિકાઓ રાજકુમાર અને તેમના મિત્રોની સેવામાં તત્પર હતા.

થોડીવારમાં શિરામણ આવ્યું.

શિરામણમાં સુંદર વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. અનેક જાતના પકવાનો, મીઠાઈ વગેરેના પાત્રો મૂકવામાં આવ્યા. પરંતુ કોઈનું મન શિરામણ કરવામાં હતું જ નહિ. કમલાકુમારી અને રાજકુમારના મિત્રોની પત્નીઓ જળ સાથે મસ્તી કરવા માટે થનગની રહ્યાં હતાં.

રાજકુમાર તેના મિત્રોની સાથે વાતોએ વળગ્યો.

આ તરફ સ્ત્રી વર્ગે જળકોલનો આનંદ માણ્યો. કમલાકુમારી અત્યંત પ્રસન્ન બની ઊઠી.

જળકેલિનો આનંદ માણ્યા પછી સ્ત્રી વર્ગે વસ્ત્ર પરિવર્તન કર્યું. અને જ્યાં રાજકુમાર અને તેના મિત્રો બેઠાં હતાં ત્યાં આવ્યા.

સ્ત્રી વર્ગે અન્ય રમતમાં ધ્યાન પરોવ્યું.

કમલાકુમારી અત્યંત પ્રસન્ન બની હતી. તે મનમાં વિચારવા લાગી કે હું ધમ્મિલકુમાર પ્રત્યે દ્વેષ ભાવ રાખીને તેની શક્તિને જાણી નહિ. દ્વેષભાવને પોષતી જ રહી. ધમ્મિલકુમાર ઉત્તમ સ્વભાવ ધરાવનાર છે. મેં તેનો તિરસ્કાર કર્યો છે. તેનું મન ઘણીવાર દુભાયું છે. આવા શ્રેષ્ઠ પુરુષ ધમ્મિલને હું ઓળખી ન શકી. જાણી ન શકી. આજ દિવસ પર્યંત હું તેનું અપમાન જ કરતી રહી. ખરેખર તે શૂરવીર છે અનેક ગુણોથી શોભે છે, તે મહાપરાક્રમી પણ છે.

ધમ્મિલકુમારની મહાનતા તો ત્યાં છે કે મેં એનો તિરસ્કાર કર્યો અને, આજ દિવસ સુધી તેનું અપમાન કર્યે રાખ્યું છતાં ઉદાર હૃદયના ધમ્મિલે મારો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો અરે...માર્ગમાં અનેક વિપત્તિઓ આવી ત્યારે તેણે કેવો બહાદુરી પૂર્વકનો સામનો કર્યો હતો ? વિપત્તિઓ સામે ઢાલ બનીને ઊભો રહીને અમારું રક્ષણ કર્યું હતું. આ સમયે આભારની લાગણી વ્યક્ત કરવાને બદલે તેને ધુત્કારતી જ રહી. આમ શા માટે બન્યું હશે ?

આવા વિચારો સાથે કમલાકુમારીના હૈયામાં ધમ્મિલકુમાર માટે પ્રેમના અંકુર ફૂટી નીકળ્યા.

દિવસના અંતિમ પ્રહર સુધી સૌ ઉદ્યાનમાં રહ્યાં. એ દરમ્યાન કમલાકુમારી વારંવાર ધમ્મિલકુમારને જોઈને આનંદ પામવા લાગી.

સંધ્યા ટાણે સૌ યથા સ્થાને પાછા ફર્યાં.

ધમ્મિલકુમાર કમલાકુમારીને લઈને પોતાના ભવન પર આવ્યો અને કમલાકુમારીએ રથમાં જ ધમ્મિલકુમારની ક્ષમા માગી અને પોતાના અયોગ્ય વર્તન બદલ દુઃખ થયું હોય તો ક્ષમા આપવા જણાવ્યું. ધમ્મિલકુમારે આછા હાસ્ય સહિત વાતને ગૌણ કરી નાંખી અને એવું કશું મનમાં છે નહિ તે પણ જણાવી દીધું.

બન્ને ભવનમાં આવ્યા. દ્વાર પર તપસ્વિની સ્ત્રી પ્રતીક્ષા કરતી ઊભી હતી. બન્નેને સાથે આવેલા જોઈને તે ખૂબ જ રાજી થઈ. કમલાકુંમારીએ તપસ્વિની માતાને કહ્યું: ' માતાજી, હું ધમ્મિલકુમારના ગુણોને ઓળખવામાં થાપ ખાઈ ગઈ છું. આજ અગ્નિની સાક્ષીએ અમારા વિવાહ કરાવી આપો...'

આ વાત સાંભળીને તપસ્વિની સ્ત્રી વધારે આનંદ પામી.

અને...

એજ રાતે ભવનમાં જ એક દીપકને સાક્ષીમાં લઈને કમલાકુમારીએ ધમ્મિલકુમાર સાથે ધામધૂમ પૂર્વક વિવાહ કર્યાં. તપસ્વિની દેવીની હાજરી વચ્ચે સંપન્ન થયેલા આ લગ્ન ખૂબ જ સાદાઈથી થયા હતા.

અને બન્નેનું નૂતન જીવન શરૂ થઈ રહ્યું હતું.

ધમ્મિલકુમારને થયું કે રાજકુમારના મિત્રોએ યોજના ન વિચારી હતે તો આ સંભવી શકત ખરું ?

ધમ્મિલકુમાર તો આ લગ્ન માટે રાજકુમારના મિત્રોને જ ધન્યવાદ દેતો રહ્યો...

આજ તો મિલનયામિની...

કમલાકુમારી શયનખંડમાં શણગાર સજીને પિયુની વાટ જોતી શય્યા પર બેઠી છે પણ હજુ પ્રિયત્તમનો પદરવ કાં સંભળાતો નથી ? તેના હૈયાનો પ્રેમ બંધને બંધાઈ ચૂકયો હતો.

રાત્રીનો બીજો પ્રહર પૂરો થયો.

તપસ્વિની સ્ત્રીએ ધમ્મિલકુમાર તથા રાજકુમારી કમલાકુમારીને નૂતન સહજીવન મંગલદાયી બને તેવા આશીર્વાદ આપ્યા.

કમલાકુમારીએ શણગારેલા શયનખંડ તરફ કદમ માંડયા. ફૂલોની સુગંધથી શયનકક્ષ ખીલી ઊઠયો હતો. એક સુવર્ણખચિત પર્યંક પર મસૃણ શય્યા શોભતી હતી. શય્યા પર પચરંગી કૌશેય ચાદર ચળકી રહી હતી. પર્યંક ફરતી ફૂલની માળાઓ કલાત્મક રીતે ઝૂલી રહી હતી. જાણ્યે એમ જ લાગતું હતું કે ફૂલોનો એક પડદો... ! જાણ્યે ફૂલોથી શોભતી સ્નેહશય્યા.

ખંડમાં દીપમાલિકાઓનો તેજસ્વી પ્રકાશ બે આત્માઓના પ્રથમ મિલનને અજવાળવા થનગની રહ્યો હતો. પર્યંકથી થોડેક દૂર એક ત્રિપદી પર ફૂલના હારથી શોભતો સુવર્ણનો થાળ પડયો હતો. દ્વારની નજદિક એક ધુપદાની રાખવામાં આવી હતી. જેની ધ્રુમસેરે સારાય ખંડમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું.

ખંડની સામેના ભાગમાં ઝરૂખો ખુલ્લો હોવાથી વહેતો મંદમંદ વાયુ ત્યાં લટકતા કૌશેયપટ્ટકને કંપાવતો હતો.

કમલાકુમારી સોળે શણગાર સજીને શયનકક્ષમાં ગઈ.

રાત્રીનો બીજો પ્રહર પૂર્ણ થઈને ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂક્યો હતો. કમલાકુમારી પિયુની વાટ જોતી શય્યા પર બેઠી હતી.

પરંતુ વધુવાર ન જોવી પડી.

શયનકક્ષનું દ્વાર ખુલવાનો અવાજ આવ્યો.

કમલાકુમારી સમજી ગઈ.

ધમ્મિલકુમાર શયનકક્ષમાં દાખલ થયો અને પછી હળવેકથી ખંડનું દ્વાર બંધ કર્યું.

કમલાકુમારીનો ચહેરો લજ્જાયુક્ત બની ગયો. હૈયામાં મિલનની ઝંખના રમતી હતી. આટલા દિવસોના સંગાથ પછી પ્રથમવાર જ કમલાકુમારીના હૈયામાં ધમ્મિલકુમાર પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો હતો. ધમ્મિલકુમાર પ્રત્યેનો દ્વેષભાવ સાવ નષ્ટ થઈ ગયો હતો.

ધમ્મિલકુમાર પત્નીની નજદિક આવ્યો. અને અનિદ્ય રૂપ ધરાવતી કમલાકુમારીના ગૌર મુખને જોયા કર્યું.

થોડીવાર તો શયનખંડમાં મૌન છવાઈ ગયું.

કમલાકુમારીને થયું કે ઓહ...અત્યારે મારું મોઢું કેમ સીવાઈ ગયું છે ? શું બોલવું તે સમજ ન પડી.

ત્યાં ધમ્મિલકુમારે મધુર સ્વરે કહ્યું : 'પ્રિયે, ખરેખર આજ મને અપૂર્વ આનંદ થાય છે કે હું તારા હૈયામાં સ્થાન મેળવી શક્યો છું. મારા કોઈ પુણ્યોદયના કારણે જ આવું સુંદર અને સંસારનું શ્રેષ્ઠ નારીરત્ન મેળવવામાં ભાગ્યશાળી બન્યો છું...'

કમલાકુમારીએ કશો ઉત્તર આપ્યો નહિ. તેણે મૌન રહેવામાં જ ડહાપણ લાગ્યું.

ઉત્તર આપવાને બદલે તે શય્યામાંથી ઊભી થઈ અને ધમ્મિલકુમારના ચરણમાં નમવા ગઈ ત્યારે ધમ્મિલકુમારે કહ્યું : 'પ્રિયે, તારું સ્થાન મારા ચરણોમાં નહિ પરંતુ હૈયામાં છે...'

કમલાકુમારી હજુ કશું બોલી નહિ. તે અપલક નયને સ્વામીના રૂપને સોહામણા અંગને નીરખી રહી.

ધમ્મિલકુમાર બે પળ પોતાની પ્રિયત્તમા ભણી જોઈ રહ્યો. તેણે તરત જ સુવર્ણના પાત્રમાં પડેલી બે ફૂલની માળાઓમાંથી એક માળા ઊઠાવી અને કમલાકુમારીના કંઠમાં આરોપી દીધી.

કમલાકુમારી ચમકી ઊઠી...

તે વિચારવા લાગી કે જે કાર્ય મારે પ્રથમ કરવું જોઈતું હતું તે સ્વામીએ કરી નાખ્યું.

ધમ્મિલકુમારના કંઠમાં આરોપી દીધી.

ધમ્મિલકુમારે કહ્યું : 'પ્રિયે, શું આજ મૌનવ્રત લીધું છે ?'

'સ્વામી, આટલા દિવસોથી આપણે સાથે રહ્યાં છતાં હું આપને ઓળખી ન શકી. એ રંજ પીડાકારક છે. આપનું શૌર્ય, આપની ઉદારતા અને આપે મેળવેલી પ્રતિષ્ઠાને હું સદાય ધિક્કારતી જ રહી...આપના પ્રત્યે એક પ્રકારનો પૂર્વગ્રહ બંધાઈ ગયો હતો ...પણ હવે પૂર્વગ્રહ રહ્યો નથી. અણગમો રહ્યો નથી...પણ મારાથી થયેલા આ દોષને આપે ક્ષમા આપવી પડશે...'

'પ્રિયે, બે આત્માઓના મિલન પછી ક્ષમા ગૌણ બની જાય છે...મને ક્યારેય પણ તારા વ્યવહાર પ્રત્યે રોષ જન્મ્યો નહોતો અને આજે પણ નથી. આવી વાતો આ મિલનની પળે શા માટે ? આપણે આપણામાં જ ખોવાઈ જઈએ...' ધમ્મિલકુમાર બોલ્યો.

અને કમલાકુમારીએ સ્વામીના ચરણમાં મસ્તક મૂકી દીધું. ધમ્મિલકુમારે કમલાકુમારીને હૈયાસરસી લીધી. એક મધુર છતાં દીર્ઘ ચુંબન અધર પર ચોડી દીધું.

નવજવાન હૈયા...!

ઉષ્માભર્યું યૌવન...!

સુંદર, સોહામણી રાત ધીરે ધીરે આગળ વધતી હતી.

બન્નેના હૈયામાં વિવિધ વાતો કરવાની તમન્ના જાગૃત બની.

અને મિલનયામિની...! પ્રિયા અને પ્રિયત્તમ...!

જાણે સંસારમાં બીજી કોઈ વાતો જ નથી. એવી રીતે પતિ–પત્ની લગ્નની પ્રથમ રાતે એકબીજામાં લીન બની ગયા.

અને અનંત વાતોનો ક્યારેય અંત હોઈ શકે ખરો ?

સ્નેહના મધુર બંધનમાં ઝકડાયા પછી સમય ક્યાં ચાલ્યો જાય છે તેની કલ્પના રહેતી નથી.

બન્નેમાંથી કોઈને ખ્યાલ ન રહ્યો કે પ્રાતઃકાળની ઝાલરી રણકી ચૂકી છે. બહારના ઉપવનમાં પંખીઓનો મધુર કલરવ આરંભાઈ ચૂકયો હતો.

ખુલ્લા વાતાયન તરફ સ્વાભાવિક રીતે જોતાં કમલાકુમારીએ સ્વામીને કહ્યું : 'સ્વામી.'

'કેમ શું થયું ? આપણી વાતો તો હજુ અધુરી છે.'

'પણ સામે વાતાયન તરફ દૃષ્ટિપાત તો કરો. હમણાં સૂર્યદેવના સોનેરી કિરણો પૃથ્વીપટને ભીંજવશે. અને વાતો અધૂરી રહે તેમાં જ આનંદ હોય છે...' કમલાકુમારીએ આછા હાસ્ય સાથે કહ્યું.

ધમ્મિલકુમાર ઊભો થયો અને પ્રાતઃકાર્ય વિધિ આટોપવા ખંડ બહાર નીકળી ગયો.

કમલાકુમારી પણ સ્વામીની પાછળ પ્રાતઃકાર્યમાં ગુંથાઈ ગઈ.

સુખમાં દિવસો ઝડપથી પસાર થાય છે.

બે મહિના પસાર થઈ ગયા. તેની કલ્પના ધમ્મિલકુમાર અને કમલાકુમારીને આવી નહિ. બે મહિનાના ગાળા દરમ્યાન ધમ્મિલકુમાર કમલાકુમારી વિના એકપળ પણ રહી શકતો નહોતો : કમલાકુમારીએ ધમ્મિલને તેના સ્નેહાપાશમાં બરાબર ઝકડી લીધો હતો.

એક વખત ન બનવાનું બની ગયું.

ધમ્મિલકુમાર અને કમલાકુમારી વાતો કરી રહ્યાં હતાં ત્યારે ધમ્મિલકુમારથી 'વસંતતિલકા'નું સંબોધન થઈ ગયું.

વસંતતિલકાનું નામ સાંભળીને કમલાકુમારી કાળઝાળ થઈ ઊઠી. તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેના હૈયામાં ધમ્મિલકુમાર પ્રત્યે જે પ્રેમરાગ હતો તેમાં ભંગાણ પડયું.

કમલાકુમારીનું સારુંય અંગ ક્રોધની જ્વાળાથી કંપવા લાગ્યું.

કમલાકુમારી ક્રોધિત સ્વરે બોલી ઊઠી : 'તું ધૂર્ત છો. તારા અંતરમાં અન્ય સ્ત્રી વસેલી છે. તું મારા પ્રત્યે જે પ્રેમ દાખવે છે તે નર્યો બનાવટી છે. અત્યાર સુધી હું તે સમજી શકી નહિ. આજે સાચી વાતનો ઘટસ્ફોટ થઈને જ રહ્યો. તારા હૃદયમાં હું નથી પણ વસંતતિલકા નામની અન્ય સ્ત્રી છે...તારો પ્રેમ પાંગળો છે તેની સમજ મને પડી ગઈ છે. તું અત્યારે જ આ ખંડમાંથી ચાલ્યો જા...નહીંતર હું ચાલી જઈશ...' કહીને કમલાએ લાત ફટકારી.

કમલાકુમારીની જીવ્હા પર કાબુ ન રહ્યો તે બેફામપણે ધમ્મિલને ઠોસવા લાગી.

ધમ્મિલકુમાર કમલાકુમારીને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો પણ ક્રોધના દાવાનળમાં રમતી કમલાકુમારી ધમ્મિલકુમારની એક પણ વાતને સાંભળવા ઇચ્છતી નથી.

ધમ્મિલકુમાર પસ્તાવો કરવા લાગ્યો : ઓહ મારાથી અક્ષમ્ય અપરાધ થઈ ગયો. અહીં મારાથી વસંતતિલકાનું સંબોધન કેમ થઈ ગયું ? મારે વસંતતિલકાને યાદ કરવાની શી જરૂર હતી ?

ધમ્મિલકુમાર તરત જ ઊભો થયો અને ખંડ બહાર નીકળી ગયો. ભવનમાં મન નહિ લાગતાં તે ચાલતાં રાજમાર્ગ પર આવ્યો.

રાજમાર્ગ પર તેણે નાગદેવતાનું મંદિર જોયું. ધમ્મિલકુમાર નાગદેવતાના મંદિરે ગયો ત્યાં નાગદેવતાને વંદન કર્યાં.

ધમ્મિલકુમાર મંદિરના એક ખૂણામાં જઈને બેસી ગયો. અને તે સ્ત્રીના આચરણને વિષે વિચાર કરવા લાગ્યો.

ત્યાં રૂપ રૂપના અંબાર સમી કોઈ કન્યાએ નાગદેવતાને વંદન કર્યાં અને પછી પ્રાર્થના કરી: હે નાગદેવતા, આપ મારા પર પ્રસન્ન થઈને યોગ્ય વર પ્રદાન કરો. મારા પર આટલી કૃપા વરસાવો...મારી પૂજાથી જો આપ પ્રસન્ન થયા હો તો મને ઉત્તમ સોહામણા રૂપવાળો સ્વામી આપો. મારા મનોરથ પૂર્ણ કરો...'

રૂપવતી કન્યાને જોઈને ધમ્મિલકુમારનું હૈયું તેને પરણવા માટે લલચાયું.

ધમ્મિલકુમાર બોલ્યો : ' હે કલ્યાણી, તારી તમામ મનોકામના સિદ્ધ થશે. તને ઇચ્છિત વર મળશે અને તું સુખી થશે.'

રૂપવતી કન્યા મંદિરની ચારે તરફ જોવા લાગી અને વિચારવા લાગી કે આ અવાજ કઈ દિશાએથી આવ્યો હશો ?

રૂપવતી કન્યાએ પાછળ વળીને જોયું તો તેની દષ્ટિમાં ધમ્મિલકુમાર પડયો. બન્નેની દષ્ટિ એક થઈ. અને બંનેના હૈયામાં પ્રેમના અંકુર ફુટચા.

અનિદ્ય રૂપ ધરાવતી કન્યાએ ધમ્મિલકુમારને પૂછ્યું : ' હે વીર પુરુષ, આપ કોણ છો ? કયાંથી આવો છો ? '

ત્યારે ધમ્મિલકુમારે ઉત્તર આપ્યો : ' હે રૂપ ધરાવતી સુંદરી, મારું નામ ધમ્મિલ છે. અને કુશાગ્રનગરથી આવું છું પણ તું તારો પરિચય તો આપ...'

ત્યારે રૂપસુંદરીએ કહ્યું : ' વીર પુરુષ, આ નગરમાં અત્યંત સમૃદ્ધિ ધરાવતાં સાર્થવાહ નાગવસુ મારા પિતા છે. તેમને

નાગશ્રી નામની પત્ની છે. તેમની હું નાગદત્તા નામની પુત્રી છું. નાગદેવતાની પૂજા કરીને હું ઇચ્છિત વરની માગણી કરતી હતી તેથી નાગદેવતાએ પ્રસન્ન થઈને આપને મારા સ્વામી તરીકે આપેલ છે. જેને હું મારું અહોભાગ્ય સમજું છું.'

ધમ્મિલકુમારના હૈયામાં પણ આ કન્યા સાથે પરણવાના કોડ જાગ્યા હતા.

નાગદત્તા અને તેની સખીઓ ધમ્મિલકુમારને લઈને નાગવસુને ત્યાં આવ્યા. નાગદત્તાએ પિતાને બધી હકીકતથી વાકેફ કર્યા. નાગદત્તાના પિતા ખુશ થયા અને તરત જ ધમ્મિલકુમારના વિવાહ નાગદત્તા સાથે યોજવામાં આવ્યા.

ધમ્મિલકુમાર અને નાગદત્તા લગ્ન પ્રસંગે નગરીના રાજાની પુત્રી કપિલા રાજકુમારી પણ આવી હતી. કપિલા નાગદત્તાની સખી હતી. કપિલાએ ધમ્મિલકુમાર વિષે ઘણી વાતો સાંભળી હતી તેથી લગ્નપ્રસંગે ધમ્મિલકુમારને જોતાં જ મનોમન નક્કી કરી બેઠી હતી કે મારા સ્વામી ધમ્મિલકુમાર જ બને ...'

ધમ્મિલકુમાર અને નાગદત્તાના લગ્ન થયા.

આ તરફ કપિલાએ તેના માતાપિતાને સ્વયંવર રચાવાની વાત કરી. રાજાએ સ્વયંવર રચાવ્યો. સ્વયંવરમાં અનેક રાજકુમારો આવ્યા હતા. ધમ્મિલકુમારને સ્વયંવરમાં આવવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ધમ્મિલકુમાર રાજકુમારોની સાથે જ બેઠો હતો. કપિલા રાજકુમારી એક પછી એક ઉમેદવારને જોતી ધમ્મિલકુમાર પાસે આવી અને સખીઓના હાથમાંથી વરમાળા લઈને ધમ્મિલકુમારના કંઠમાં પહેરાવી... ત્યારબાદ રાજાએ પોતાની પુત્રી કપિલાનો ધમ્મિલકુમાર સાથે ધામધૂમ વિવાહ રચ્યો. નગરીનો રાજકુમાર હવે ધમ્મિલકુમારનો સાળો બન્યો હતો. બન્ને રાજી થયા.

નગરીના રાજાએ પુત્રી-જમાઈને રહેવા માટે એક આલીશાન ભવન કાઢી આપ્યું.

ધમ્મિલકુમાર નાગદત્તા તથા કપિલાને લઈને ત્યાં રહેવા ગયો. ધમ્મિલકુમાર વૈભવવિલાસમાં દિવસો પસાર કરવા લાગ્યો.

ધમ્મિલકુમાર સુખવૈભવ વચ્ચે આળોટવા લાગ્યો. નગરીના મહારાજાએ પોતાના જમાઈને કશા પ્રકારની ઊણપ ન આવે એ હેતુથી સમગ્ર વ્યવસાયનો દોર એક મંત્રીને સોંપ્યો હતો.

ધમ્મિલકુમાર ઘણીવાર હાથી પર બેસીને કપિલાની સંગાથે નગરની શોભા નિહાળવા નીકળી જતો.

જ્યારે આ તરફ ધમ્મિલકુમારના ગયા પછી કમલાકુમારીને પોતાના હાથે થયેલા દોષનો પસ્તાવો થયો. તેની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી. તે દિવસોના દિવસો સુનમુન બેસી રહેવા લાગી. તેનું અંતર પશ્ચાત્તાપના અગ્નિમાં શેકાતું હતું.

તે વિચારતી હતી કે અરરર...મને આ શું સૂઝ્યું ? મેં મારા સ્વામીનું અપમાન કર્યું ? મેં તેમનો તિરસ્કાર કર્યો ! ક્રોધના આવેશમાં મેં શું કરી નાખ્યું ? મેં મારા સ્વામીનો માત્ર તિરસ્કાર કર્યો નથી પણ પગની લાત મારીને ધુત્કાર્યા...ઓહ...! હું શું કરું...? મારા હૈયાની વેદના કોની સામે જઈને વ્યક્ત કરું...?"

કમલાકુમારી પશ્ચાત્તાપના આંસુ સારી રહી હતી.

એક એક આંસુ તેના વીતેલા દિવસોની ગાથા ગાતા હતા. ઓહ...! આટલો બુદ્ધિશાળી, તાકાતવાન, ચતુર સ્વામી મળ્યો અને હું ક્રોધના અગ્નિમાં શેકાઈને ઉપાલંભ કર્યો...!

એક દિવસની વાત છે.

એકવાર ધમ્મિલકુમાર કપિલાને સાથે લઈને હાથી પર બેસીને નગરભ્રમણ અર્થે નીકળ્યો. સેવકો ધમ્મિલકુમારના મસ્તક પર છત્ર ધારણ કરીને ચાલી રહ્યા છે. આગળ પાછળ રાજના રક્ષકો ચાલી રહ્યા છે.

ધમ્મિલકુમારે અતિસુંદર આભૂષણો અને વસ્ત્રો ધારણ કર્યા

હતા. કપિલાએ પણ સુંદર મજાનો લીલા રંગનો કમ્મરપટ્ટક પહેર્યો હતો, ગુલાબી રંગના કંચુકીબંધ વડે ઉન્નત ઉરોજને કસીને બાંધ્યા હતા. શ્વેતરંગનું ઉત્તરીય ધારણ કર્યું હતું. કપિલાએ ચરણમાં રત્નમંડિત નૂપુર પહેર્યા હતા. વજ્રરત્નોથી સુશોભિત કટિમેખલા ધારણ કરી હતી. કાંડામાં રત્નકંકણ, હિરવલય ધારણ કર્યા હતા. કંઠમાં અમૂલ્ય રત્નોની માળા ધારણ કરી હતી. અતિ દીર્ઘ, કેશકલાપને વેણીબંધ કર્યો હતો તેને ફરતી સુંદર પુષ્પોની વેણી પહેરી હતી. કપોલ પ્રદેશ પર પદ્મમચંદ્રક કર્યો હતો. કપિલાની કાયા સુગંધી સત્વાકને કારણે મહેંકી ઊઠી હતી.

રાજમાર્ગ પરથી ધમ્મિલકુમારનો હાથી પસાર થઈ રહ્યો હતો. નગરીની જનતા ધમ્મિલકુમારને વંદન કરતી હતી. ત્યાં હાથી કમલાકુમારીના નિવાસસ્થાન પાસેથી પસાર થયો.

કમલાકુમારીએ દૂરથી હાથી પર બીરાજેલા ધમ્મિલને જોઈ લીધો હતો. તેણે એક પણ ક્ષણ ગુમાવ્યા વગર શુભ્ર વસ્ત્રો ધારણ કરી લીધા તે તરત જ માર્ગ પર આવી.

ત્યાં ધમ્મિલકુમાર હાથી સાથે આવી પહોંચ્યો. કમલાકુમારીને જોતાં જ ધમ્મિલકુમારે હાથી રોકી પાડવાની સૂચના મહાવતને આપી.

મહાવતે હાથીને ઊભો રાખ્યો.

કમલાકુમારી ધમ્મિલકુમારને વંદન કરતી આગળ આવી અને હૈયામાં ભાગ લાવીને ક્ષમા માગી. તેની આંખોમાં આંસુ ઊપસી આવ્યા.

ધમ્મિલકુમારે કમલાકુમારીને પોતાની પાસે હાથી પર બેસાડી.

કમલાકુમારીએ કહ્યું : 'સ્વામી, ક્રોધના આવેશમાં અનર્થ સર્જાઈ જાય છે. ક્રોધમાં આવી જઈને મેં આપને ન કહેવાનું કહી દીધું. આપ મને ક્ષમા આપો...'

'પ્રિયે, જે થવાનું હતું તે થઈ ગયું. હવે મનને વધુ બાળવું નહિ...' ધમ્મિલકુમારે કહ્યું.

જે અભયદાન આપી શકે, શત્રુને પણ ક્ષમાની દષ્ટિએ જોઈ શકે, માનવસમાજ અને પ્રાણીમાત્રના સંકટો પોતાનાં માની તે ખાતર પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર રહેતો હોય તે જ ખરો દાતાર છે, વીર છે.

જેના પ્રાણમાં કરુણાભાવ હોય છે. તે ગમે તેના દુઃખને પોતાનું જ દુઃખ માની લે છે. ભકતો, સંતો, મહાત્માઓ અને સત્વશીલ આત્માઓ એથી જ કરુણાના સાગર કહેવાયા છે.

ધમ્મિલકુમારનું હૃદય કરુણાથી સભર હતું.

પરોપકારવૃત્તિનું અમૃત તેના હૈયામાં રમતું હતું.

ધમ્મિલકુમારે કમલાકુમારીનો હસ્ત પકડીને ખુલ્લા મને ક્ષમા આપી અને મનમાં કશું ન લાવવાનું પણ જણાવી દીધું.

હાથી પર ધમ્મિલકુમાર, કપિલા તથા કમલાકુમારી બિરાજ્યા હતા. અર્ધ ઘટિકા સુધી નગરમાં ઘુમીને પોતાના નિવાસ સ્થાને આવ્યા.

ધમ્મિલકુમારે નાગદત્તા તથા કપિલાને કમલાકુમારીનો પરિચય કરાવ્યો અને કમલાકુમારી શી રીતે પ્રાપ્ત થઈ ? તેમજ પોતાની વીતક કથા પણ કહી સંભળાવી.

ત્રણેય સ્ત્રીઓ એક સાથે રહેવા લાગી. ત્રણેયને એકબીજા વગર ન ચાલે તેવી મૈત્રી બંધાઈ ગઈ.

દિવસો પાણીના પ્રવાહની માફક પસાર થવા લાગ્યા.

ધમ્મિલકુમાર ત્રણ પ્રિયાઓના પ્રેમમાં આસક્ત બની ગયો હતો. ક્યારેક ધમ્મિલકુમાર રાજસભામાં પણ જતો અને ત્યાં થતી રાજકાર્યવાહીમાં ભાગ પણ લેતો.

એક દિવસ એવું બન્યું કે ધમ્મિલકુમાર રાજદરબારમાં ગયો ત્યારે એક વૃદ્ધ માણસ સુંદર તેજીલો, પંચકલ્યાણી અશ્વ લઈને રાજસભામાં આવ્યો હતો તે મહારાજા સાથે વાતો કરી રહ્યો હતો.

ધમ્મિલકુમારે પોતાની બેઠક ગ્રહણ કરી.

તે વૃદ્ધ પુરુષ મહારાજાને સંબોધીને કહી રહ્યો હતો : ‘ મહારાજ, આ અશ્વને જેવોતેવો ન માનશો. આ અશ્વ જ્યારે દોડે છે ત્યારે પવનવેગી બને છે. આપ પરીક્ષા લઈ લો...હું આપને આ અશ્વ સાદર ભેટમાં આપું છું...’

મહારાજા વિચારમાં પડયા કે આ અશ્વની પરીક્ષા કરીશ તો મારી અશ્વ સંચાલનની બીજા આવડત છતી થઈ જશે.

આથી મહારાજાએ કહ્યું : ‘ભાઈ, તમે કહો છો તે બરાબર છે...’

ત્યાં ધમ્મિલકુમાર ઊભો ગયો : ‘ મહારાજ આજ્ઞા આપે તો અશ્વની પરીક્ષા લઉં...’

વૃદ્ધ માણસે કહ્યું : ‘ જુવાન, અશ્વની પરીક્ષા લેતાં પહેલાં એક વાત ધ્યાનમાં રાખજો કે આ પવનવેગે ઊડે છે...એટલે અશ્વ સંચાલનમાં ખૂબ જ તકેદારી રાખવી પડશે...’

ધમ્મિલે કહ્યું : ‘ એ બાબતે આપ લગીરે ચિંતા ન કરશો...’

મહારાજાએ ધમ્મિલકુમારને આજ્ઞા આપી દીધી.

અને ધમ્મિલકુમારે અશ્વ પર પલાણ નાખ્યું. તેણે પથિકનો વેષ ધારણ કર્યો.

ધમ્મિલકુમાર તરત જ અશ્વારોહી થયો.

અને પુષ્પોથી વાળને અને પગની એડી અડકાડતાં જ અશ્વ પવનવેગે ઉડવા લાગ્યા...અને જોતજોતામાં સૌની દષ્ટિમાંથી અદશ્ય થઈ ગયો.

ચાર ઘટિકા સુધી સૌ ધમ્મિલકુમારના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા પણ તે ન આવ્યો પછી રાજસભા સમાપ્ત જાહેર કરવામાં આવી. મહારાજાએ કેટલાક રક્ષકોને ધમ્મિલકુમારની તપાસ અર્થે મોકલી દીધા.

ધમ્મિલકુમાર તેજસ્વી અશ્વ સાથે કઈ તરફ ગયો હશે? તેનું શું થયું હશે?

## ૨૧ : : અનેક કન્યાઓનો સ્વામી

પવનવેગી અશ્વ પર સવાર થઈને ધમ્મિલકુમાર આંખના પલકારામાં નગરની બહાર નીકળી ગયો. અશ્વ ખૂબ તેજીલો હતો. તેની ગતિ હરણા જેવી હતી. ધમ્મિલકુમાર કંઈ વિચારે તે પહેલાં ચપળ અશ્વ વનપ્રદેશ ભણી દોડયો, લગભગ અર્ધઘટિકામાં તો અશ્વ ધમ્મિલકુંમારને નગરીથી ઘણે દૂર લાવીને મૂકી દીધો.

વન્યપ્રદેશમાં એક નિર્મળ સરિતા વહેતી હતી.

શ્રમિત થયેલો અશ્વ વહેતા જળને જોઈને ઊભો રહી ગયો.

ધમ્મિલકુમાર અશ્વ પરથી ઊતર્યો. અશ્વ પાણી પીવા માટે સરિતા તરફ વળ્યો. ધમ્મિલકુંમારે ઘોડા પરથી પલાણ ઉતારી લીધું.

ધમ્મિલકુમારને વન્યપ્રદેશનો આ વિસ્તાર ખૂબ જ પસંદ પડી ગયો. તેણે આસપાસ દૃષ્ટિ કરી. ત્યાં આ શું ?

ધમ્મિલકુમારની દૃષ્ટિ એક વૃક્ષ પર લટકતી તલવાર પર પડી. તલવારની મુઠ સુવર્ણની હતી તેના ઉપર હીરા જડેલા હતા. તે વિચારમાં પડી ગયો કે આવી ઉત્તમ પ્રકારની તલવાર અહીં કોણ છોડી ગયું હશે ? ક્યાંથી આવી હશે ?

ધમ્મિલ વૃક્ષ પાસે ગયો અને તલવાર હાથમાં લીધી. ધમ્મિલે તલવાર મ્યાનમુક્ત કરી. સૂર્યના પ્રકાશમાં તલવાર ચમકી રહી હતી.

ધમ્મિલે વિચાર્યું કે તલવારની ધાર કેવી છે તેની ખાત્રી કરી લઉં. આમ વિચારીને તે આગળ વધ્યો. સામે વાંસોની ઝાડી હતી. તેને થયું કે વાંસો ઉપર તલવાર અજમાવી જોઉં.

અને ધમ્મિલે તલવારનો એક ઘા વાંસો ઉપર કર્યો તો ઘણા વાંસ કપાઈ ગયા. તલવારની ધાર ખૂબ જ તેજ જોઈને ધમ્મિલકુમાર આનંદ પામ્યો.

ધમ્મિલકુમાર વાંસોની ઝાડીમાં આમતેમ ઘુમવા લાગ્યો ત્યાં તેની દૃષ્ટિ એક ધડથી અલગ થઈ ગયેલા મસ્તક પર પડી.

ધમ્મિલને થયું આ શું...?

આ માણસનું મસ્તક મારા હાથે જ હણાયું હોવું જોઈએ. તલવારની ધાર તપાસવા ગયો ત્યારે વાંસોની સાથે આ માણસનું મસ્તક પણ હણાઈ ગયું હોવું જોઈએ.

ધમ્મિલે જોયું તો ઝુંડની વચ્ચે એક અગ્નિકુંડ બળતો હતો. તેને થયું કે આ માણસ શું વાંસોની ઝાડીમાં બેસીને તપ કરી રહ્યો હશે ? ઓહ...! મારાથી નિર્દોષની હત્યા થઈ ગઈ...! મારાથી અજાણે મહાપાપ થઈ થયું. મેં નિરપરાધીને હણી નાખીને મહાપાપ કર્યું છે. શસ્ત્રની ધાર તપાસવા મેં ઘોર પાપ કર્મ કર્યું...! ઓહ ! આ નિર્દોષની હત્યાના પાપમાંથી ક્યારે છૂટકારો મળશે ?

આમ ધમ્મિલકુમાર પોતાનાથી થયેલા દોષની નિંદા કરી રહ્યો હતો. તે બહાવરો બનીને આમતેમ ઘુમવા લાગ્યો ત્યાં તેની દૃષ્ટિ એક વાવ પર પડી. ધમ્મિલ તે વાતની નજદીક આવ્યો. વાવનું પાણી સ્વચ્છ અને નિર્મળ હતું. વાવના તળિયે પડેલી કોઈ પણ વસ્તુ સ્પષ્ટ જોઈ શકાતી હતી. આવું નિર્મળ જળ જોઈને ધમ્મિલને ખૂબ જ હર્ષ થયો.

ત્યાં ધમ્મિલની દૃષ્ટિ વાતના સામા ભાગ તરફ થઈ.

ત્યાં એક અનુપમ સૌંદર્ય ધરાવનારી કન્યા બેઠી હતી.

ધમ્મિલકુમારને થયું કે આવા નિર્જન વનપ્રદેશમાં સ્વરૂપવાન, રૂપવતી કન્યા એકલી વાવ પાસે શા માટે બેઠી હશે ? *શું તે પેલા તપ કરનાર માણસ સાથે સંબંધ ધરાવતી હશે ?* એનું સૌંદર્ય અપૂર્વ છે. જલદેવી કે વનદેવી તો નહિ હોય ને ?

ધમ્મિલના આશ્ચર્યનો પાર નહોતો. તે તરત જ સ્વરૂપવાન કન્યા પાસે ગયો અને મધુર સ્વરે કહ્યું : 'આપનો પરિચય આપશો ? અહીં એકલાં કેમ છો ? ક્યાંથી આવ્યા છો ?'

ત્યારે તે કન્યા મૃદુલકંઠે બોલી : 'સજ્જન, મારો પરિચય આપવા માટે માંડીને વાત કરવી પડશે...'

'આપનો પરિચય આપો...હું શાંતિથી સાંભળીશ...' ધમ્મિલે કહ્યું.

ત્યારે તે કન્યા બોલી : 'ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત આવેલો છે. ત્યાં શંખપુર નામનું નગર છે. આ નગરીના લોકો દયાળુ અને ધાર્મિક વૃત્તિ ધરાવનારા છે. આ નગરીના રાજા પુરુષાનંદ છે. એ રાજા મહાબલી અને પરાક્રમી છે. દુશ્મનો તો તેના નામથી કંપે છે. ચારેય દિશામાં રાજા પુરુષાનંદની હાક છે. તે રાજાને શ્યામલા નામની પટ્ટરાણી છે. રાજાના પરિવારમાં કામોન્મત નામનો એક પુત્ર તથા વિદ્યુન્મતી તથા વિદ્યુલ્લતા નામની બે પુત્રીઓ છે. સૌ સુખમાં દિવસો પસાર કરતા હતા ત્યાં એક દિવસ નગરીમાં આકાશગામી મુનિરાજ ધર્મઘોષજી પધાર્યા મુનિરાજના આગમનથી નગરજનોમાં ઉત્સાહનો પાર ન રહ્યો. સૌ વંદન કરવા જવા લાગ્યા. રાજા અને તેનો પરિવાર પણ વંદન કરવા માટે ગયો.

સૌ મુનિરાજ ધર્મઘોષ મુનિની ધર્મદેશના સાંભળવા બેઠાં. મુનિરાજે તેમની દેશનામાં ધર્મ પ્રત્યે ભાવ કેળવો તે વાત કરી. પ્રવચન પૂરું થયા બાદ રાણી શ્યામલાએ જ્ઞાની મુનિરાજને

પૂછ્યું : ' હે ભગવંત, આપ તો ત્રણ કાળના જાણકાર છો. આપ મારી બે પુત્રીઓ વિદ્યુન્મતી તથા વિદ્યુલ્લતાના સ્વામી કોણ થશે... એ જણાવવાની કૃપા કરો... '

મુનિરાજે કહ્યું : ' એ અંગે કહીશ તો અંતરમાં ચિંતા જાગૃત થશે. છતાંય જાણવું હોય તો કહું... ! '

રાણીબા બોલ્યાં : ' મુનિવર, અમને જણાવો... '

મુનિરાજે કહ્યું : ' તો સાંભળ, જે માણસ તારા આ એકના એક પુત્ર કામોન્મતને હણશે તે માણસ તારી બન્ને પુત્રીઓનો સ્વામી થશે. '

રાણીના મુખ પર ક્રોધના ભાવ ઊપસી આવ્યા પણ તે કશું બોલ્યા વગર મુનિરાજને વંદન કરીને ચિંતામગ્ન ચહેરે ભવન પર પાછી ફરી.

ત્યારબાદ રાણી શ્યામલા પુત્ર અને બન્ને પુત્રીઓને લઈને અહીં રહેવા આવી. આ સામે દેખાય છે તે રાણી શ્યામલાનો મહેલ છે. વિદ્યા સાધવા માટે સૌ આવ્યા છે.

તે મહેલમાં રાજાના વંશમાં ઉત્પન્ન થયેલી અત્યંત સ્વરૂપવાન મંત્રીઓની, શ્રેષ્ઠીઓની તેમજ વિદ્યાધરોની એવી સોળ કન્યાઓ પણ રહે છે. જેમના નામ છે શ્રીચંદ્રા, શ્રી ગાંધારી, શ્રીસોમા, વિચક્ષણા, શ્યેના, વિજયા, સેના, શ્રીદેવી, સુમંગલા, સોમમિત્રા, મિત્રવતી, શ્રીમતી, યશોમતી, સુમિત્રા, વસુમિત્રા અને મિત્રસેના.

અને વિદ્યાધર અહીં સરિતાના કાંઠે વાંસની ઝાડીઓ આવેલી છે ત્યાં વિદ્યાની સાધના કરી રહ્યો છે. આ તપથી તેની સાધના પૂર્ણ થયા બાદ તે વિદ્યાધર અમને સોળેયને પરણશે. આ સત્ય વાત છે. '

રૂપવતી કન્યાએ સવિસ્તર કથા ધમ્મિલને સંભળાવી દીધી.

આ સાંભળી ધમ્મિલકુમાર વિચારવા લાગ્યો કે વાંસની ઝાડીમાં જે માણસ તપ કરી રહ્યો હતો. તે જ વિદ્યાધર હોવો જોઈએ. મારાથી અજાણતાં તેનો વધ થઈ ગયો. ઓહ...! મારાથી ઘોર અપરાધ થઈ ગયો...! આવી સુંદર સ્ત્રીઓના આશ્ચર્ય સમા વિદ્યાધરને હણીને તેઓનું આશ્રય સ્થાન ખુંચવી લીધું. જ્યારે આ સ્ત્રીઓ એ જાણશે કે વિદ્યાધર કામોન્મતનો હત્યારો હું છું ત્યારે એમની હાલત કેવી થશે? અને મારે એમનો કારમો કલ્પાંત જોવાનો આવશે...ઓહ...! મારા હાથે આવું અનિષ્ટ કૃત્ય કેમ થઈ ગયું ?'

થોડીવાર રહીને ધમ્મિલકુમારે કહ્યું : 'હે ભદ્રે, ખૂબ જ શોકજનક સમાચાર આપવાના છે. એ વિદ્યાધરનું મારા હાથે અજાણતાં મૃત્યુ થયું છે. મને આ અંગે પારાવાર પસ્તાવો થાય છે. આવી વાત ઉચ્ચારતાં હૈયું કંપી ઊઠે છે પણ જે સત્ય છે તે જણાવ્યા સિવાય છૂટકો નથી...'

ધમ્મિલની વાત સાંભળીને તે રૂપવતી કન્યા શોકના સાગરમાં ડૂબી ગઈ. થોડીવાર આંસુ સાર્યા પછી બોલી : 'જે બનવાનું હોય છે તે બનીને જ રહે છે. ભાવિને કોણ ભેદી શક્યું છે ? આપ તો કેવળ નિમિત્ત બન્યા છો.'

ધમ્મિલે કહ્યું : 'સાચી વાત છે. તમે પણ શોક ન કરો. વિધિની રમતને કોણ પારખી શક્યું છે ?'

કન્યા બોલી : 'હે વીરવર, મને તો એ વાતનું દુઃખ નથી. કારણ કે જ્ઞાની મુનિરાજ ધર્મઘોષ મુનિએ અગાઉથી આ પ્રમાણે બનવાનું ભાખેલું હતું. શું જ્ઞાની ભગવંતોની વાત કદીય અસત્ય કરે ખરી ? હવે હું મહેલમાં જાઉં છું. ત્યાં જઈને આપનું વૃતાંત તે વિદ્યાધરની માતા શ્યામલા તથા બન્ને બહેનોને કહી સંભાળવું છું. જ્ઞાની મુનિએ કહેલી હકીકત સત્ય ઠરી છે. એમ

માનીને તેઓ બન્ને બહેનો આપને સ્વામી તરીકે સ્વીકારવા તૈયાર થઈ જશે. તો મહેલના શિખર પર લાલ રંગની ધજા ફરકાવીશ. નહીંતર શ્વેત ધ્વજ ફરકાવીશ. તે ધજા જોવા ખાતર તું આપ અહીં બેસી રહેજો.'

આટલું કહીને કન્યા તરત જ ચાલી ગઈ.

ધમ્મિલકુમાર થોડીવાર સુધી બેસી રહ્યો. તેને મહેલના શિખર ભણી દષ્ટિ કરતો હતો ત્યાં તેની નજરમાં શ્વેત ધજા જોવામાં આવી.

ધમ્મિલ સમજ્યો કે વિદ્યાધરની બન્ને બહેનો પોતાના ભાઈને હણનાર પ્રત્યે નારાજ થયેલી જણાય છે. આથી ધમ્મિલકુમાર ત્યાંથી ઊભો થઈ ગયો અને ચાલતો ચાલતો એક પલ્લીમાં આવ્યો.

તે પલ્લીનું નામ દેવપલ્લી હતું.

ધમ્મિલકુમાર દેવપલ્લીમાં આવ્યો ત્યારે મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો.

આ દેવપલ્લીમાં ચંપાનગરીના રાજા કપિલદેવનો નાનો ભાઈ વસુદત્ત રહેતો હતો. મોટાભાઈ કપિલદેવ સાથે અણબનાવ થતાં તે અહીં આવી ચડયો હતો. આ પલ્લી અને આજુબાજુમાં તેનું શાસન હતું.

દેવપલ્લીના રાજા વસુદત્તની પુત્રી પદ્માવતી યુવાવસ્થામાં પ્રવેશી ચૂકી હતી. યુવાનવયે જ તેને કૃષ્ટ રોગ થયો હતો. આ માટે રાજા વસુદત્તે અનેક ઉપચારો કરી જોયાં, પણ રોગ મટયા નહિ.

ધમ્મિલકુમાર જ્યારે દેવપલ્લીમાં આવ્યો ત્યારે એક સ્ત્રીને શુળરોગથી પીડાતી જોઈ. ધમ્મિલે તે બાઈના રોગની વિગત જાણીને જરૂરી ઔષધિ મંગાવી. ઔષધિનું સેવન કરતાં તે સ્ત્રીનો રોગ મટી ગયો. આ વાત રાજા વસુદત્ત પાસે પહોંચી.

રાજા વસુદત્તે તરત જ ધમ્મિલકુમારને પોતાની પાસે બોલાવ્યો.

અને પુત્રી પદ્માવતીના રોગની વાત કરી. ધમ્મિલકુમારે પદ્માવતીને જોઈ, તપાસી. પછી રાજાને કહ્યું : 'મહારાજ, આપની પુત્રીનો રોગ મટી જશે.'

બીજા દિવસથી ધમ્મિલકુમારે જે ઔષધિ લાવવાનું કહ્યું તે રાજાએ મંગાવી આપી. પદ્માવતી પર ઔષધોના ઉપચાર શરૂ થયા.

થોડા દિવસોમાં પદ્માવતીનો રોગ નિર્મૂળ થયો.

ધમ્મિલકુમારના કાર્યથી રાજા વસુદત્ત અત્યંત પ્રસન્ન થયો. તેણે પોતાની પુત્રી પદ્માવતી ધમ્મિલકુમાર સાથે પરણાવી.

એક દિવસ વસુદત્તે ધમ્મિલકુમારને કહ્યું : 'આ સંસારનો એવો કોઈ માણસ નથી કે જે મારા મોટાભાઈ કપિલદેવ સાથે સમાધાન કરાવી આપે. વર્ષોથી અમારા બન્ને વચ્ચે અણબનાવ છે. ધમ્મિલકુમાર, આપ જ આ કાર્ય કરી શકશો. અન્ય કોઈ કરવાને સમર્થ નથી.'

ધમ્મિલે કહ્યું : 'રાજન, આપ આજ્ઞા આપો તો આપનું આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરી દઉં...'

રાજા વસુદત્ત ધમ્મિલકુમારનો ઉત્તર સાંભળીને પ્રસન્ન થયો.

બીજે દિવસે ધમ્મિલકુમારને ચંપાનગરીની વાટ પકડી.

ચારેક દિવસે તે ચંપાનગરી પહોંચ્યો. જેવો તે નગરીમાં દાખલ થયો ત્યારે કોઈ ભયથી લોકો દોડાદોડી કરતા હતા. સૌ પોતપોતાના બચાવમાં પડ્યા હતા.

ધમ્મિલને થયું કે લોકો આમ બેબાકળા બનીને નાસભાગ કેમ કરી રહ્યાં હશે ? શું ભયંકર આગ ભભૂકી ઊઠી છે ? કે પછી કોઈ સૈન્ય ચઢી આવ્યું છે ?'

ધમ્મિલે એક નગરજનને ઊભો રાખ્યો અને નાસભાગનું કારણ પૂછ્યું ત્યારે તે નગરજને કહ્યું : 'પરદેશી, નગરીના રાજાનો પટ્ટહસ્તી મદોન્મત બનીને હસ્તીશાળામાંથી સાંકળ તોડીને ભાગ્યો છે. નગરીમાં તો ખૂબ જ હાહાકાર મચાવી દીધો છે. લોકો

પોતાનો જીવ બચાવવા આ રીતે ભાગી રહ્યા છે...!

આ વાત સાંભળીને ધમ્મિલકુમાર નિર્ભય બનીને નગરમાં અંદરના ભાગે જવા લાગ્યો. ધમ્મિલને અનેક માણસો આગળ જતાં રોકવા લાગ્યા પણ નીડર ધમ્મિલ પ્રાણની પરવા કર્યા વિના આગળ વધતો ગયો આગળ જતાં એક જગ્યાએ મોટો મંડપ બાંધેલો જોયો ત્યાં અનેક સ્ત્રી-પુરુષોને બેઠેલાં જોયાં.

ધમ્મિલ તે મંડપ પાસે આવ્યો અને પૂછ્યું : 'અહીં લોકો કેમ એકઠાં થયાં છે ?'

ત્યારે ત્યાં ઊભેલા એક માણસે કહ્યું : 'ભાઈ, અહીં ઈન્દ્રદત્ત સાર્થવાહના પુત્ર સાગરદત્તના વિવાહ છે. અત્યંત સ્વરૂપવાન અને કુળવાન આઠ કન્યાઓ સાથે સાગરદત્ત વિવાહ કરી રહ્યો છે. તે આઠેય કન્યાઓના નામ છે કુમુદા, કુમુદનંદા, ધનશ્રી, વસુમતી, પદ્મશ્રી, વિમળનંદા અને દેવકી. સાગરદત્ત અહીં જાન લઈને વિશાળ પરિવાર સાથે આવેલ છે. અહીં એકત્રિત સમૂહ દેખાય છે તે સાગરદત્ત તરફી છે.'

ધમ્મિલકુમાર તે માણસ સાથે હજુ વાત કરી રહ્યો હતો ત્યાં મદોન્મત થયેલો મહારાજાનો પટ્ટહસ્તી ભયંકર ગર્જના કરતો આવી પહોંચ્યો. હાથી ભયંકર ગર્જના દૂરથી સાંભળીને સાગરદત્ત તથા તેના સ્વજનો જીવ બચાવવા ભાગી છૂટયા. સાગરદત્ત તો કન્યાઓની સામે જોવા એક પળ પણ ઊભો ન રહ્યો. તે પોતાનો બચાવવાની મથામણમાં પડયો હતો.

મદોન્મત હાથી નજીક આવી પહોંચ્યો.

આઠેય કન્યાઓ ત્યાં જ હતી. સૌ કોઈ પોતાનો જીવ બચાવવા ભાગી છૂટયા હતા.

આઠેય કન્યાઓ ગાંડોતુર થયેલા હાથીને જોઈને ભયભીત બની અને આંસુડા સારવા લાગી. હાથી આઠેય કન્યાઓ તરફ જ આવતો હતો. જાણ્યે એમ જ લાગતું હતું કે હમણાં જ

હાથી આઠેય સ્વરૂપવાન કન્યાઓનો ખાત્મો બોલાવી દેશે.

ત્યાં ધમ્મિલે મોટા અવાજે હાથીને લલકારીને કહ્યું : ' અરે આ મદોન્મત ગજરાજ, આ નિર્દોષ અને નિર્બળ કન્યાઓનો શિકાર કરતાં જરા પણ ક્ષોભ અનુભવતો નથી. જો હિંમત હોય તો મારી સામે આવ...મુકાબલો વીરો વચ્ચે હોય...

ધમ્મિલકુમારના લલકારથી હાથી વિફર્યો તે કન્યાઓને છોડીને ધમ્મિલ તરફ વળ્યો.

અને બન્ને વચ્ચે સંતાકુકડીની રમત શરૂ થઈ.

ધમ્મિલે હાથીને થકવ્યો.

લગભગ અર્ધઘટિકા પર્યંત આ પ્રમાણે ચાલ્યું. હાથી શ્રમિત થયો ત્યારે ધમ્મિલકુમાર તરત જ હાથની ઉપર આરૂઢ થઈ ગયો. અને અંકુશ વડે હાથીના કુંભ સ્થળ પર અનેક પ્રહારો કર્યા. પછી હાથી નરમઘેંશ જેવો થઈ ગયો.

લોકો નવયુવાનના પરાક્રમથી પ્રભાવિત થયા. મહાવત તરત જ હાથીને હસ્તીશાળામાં લઈ ગયો.

મહારાજા પાસે સમગ્ર હકીકત આવી ત્યારે ધમ્મિલના કૃત્યથી રાજા અતિ પ્રસન્ન બન્યા.

રાજાએ ધમ્મિલકુમારને પૂછ્યું : ' પુત્ર, તું અશ્વ લઈને ગયો પછી શું બન્યું ? '

રાજાના પ્રશ્નના ઉત્તરમાં ધમ્મિલે સમગ્ર ઘટનાનો ચિતાર આપ્યો. રાજાએ પ્રસન્નતા વ્યક્ત કરી.

ધમ્મિલકુમાર તેના મહેલ પર આવ્યો અને તેની ત્રણ સ્ત્રીઓને મળ્યો. બધી વાત કરી ત્યારે ત્રણેય પ્રિયાઓ સ્વામીના પરાક્રમથી અત્યંત આનંદ પામી ઊઠી.

આ તરફ એવું બન્યું કે જે આઠ કન્યાઓના વિવાહ સાગરદત્ત સાથે થવાના હતા ત્યારે હાથીએ હાહાકાર મચાવ્યો હોવાથી સાગરદત્ત જીવ બચાવવા નાસી ગયો હતો. પણ હાથી જતો રહ્યો

હોવાના સમાચાર જાણવા મળતાં સાગરદત્ત પોતાના પરિવારને લઈ હોંશે વિવાહ કરવા આવ્યો.

આઠેય કન્યાઓ સાગરદત્ત પાસે આવી અને કહેવા લાગી : ‘તમે કેવા પુરુષ છો ? અમને મોતના મુખમાં હોમીને જીવ બચાવવા નાસી છૂટયા હતા ? હવે કયા કારણે અમારી સાથે વિવાહ કરવા આવ્યા છો ? અમે તો તમારા જેવા ડરપોક પુરુષ સાથે વિવાહ તૈયાર નથી...અમે તો પરમેશ્વરનો આભાર માનીએ છીએ કે ખરા સમયે હાથી આવ્યો અને તમારા જેવા ડરપોક પુરુષનું માપ નીકળી ગયું. જો વિવાહ રચાઈ ગયા હોત તો અમારું જીવન બરબાદ જ થાત ને ! જે પુરુષ પોતાના જીવના જોખમે અમારું રક્ષણ કર્યું છે તે વીર-પુરુષને જ અમે પરણીશું....’

આ વાત રાજસભામાં પહોંચી.

રાજાએ બન્ને પક્ષને સાંભળ્યા.

રાજાએ છેવટે ન્યાય આપ્યો કે કન્યાઓને તેમની ઇચ્છા મુજબ પરણે.

એમ જ થયું.

ધમ્મિલકુમાર આઠ કન્યાઓનો સ્વામી બન્યો.

રાજા કપિલ તેના જમાઈના સાહસ, શૌર્યથી ખૂબ જ પ્રસન્ન હતો. ધમ્મિલકુમારે એક દિવસ તક મેળવીને વસુદત્ત રાજાને પ્રશ્ન રજૂ કર્યો. ધમ્મિલકુમારે રાજાને સમજાવ્યા.

રાજાએ ધમ્મિલકુમારની વાત માની લીધી અને વર્ષોજૂનું નાના ભાઈ સાથેનું વેર નષ્ટ થયું. રાજાએ સામેથી વસુદત્તના પોતાની પાસે બોલાવ્યો અને બન્ને વચ્ચે સ્નેહની ગાંઠ બંધાઈ. વસુદત્ત પોતાની સાથે પુત્રી પદ્માવંતીને લઈ આવ્યો હતો. વસુદત્ત રાજાએ ધમ્મિલકુમારને પોતાની પુત્રી પદ્માવતી સોંપી દીધી.

આઠેક દિવસ પસાર થઈ ગયા. એક દિવસ ધમ્મિલકુમાર

તેના ભવનના ઝરુખે આસન પર બેઠો હતો ત્યાં વીજળીના ઝબકારા માફક કોઈ સ્ત્રીને આકાશમાંથી ઉતરતી જોઈ.

ધમ્મિલકુમાર કશો વિચાર કરે તે પહેલાં તે સ્ત્રી તેની સમક્ષ આવીને ઊભી રહી ગઈ.

તે અજાણી સ્ત્રી બોલી: 'ધમ્મિલકુમાર, તમે નિરપરાધી અને ધ્યાનમાં મગ્ન રહેલા મારા ભાઈની હત્યા કરી છે. આ કૃત્ય તમારા જેવા પરોપકારી અને દયાળુ જીવ માટે યોગ્ય છે? વળી મારું, મારી બહેનનું તેમજ અન્ય કન્યાઓનું મન હરીને તમે નાશી ગયા. આ કૃત્ય તમને શોભે ખરું? આ રીતનું આચરણ કરીને શું મળવાનું હતું?'

ધમ્મિલે મધુર સ્વરે કહ્યું: 'દેવી, તમારી વાત સાચી છે. પરંતુ અજાણતાં થઈ ગયેલા પાપ માટે મેણાં મારવા એ યોગ્ય છે? મારા હાથે નિરપરાધીની હત્યા થઈ ગઈ તેનો પસ્તાવો આજે પણ છે હું તો કેવળ તલવારની ધાર તપાસવા વાંસના ઝુંડને કાપતો હતો તે સમયે આપનો ભાઈ ત્યાં હશે તેની કલ્પના મને ક્યાંથી હોય? હું જાણીજોઈને માનવહત્યા કરું ખરો? જે કંઈ બન્યું છે તે અજાણતાં જ થયું છે. મારાથી આ અપરાધ થઈ ગયો છે એની જે શિક્ષા કરવી હોય તે કરો. હું હસતે મોઢે સ્વીકારી લઈશ.'

ધમ્મિલની વાત સાંભળીને વિદ્યાધરી પ્રસન્ન થઈ તે બોલી: 'ધમ્મિલકુમાર, ચિત્રસેનાએ આપનું વૃતાંત અમને જણાવ્યું હતું. ભાઈનો વધ થવાથી અમને અત્યંત દુઃખ અને ક્રોધ ઉત્પન્ન થયો હતો પરંતુ ધર્મઘોષ મુનિરાજની વાણી યાદ આવી જતાં ક્રોધ શાંત પડયો હતો. અમે આપને બોલાવવા મહેલના શિખરે લાલ ધજાના બદલે શ્વેત ધજા ફરકાવી તેની પાછળ ઉત્સાહનો અતિરેક હતો. અમે રંગ જોયા વિના જ ધજા ફરકાવી દીધી હતી. ધજા ફરકાવ્યા પછી સૌ અમે આપની પ્રતિજ્ઞા કરતાં રહ્યાં પણ આપ

આવ્યા નહિ પછી શિખર પર નજર કરતાં બધી વાત સમજાઈ ગઈ. ત્યાર પછી તો આપને શોધવા અનેક જગ્યાએ ગઈ પણ ક્યાંય જોવા ન મળ્યા. આજ આપનાં દર્શન થયા. હવે હું અને મારી બહેન તથા સોળ કન્યાઓ આપની દાસીઓ છીએ.' આટલું કહીને વિદ્યાધરી આકાશમાર્ગે ચાલી ગઈ.

અને...

લગભગ એક ઘટિકા બાદ બે વિદ્યાધરી બહેનો તથા સોળ કન્યાઓ આકાશમાર્ગેથી ધમ્મિલકુમાર પાસે આવી પહોંચી. ધમ્મિલકુમારે અઢાર કન્યાઓનો સત્કાર કર્યો. બીજે દિવસે ધમ્મિલકુમારે અઢારેય કન્યાઓ સાથે વિવાહ કર્યા.

દિવસો જવા લાગ્યા.

ધમ્મિલકુમારના આવાસમાં અનેક રૂપવતી સ્ત્રીઓ હતી. ધમ્મિલકુમાર દરેક સાથે પ્રેમ અને સ્નેહ કેળવીને સુખ ભોગવવા લાગ્યો.

ત્યાં એક દિવસ કમલાકુમારીના મુખે વસંતતિલકા ગણિકાનું નામ આવ્યું. ધમ્મિલકુમારની દરેક પ્રિયાઓએ સ્વામીને વસંત-તિલકાની વાત કરવા જણાવ્યું.

ધમ્મિલકુમારે આછા હાસ્ય સાથે કહ્યું : ' વસંતતિલકાનું નામ લઈશ તો કમલાકુમારીની લાત ખાવી પડશે...'

કમલાકુમારી સ્વામીના આ શબ્દોથી છોભીલી બની ગઈ અને કહેવા લાગી : સ્વામી, મારાથી થયેલી ભૂલને વારંવાર કહીને શા માટે દુઃખી કરો છો? મારે પણ વસંતતિલકા વિષે સાંભળવું છે...'

ધમ્મિલકુમાર તરત જ વસંતતિલકા વિષે વાત કરવા તૈયાર થઈ ગયો. સૌ શાંતિથી બેસી રહ્યાં.

ધમ્મિલકુમારને વીંટળાઈને તેની દરેક પ્રિયાઓ વસંતતિલકાની વાત સાંભળવા શાંતભાવે બેસી ગઈ હતી.

ધમ્મિલકુમારે સૌના આગ્રહને વશ થઈને વસંતતિલકાની વાત કરવી શરૂ કરી.

ધમ્મિલકુમારે દરેક પ્રિયાઓની સામે દૃષ્ટિ નાંખીને કહ્યું : 'કુશાગ્રપુર નામનું નગર છે ત્યાં વસંતતિલકા ગણિકા નિવાસ કરે છે. તેનું પ્રથમવાર નૃત્ય ત્યાંની રાજસભામાં રજૂ થયું ત્યારે નિર્ણાયક તરીકે હું બેઠો હતો. મહારાજાએ આ કાર્ય મને સોંપ્યું હતું. ત્યારપછી વિધિએ એવા લેખ ભાખ્યા હતા કે હું કેટલાક મિત્રોની સોબતને કારણે વસંતતિલકાના ભવને જઈ ચડયો. બાર વર્ષ સુધી તેને ત્યાં રહ્યો. તે અત્યંત લાગણીશીલ સ્વભાવની છે. સૌંદર્યની મૂર્તિ છે. તેણે મને કામશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. વસંતતિલકા મારા પ્રત્યે અપૂર્વ સ્નેહ દાખવતી હતી. મારા કારણે એણે ઘણું સહન પણ કર્યું હતું. એથી આજે પણ હું તે વસંતતિલકાને પ્રેમ કરું છું...'

ત્યાં વિદ્યુન્મતી બોલી : 'સ્વામી, આપ આજ્ઞા આપો તો હું તેની ભાળ મેળવીને ખબર લઈ આવું.'

ધમ્મિલકુમારે માથું ધુણાવ્યું અને હા પાડી.

તરત જ વિદ્યુન્મતી આકાશમાર્ગે કુશાગ્રનગર તરફ જવા રવાના થઈ ગઈ. અને લગભગ બે ઘટિકામાં પાછી પણ આવી ગઈ.

ધમ્મિલકુમાર અને તેની પ્રિયાઓ વિદ્યુન્મતીની પ્રતીક્ષામાં ત્યાં જ બેઠાં હતાં.

વિદ્યુન્મતીએ મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, હું પુરુષનો વેષ પહેરીને વસંતતિલકાના ભવનમાં ગઈ હતી. તેણે ખૂબ જ મેલાં વસ્ત્રો ધારણ કરેલાં હતાં. ખૂબ જ દયાજનક હાલતમાં તે એક

ખૂણામાં પડી હતી. તેણે અંગ પર કોઈ આભૂષણો કે અલંકારો પહેર્યાં નહોતાં. મેં સાંભળ્યું તો તેણીના મુખે કેવળ ધમ્મિલનું નામ જ હતું.

હું તેની પાસે ગઈ. કુશળ પૂછયા. મને પુરુષ વેષમાં જોઈને તેણે કોઈ વાત ન કરી. પણ મેં મારું સ્ત્રીસ્વરૂપ ધારણ કર્યું ત્યારે વસંતતિલકાએ મારી સામે જોયું.

મેં વસંતતિલકાને કહ્યું : 'બહેન, મને ધમ્મિલકુમરે મોકલી છે.' આ વાત સાંભળતાં જ તે અત્યંત હર્ષિત બની ઊઠી.

વસંતતિલકાએ પૂછયું : 'બહેન, તારા મુખેથી ધમ્મિલનું નામ સાંભળીને ખૂબ જ હર્ષ થયો. તેઓ કયાં છે ? મને એ તો કહે કે તેમનું સ્વાસ્થ્ય સારું છે ને ?'

'હા...ધમ્મિલકુમાર તંદુરસ્ત છે...' મેં જણાવ્યું.

'ઓહ...હું તો એના નામની રાતદિવસ માળા જપું છું. એમના ગયા પછી મેં કોઈ પુરુષને સ્પર્શ કર્યો નથી. ગણિકાનો વ્યવસાય જ બંધ કરી દીધો છે. એમના સિવાય મારા હૈયામાં કોઈનું સ્થાન નથી અને હશે પણ નહિ.'

મેં વસંતતિલકાને આપની હાલની પરિસ્થિતિથી વાકેફ કરી. આ સાંભળીને વસંતતિલકા અત્યંત આનંદ પામી.

વિદ્યુન્મતીની વાત સાંભળીને ધમ્મિલકુમારના હૈયામાં વસંતતિલકાને મળવાની ભાવના જાગૃત થઈ.

વિદ્યુન્મતી તરત સ્વામીના અંતરમાં ઊભા થયેલા ભાવને જાણી ગઈ. તેણીએ કહ્યું : 'સ્વામી, આપ વસંતતિલકાને મળવા ઇચ્છો છો ?'

'હા...પ્રિયે, તેણીથી છુટ્ટા પડચા ને વર્ષોના વહાણાં વીતી ગયા. છતાં આજ દિવસ સુધી હું પણ તેને ભૂલ્યો નથી...'

વિદ્યુન્મતીએ કહ્યું : 'સ્વામી, આપની ભાવના હમણાં જ પૂરી થશે...'

તરત જ વિદ્યુન્મતીએ એક વિશાળ વિમાન તૈયાર કરાવ્યું. તે વિમાનમાં સર્વ સ્ત્રીઓ સાથે ધમ્મિલકુમાર બેઠો. પવનવેગે

ઉડતાં વિમાનમાં સૌ થોડીવારમાં કુશાગ્રપુર આવી પહોંચ્યા.

સૌ વિમાનમાંથી ઉતર્યાં. વિદ્યુન્મતીએ વિમાનને આકાશમાં સ્થિર કર્યું.

અને સૌ વસંતતિલકા પાસે ઓચિંતા ગયા.

વસંતતિલકા ધમ્મિલકુમારને જોતાં જ હર્ષિત બની ગઈ. આંખોમાંથી હર્ષના આંસુ ઉમટી આવ્યાં. વસંતતિલકાએ સૌનું ભાવભીનું સ્વાગત કર્યું.

નગરના રાજા અમિત્રદમનને બીજે દિવસે ખબર પડી કે નગરશેઠ સુરેન્દ્રદત્તનો પુત્ર ધમ્મિલકુમાર સ્ત્રીઓના પરિવાર સાથે આવ્યો છે તેથી રાજાએ ધમ્મિલકુમારનું ધામધૂમથી સ્વાગત કર્યું. શોભાયાત્રા કાઢીને માન આપ્યું.

રાજા અમિત્રદમને તરત જ નગરશેઠનું વિશાળ ભવન ધમ્મિલકુમારને પાછું અપાવ્યું. વિપુલ સંપત્તિ આપી. અઢળક ધન આપ્યું.

ધમ્મિલકુમાર પોતાની પત્નીઓને લઈને પોતાના ભવન પર નિવાસ કરવા આવી ગયો.

કુશાગ્રનગરના લોકોમાં ધમ્મિલકુમારની જ ચર્ચા થતી હતી.

સૌ વાતો કરતાં હતાં કે ગણિકાના સંસર્ગમાં રહીને માતા-પિતા ગુમાવ્યા. પોતાનું ભવન પણ ગુમાવ્યું અને સંપત્તિ નષ્ટ કરનાર આ ધમ્મિલકુમાર જ છે. અને આજે પિતાથી સવાયો થઈને નગરીમાં ઉન્નત મસ્તકે ફરે છે. રાજા પણ તેનો આદર-સત્કાર કરે છે. શું ધમ્મિલકુમારના પુણ્ય છે... !

સૌ ધમ્મિલકુમારના ભાગ્યના, તેના પુણ્યની પ્રશંસા કરવા લાગ્યા.

આજ સુધી વિરહની પાવક જ્વાળામાં તરફડતી યશોમતીને લઈને તેના પિતા ધનવસુ પણ ધમ્મિલકુમાર પાસે આવ્યા. ધમ્મિલ-કુમારે ધનવસુની ક્ષમા માગી. ધનવસુએ કર્મ બળવાન છે તે વાત કરી.

ધમ્મિલકુમારે યશોમતીને પોતાના ભવનમાં પ્રેમથી આવકારી.

ધમ્મિલકુમારે નગરીમાં દાનની સરિતા વહેવડાવવી શરૂ કરી. પિતાની ગુમાવેલી પ્રતિષ્ઠા ફરીને સ્થાપી. તેણે નગરમાં એક વિશાળ મહેલ બાંધ્યો. ધમ્મિલકુમાર તેની પત્નીઓને લઈને ત્યાં રહેવા ગયો.

એક દિવસ...

અતિથિખંડમાં એક આસન પર ધમ્મિલકુમાર બેઠો હતો ત્યાં વસંતતિલકા આવી અને કહેવા લાગી : 'સ્વામી, આજ મેં આપને અન્ય વેષમાં જોયા હતા. અત્યારે જુદાં વસ્ત્રોમાં છો ? આમ કેમ ?'

ધમ્મિલકુમાર થોડીવાર વિચારમાં પડ્યો પછી આછાં હાસ્ય સાથે કહ્યું : 'પ્રિયે, એતો કેવળ પરિહાસ ખાતર...'

વસંતતિલકા તરત જ આછું હાસ્ય વેરીને અંદરના ભાગે ચાલી ગઈ. વસંતતિલકાના ગયા પછી ધમ્મિલકુમાર વિચારોના વર્તુળમાં ગુંચવાયો. તેને થયું કે મેં બીજો કોઈ વેશ ધારણ કર્યો નથી તેમજ બહાર પણ ગયો નથી તો વસંતતિલકા આવું શા માટે કહેતી હશે ? જરૂર કોઈ અન્ય પુરુષ અહીં આવ્યો હોવો જોઈએ. અને તે પણ કોઈ ગુપ્ત વિદ્યાનો જાણકાર હોવો જોઈએ. તે અહીં અદૃશ્ય થઈને આવતો જતો હશે. આ વિશાળ ભવનમાં મારા સિવાય કોઈને રહેવાની હિંમત નથી. મારે ગમે તેમ કરીને તે અજાણ્યા પુરુષને હણવો જોઈએ.

આમ વિચારીને ધમ્મિલકુમારે એક યુક્તિ વિચારી લીધી. તેણે એક ઔષધિનું બારીક ચૂર્ણ ભવનની તમામ જગ્યાએ પથરાવી દીધું અને પોતે ખુલ્લી તલવાર લઈને એક જગ્યાએ સંતાઈ ગયો.

ત્યાં અદૃશ્ય વિદ્યાધર આવ્યો. ઔષધિના ચૂર્ણમાં તેના પગલાંની હાર થઈ. એ હાર જોઈને ધમ્મિલકુમારે મનમાં કશીક ગણતરી કરીને તલવારનો ઘા કર્યો.

અને વિદ્યાધરના શરીરના બે ભાગ થઈ ગયા. વિદ્યાધરે પોતાનો જીવ ગુમાવ્યો. ધમ્મિલકુમારે વિદ્યાધરના શરીરને ભૂમિમાં દાટી દીધો.

આ રીતે વિદ્યાધરને મારવાથી ધમ્મિલકુમારના હૈયામાં શંકા

ઉત્પન્ન થઈ કે આ વિદ્યાધરનું વેર લેવા જરૂર કોઈક આવશે જ. આથી ધમ્મિલકુમાર ખૂબ જ સાવચેતીથી રહેવા લાગ્યો.

એક દિવસ તે પોતાના વિશાળ ભવનમાં આવેલા ઉદ્યાનમાં બેઠો હતો. ત્યાં એક રૂપવતી સ્ત્રીને આવતી જોઈ.

ધમ્મિલકુમાર અત્યંત રૂપવતી, નાજુક કાયા તથા કોમળ અંગવાળી સ્ત્રીને જોઈને તેની પાસે ગયો.

ધમ્મિલકુમારે પ્રશ્ન કર્યો : 'રૂપરમણી, તું કોણ છે ? અહીં શા માટે આવી છો ? તારે કોનું કામ છે ?'

ત્યારે રૂપરમણીએ કહ્યું : 'મારું નામ મેઘમાલા છે. વૈતાઢ્ય પર્વતની દક્ષિણે અશોકપુર નામનું નગર છે ત્યાં મેઘસેન નામનો રાજા રાજ કરે છે તેને શશીપ્રભા નામે રાણી છે. રાજાને મેઘજળ નામનો પુત્ર છે અને મેઘમાલા નામની પુત્રી છે. મેઘમાલા તે હું છું. પ્રજ્ઞપ્તિ જ્ઞાનથી જાણ્યું હતું કે મેઘજળને મારનાર વ્યક્તિ મેઘમાલાનો સ્વામી થશે. અને આ રાજ્યલક્ષ્મી અન્યના હાથમાં જશે...મારી માતા આ વાત સાંભળીને અત્યંત દુઃખી થઈ. ત્રણ દિવસ પહેલાં મારો ભાઈ કુશાગ્રપુર જઉં છું તેમ કહીને નીકળ્યો હતો પણ પાછો ફર્યો નથી. હું એને શોધવા માટે ભ્રમણ કરી રહી છું.'

'દેવી, તમારો ભાઈ મારા હાથે હણાયો છે. એ મારા ભવનમાં અદશ્યપણે આવીને મારી પ્રિયાઓને ભ્રમમાં નાંખતો હતો આ અંગે જે સજા આપવી હોય તે આપો...' ધમ્મિલે કહ્યું.

'તમને જોઈને મારો ક્રોધ શાંત પડચો છે. હું આપની દાસી બનવા ઇચ્છું છું. આપ મારો પ્રેમથી સ્વીકાર કરો...'

ધમ્મિલકુમારે મેઘમાલા સાથે ગાંધર્વવિવાહ કર્યો.

આ રીતે ધમ્મિલકુમાર બત્રીસ કન્યાઓનો સ્વામી બન્યો અને વૈભવવિલાસ માણવા લાગ્યો.

થોડા સમય પછી કમલાકુમારીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પદ્મનાભ પાડવામાં આવ્યું.

પદ્મનાભ સમય જતાં યુવાન થઈ ગયો અને પરિવારનો બોજો ઉપાડી શકે તે રીતે તૈયાર થઈ ગયો.

*

એક દિવસ કુશાગ્રનગરમાં ચાર જ્ઞાનધારી મુનિવર ધર્મરૂચિ પધાર્યા. મુનિરાજ નગર બહારના ઉદ્યાનમાં પધાર્યા હતા. તેમની સાથે શિષ્યોનો મોટો પરિવાર હતો.

કુશાગ્રનગરના રાજા અમિત્રદમન તથા પ્રજાજનો મુનિવર ધર્મરૂચિના દર્શનાર્થે ગયા. નગરની બહાર તો જાણે આખી નગરી ઉમટી ન પડી હોય તેવું જણાતું હતું. આમાં ધમ્મિલકુમાર અને તેનો સમગ્ર પરિવાર પણ સામેલ હતો. સૌ વંદન કરીને દેશના સાંભળવા બેસી ગયા હતા.

મુનિવર ધર્મરુચિ મહારાજે દેશના આપવી શરૂ કરી.

'આ શરીર તથા શરીરના પ્રત્યેક અંગ અનિત્ય છે. સંસારના સુખોપભોગ, વૈભવ કોઈપણ શાશ્વત નથી. મૃત્યુ તો સામે જ ઊભું છે. આથી જે જીવધર્મનું આચરણ કરશે, ધર્મને સમજશે એ મનુષ્યભવ પામ્યાનો સાર છે.

આ સંસારમાં બે બળ છે.

એક છે જ્ઞાનનું.

અને બીજું છે અજ્ઞાનનું.

બન્ને બળમાં તેજ છે, ચેતના છે.

જ્ઞાન સિવાય સિદ્ધિ નથી.

જ્ઞાન સિવાય મુક્તિ નથી.

તેમજ જ્ઞાન સિવાય અનંત સુખની પ્રાપ્તિ નથી.

પરંતુ જ્યારે લોકો અજ્ઞાનને જ જ્ઞાન રૂપે નિહાળે છે અને અજ્ઞાનને જ્ઞાન માનીને તેની પૂજા કરતાં રહે છે ત્યારે દુઃખ અને પરિતાપની સૃષ્ટિ ગાઢ બનવા લાગે છે.

જે હૈયામાં કે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પડે તો આત્મજાગૃતિ થતાં જરા પણ વાર લાગતી નથી. જો અંતરમાં વૈરાગ્યનો ઉજ્જવલ પ્રકાશ પથરાય તો સંસારના આ તમામ સુખોપભોગ તુચ્છ લાગવા માંડે છે. જે અનિત્ય છે તેના પ્રત્યે મોહ શેનો ?'

ધર્મઋચિ મુનિરાજે સંસારની અનિત્યતા સમજાવી. સંસાર પરથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવે તેવા સુંદર કથાનકો કહ્યાં.

મુનિરાજની મંગલમય અને અમૃત સમી વાણીની અસર અનેક જીવાત્માઓને થઈ.

સૌ મુનિરાજને વંદન કરીને પોતાના સ્થાને જવા લાગ્યા. ધમ્મિલકુમાર તેના પરિવાર સાથે મુનિરાજ પાસે આવ્યો અને તેણે ધર્મરુચિ મુનિવરને નમ્રતાથી પૂછ્યું : ' હે ભગવંત, મારી સંપદાના ક્ષમ અને વૃદ્ધિનું કારણ કહેશો ? '

મુનિરાજે કહ્યું : ' એ તારા પૂર્વજન્મનું ફળ છે. '

' ભગવંત, મને મારા પૂર્વજન્મનું વૃતાંત કહોને...! ' ધમ્મિલે કહ્યું.

ધર્મરુચિ મુનિએ ધમ્મિલકુમારને તેના પૂર્વજન્મની કથા સંભળાવતાં કહ્યું : ' ભરતક્ષેત્રમાં ભૃગુકચ્છ નામના નગરમાં મહાધન નામનો માણસ રહેતો હતો તે મિથ્યાત્વી હતો. જીવનમાં ધર્મ કદી કર્યો નહોતો. દયા કે હિંસાનો તફાવત જાણતો નહોતો. તેની પત્ની પણ પાપાચારથી પૂર્ણ હતી. પરંતુ તેમનો પુત્ર સુનંદ જન્મથી જ ઉત્તમ ચારિત્ર્યવાળો અને દયાળુ પ્રકૃતિનો હતો. આ પરિવારના લોકો અભક્ષ્ય ખોરાક વધુ આરોગતા હતા જે સુનંદને પ્રિય નહોતું. એકવાર સુનંદ મત્સ્ય લેવા માટે તેના મિત્રો સાથે ગયો. તેને ત્યાં અતિથિઓ આવ્યા હતા. મિત્રોએ જીવતા મત્સ્ય ખરીદ્યા. સૌ મત્સ્ય ખરીદીને ઘેર આવતાં હતા ત્યાં માર્ગમાં જળાશય આવ્યું ત્યારે બધાં માછલાં મિત્રોએ સુનંદને આપી દીધા અને થોડીવારમાં આવવાનું જણાવીને ચાલ્યા ગયા. *નાખી વિના માછલાં તરફથી રહ્યાં હતાં.* સુનંદને દયાભાવ જાગતાં બધાં માછલાં જળાશયમાં છુટ્ટાં મૂકી દીધાં. પાણીમાં માછલાંઓનો જીવ બચી જતાં સડસડાટ ભાગી ગયાં.

માછલાઓ જળાશયમાં પડચા પછી સુનંદ વિચારમાં પડી ગયો ઓહ...! માનવો કેવા છે ? આ માછલાંઓએ શું બગાડયું છે ? શું એમનામાં જીવ નથી ? પોતાના સ્વાર્થ ખાતર આ નિર્દોષ અને અબોલ જીવોની હત્યા કરે છે...! સુનંદના અંતરમાં અહિંસાની ભાવના બળવત્તર બની.

સુનંદ જ્યારે પોતાને ઘેર એમને એમ પાછો ફર્યો ત્યારે પિતાએ તેના પર ક્રોધ ઠંડાલવ્યો. સુનંદે દલીલ કરી પણ પિતાએ તેને ખૂબ માર માર્યો અને ઘરની બહાર કાઢી મૂક્યો.

આમ તિરસ્કાર પામેલો સુનંદ ત્યાંથી ચાલતો થયો પણ

તેણે અહિંસાના આદર્શોને હૈયામાં જ સંઘરી રાખ્યા. તેણે જીવનભર ધર્મનું આચરણ કર્યું. અને ધર્મના પ્રતાપે તેણે માનવજીવ ફરીને પ્રાપ્ત કર્યો.'

ધમ્મિલકુમાર મુનિ ભગવંતની વાણી બરાબર સાંભળી રહ્યો હતો. તેની સ્ત્રીઓ પણ પોતાના સ્વામીના પૂર્વભાવનો વૃતાંત સાંભળવા લીન બની હતી.

'હે ધમ્મિલકુમાર, સનંદનો જીવ કોઈ પર્વતની તળેટીમાં આવેલા પલ્લીના મંદર રાજાને ત્યાં સરભ નામના પુત્રસ્વરૂપે જન્મ્યો. મંદર રાજા પાપાચારી, અત્યાચારી અને ક્રોધી હતો. તેની પત્ની વનમાલા પણ તેવો જ સ્વભાવ ધરાવતી હતી. સુનંદનો જીવ એટલે કે સુરભ યુવાન થયો ત્યારે કુળને યોગ્ય તાલીમ લીધી ત્યાં મંદર એકાએક બીમાર પડયો અને જીવલેણ રોગ લાગુ પડતાં મૃત્યુને ભેટયો. સરભ પલ્લીનો રાજા થયો. તેણે પ્રજાનું પાલન સુયોગ્ય રીતે કર્યું. સુરભ સૌનો પ્રિય થઈ પડયો. એકવાર ધર્મ-વિમુખ સુરભને જૈનમુનિનો ભેટો થયો. જૈનમુનિએ ધર્મ વિષેની સમજણ આપી. ધર્મનો માર્ગ સમજાવ્યો. જૈનમુનિના સંસર્ગથી સુરભના જીવનમાં પરિવર્તન આવ્યું. તેણે પલ્લીનો ત્યાગ કર્યો અને મૌન છોડીને તે એક જગ્યાએ સદાચારી જીવન ગાળવા લાગ્યો. જૈનમુનિના કથનનો પ્રભાવ તેના જીવનમાં ખૂબ પડયો હતો. છેવટે સમાધિપૂર્વક મરણ પામીને સુરભનો જીવ કુશાતનગરમાં સુરેન્દ્રદત્ત-શેઠના કુળમાં તરીકે જન્મ પામ્યો.

ધમ્મિલકુમારને પોતાનો પૂર્વભવ સાંભળીને ધર્મ પ્રત્યેનો અનુરાગ વધારે ગાઢ બન્યો.

મુનિભગવંત ધર્મરુચિએ ધમ્મિલકુમારને સમજાવ્યું કે સંસાર અસાર છે. જે ઉત્તમ જીવનું ચિત્ત સંસારના ભોગવિલાસ અને માયા પરથી ઉદ્વેગ પામ્યું હોય, જેના હૈયામાં આત્મકલ્યાણની ભાવના જાગૃત થઈ હોય અને પરમ પદ પામવાની ભાવના હૈયામાં રમતી હોય તેમણે કષાયોનો ત્યાગ કરવો જોઈએ. આ કષાયો કટુ ફળ આપવવાળા વિષવૃક્ષ જેવા છે. દુર્ધ્યાન તરફ દોરી જનારા

છે. અને તેના અનુભવથી આ ભવમાં દુઃખ સિવાય કશું મળતું નથી. તે ઘણા અનર્થોનું કારણ છે.

મુનિરાજે વધુમાં જણાવ્યું કે સંસારની આરાધનાનો પુરુષાર્થ ભવભ્રમણના ઝેરી વિષચક્ર તરફ માનવીને દોરી જાય છે.

જ્યારે મુક્તિની આરાધના જન્મ–મરણ પરના મહાવિજય તરફ માનવીને લઈ જાય છે.

સંસારની આરાધના ક્ષણિક, નાશવંત અને બંધનના વિષથી સભર છે જ્યારે બીજી આરાધના પરમ આનંદ, પરમસુખથી સમૃદ્ધ બનેલી છે.

મુનિરાજ ધર્મઋચિના મુખે સંસારનું સ્વરૂપ જાણ્યા પછી ધમ્મિલકુમાર ચારિત્ર્યનો માર્ગ ગ્રહણ કરવા તૈયાર થયો. તેના હૈયામાં વૈરાગ્યના ભાવ રમી રહ્યા હતા.

ધમ્મિલકુમારે મુનિભગવંત પાસે પ્રવજ્યા ગ્રહણની માંગણી કરી અને મુનિરાજે જોયું કે ધમ્મિલકુમારનું હૈયું ખરેખર વૈરાગ્ય પામવા ઇચ્છે છે તેમણે શુભ દિવસે ધમ્મિલકુમારને આપી.

ધમ્મિલકુમારના હૈયામાં વૈરાગ્યનો દીપક પ્રગટી ચૂકયો હતો.

આત્મસાધના અર્થે કદમ મૂકયા.

ચોથે દિવસે ધમ્મિલકુમાર મુનિ ગુરૂ મુનિરાજ ધર્મરૂચિ સાથે આગળ વિહાર કર્યો. એક ગામથી બીજે ગામ...વિહાર કરતાં કરતાં ધમ્મિલકુમાર અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. અભ્યાસ-કાળમાં ધર્મશાસ્ત્રોનાં પાઠ કર્યા હતા. તે યાદ કર્યા. ધમ્મિલ-મુનિએ આકરી તપશ્ચર્યા શરૂ કરી. કર્મનિર્જરા માટે દુઃખો ભોગવતાં અંતરમાં કલેશ પણ થતો નથી.

ધમ્મિલ મુનિ ગામોગામ વિહાર કરીને ધર્મનો મર્મ સમજાવવા લાગ્યા.

અને...

ધર્મઆરાધના, તપ આરાધન કરતાં કરતાં ધમ્મિલમુનિ ભાવપૂર્વક દીક્ષા પર્યાય પાળી આયુષ્ય પૂર્ણ થયે ત્રીસ દિવસ ઉત્તમ ધ્યાનમાં રહીને બારમા અચ્યુત કલ્પમાં દેવતા થયા. દેવગતિનું સુખ ભોગવવા લાગ્યા.

પૂર્વભવમાં આદરેલી દયા અને આ ભવે દયા ધર્મના પ્રભાવે સંયમી બન્યા. તે દેવલોકમાં બાવીસ સાગરોપમનું સુખ ભોગવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામશે. ઉત્તમકુળમાં જન્મ લઈ દીક્ષા ગ્રહણ કરી આકરી તપશ્ચર્યા કરીને, પાપને બાળીને પરમપદના સ્વામી થશે.

## ઉપસંહાર

ધમ્મિલકુમારની બત્રીસ પત્નીઓ ધર્મ પ્રત્યે વધારે આસક્ત બની. કમલાકુમારીનો પુત્ર પદ્મનાભ સમગ્ર પરિવારની દેખભાળ રાખતો હતો. સૌ કર્મમાં વધારે સ્થિર બન્યા હતા.

સંસારમાં જે સુખ નથી તેની પાછળ માનવીનું મન ભટકાયા કરે છે. ભૌતિક આકર્ષણોની માયાજાળમાં અટવાયેલા જીવને જ્યારે મુક્તિની આરાધનાનો સ્પર્શ થશે ત્યારે તે પરમસુખનો ભોક્તા બનશે.

જે નથી તેની પાછળ પડવાથી માનવી કશું મેળવતો નથી. પાપાચાર ભોગવિલાસમાં રાચીને માનવી ઘોર કર્મો બાંધે છે.

શાશ્વત સુખની પ્રાપ્તિ માટે આત્મકલ્યાણની આરાધના અને આત્મિક સુખ મેળવવા માટે સર્વત્યાગ વગર બીજો કોઈ માર્ગ નથી.

[ સમાપ્ત ]

નવયુગ પુસ્તક ભંડાર

રાજકોટ